Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમદ્ હેમચંદ્રજી

## જીવનચરિત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद् बुद्धिसागरसूरि ग्रंथमाला ग्रंथांक १०३-१०४

# श्रीमद् देवचंद्रजी विस्तृत जीवनचरित्र

तथा

# देवविलास.

( निर्वाणरास )

प्रेरक अने संशोधक

योगनिष्ठ श्रीमद् बुद्धिसागर सूरिश्वरजी.

चरित्र लेखक

मणीलाल मोहनलाल पादराकर.

रास लेखक

श्रीमद् देवचंद्रजी शिष्य श्री कवियण.

छपावी प्रसिद्ध करनार

श्री अध्यात्म ज्ञान प्रसारक मंडळ.

हा. वकील मोहनलाल हीमचंद-पादरा.

अमदावाद—शाहपुर नवीपोळमां आवेला श्री प्रजाहितार्थ मुद्रालयमां पटेल सोमाभाइ दलपतरामे छाप्युं.

प्रथमावृत्ति

संवत १९८२ प्रत १००० सने १९२६

किंमत रु. ०-१२-०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિવેદન.

શ્રી બુદ્ધિસાગરસૂરિ ગ્રંથમાળા ગ્રંથાંક ૧૦૩-૪ તરીકે આ ગ્રંથ જ્ઞાનરસીક સજ્જનોના કરકમળમાં મુકતાં આનંદ થાય છે.

સદ્ગત્ આચાર્ય મહારાજ શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિશ્વરજી જેઓને અધ્યાત્મજ્ઞાનરસીક પંડિતપ્રવર શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ પ્રત્યે ઘણો આદરભાવ હતો તેમની ખાસ પ્રેરણા અને જાતી પરિશ્રમથી અનેક સ્થળોએ શોધખોળ કરાવી શ્રીઅધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ દ્વારા જ્ઞાનમસ્ત નયનિક્ષેપસુજાણ કવિવર શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજના બનાવેલા મળી આવે તેટલા તમામ ગ્રંથો મેળવી એકત્ર સંચય કરી શ્રીમદ્ દેવચંદ્રજી ભાગ ૧-૨ એ નામથી દળદાર ગ્રંથો બહાર પડેલા છે.

પરંતુ તે વખતે તેમના જીવનચરિત્ર માટે ઘણી શોધ ખોળ કરાવવા છતાં તે મળી શક્યું નહતું છતાંયે શોધખોળતો ચાલુજ હતી. દરમ્યાન સં. ૧૯૮૦માં સુરત ખાતે શ્રી જૈન સાહિત્ય પરિષદ્ ભરાઈ તેના કાર્યના પરિણામે સદ્ગુરૂ મહારાજે મંડળના વ્યવસ્થાપકોને જૈન ધર્મનાં છપાયેલાં મળીશકતાં પુસ્તકોની વ્રહત્ નામાવલી પુસ્તક રૂપે પ્રકટ થાય એવી પ્રેરણા કરવાથી તે કામ માટે મંડળ તરફથી જુદા જુદા જ્ઞાન ભંડારોમાં શોધખોળ ને લીસ્ટ કરવા રા૦ વકીલ વર્ધમાન સ્વરૂપચંદને મોકલવામાં આવ્યા તે પ્રસંગે પ્રવર્તકશ્રી કાંતિવિજયજી મહારાજના વડોદરાના જ્ઞાન ભંડારમાંથી દેવવિલાસ ( શ્રીમદ્ દેવચંદ્રજી નિર્વાણ રાસ ) ની એક સુંદર પ્રત મળી આવી. જે દેવવિલાસ એ નામથી આ ગ્રંથમાં દાખલ કરવામાં આવી છે. શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજના એક શિષ્ય જેમણે પોતાનું નામ ન આપતાં 'કવિયણ' એ સંજ્ઞાથી તે રાસ લખેલ છે જે ઘણો સુંદર જણાયો છે.

આ પ્રતિ પ્રકટ કરવા આપવા બદલ પ્રવર્તકજી મહારાજનો આ સ્થળે ઉપકાર માનીએ છીએ.

For Private And Personal Use Only

ઉક્ત રાસ ઉપરથી ગુજરાતીમાં વિસ્તૃત જીવનચરિત્ર લખાય તો તે જનસમાજને વિશેષ ઉપયોગી થાય એવા હેતુથી ગુરૂ મહારાજે પાદરાના રા. મણીલાલ. મોહનલાલ. પાદરાકરને તે રાસ પરથી વિસ્તૃત જીવનચરિત્ર લખવા પ્રેરણા કરી. તે ઉપરથી તેમણે પેથાપુર મુકામે ગુરૂશ્રી પાસે રહી ગુર્જર ભાષામાં શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજનું વિસ્તૃત જીવનચરિત્ર લખ્યું જે સમાજને ઉપયોગી થશે એમ આશા છે.

આ જીવનચરિત્ર લખતાં પહેલાં ભાવનગર ખાતે ભરાયલી ગુજરાતી સાહિત્ય પરિષદ્‌માં વાંચવા સારૂ શ્રીમદ્ દેવચંદ્રજી અને તેમનું ગુર્જરસાહિત્ય નામે એક વિગતવાર નિબંધ રા. પાદરાકરે સં ૧૯૮૦ માં તૈયાર કરેલો જે અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તેમાં શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજનું ટુંક જીવનચરિત્ર દાખલ કરવામાં આવેલું પરંતુ આ વિસ્તૃત જીવનચરિત્રમાં મળી આવેલી તમામ હકીકત દાખલ કરવામાં આવેલી હોવાથી ઘણું સારૂ અજવાળું શ્રીમદ્‌ના જીવનપર પડશે.

શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજના સમયમાં ફોટોની પ્રવૃતિ ન હોવાથી તેઓશ્રીનો ફોટો ( ચિત્રપટ ) મળી ન શકે એ સ્વાભાવીક હોવાથી તેમના હસ્તાક્ષરની શોધ ખોળ ચલાવતાં સુરત શ્રીમદ્ મોહનલાલજી મહારાજના ભંડારમાંથી **श्रीसंथारा पोरिसीसूत्र** નામની શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજના હાથે લખેલી એક પ્રત મળી આવતાં તેનો ફોટો લેવરાવી આ ગ્રંથમાં દાખલ કરવાની અનુકુળતા પ્રાપ્ત થઇ છે જે જ્ઞાનરસીકોને આનંદદાયક થઈ પડશે.

આ ગ્રંથની પ્રસ્તાવના લખવા શ્રીયુત્ મોહનલાલ દલિચંદ દેશાઇ બી. એ. એલ. એલ. બી. કે જેઓ શોધ ખોળ માટે ઉમંગી, જૈન સાહિત્યના ઉપાસક તેમજ શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ સંબંધી સારા જાણકાર છે તેઓને વિનંતી કરતાં તે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓએ સહર્ષ સ્વિકારી પોતાને વકીલાતના ધંધાની, જૈન કોન્ફ્રન્સ, તેને અંગે ચાલતા ' જૈનયુગ ' માસિકના તંત્રી તરીકેની તથા અન્ય અનેક પ્રવૃત્તિઓ છતાં વખત કાઢી ઘણા પરિશ્રમ પુર્વક વિસ્તૃત પ્રસ્તાવના ( વક્તવ્ય ) લખી આપેલ છે જેથી શ્રીમદ્‌ના સંબંધમાં તેમજ આ ગ્રંથના ઉપયોગીપણામાં સંગીન વધારો થવા પામ્યો છે તે માટે મંડળ તેમનું રૂણી છે.

આ મંડળના મૂખ્ય પ્રણેતા તથા પરમોપકારક, આ ગ્રંથના મૂખ્ય પ્રેરક યોગનિષ્ઠાધ્યાત્મજ્ઞાનદિવાકર સદ્‌ગુરૂ મહારાજ શ્રીમદ્‌ બુદ્ધિસાગરજી મહારાજ કે જેઓશ્રીની પ્રેરણાથીજ આ ગ્રંથ પ્રકટ થવા પામ્યો છે તેઓશ્રીનો અત્યંત ભક્તિભાવે ઉપકાર માનવામાં આવે છે.

આ ગ્રંથ છપાવવામાં પેથાપુર નિવાસી સુશ્રાવિકા બાઇ સીતા બાઇએ રૂ ૫૦૦ ) ની ઉદાર મદદ આવી છે તે માટે મંડળ તેમનો ઉપકાર માને છે અને તેમનું અનુકરાણ્ય ટુંક જીવનચરિત્ર આ ગ્રંથમાં દાખલ કરવાનું યોગ્ય વિચારે છે.

આ ગ્રંથની પડતર કિંમત વધારે આવવા છતાં મંડળના હમેશના નિયમ પ્રમાણે તેની કિંમત પડતરથીએ ઓછી એટલે માત્ર **બાર આના** ા રાખવામાં આવી છે કે જેથી તમામ વર્ગના મનુષ્યો તેનો બહોળા પ્રમાણમાં લાભ લઇ શકે.

છેવટે આવાં જીવનચારત્રો રાસો જીજ્ઞાસુ મનુષ્યોને ઉત્તમ આત્મિક લાભ દાતા બને છે તેમ આ ગ્રંથ પણ થાઓ એવું ઇચ્છીએ છીએ ૐ શાંતિ શાંતિ શાંતિ.

પાદશા
માગશર વદ ૧૦
સં. ૧૯૮૨

સદ્‌ગુરૂ ચરણોપાસક
**વકીલ. મોહનલાલ હીમચંદ.**
શ્રી અધ્યાત્મજ્ઞાન પ્ર૦ મં૦ તરફથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ ગ્રંથના દ્રવ્યસહાયક

# બાઇ સીતાબાઈની જીવન નોંધ.

જ્ઞાનીઓએ જ્ઞાનને સર્વ કરતાં અધિક મહત્વ આપ્યું છે. કારણ જ્ઞાનજ માનવને આ ભવ અને પર ભવમાં તારવા શક્તિવાન થઇ શકે છે, અને જ્ઞાન પર રૂચિ પણ ઉચ્ચ જીવાત્માનેજ થાય છે.

પેથાપુરના વતની અને પૂના શહેરમાં લાંબા વખતથી રહેતા જવેરી મોતીચંદ ભગવાનદાસનાં સુપુત્રી બેન સીતાબાઇ જે ગામ પેથાપુરના વતની અને શહેર આકોલા નિવાસી સદ્ગત શેઠ. ચુનીલાલ ડોસલચંદનાં ધર્મપત્નિ થાય છે એમણે પોતાની લક્ષ્મિનો સદુપયોગ ટુક સમયમાં ધર્મમાર્ગે ઘણો સારો કરી અન્ય શ્રાવીકા બહેનોને દાખલો લેવા જેવો પ્રસંશાપાત્ર ઘડો આપેલ હોવાથી, તેમજ આ ગ્રંથમાં પોતાના સદ્ગત્ પતિના સ્મરણાર્થે રૂ. ૫૦૦) ની મદદ આપી જ્ઞાનની સેવા ભક્તિને બહુમાન કર્યું હોવાથી આ ગ્રંથમાં તેમનો ટુક પરિચય આપ્યો છે.

મહીકાંઠા એજંસીના પેથાપુર ગામમાં જૈનશ્વેતાંબર વીસા પોરવાડનો જથો સુળથીજ વધારે છે. એમાં બે ભાગ છે. એક શ્રી સાગરગચ્છ તથા એક શ્રી વિમલગચ્છ. એ બંને વિભાગ પ્રથમ ઘણા વર્ષો ઉપર એકત્ર ભેગા એકજ સ્થલમાં બેસી ધર્મ સાધન કરતા હતા પણ કેટલાક વર્ષથી એ બંને વિભાગ જૂદે જૂદે સ્થળે બેસી ધર્મ સાધન કરે છે. અસલમાં પેથાપુરના સમગ્ર વીસા પોરવાડ જૈન સ્ત્રી પુરૂષો માટે એલાયદાં સ્થાન ધર્મક્રિયા માટે હતાં. લગભગ પચાસ વર્ષ ઉપર વિશેષ સવડ માટે શ્રીસાગરગચ્છના મોટા જથાએ પ્રાતઃસ્મરણીય શ્રીમદ્ નેમસાગરજી મહારાજના વખતમાં ધર્મક્રિયા કરવા માટે એક નવિન મકાન બંધાવ્યું જે હાલ પણ શ્રી સાગરગચ્છ ધર્મશાળા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરીકે મોજૂદ છે. તે મકાન હાલમાં શ્રી સાગરગચ્છીય સ્ત્રીઓની ધર્મ ક્રિયાઓ માટે વપરાય છે.

બાઈ સીતાબાઈના મહુંમ પતિ શેઠ ચુનીલાલ ડોસલચંદ પેથાપુરના વતની હોઈ વરાડ જીલ્લાના આકોલા શહેરમાં વ્યાપારાર્થે જઈ વસેલા અને પોતાની બાહોશીથી સારી સંપત્તિ પ્રાપ્ત કરી સં. ૧૯૭૭ ના ચૈતર શુદ ૫ ના રોજ આકોલામાંજ સ્વર્ગવાસી થયા.

પેથાપુરમાં પ્રથમ સાગરગચ્છમાં સાધુ મુનિરાજોનાં અલ્પ ચાતુર્માસોને લીધે એકજ ઉપાશ્રયમાં એટલે ધર્મશાલામાં જુદા જુદા ઓરડાઓમાં ધર્મસાધન માટે શ્રાવકો તેમજ શ્રાવીકાઓ બેસતાં ને અલગ અલગ બારણાંઓ હોવાથી અડચણ પડતી નહોતી.

સાગરગચ્છ શિરોમણી પ્રાતઃસ્મરણિય આચાર્ય મહારાજ શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરિશ્વરનું આવાગમન પેથાપુરમાં થવા લાગ્યું અને પેથાપુરના શ્રી સમગ્ર જૈન સંઘ તરફથી શ્રી સાગરગચ્છના ખર્ચે તેઓશ્રીને ૧૯૭૦ માં આચાર્ય પદથી વિભૂષીત કરવામાં આવ્યા અને સાગરગચ્છના જુના ઉપાશ્રયમાંજ તેમણે પહેલ વહેલું ચોમાસુ પેથાપુરમાં કર્યું. આથી સાધ્વીજીઓએ પેથાપુરના ગૃહસ્થોના જુદા ખાલી મકાનોમાં ચોમાસુ કર્યું. અને સં. ૧૯૭૩ માં પણ સાધુ સાધ્વીઓના ચાતુર્માસ માટે આવીજ અડચણ પડી.

આચાર્ય મહારાજના ચોમાસા દરમીયાન જુનો ઉપાશ્રય એટલે ધર્મશાલા સાધુ વા સાધ્વીના ચોમાસા માટે અનુકુળ ન હોવાથી અડચણ પડવા લાગી. અને સાગરગચ્છનો વિચાર બીજો એક નવિન ઉપાશ્રય બંધાવવાનો થયો અને ઉપાશ્રયની બાજુની દેરાસરની બે ઓરડીઓ વેચાણ રાખી.

આ માટે વિમલગચ્છે વાંધો લેવાથી કોર્ટોમાં કેસો ચાલ્યા પણ છેવટે ૧૯૭૭ માં અંદર અંદર સમાધાન થઈ તે જગ્યાએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક વિશાળ મનોહર ઉપાશ્રય ૧૯૭૮ માં શરૂ કરી ૧૯૭૯ માં પૂર્ણ કર્યો. આમ થવાથી આ નવિન ઉપાશ્રય પુરૂષ વર્ગ માટે તેમજ જુનો સ્ત્રી વર્ગ માટે વપરાય છે.

આ નવિન ઉપાશ્રયમાંજ સૂરિશ્વરજી શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજે સં. ૧૯૮૦ નું પોતાનું અંતિમ ચાતુર્માસ કર્યું હતું.

આ ઉપાશ્રય માટે ઘણો ખર્ચ થવા સંભવ હોઇને સુશ્રાવિકા સીતાબાઈને સાગરગચ્છે તે બંધાવી આપવા વિનંતી કરતાં તેમણે તે સહર્ષ સ્વિકારી જણાવ્યું જે " મારૂ સદ્ભાગ્ય કે મારી લક્ષ્મીનો સદુપયોગ થશે " આમ જણાવીને વિશાલ સુંદર ઉપાશ્રય પોતાના પતિની આજ્ઞાનુસાર સાગરગચ્છની જમીન પર બંધાવી સાગરગચ્છને માટે ધર્મ ક્રિયા કરવા સાગરગચ્છને અર્પણ કર્યો.

આવી ઉદારવૃત્તિવાળાં સુશ્રાવિકા સીતાબાઈએ પોતાના પતિના સ્વર્ગગમન બાદ પણ અનેક સુકાર્યો નીચે પ્રમાણે કર્યાં છે.

૧ પોતાના પતિના સ્વર્ગગમન બાદ શહેર આકોલાથી પેથાપુર આવીને વીશાપોરવાડ સમસ્ત જ્ઞાતીમાં પીતલની નળીઓનું ૧૯૭૮ માં લ્હાણું કરીને રૂ. ૩૦૦૦) આશરે ખર્ચ્યા હતા.

૨ પોતાના પતિ પાછળ ચોખળાનો વરો એટલે બહોલી નાત કરી રૂ. ૧૫૦૦) આશરે ખર્ચ્યા હતા.

૩ સં ૧૯૭૯ માં શ્રી ( શત્રુંજય ) પાલીતાણાનો સંઘ સ્પેશીયલ ટ્રેઇન માર્ફતે ( પોતાના માથે જવા આવવાનો ખર્ચ રાખી ) પેથાપુર ( સ્ટેશન રાંધેજા થઈ ) થી કાઢી આશરે રૂ. ૨૦૦૦૦) ખર્ચ્યા હતા.

૪ હાલનો સાગરગચ્છનો નવિન ઉપાશ્રય રૂ. ૨૦૦૦૦) ખર્ચી બંધાવ્યો.

૫ આ ઉપાશ્રયના વાસ્તુ મુહુર્તમાં ૧૯૭૯ માં શાંતિસ્નાત્ર ભણાવી આશરે રૂ. ૨૦૦૦) ખર્ચ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬ પાલીતાણાનો સંઘ પેથાપુર લાવ્યા પછી અઠ્ઠાઈ મહોત્સવ શાંતિસ્નાત્ર નવકારશી કરી આશરે રૂ. ૩૦૦૦) ખર્ચ્યા હતા.

૭ પેથાપુરમાં સાગરગચ્છ માટે **સીતાબાઈવાડી** ( જમીન ખરીદી તે પર ) બંધાવી આપી આશરે રૂ. ૫૫૦૦) ખર્ચ્યા હતા.

૮ ૧૯૭૯ થી અદ્યાપ સુધી દરવર્ષે બે વખત આંબેલની ઓળીઓ કરાવે છે જેમાં પ્રતિ વર્ષે આશરે રૂ. ૨૫૦ ખર્ચે છે.

૯ સં. ૧૯૮૧ માં શહેર આકોલામાં નવપદની આરાધનાનું નવ છોડનું ઉજમણું કરી જ્ઞાનારાધન કરેલું તથા પેથાપુરથી પોતાના ખર્ચે ઘણાં માણસોને તેડાવેલાં આમાં રૂ. ૧૭૦૦૦) ખર્ચેલા.

૧૦ આજ પ્રસંગે શ્રી પાલીતાણા જૈનગુરૂકુલને રૂ. ૧૦૦૦) આપેલા.

૧૧ આ ગ્રંથ પ્રકાશનમાં રૂ. ૫૦૦) આપ્યા છે.

૧૨ આકોલામાં રૂ. ૨૨૦૦) ખરચી દેરાસરમાં ચાંદીનો મંડપ કરાવ્યો છે.

૧૩ આકોલામાં જૈન પાઠશાલાને માટે રૂ. ૧૫૦૦) ખર્ચી હૉલ બંધાવી આપ્યો છે.

આ રીતે સુશ્રાવીકા સીતાબાઈએ ટુંક સમયમાં ધર્મ કાર્યોમાં તથા શુભ કાર્યોમાં પોતાની લક્ષ્મીનો સદુપયોગ કરી અન્ય સુશ્રાવીકા બાઈઓને માટે સારો દાખલો બેસાડયો છે. આશા છે કે અન્ય શ્રાવક શ્રાવીકાઓ તેમનો દાખલો લઈ શુભ કાર્યમાં પ્રવૃતી કરશે.

હાલ—અમદાવાદ.
ચંગપોળ—નીશાની ખડકી.

**શ્રી સંઘ સેવક**
**વકીલ. નગીનદાસ સાંકલચંદ.**
( સાગરગચ્છીય ) **પેથાપુરવાળા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री अध्यात्मज्ञानप्रसारक मंडळ तरफथी

## श्रीमद् बुद्धिसागरसूरिजी ग्रन्थमाळामां

## प्रगट थयेला ग्रन्थो.

| | ग्रन्थाक | पृष्ठ | किंमत. |
|---|---|---|---|
| * | १ अध्यात्म व्याख्यानमाळा. | २०६ | ०-४-० |
| * | २ भजनसंग्रह भाग २ जो. | ३३६ | ०-८-० |
| * | ३ भजनसंग्रह भाग ३ जो. | २२५ | ०-८-० |
| * | ४ समाधिशतकम्. | ६१२ | ०-८-० |
| * | ५ अनुभवपच्चिशी. | २४८ | ०-८-० |
| * | ६ आत्मप्रदीप. | ३१५ | ०-८-० |
| * | ७ भजनसंग्रह भाग ४ थो. | ३०४ | ०-८-० |
| | ८ परमात्मदर्शन. | ४०० | ०-१२-० |
| * | ९ परमात्मज्योति | ५०० | ०-१२-० |
| * | १० तत्त्वबिंदु. | २३० | ०-४-० |
| * | ११ गुणानुराग ( आवृत्ति बीजी ) | २४ | ०-१-० |
| * | १२-१३ भजनसंग्रह भाग ५ मो तथा ज्ञानदीपिका. | १०० | ०-६-० |
| * | १४ तीर्थयात्रानुं विमान (आ० बीजी) | ६४ | ०-२-० |
| * | १५ अध्यात्मभजनसंग्रह | १९० | ०-६-० |
| * | १६ गुरुबोध. आ० २ | २९० | ०-६-० |
| * | १७ तत्त्वज्ञानदीपिका | १२४ | ०-६-० |
| * | १८ गहूंलीसंग्रह भा. १ | ११२ | ०-३-० |
| * | १९-२० श्रावकधर्मस्वरूप भाग १-२ | ४०-४० | ०-१-० |
| * | २१ भजनपदसंग्रह भाग ६ ठो. | २०८ | ०-१२-० |
| * | २२ वचनामृत. | ८३० | ०-१४-० |
| | २३ योगदीपक. | ३०८ | ०-१४-० |
| | २४ जैन ऐतिहासिक रासमाळा. | ३०८ | १-०-० |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| * | २५ आनन्दघनपद (१०८) संग्रह. | ८०८ | २–०–० |
| * | २६ अध्यात्मशान्ति (आवृत्ति बीजी) | १३२ | ०–३–० |
| | २७ काव्यसंग्रह भाग ७ मो. | १६६ | ०–८–० |
| * | २८ जैनधर्मनी प्राचीन अने अर्वाचीन स्थिति | ९६ | ०–२–० |
| * | २९ कुमारपाळ ( हिंदी ) | २८७ | ०–६–० |
| * | ३० थी ३४ सुखसागर गुरुगीता. | ३०० | ०–४–० |
| * | ३५ षड्द्रव्यविचार. | २४० | ०–४–० |
| *÷ | ३६ विजापुरवृत्तांत. | ९० | ०–४–० |
| × | ३७ साबरमती गुणशिक्षण काव्य. | १९२ | ०–६–० |
| | ३८ प्रतिज्ञापाळन. | ११० | ०–५–० |
| * | ३९–४०–४१ जैनगच्छमतप्रबंध, संघप्रगति, जैनगीता. | ३०४ | १–०–० |
| | ४२ जैनधातुप्रतिमा लेखसंग्रह भा. १ | | १–०–० |
| | ४३ मित्रमैत्री. | १७० | ०–८–० |
| * | ४४ शिष्योपनिषद्. | ४८ | ०–२–० |
| | ४५ जैनोपनिषद्. | ४८ | ०–२–० |
| | ४६–४७ धार्मिक गद्यसंग्रह तथा सदुपदेश भाग १ लो. | ९७६ | ३–०–० |
| | ४८ भजनसंग्रह भा. ८ | ९७६ | ३–०–० |
| * | ४९ श्रीमद् देवचंद्र भा. १ | १०२८ | २–०–० |
| × | ५० कर्मयोग. | १०१२ | ३–०–० |
| * | ५१ आत्मतत्त्वदर्शन. | ११२ | ०-१०-० |
| ÷ | ५२ भारतसहकारशिक्षण काव्य. | १६८ | ०-१०-० |
| * | ५३ श्रीमद् देवचंद्र भा. २ | १२०० | ३–८–० |
| | ५४ गहुंली संग्रह भा. २ | १३० | ०–४–० |
| * | ५५ कर्मप्रकृतिटीकाभाषांतर. | ८०० | ३–०–० |
| | ५६ गुरुगीत गुंहलीसंग्रह. | १९० | ०-१२-० |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| ५७-५८ आगमसार अने अध्यात्मगीता. | ४७० | ०–६–० |
| ५९ देववंदन स्तुति स्तवन संग्रह. | १७६ | ०–४–० |
| ६० पूजासंग्रह भा. १ लो. | ४१६ | १–०–० |
| ६१ भजनपदसंग्रह भा. ९ | ५८० | १–८–० |
| ६२ भजनपदसंग्रह भा. १० | २०० | १–०–० |
| ६३ पत्रसदुपदेश भा. २ | ५७६ | १–८–० |
| ६४ धातुप्रतिमालेख संग्रह भाग २ | १८० | १–०–० |
| ६५ जैनदृष्टिए ईशावास्योपनिषद् भावार्थविवेचन. | ३६० | १–०–० |
| ६६ पूजासंग्रह भाग १–२ | ४१५ | २–०–० |
| ६७ स्नात्रपूजा. | | ०–२–० |
| ६८ श्रीमद् देवचंद्रजी अने तेमनुं जीवनचरित्र. | | ०–४–० |
| ६९–७२ शुद्धोपयोग वि. संस्कृत ग्रथ ४ | १८० | ०-१२-० |
| ७३–७७ सघकर्तव्य वि. संस्कृत ग्रंथ ५ | १६८ | ०-१२-० |
| ७८ लाला लाजपतराय अने जैनधर्म. | १०० | ०–४–० |
| ७९ चिन्तामणि | १२० | ०–४–० |
| ८०–८१ जैनधर्म अने ख्रिस्ति धर्मनो मुकाबलो तथा जैनख्रिस्ति संवाद | २२० | १–०–० |
| ८२ सत्यस्वरूप. | २०० | ०–६–० |
| ८३ ध्यानविचार. | ८५ | ०–८–० |
| ८४ आत्मशक्तिप्रकाश. | १४० | ०–४–० |
| ८५ सांवत्सरिक क्षमापना. | ८० | ०–३–० |
| ८६ आत्मदर्शन ( मणीचंद्रजीकृत सज्झायो ) नुं विवेचन. | १५० | ०–४–० |
| ८७ जैनधार्मिक शंकासमाधान. | ५५ | ०–२–० |
| ८८ कन्याविक्रय निषेध | २०० | ०–६–० |
| ८९ आत्मशिक्षा भावनाप्रकाश. | ११५ | ०–७–० |
| ९० आत्मप्रकाश. | ५६५ | १–८–० |
| ९१ शोक विनाशक ग्रंथ | ८० | ०–१–० |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| ९२ | तत्त्वविचार. | १२५ | ०–६–० |
| ९३–९७ | अध्यात्मगीता वि.संस्कृत ग्रंथ. | २०५ | १–०–० |
| ९८ | जैनसूत्रमां मूर्तिपूजा. | ९६ | ०–३–० |
| ९९ | श्री यशोविजयजी निबंध. | २१० | ०–६–० |
| १०० | भजनपदसंग्रह भाग ११ | २२० | ०-१२-० |
| १०१ | ,, भाग १ आ. ४थी | २०० | ०–८–० |
| १०२ | गुजरात बृहद् विजापुर वृत्तांत | | |
| १०३-४ | श्रीमद् देवचंद्रजी विस्तृतजीवन चरित्र तथा देवविलास | | |
| १०५ | मुद्रितजैन श्वे. ग्रंथगाइड | | |
| १०६ | कक्कावली-सुबोध | | |
| १०७ | स्तवन संग्रह ( देववंदन सहित ) | | |
| १०८ | पत्र सदुपदेश भाग ३ | | |

* आ निशानीवाला ग्रंथो शिलकमां नथी.

× आ ग्रंथो ब्रीटीश केळवणी खाताए मंजुर करेला छे.

÷ आ ग्रंथो श्रीमंत गायकवाड सरकारना केळवणी-खाताए मंजुर करेला छे.

ग्रंथो मळवानां ठेकाणां

१ वकील मोहनलाल हीमचंद—पादरा ( गुजरात )

२ शा. आत्माराम खेमचंद—साणंद.

३ शा. नगीनदास रायचंद झाखरीया—महेसाणा

४ शा. चंदुलाल गोकळभाइ—विजापुर


५ शा. रतिलाल केशवलाल—प्रांतिज

६ श्री बुद्धिसागरसूरि जैनसमाज—पेथापुर

७ शा. मोहनलाल नगीनदास भांखरीया—
१९२–९४ बजार गेट, कोट, मुंबाई.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




श्रीमद् देवचंद्रजी महाराजना हस्ताक्षर.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

इतिश्री संथारा पोरिसी सूत्र संपूर्ण ॥ श्रीबृहत् खरतर गच्छे पातिश्या अकवर स्याह प्रतिबोधिक सवाइ युग प्रधान श्री भट्टारक श्री १०९ श्री जिनचंद्र सूरिशाखायां महोपाध्याय श्री १०५ श्रीराजसारजी तत्सीष्य महोपाध्याय श्रीज्ञान धर्मजी तत्शिष्य उपाध्याय श्री दीपचंद्र गणि तत्शिष्य पंडित प्रवर देवचंद्र गणि लिपी कृतं ॥ बाईरूप कुयर पठनार्थं सुभं भवतु ॥

Krishna Art Works, Vithaldas Road, Bombay 2.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વક્તવ્ય

## અધ્યાત્મરસિક પંડિત દેવચંદ્રજી.

"અનુક્રમે સંયમ સ્પર્શતોજી, પામ્યો ક્ષયિક ભાવ રે
સંયમશ્રેણી ફુલડેજી, પૂજું પદ નિષ્પાવ રે"
—સંયમ શ્રેણીની સ્વાધ્યાય.

—(આત્માની અભેદ ચિંતારૂપ) સંયમના એક પછી એક ક્રમને અનુભવીને ક્ષાયકભાવ (જડપરિણુતિનો ત્યાગ) ને પામેલો એવો જે શ્રી સિદ્ધાર્થપુત્ર, તેના નિર્મળ ચરણકમળને સંયમશ્રેણિરૂપ ફુલથી પૂજું છું."

આ અતિશય ગંભીર વચનો છે. તે દ્વારા, શ્રીમન્ મહાવીર પ્રભુનું સ્મરણ કરી, શ્રી વીરના એક સુપુત્રનું સ્મરણ-ગુણોત્કીર્ત્તન-ચરિત્રાલેખન થોડું થોડું મારી અધૂરી વાણીમાં કરવા પ્રવૃત્ત થાઉં છું.

૧. દેવચંદ્રજીના [૧]જીવનનો ઇતિહાસ અલભ્ય હતો, પણ હમણાં એક 'કવિયણ'નો તેમના સ્વર્ગવાસ પછી તેર વર્ષે

૧—દેવચંદ્રજીનું સંક્ષિપ્ત જીવન લખવાનું ભાગ્ય મને રા. રા. મોહનલાલ હીમચંદ વકીલે તેમના આગમસાર—આગમસારોદ્ધાર એ નામનો ગ્રંથ તેમના તરફથી જુદો ને એક નાની ચોપડીના આકારે છપાનો હતો તેમાં મૂકવા પ્રેરણા કરેલી ત્યારે થયું હતું. તેને આજે ૧૫ વર્ષ થઇ ગયાં. તે વખતે જુજ હકીકત મળી તે પરથી લખેલું ટુંક જીવન તેમાં તેમજ જૈન શ્વે. કૉન્ફરન્સ હેરૅલ્ડમાં તેમજ, જૈન કાવ્યદોહન (રા. મનસુખલાલ રવજી પ્રકાશિત) માં પ્રકટ થયું છે. ત્યારથી તે અત્યાર સુધીમાં શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ તરફથી તેમના સર્વ ગ્રંથો બે ભાગમાં 'શ્રીમદ્ દેવચંદ્ર' એ નામથી પ્રકટ થયા છે—અને હમણાં આ સાથેજ 'દેવવિલાસ' એ નામનો રાસ પ્રકટ થયો છે તે સર્વ પરથી, તેમના સંબંધી ઘણું જાણવાનું મળે છે. તેમાંથી અહીં જરા વિસ્તારથી જણાવવાનું સુભાગ્ય ફરીથી ઉક્ત રા. મોહનલાલ હીમચંદ વકીલ પાદરાવાળાની પુનઃ પ્રેરણાથી મને પ્રાપ્ત થાય છે. આમાં શ્રીમદ્ દેવચંદ્રના બંને ભાગોનો સ્થળે સ્થળે ઉલ્લેખ આપેલ છે, તેમાં પહેલા ભાગને ૧ ને બીજા ભાગને ૨ એમ જણાવી પછી આડી લીટી દોરી તે તેના પૃષ્ઠની સંખ્યા જણાવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(સં. ૧૮૨૫ આશો શુદ ૮ રવિવારે) રચેલો 'દેવવિલાસરાસ' પ્રાપ્ત થતાં તેમાંથી મળતી ટુંક હકીકત લઈ લઈએ.

૨. "મરૂસ્થલ—મારવાડના વીકાનેર પાસેના એક ગામમાં ઓસવાલ વંશીય લૂણીઆ ગોત્રના શાહ તુલસીદાસજી વસતા હતા. તેને ધનબાઈ નામની ભાર્યા હતી. ઉપાધ્યાય રાજસાગર આવતાં તેણીએ જણાવ્યું કે પોતાને જો પુત્ર થશે તો તે ગુરૂને ભાવપૂર્વક વહોરાવશે. ધનબાઈને ગર્ભ વધતો ચાલ્યો, અને શુભ સ્વપ્નો આવવા લાગ્યાં. ત્યાં ખરતરગચ્છના આચાર્ય શ્રી [૨]જિનચંદ્રસૂરિ વિહાર કરતાં કરતાં તે ગામે આવી ચડ્યા, ને તેમને આ દંપતિએ સ્વપ્નો જણાવ્યાં, તે પરથી તેમણે સ્વપ્નશાસ્ત્રાધારે જણાવ્યું કે પુત્ર એક મહાન્ થશે, કાંતો તે છત્રપતિ થશે અને કાંતો પત્રપતિ થશે—દીક્ષા—સંન્યાસ લેશે. સૂરિજી ગયા પછી સં. ૧૭૪૬માં પુત્ર

---

૨—દેવચંદ્રજી પોતાને યુગપ્રધાન ખરતર ગચ્છાચાર્ય જિનચંદ્રસૂરિની પરંપરા શાખામાં થયેલ જણાવે છે. (જુઓ વિચારસાર પ્રશસ્તિ) અને તે જિનચંદ્રજી કે જેમણે બાદશાહ અકબરને પ્રતિબોધેલો, અને તે અકબર પાસેથીજ 'યુગપ્રધાન' એ નામનું બિરૂદ મેળવેલું. તેઓનો જન્મ સં. ૧૫૯૫, દીક્ષા સં. ૧૬૦૪, સૂરિપદ સં. ૧૬૧૨, સ્વર્ગવાસ સં. ૧[illegible]માં થયો હતો તેથી તેઓ ૧૭૪૬ માં દેવચંદ્રજીના જન્મ પહેલાં ૭૬ વર્ષે સ્વર્ગસ્થ થયેલા. એ કારણે જે જિનચંદ્ર સૂરિએ દેવચંદ્રની માતાનાં સ્વપ્નનો વિચાર કર્યો અને જેમણે દેવચંદ્રજીને વડી દીક્ષા આપી તે ઉક્ત યુગપ્રધાન ખરતરગચ્છની પટ્ટાવલિના ૬૧ મા પટ્ટધર નહિ, પણ તે પછીના ૬૫ મા પટ્ટધર સમજવા. તેમના ગણધરચોપડા ગોત્રના સાહ, સહસકરણ પિતા, અને સુવિચાર દેવી માતા હતાં. મૂલ નામ હેમરાજ અને દીક્ષા નામ હર્ષલાભ. તેમની પદસ્થાપના સં. ૧૭૧૧ ના ભાદ્રપદ વદ ૧૦ ને રોજ રાજનગરમાં નાહટા ગોત્રના સાહ જયમલ્લ તેજસીની માતા કસ્તુરબાઈએ મહોત્સવપૂર્વક કરી હતી. ત્યાર પછી તેમણે જોધપુરવાસી સાહ મનોહરદાસે કરાવેલા ચૈત્યમાં ઋષભાદિ ૨૪ જિનની પ્રતિષ્ઠા કરી. એ રીતે વિધવિધ દેશવિહારી સિદ્ધાંતજ્ઞાતા જિનચંદ્રસૂરિ સુરત બંદરે સં. ૧૭૬૩ માં સ્વર્ગસ્થ થયા. (જુઓ ક્ષમાકલ્યાણકૃત ખરતરગચ્છ પટ્ટાવલિ.)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જન્મ્યો ને નામ દેવચંદ્ર આપ્યું. તે આઠ વર્ષનો થયો ત્યાં અનુક્રમે વિહાર કરતાં કરતાં ઉપરોકત રાજસાગર વાચક પધાર્યા. દેવચંદ્રને માતપિતાએ વહોરાવ્યો, ને શુભ મુહૂર્ત્તે તે ગુરૂએ સં. ૧૭૫૬માં તેને લઘુદીક્ષા આપી. પછી ઉક્ત જિનચંદ્ર સૂરિએ વડી દીક્ષા આપી, ને નામ રાજવિમલ રાખ્યું. પછી રાજસાગરજીએ દીક્ષિતને સરસ્વતી મંત્ર આપતાં શિષ્ય દેવચંદ્રજીએ તેનું ધ્યાન બેલાડા ગામમાં રમ્ય વેણાતટે ભૂમિગૃહમાં (ભોંયરામાં) યથાર્થ કરતાં સરસ્વતીએ પ્રસન્ન થઈ રસનામાં વાસ કર્યો[3] શાસ્ત્રાભ્યાસ શરૂ કર્યો. ષડાવશ્યક સૂત્ર, અન્યદર્શનનાં શાસ્ત્ર, પંચકાવ્ય–નૈષધાદિ, નાટક, જ્યોતિષ્, ૧૮ કોષ, કૌમુદી મહાભાષ્યાદિ વ્યાકરણો, પિંગળ, સ્વરોદય, તત્ત્વાર્થસૂત્ર, આવશ્યક બૃહદ્દવૃત્તિ, વિશેષાવશ્યક, શ્રી હરિભદ્ર સૂરિ, હેમાચાર્ય, અને યશોવિજયજીના રચેલા ગ્રંથો, છ કર્મગ્રંથ, કર્મપ્રકૃતિ આદિ અનેક શાસ્ત્રોની જૈન આમ્નાયથી સુબંધ લઈ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન મેળવ્યું. (દેવચંદ્રજીએ મુલતાનમાં સં. ૧૭૬૬ના વૈશાખમાં ધ્યાનદીપિકા લખી; મુલતાન તથા વીકાનેરમાં ચોમાસાં કર્યાં, ને સં. ૧૭૬૭ના પોષ માસમાં દ્રવ્યપ્રકાશ બનાવ્યો.) સં. ૧૭૭૪માં રાજસાગર વાચક દેવલોકે ગયા. સં. ૧૭૭૫ માં જ્ઞાનધર્મ પાઠક સ્વર્ગસ્થ થયા.

૩. દેવચંદ્રજીએ વિમલાદાસની બે પુત્રી નામે માઈજી અને અમાઈજી માટે આગમસાર નામનો ગદ્યમાં ગ્રંથ રચ્યો.[4] તેઓ

---

૩–આમ હોય તો દેવચંદ્રજીએ ગમે ત્યાં પણ સરસ્વતિની સ્તુતિ અવશ્ય કરી હશે એમ મનમાં આવતાં તેના ગ્રંથોના બંને ભાગ ફેરવી ગયો, પણ મારા જોવામાં ન આવી.

૪–જ્યારે દેવચંદ્રજી પોતે તે ગ્રંથના અંતની પ્રશસ્તિમાં સ્વમિત્ર દુર્ગદાસને શુભચિત્તે સમજાવવા માટે મરોટકોટમાં સં. ૧૭૭૬ ના ફાગણ શુદ ૩ સોમવારે આગમસાર રચ્યો એમ કહે છે.

સંવત સત્તર છિહુત્તરે, મન શુદ્ધ ફાગુણ માસ,
મોટે કોટ મરોટ મે, વસતા સુખ ચોમાસ. ✱ ✱

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સં. ૧૭૭૭માં ગૂજરાત આવી પાટણમાં પધાર્યા; ત્યાં પૂર્ણિમ ગચ્છના ભાવપ્રભસૂરિ[૫]ના ઉપદેશથી પૂર્ણિમ ગચ્છના શ્રાવક નગરશેઠ શ્રીમાલી વંશીય દોસી તેજસી જેતસીએ સહસકૂટ જિન બિંબ ભરાવ્યાં[૬] હતાં, અને તે ભાવપ્રભસૂરિપાસે તેમાં પ્રતિષ્ઠા

---

આગમ સારોદ્ધાર એહ, પ્રાકૃત સંસ્કૃત રૂપ,
ગ્રંથ કિયો દેવચંદ્ર મુનિ, જ્ઞાનામૃત રસ કૂપ.
કર્યો ઇહાં સહાય અતિ, દુર્ગદાસ શુભ ચિત્ત,
સમજાવન નિજ મિત્રકું, કીનો ગ્રંથ પવિત્ત.
ધર્મમિત્ર જિન ધર્મ રતન, ભવિજન સમકિતવંત,
શુદ્ધ અમરપદ ઓલખણ, ગ્રંથ કીયો ગુણવંત. × ×
ગ્રંથ કિયો મનરંગસો, સિતપખ ફાગુણ માસ,
ભોમવાર અરૂ તીજ તિથિ, સફલ ફલી મન આશ.

૫—ભાવપ્રભસૂરિ-પૌર્ણમિક ગચ્છના સ્થાપક ચંદ્રપ્રભસૂરિ સં. ૧૧૫૦-તેનો પટ્ટ પરંપરામાં પ્રધાન શાખામાં વિદ્યાપ્રભસૂરિ-તેના પટ્ટે લલિતપ્રભસૂરિ-તેની પાટે વિનયપ્રભસૂરિ-તેની પાટે મહિમાપ્રભસૂરિ અને તેની પાટે ભાવપ્રભસૂરિ. તેમણે સં. ૧૭૯૩ ના માઘ શુદ ૮ ગુરૂએ યશોવિજય ઉપાધ્યાયકૃત સસ્કૃત પ્રતિમાશતક પર સં. ટીકા રચી છે. તેમનો સૂરિપદ મહોત્સવ પાટણમાં માતા રામા અને પિતા જયતસીના પુત્ર તેજસી ( કે જેમણે સહસ્રકૂટ મંદિરમાં બિંબ તેમનાજ હસ્તથી ભરાવ્યા હતા ) એ કર્યો હતો. તેમણે સં. ૧૭૯૭ માં પાટણમાં સુભદ્રા સતી રાસ, સં. ૧૭૯૯ માં પાટણમાં બુદ્ધિલ વિમલા સતી રાસ, સં. ૧૮૦૦ માં અંબડરાસ તથા નવવાડ સઝાય, ૧૩ કાઠીયાસઝાય, અધ્યાત્મ થુઇ વગેરે ગૂર્જર ભાષામાં રચેલ છે. આ દેવચંદ્રજીના સમકાલીન હતા. તેઓ પાટણમાં ઢંઢેરવાડાના અપાસરામાં રહેતા ને તેની શાખા ઢંઢેર પડી હતી.

૬—દેવચંદ્રજી પોતે આ પાટણના સહસ્રકૂટ સંબંધે સ્તવન રચ્યું છે (શ્રીમદ્ દેવચંદ્રજી ભાગ ૨ જો પૃ. ૯૨૩—૯૨૪) તેમાં જણાવ્યું છે કેઃ—

સહસ્રકૂટ સિદ્ધાચલ ઉપરેં, તિમહિજ ધરણી વિહાર,
તેથી અદ્દભૂત એ છે સ્થાપના, પાટણ નગર મઝાર. ૯
તીર્થ સકલ વળી તીર્થંકર સહુ, એણેં પૂજા તે પૂજાય,
એક જીહથી મહિમા એહનો, કિણ ભાતેં કહેવાય. ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેશવી હતી; તે શેઠને દેવચંદ્રે પૂછયું કે તમે સહસકૂટનાં જિનબિંબ તો ભરાવ્યાં, પણ તે સહસકૂટના ૧૦૨૪ જિનનાં નામ ગુરૂમુખે કદિ ધાર્યા છે? શેઠે અજાણપણું બતાવ્યું. એ અવસરે તપગચ્છીય જ્ઞાનવિમલ સૂરિ હતા તેની પાસે જઇ શેઠે સહસ્રકૂટનાં નામ પૂછયાં, ત્યારે તેમણે એમ કહ્યું કે અવસરે જણાવીશું. એક વખત ત્યાં શાહની પોળમાં ચોમુખ વાડીપાર્શ્વનાથના મંદિરમાં સત્તરભેદી પૂજા ને સ્તવના થતી હતી ત્યાં [7]જ્ઞાનવિમલ સૂરિ આવ્યા ને તેમને સહસકૂટનાં નામો પૂછતાં તેમણે જણાવ્યું કે પ્રાયઃ શાસ્ત્રમાં તે નામો નથી. કોઈ શાસ્ત્રે કદાચિત્ હોય. એટલે એનો પ્રતિરોધ દેવચંદ્રજીએ કરી છેવટે પોતે સહસ્રનામો બતાવી આપ્યાં. આથી બંને વચ્ચે (દેવચંદ્રજી અને જ્ઞાનવિમલ સૂરિ વચ્ચે) પ્રીતિ જામી. રાજસાગરના શિષ્યની ખ્યાતિ થઇ—તેમણે પછી ભવ્ય પ્રતિષ્ઠા અને નવા ઓચ્છવ કરાવ્યા, અને ક્રિયોદ્ધાર કર્યો. તેમાં અપરિગ્રહપર બહુ ભાર મૂકયો–સત્ય પ્રભુમાર્ગમાં મૂર્ચ્છા તજવીજ ઘટે ને તે તજી. સં. ૧૭૮૭ (?)! માં અમદાવાદ આવી નાગોરી સરાહમાં ઉતરી ભગવતી સૂત્રની વાચના કરી, ને ત્યાં ઢુંઢક માણેકલાલને મૂત્તિપૂજક કર્યો; નવું ચૈત્ય કરાવી તેમાં પ્રતિમા સ્થાપી. ત્યાં

---

શ્રીમાળી કુળ દીપક જેતસી, શેઠ સુગુણ ભંડાર,
તસ સુત શેઠ શિરોમણી તેજસી, પાટણ નગરમેં દાતાર. ૧૧
તેણે એ બિંબ ભરાવ્યા ભાવશું, સહસ અધિકા ચોવીસ,
કીધી પ્રતીષ્ઠા પુનમગચ્છધરૂ, ભાવપ્રભ સૂરીસ. ૧૨

આ સહસ્રકૂટનું મંદિર પાટણમાં તાંગડીયા વાડામાં સહસ્રફણા પાર્શ્વનાથજી પ્રમુખ સાત દેહરાસરજી છે તેમાંનું એક છે.

૭ **જ્ઞાનવિમલસૂરિ**—ભિન્નમાલના વીસા ઓસવાલ વાસવ શેઠ અને કનકાવતીના પુત્ર. જન્મ સં. ૧૬૯૪ નામ નથુમલ્લ; સં. ૧૭૦૨ માં તપગચ્છના ધીરવિમલ ગણિ પાસે દીક્ષા. નામ નયવિમલ. સં. ૧૭૪૮ માં પાટણ પાસે સંડેરમાં સૂરિપદ–નામ જ્ઞાનવિમલ સૂરિ; તેમના ઉપદેશથી સં. ૧૭૭૭ માં સુરતના શેઠ પ્રેમજી પારેખે શત્રુંજયનો સંઘ કાઢયો. સં. ૧૭૮૨ આશો વદ ૪ ને દિને ખંભાતમાં સ્વર્ગસ્થ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાંતિનાથની પોળમાં સહસફણા બિંબ [8]સ્થાપ્યું. સહસકુટ જિનબિંબની પ્રતિષ્ઠા કરી. સં ૧૭૭૯ માં ખંભાત ચોમાસું કર્યું પછી શત્રુજયપર નવાં ચૈત્ય કરાવી જીર્ણોદ્ધાર કર્યો. મહાજને તે સિદ્ધાચલપર જીર્ણોદ્ધારનું કારખાનું મંડાવ્યું. સં. ૧૭૮૧, ૧૭૮૨ અને ૧૭૮૩ માં કારીગરો પાસે કામ કરાવી શત્રુંજયનો મહિમા વધાર્યો પછી ગુરૂ રાજનગર (અમદાવાદ) આવ્યા. (આ સં. ૧૭૮૪ માં મૂકાય ને તે વખતે તેમણે સહસ્રફણા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કુટનોટમાં બતાવી છે તે કરી જણાય છે), ત્યાંથી સુરત આવ્યા.

૪. સં. ૧૭૮૫, ૧૭૮૬ અને ૧૭૮૭ માં [9]પાલીતાણામાં પ્રતિષ્ઠા કરી પછી ફરી રાજનગર આવી ચાતુર્માસ રહ્યા. સં. ૧૭૮૮ માં આષાઢ શુદિ ૨ ને દિને દીપચંદ્રજી પાઠક સ્વર્ગે

૮—અમદાવાદમાં હાજા પટેલની પોળમાંની શાંતિનાથ પોળના બીજા દેરાસરના વચલા ભોંયરામાં સહસ્રફણા પાર્શ્વનાથની દેવચંદ્રજીએ કરેલી પ્રતિષ્ઠાનો શિલાલેખ સં. ૧૭૮૪ માગશર વદ ૫ નો મળી આવે છે જુઓ આ પુસ્તકમાં જીવનચરિત્ર પાનું ૩૧. જ્યારે આ કવિયણ સં. ૧૭૮૭ ની સાલ આપે છે. તે કદાચ ૧૭૭૭ નો હશે. વળી તે ત્યાર પછી ૧૭૭૮ થી વાત કહેવા માંડે છે-તો આ વર્ષાનુક્રમ આગળ પાછળ ઉલટો રાખવાનું કારણ સમજાતું નથી.

૯—પાલીતાણાના શત્રુંજયગિરિપરના ૧૧૮ શિલાલેખોની ટીપ ડા. બુહ્લરે કરી છે તેમાં તેણે ૩૩ લેખો મૂળ સંસ્કૃતમાં આપેલ છે અને બીજાનો માત્ર અંગ્રેજીમાં સાર આપ્યો છે તે પૈકી નં ૩૪ ખરતરવસી ટુંકના દક્ષિણ બાજુના ખુલ્લા વિભાગમાં સિદ્ધચક્ર શિલાપરના લેખનો સાર એ છે કેઃ—

સંવત્ ૧૭૮૩ માઘ સુદિ ૫ સિદ્ધચક્ર, ધણુપુરના રહેવાસી, શ્રીમાલી લઘુ શાખાના ષેતા (ખેતા) ની સ્ત્રી આણુન્દ બાઇએ અર્પણ કર્યું (બનાવ્યું). બૃહત્ ખરતર ગચ્છની મુખ્ય શાખામાં જિનચંદ્રસૂરિ થયા જેમને અકબર બાદશાહે યુગપ્રધાનનું પદ આપ્યું. તેના શિષ્ય મહો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પધાર્યા. દેવચંદ્રજી હતા ખરતરગચ્છના, છતાં તેમની પાસે તપગચ્છના વિવેકવિજય મુનિ ભણ્યા.

---

પાધ્યાય રાજસાગરજી થયા. તેના શિષ્ય મહોપાધ્યાય જ્ઞાનધર્મજી, તેના શિષ્ય ઉપાધ્યાય દીપચંદ્ર, તેના શિષ્ય પંડિતવર દેવચંદ્રે પ્રતિષ્ઠા કરી.

નં. ૩૫ પંચ પાંડવ દેવાલયની મુખ્ય મૂર્તિની જમણી બાજુએ આવેલી એક મૂર્તિની બેસણી ઉપરનો લેખ છે તેનો સાર એ છે કે;— સંવત્ ૧૭૮૮, માઘ સુદિ ૬, શુક્રવાર, ખરતર ગચ્છના સા ( શ ) ફીકાના પુત્ર દુલીચન્દે ભીમમુનિની એક પ્રતિમા અર્પણ કરી; ઉપાધ્યાય દીપચંદ્ર ગણિએ પ્રતિષ્ઠા કરી. ( આ દીપચંદ્રજી દેવચંદ્રજીના ગુરૂ જણાય છે. )

નં. ૩૯ છીપાવસી ટુંકમાંના એક દેવાલયના મંદિરની બહાર દક્ષિણ ભીંત ઉપરના લેખનો સાર એ છે કેઃ—સંવત્ ૧૭૯૪, શક ૧૬૫૯, આષાઢ સુદિ ૧૦, રવિવાર: ઓસવંશ વૃદ્ધ શાખા નાહુન ગોત્રના ભંડારી ભાનાજીના પુત્ર ભંડારી નારાયણજીના પુત્ર ભંડારી તારાચંદના પુત્ર ભંડારી રૂપચંદના પુત્ર ભંડારી સિવચંદના પુત્ર ભંડારી હરખચંદે, એ દેવાલય સમરાવ્યું અને પાર્શ્વનાથની એક પ્રતિમા અર્પણ કરી ( કરાવી ); બૃહત્ ખરતર ગચ્છના જિનચંદ્રસૂરિના વિજયિ રાજ્યમાં મહોપાધ્યાય રાજસાગરજીના શિષ્ય ઉપાધ્યાય જ્ઞાનધર્મજીના શિષ્ય ઉપાધ્યાય જ્ઞાનધર્મજીના શિષ્ય ઉપાધ્યાય દીપચંદ્રજીના શિષ્ય પંડિત દેવચંદ્રજીએ પ્રતિષ્ઠિત કરી. (જુઓ સાક્ષર શ્રી જિનવિજયજી સંપાદિત પ્રાચીન જૈન લેખ સંગ્રહ ભાગ ૨ જાના છેવટના અવલોકન પૃ. ૫૧ અને ૫૨.) આ ઉપરાંત શત્રુંજય ઉપર ચૌમુખની ટુંકમાં મંદિરના ચોકમાં જતાં ડાબા હાથે એક સિદ્ધચક્રની સ્થાપના છે તેમાં દેવચંદ્રજી સંબંધી ઉલ્લેખ છે તે લેખ મુનિશ્રી કલ્યાણવિજયજીએ કૃપાથી લખી જણાવ્યો છે કેઃ—

**" संवत् १७८४ वर्षे ॥ मिगशिर वदि ५ तिथौ राजनगर वास्तव्य श्री सिद्धचक्र कारापितं च श्री महावीरदेवाविच्छिन्न परंपरायात श्री बृहत्खरतरगच्छाधिराजश्री अकब्बरसाहि प्रतिबोधक तत्प्रदत्तयुगप्रधान भट्टारक श्री जिनचंद्रसूरि शाखायां महोपाध्याय श्री श्री राजसारजी तत् शिष्य उपाध्याय ज्ञानधर्मजी तत् शिष्य उपाध्याय श्री दीपचंद्रजी तत् शिष्य पंडित देवचंद्र युतेन ॥ "**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫. અમદાવાદમાં [૧૦]રત્નસિંહ ભંડારી સૂબો હતો. તેનો ઇષ્ટ પ્રિય શેઠ આણંદરામ, દેવચંદ્રજી પાસે આવી ધર્મચર્ચા કરતો હતો. તેને ગુરૂએ ચર્ચામાં જીત્યો. આણંદરામે ગુરૂની પ્રશંસા કરતાં રત્નસિંહ ભંડારીએ ગુરૂ પાસે આવી વંદના કરી; ત્યાર પછી ત્યાં મૃગી ઉપદ્રવ–રોગચાળો ચાલ્યો. તે ભંડારીની અને મહાજનની વિનતિથી ગુરૂએ શમાવ્યો. ત્યાર પછી રણકુંજીએ

૧૦–રત્નસિંહ ભંડારી–મારવાડ જોધપુરની ગાદી પર મહારાજા અભયસિંહના વિ. સં. ૧૭૮૦ થી સં. ૧૮૦૬ ના અમલમાં રત્નસિંહ ભંડારીએ ઉદય પામી પોતાની નામના કાઢી હતી. તે જૈન ઓસવાલ કુટુંબના હતા. સંવત્ ૧૭૮૬ માં ગુજરાતના સુબાદાર સરબુલંદખાં સ્વતંત્ર થવાથી બાદશાહ મુહમ્મદશાહે અભયસિંહજીને તે સુબાને દબાવવા માટે મોકલ્યા ને અજમેર અને ગુજરાતની સુબાદારી આપી આ મહારાજાએ ગુજરાતનું રાજ્ય સર કરવાને અમદાવાદ તરફ મોટા લશ્કર સાથે કુચ કરી ત્યારે તેમણે મોટી ફોજમાં રત્નસિંહને પોતાની સાથે રાખ્યા હતા. અમદાવાદમાં કેટલીક ખુનખ્વાર લડાઇ પછી મહારાજાએ સરબુલંદખાનને જીવતો પકડી દીલ્લી મોકલાવી ગૂજરાત પ્રાંત કબજે કર્યો અને રત્નસિંહને પોતાના મદનીશ તરીકે નીમ્યા. ત્રણ વર્ષ ગૂજરાત ઉપર અમલ કર્યા પછી અભયસિંહ દીલ્હી પાછા ગયા ને રત્નસિંહ ભંડારીને દીલ્હી રાજ્યના વતી ગૂજરાત ઉપર અમલ કરવાને નીમતા ગયાં. ઇતિહાસમાં ડેપ્યુટી વાઇસરૉય–નાયબસુબા તરીકે પ્રસિદ્ધ થએલા રત્નસિંહે સં. ૧૭૮૯ થી સં. ૧૭૯૩ સુધી અમલ ચલાવ્યો. આ વખતે સમસ્ત હિંદમાં અશાંતિ ને અવ્યવસ્થા હતી. મરાઠાઓ પોતાના સરદાર જાદોજી દાભાડેની સરદારી નીચે ગૂજરાત ઉપર ચઢી આવ્યા ત્યારે રત્નસિંહને પોતાના નવા હોદ્દાપર રહેવાનું મુશ્કેલ થતું ગયું છતાં તે નાયબ સુબા અસાધારણ ખર્ચથી આવતા હુમલા પાછા કાઢતા હતા. વિરમગામનો ભાવસિંહ હેરાનગતી આપતો તેને પકડવા માટે જવાનમર્દખાનને સં. ૧૭૮૦ માં રત્નસિંહે હુકમ કરતાં તેણે તેને પકડયો પણ પછી તેને છોડી દેવો પડયો. સં ૧૭૮૦ માં મરાઠાઓએ વડોદરા લીધું. ત્યાંના સુબા શેરખાન બાબીએ રત્નસિંહની મદદ માગતાં ખંભાતના સુબા મોમિનખાનને તેની કુમકે મોકલ્યો પણ મહાદજી ગાયકવાડે આ જાણી લઇ શેરખાનને હરાવ્યો ને મોમીનખાન પાછો ખંભાત ગયો. ગાયકવાડે વડોદરા સર કર્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૈન્ય લાવી ભંડારી સાથે યુદ્ધનો પડકાર કર્યો. ગુરૂએ બેફિકર રહેવા ભંડારીને કહ્યું. યુદ્ધમાં ભંડારી જીત્યો. ધોલકાવાસી જયચંદ શેઠે એક વિષ્ણુ યોગીને ગુરૂપાસે આણ્યો, તેને ગુરૂએ જૈન બનાવ્યો. સં. ૧૭૯૫ માં પાલીતાણા અને સં. ૧૭૯૬ માં

---

આજ વર્ષમાં પેટલાદનો સૂબો ધનરૂપ ભંડારી મરણ પામ્યો ને શાંતિદાસ શેઠના પૌત્ર ખુશાલચંદ શેઠ ( આ શાંતિદાસ શેઠે સં. ૧૬૯૪ માં સરસપુરમાં પાર્શ્વનાથ મંદિર કર્યું હતું ને જેને તે વખતના ગુજરાતના સુબા ઔરંગજેબે તોડી ત્યાં સં. ૧૭૦૦ માં મસીદ બંધાવી હતી તે પછી તે મંદિરને શાહજહાંએ પાછું બંધાવી આપ્યું હતું. ) ને અમદાવાદ ભંડારીની કફા થતાં ચાલી જવું પડયું હતું. ( આ ખુશાલચંદ સં. ૧૮૦૪ માં મરણ પામ્યા. જુઓ મારી જૈન ઐતિહાસિક રાસમાલા ભાગ ૧ લો પ્રસ્તાવના પૃ. ૮ થી ૧૦ ). સં. ૧૭૯૯ માં રત્નસિંહને ધોલકાની સુબાગીરી અપાઇ. વિરમગામની સોહરાબખાનને અપાઇ. આ બીજી વાત રત્નસિંહને ન ગમતાં તે અભયસિંહને અપાવી. પછી લડાઇ થઇ ને સોહરાબખાન ઘવાયો ને મૃત્યુ પામ્યો. રત્નસિંહ પર એક ઘોડેસ્વારે ખૂન કરવાનો પ્રયત્ન કરતાં તેને પકડી મારી નાંખવામાં આવ્યો. રત્નસિંહ થયેલા ઘાથી બે મહીને સાજો થયો. વીરમગામના ભાવસિંહે મરાઠા સાથે મળી તેમને ગુપ્ત રીતે ગામમાં બોલાવ્યા. દામાજીએ મારવાડી અધિકારીને કાઢી મૂક્યો ને રંગોજીને ત્યાં રાખી પોતે સોરઠ તરફ જતાં વચમાં રત્નસિંહ ભંડારી સામો થયો, ને રંગોજીને વીરમગામ હાંકી મૂક્યો. મરાઠાઓનો સામાન ઘણો કબજે કર્યો ને પછી વીરમગામને ઘેરો ઘાલ્યો. આ સામે યુક્તિ કરી મરાઠાએ પ્રતાપરાવને અમદાવાદ ઘેરો ઘાલવા મોકલ્યો. આથી ભંડારીએ વીરમગામનો ઘેરો તજી અમદાવાદ જવું પડયું. સં. ૧૭૯૩ મહમદશાહ સુલતાને અભયસિંહ પાસેથી લઇ મોમીનખાનને ગૂજરાતની સુબાગીરી આપી. અભયસિંહે ભંડારીને મોમીનખાનને સૂબો થતાં અટકાવવા કહ્યું. મોમીનખાને અમદાવાદ ઘેર્યું. ભંડારીએ જબરો બચાવ કર્યો. આખરે દામાજી ને મોમીનખાન બંને મળી ગયા. આખરે સલાહ થઇ. મોમીનખાને ખર્ચના દામ ભંડારીને આપી રવાના કર્યો ને પોતે સૂબાગીરી લીધી. સં. ૧૮૦૧ માં વીકાનેરનો રાજા મરણ પામતાં બે હકદાર જાગ્યા. એકે ગાદી લીધી બીજો અભયસિંહ પાસે જતાં તેણે સહાય આપવા કબૂલ કર્યું. ભંડારીને સેનાપતિપદ આપી સાથે લડવા નીકળ્યો. સં. ૧૮૦૩ માં ચહસાજણ પાસે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સં. ૧૭૯૭ માં નવાનગર [11]ગુરૂ રહ્યા, ને ત્યાં ઢુંઢકને જીત્યા. નવાનગરમાં ચૈત્યો લોપ્યાં હતાં ને પૂજા બંધ થઇ હતી તેનું નિવારણ કરી ફરી સ્થાપ્યાં. ત્યાંથી પડધરીમાં ત્યાંના ઠાકુરને પ્રતિબોધ્યો. ત્યાંથી ફરી પાલીતાણે અને ફરી નવાનગરમાં ગયા.

૬. પછી સં ૧૮૦૨ માં—૧૮૦૩ માં રાણાવાવ રહ્યા. ત્યાંના અધીશને ( રાણાને ) ભગંદર રોગ હતો તે ટાળ્યો. સં. ૧૮૦૪ માં ભાવનગર આવી ઢુંઢક મેતા ઠાકરસીને મૂર્તિપૂજક કર્યો અને ત્યાંના રાજાને જૈન ધર્મ પ્રત્યે પ્રીતિવાન્ બનાવ્યો [આ રાજાનું નામ ભાવસિંહજી હતું કે જેણે પોતાના નામ પરથી ભાવનગર સ્થાપ્યું હતું].

( આ વાત અન્ય સ્થળેથી સાબીત થાય છે. )[12]

૭. ત્યાંથી તેજ વર્ષમાં પાલીતાણા જઈ ત્યાંનો મૃગી નામનો રોગચાળો દૂર કર્યો. સં. ૧૮૦૫ અને ૧૮૦૬ માં લીંબડી રહી

---

ખૂનખાર લડાઇ થઇ. વીકાનેરના લશ્કરે આખરે જોર કર્યું. ભંડારી ડગ્યો નહિ ને પોતાને આંખમાં બાણ વાગ્યું છતાં લડયો. આખરે જોયું કે પોતાના સાથી ઓછા છે ને ફાવવાનો દાવ નથી એટલે પાછા હઠવાનો હુકમ આપ્યો. આમ હઠતાં એક વીકાનેરી ભાલાદારે હુમલો કર્યો અને રત્નસિંહ ભંડારી વીરતાથી મરણ પામ્યો. ( શ્રીયુત ઉમરાવસિંહ ટાંકના લેખપરથી. )

આટલો લાંબો પરિચય કરાવવાનું કારણ એ છે કે આ વખતે ગુજરાતની કેવી અશાંત સ્થિતિ હતી તેનું દિગ્દર્શન થાય.

૧૧—નવાનગર તે કાઠિયાવાડનું જામનગર. ત્યાં દેવચંદ્રજીએ સં. ૧૭૯૬ ના કાર્તિક સુદ ૫ મી રોજ જ્ઞાનસાર પર ટીકા નામે જ્ઞાનમંજરી કરી. અષ્ટ પ્રવચન માતાની સઝાયો પણ ત્યાંજ રચી. નવાનગરના આદિ જિનપર સ્તવન ( ૨–૯૧૯ ) રચ્યું છે તેમાં 'શેઠ વિહાર' ના આદીશ્વરનો ઉલ્લેખ છે.

૧૨—સં. ૧૮૧૦ આ સંઘ નીકળ્યો હતો તેમ દેવવિલાસ રાસકાર કહે છે જ્યારે દેવચંદ્રજી પોતે સિદ્ધાચલ સ્તવનમાં ચોખ્ખું કહે છે કે સં. ૧૮૦૪ ના માગશર શુદ ૧૩ ને દિને સુરતથી તે સંઘ કચરા કીકાએ કાઢયો હતો:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાંના આગેવાન શેઠોને શાસ્ત્રાભ્યાસ કરાવ્યો. લીંબડી ધ્રાંગધ્રા અને ચૂડા એમ ત્રણ સ્થળોએ બિંબ પ્રતિષ્ઠા કરાવી. (આ ત્રણે કાઠિયાવાડનાં શહેરોમાંનાં મંદિરો તપાસી તેમાંની પ્રતિમાના પ્રતિષ્ઠાલેખો જોવા ઘટે છે.) ધ્રાંગધ્રામાં સુખાનંદજી મળ્યા હતા. સં. ૧૮૦૮ માં ગૂજરાતથી શત્રુંજય સંઘ કઢાવ્યો ને શત્રુંજય-માં બહુ દ્રવ્ય ખર્ચાવી પૂજા અર્ચા કરાવી. સં. ૧૮૦૯ અને ૧૮૧૦ માં ગૂજરાતમાં ચોમાસાં ગાળ્યાં. સં. ૧૮૧૦ માં કચરા-શાહે શત્રુંજયનો સંઘ કાઢયો તે સાથે દેવચંદ્રજી પધાર્યા અને

---

સંવત અઢાર ચોડોત્તર વરસે, સિત મૃગસર તેરસીયે
શ્રી સુરતથી ભક્તિ હરખથી, સંઘ સહિત ઉલ્લસીયે
કચરા કીકા જિનવર ભક્તિ, રૂપચંદ (ગુણવંત) જીઇએ,
શ્રી સંઘને પ્રભુજી ભેટાવ્યા, જગપતિ પ્રથમ જિણંદ.

શ્રીમદ્ દેવચંદ્રજી ભાગ ૨. પૃ. ૯૧૭.

દેવચંદ્રજીના શિષ્ય મતિરત્ને સિદ્ધાચલ તીર્થયાત્રા એ નામની પદ્ય-કૃતિ પાંચઢાળમાં રચી છે તેમાં તે આ કચરા કીકાદિના સંઘની આખી વિગત આપે છે. રચ્યા સંવત્ આપેલ નથી તેમ સંઘ નીકળ્યાનો સંવત્ આપેલ નથી પણ તેની મિતિ કાર્તિક શુદ ૧૩ મંગલ આપે છે. ને ઉપર માગશર શુદ ૧૩ આપી છે. આમાં વિગત એ છે કે

"મૂળ પાટણના રહીશ અને રવજીશાના કુલમાં થયેલા વૃદ્ધશાખીય શ્રીમાલી કચરા કીકા એમ પોતે ત્રણ ભાઇ સહિત સુરત આવ્યા. તેણે શત્રુંજયનો (કાર્તિક સુ. ૧૩ ને દિને સંવત્ આપ્યો નથી) કાઢયો. રૂપચંદ નામના શેઠ પણ સંઘવી તરીકે જોડાયા. કુંબસ (ડુમસ) આવી ત્યાંથી ભાવ-નગર આવ્યા કે જ્યાં ભાવસિંહજી (કે જેમણે સં. ૧૭૭૯ ના વૈશાખ શુદ ૩ ને દિને ભાવનગર વસાવ્યું હતું અને જેઓ ૬૧ વર્ષ સુધી સ્વતંત્રપણે રાજ્ય કરી સં ૧૮૨૦ માં સ્વર્ગસ્થ થયા) રાજ્ય કરતા હતા. તેમણે ચાંચીઆને જેર કરી જગાત ઓછી કરી સમુદ્રને નિર્ભય અને વેપારીઓને આબાદ કર્યા હતા. આ સંઘને ભાવનગરના સંઘપતિ કુંઅરજી શેઠે માન આપ્યું. તેમાંના મંદિરોમાં સંઘપતિએ પૂજા કરી. રાજાજીને સાથે આવવા વિનતિ કરી ને રાજાએ તે માટે ચોકીદાર વગેરે માટેનું લાગત ખર્ચ માંગ્યું; કચરાશાએ દસ્તુર માફક દેવા કબૂલ્યું એટલે રાણાજી લશ્કર સાથે સંઘ ભેગા નીકળ્યા (કાર્તિક વદિ ૧૩). ચોથે દિન

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શત્રુંજયપર સાઠ હજાર દ્રવ્ય ખર્ચી જિનબિંબની પ્રતિષ્ઠા કરી[13] સં. ૧૮૧૧ માં લીંબડીમાં પ્રતિષ્ઠા કરી અને વઢવાણમાં ઢુંઢક**

વરતેજ, પછી કનાડે આવ્યા. સાથે ઉત્તમવિજય પંન્યાસ, યોગવિમલ તપસ્વી, ખરતરગચ્છી દેવચંદ્રજી (આપણા ચરિત્રનાયક) હતા. પાલીતાણાના રાજા પૃથ્વીરાજજીના કુંવર સામા આવ્યા કે જેને સંઘવીએ પહેરામણી કરી. કુંવરશ્રી નવઘન સંઘ સાથે ગારીયાધર સુધી આવ્યા. ને માગશર સુદિ તેરસ દિને શત્રુંજયની યાત્રા કરી. પછી પાલીતાણા આવ્યા. ત્યાં 'વિધિ ઉપદેશક શ્રુત જલધિ દેવચંદ ગુરૂરાય, સંવેગી જિનમારગી ઉત્તમવિજય સહાય'–દેવચંદ્રજી ને ઉત્તમવિજય હતા એટલે ખંભાતથી જીવણસાહ સંઘવી સંઘ લઇ આવ્યા. વેળાવળ પાટણથી રામચંદ્રશા, દક્ષિણથી મેસર ગામનો સંઘ લઇ ગલાલસા એમ અનેક સંઘો તે તેના સંઘપતિ સહિત આવ્યા. સુરતથી વિધિપક્ષ (આંચલ ગચ્છના) ઉદયસાગરસૂરિ (મૂળ નવાનગરના શા કલ્યાણજી અને ભાર્યા જયવંતીના ઉદયચંદ નામે પુત્ર જન્મ સં. ૧૭૬૨. દીક્ષા સં. ૧૭૭૭, આચાર્યપદ સં. ૧૭૯૭, સ્વર્ગવાસ સં. ૧૮૨૬ આસો સુ. ૨ સુરતમાં.) આવ્યા. તપાગચ્છના પાઠક સુમતિવિજય એમ અનેક યતિઓ અને ચતુર્વિધ સંઘ મળ્યો. પોશ શુદિ ૧૩ દિને ઇંદ્રમાલનો ઉત્સવ થયો. આ પ્રમાણે યાત્રા સફલ થઇ." આમાં જણાવેલા ઉદયસાગરસૂરિએ સં. ૧૮૦૪ ના (અબ્ધિખાષ્ટેંદુમિતે) ના પોષ સુદિ ૧૫ ને સોમવારને દિવસે 'સ્નાત્રપંચાશિકા' નામનો ગ્રંથ સુરાષ્ટ્રના પાલીતાણામાંજ રચ્યો તેમાં આ સંઘના સંઘપતિ "દેવગુરૂભક્ત કીકાના પુત્ર કચરાએ કાઢેલા સંઘની સાથે યાત્રા કરતાં જિનરાજની ભક્તિને માટે આ ગ્રંથ રચ્યો છે" એવું સ્પષ્ટ જણાવેલું છે. (જુઓ પીટર્સનનો ત્રીજો રીપોર્ટ પૃ. ૨૩૯) –આથી પણ સ્પષ્ટ થાય છે કે સંઘવી કચરા કીકાએ આ સંઘ ૧૮૦૪ માં કાઢયો હતો.–" કચરા કીકાએ પાલીતાણાના સંઘો ઘણી વખત કાઢયાનું જુદાં જુદાં સ્તવનો તથા ચરિત્રો પરથી જણાય છે અને તેવાં ત્રણ ચાર પ્રસંગો મારા વાંચવામાં પણ આવ્યાં છે એમાં સં. ૧૮૦૪ માં શ્રીમદ્ સંઘ સાથે પાલીતાણે ગયા હોય અને સં. ૧૮૧૦ માં ફરી ગયા હોય એ બનવા જોગ છે. તેમાં અસંભવિત જેવું કશુંએ નથી," એમ રા. મોહનલાલ હીમચંદ વકીલ પાદરાવાળા જણાવે છે.

આમાંના ભાવનગરમાં ઋષભ પ્રાસાદમાં દિવાલી દિને વીર જિનવર નિર્વાણ રચી દેવચંદ્રજીએ પૂરૂં કર્યું. (૨–૯૦૯)

૧૩–આ સંબંધી એક લેખ શત્રુંજયપર હાંથીપોળ તરફ જતાં દક્ષિણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રાવકને બુઝાવ્યા ને ત્યાં તેથી ઘણાં ચૈત્ય થયાં. દેવચંદ્રજીના શિષ્ય મનરૂપજી અને તર્કશાસ્ત્રના અભ્યાસી વિજયચંદ હતા. મનરૂપજીના શિષ્ય વકતુજી અને રાયચંદજી હતા. સં. ૧૮૧૨માં ગુરૂ રાજનગર આવ્યા. ગચ્છનાયકને તેડાવી મહોચ્છવ કર્યો. દેવચંદ્રજીને ગચ્છપતિએ (આ જિનલાભ સૂરિ હોવા ઘટે) વાચક પદ આપ્યું.

૮. દેવચંદ્રજી ઉત્તમ વ્યાખ્યાન તત્વજ્ઞાનમય આપતા હતા. તેમણે શ્વેતાંબરીય હરિભદ્ર સૂરિ તથા યશોવિજય વાચકકૃત ગ્રંથોનો અભ્યાસ કરવા ઉપરાંત દિગંબરીય શાસ્ત્ર-ગોમટ્ટસારાદિ વાંચ્યાં હતાં. અને ગૂજરાત ઉપરાંત મુલતાન, વીકાનેરમાં પણ ચોમાસાં કર્યાં હતાં. તેમણે નવા ગ્રંથ ટીકા સહીત કર્યા તેનાં નામ—દેશનાસાર (અપ્રકટ), નયચક્ર, જ્ઞાનસાર અષ્ટક પર સં. ટીકા, કર્મગ્રંથપર ટીકા વગેરે. આ દેવચંદ્રજી અમદાવાદમાં દોશીવાડામાં બિરાજતા હતા, ત્યાં એક દિન વાયુપ્રકોપથી વમનાદિ વ્યાધિ થતાં નિજ શિષ્યોને બોલાવી શિક્ષા આપી કે "સૂરિજીની આજ્ઞા વહેજો, સમયાનુસારે વિચરજો, પગ પ્રમાણે સોડ તાણી સંઘની આજ્ઞા ધારજો." આ વખતે શિષ્યોમાં મુખ્ય મનરૂપજી ને તેના શિષ્ય રાયચંદ્રજી, વળી બીજા શિષ્ય વિજયચંદ્રજી ને તેના શિષ્ય રૂપચંદ્રજી, તેમજ સભાચંદજી વગેરે હાજર હતા. પછી દશવકાલિક, ઉત્તરાધ્યયન એ સૂત્રોનાં અધ્યયન સાંભળતાં અરિહંતનું ધ્યાન ધરતાં સં. ૧૮૧૨ના ભાદ્રપદ અમાવાસ્યાને દિને રાત એક પ્રહર જતાં દેવચંદ્રજી દેવગતિ

---

આવેલા દેવાલયમાં (વિમળવસી લિસ્ટ્સ પુ. ૨૦૭ નં. ૨૮૫ બુહ્લર સંગ્રહ) મળી આવે છે તેનો સાર આ પ્રમાણે છે:—

"સંવત્ ૧૮૧૦ માહ સુદિ ૧૩, મંગળવાર સંઘવી કચરા કીકા વિગેરે આખા કુટુંબે સુમતિનાથની પ્રતિમા અર્પણ કરી; સર્વ સૂરિએ પ્રતિષ્ઠા કરી."

—શ્રી જિનવિજયજી સંપાદિત પ્રા. જૈ. લે. સંગ્રહ ભા. ૨ અવલોકન પૃ. ૫૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામ્યા. પાછળ ઉત્સવથી માંડવી કરી ઘણું દ્રવ્ય દાનાર્થે ખર્ચી સર્વ શ્રાવકોએ મળી શબને દાહ દીધો.

૯ રાસકર્તા કહે છે કે તેઓ આસન્નસિદ્ધ હતા, ને અનુમાને જો દરેક ભવમાં આરંભમાં ભાવથી કર્મનો ધ્વંસ કરતા રહી ધર્મયૌવનમાંજ જીવન સતત ગાળશે તો સાત આઠ ભવે સિદ્ધિને વરશે. વળી તે કહે છે કે તેમના મસ્તકમાં મણિ હતી તે હાથ આવી નહિ. મહાજને દાહસ્થળે સ્તૂપ કરાવી પાદુકા પ્રતિષ્ઠિત કરી. (આ માટે વિશેષ બારીક શોધખોળ કરવાની જરૂર છે.) ત્યાર પછી થોડા દિવસે મનરૂપજી સ્વર્ગસ્થ થયા. તેમના શિષ્ય રાયચંદજી રહ્યા કે જે ગુરૂ પ્રમાણે વર્ત્તન રાખી ગુરૂનું ધ્યાન ધરતા હતા. તેમણે કર્ત્તાને ગુરૂની સ્તવના કરવા કહ્યું તેથી તેણે આ સં. ૧૮૨૫ આસો સુદ ૮ રવિવારે દેવવિલાસ રાસ રચી પૂર્ણ કર્યો.

૧૦ વિશેષમાં કર્ત્તા આ રાસના પ્રારંભમાં જ દેવચંદ્રજીમાં ૨૨ ગુણો જણાવે છે તે નોંધવા લાયક છેઃ–" ૧ સત્યવક્તા ૨ બુદ્ધિમાન્ ૩ જ્ઞાનવંત, ૪ શાસ્ત્રધ્યાની, ૫ નિષ્કપટી, ૬ અક્રોધી, ૭ નિરહંકારી, ૮ સૂત્ર નિપુણ (આગમ, કર્મગ્રંથ, કર્મ પ્રકૃતિ આદિમાં નિષ્ણાત), ૯ અન્ય સકલ શાસ્ત્રના પારંગામી (અલંકાર, કૌમુદી, ભાષ્ય, ૧૮ કોષ, સકળ ભાષા, પિંગલ, નૈષધાદિ કાવ્યો, સ્વરોદય, જ્યોતિષ, સિદ્ધાન્ત, ન્યાયશાસ્ત્ર, સાહિત્યશાસ્ત્રાદિ સ્વપર શાસ્ત્રમાં પ્રવીણ). ૧૦ દાનેશ્વરી (દીનપર ઉપકાર કરનારા), ૨૧ વિદ્યાના દાનની શાળાપર પ્રેમી (અનેક ગચ્છના મુનિઓને વિદ્યાદાન દેનાર તેમ જ અન્ય ધર્મીને વિદ્યા શિખવનાર) ૧૨ પુસ્તક સંગ્રાહક ૧૩ વાચકપદ પ્રાપ્ત, ૧૪ વાદીજીપક, ૧૫ નૂતન ચૈત્યકારક, ૧૬ વચનાતિશયવાળા (તેથી ધર્મસ્થાને દ્રવ્ય ખર્ચાવનાર), ૧૭ રાજેન્દ્ર પ્રધાન પૂજિત, ૧૮ મારે ઉપદ્રવ નાશક, ૧૯ સુવિખ્યાત, ૨૦ ક્રિયોદ્ધારક, ૨૧ મસ્તકમાં મણિધારક અને ૨૨ પ્રભાવક." આમાનાં ઘણાંક વિશેષણો પ્રાયઃ યોગ્ય અને સાર્થક ગણી શકાય. હવે આપણે સ્વતંત્ર રીતે દેવચંદ્રજી સંબંધી જૂદી જૂદી હકીકતો જૂદી જૂદી દષ્ટિથી જોઈશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ગુરૂપરંપરાઃ—**

૧૧. તેઓ ખરતર ગચ્છમાં થયા હતા. તે ગચ્છમાં ૬૧ મી પાટે જિનચંદ્ર સૂરિ થયા કે જેઓ સમ્રાટ્ અકબરના સમયમાં થયા ને જેમણે તે સમ્રાટ્પર પોતાનો પ્રભાવ પાડી તેની પાસેથી 'યુગપ્રધાન' બિરૂદ મેળવ્યું હતું (જુઓ મારો નિબંધ નામે 'કવિવર સમયસુંદર'—જૈન સાહિત્ય સંશોધક ખંડ ૨ અંક ૩–૪ તથા અગાઉની નં. ૨ ની ફુટનોટ) તેમનાથી માંડીને દેવચંદ્રજી પોતાની ગુરૂપરંપરા આપે છે. આ જિનચંદ્ર સૂરિનું નીચે પ્રમાણે પોતે વર્ણન કરે છેઃ—

**तेषां वंशे जातो गुणमणिरत्नाकरे महाभाग्यः ।**
**कलिकालपंक मग्नांल्लोकान्निस्तारणे धीरः ॥**
**श्रीमज्जिनचंद्राह्वः सूरि र्नव्यार्कदीधितिप्रतापः।**
**तस्यावदातसंख्या गण्यते नो सुराधीशाः ॥**

( જ્ઞાનમંજરી પ્રશસ્તિ પૃ. ૪૨૧. ભા. ૧ લો. )

૧૨. તેના શિષ્ય પુણ્યપ્રધાન ઉપાધ્યાય થયા–તેના શિષ્ય સુમતિસાગર–સુમતિસાર 'વિદ્યાવશારદ' થયા, તેમના સાધુરંગજી અને તેમના શિષ્ય રાજસા(ગ)રજી 'શ્રી જિન વચનનું મુખ્ય સારતત્ત્વ તેમાં પ્રવીણ' ( વિચારસારપ્રકરણ પ્રશસ્તિ ), 'સુવિહિત કહેતાં પંચાંગી પ્રમાણ, રત્નત્રયીની હેતુ કેતાં કારણ એહવી જેહની સમાચારી–એહવો જે ખરતર ગચ્છ–તે મધ્યે વર કહેતાં પ્રધાન, સર્વશાસ્ત્રનિપુણ, મરૂસ્થળ વિષે અનેક જિન ચૈત્ય પ્રતિષ્ઠાકારક, આવશ્યોદ્ધાર પ્રમુખ ગ્રંથોના કર્ત્તા એવા મહોપાધ્યાય' (ગૂજરાતી ચોવીસીના સ્વોપજ્ઞ બાલાવબોધના અંતમાં), 'આવશ્યકોદ્ધારાદિ સદ્‌ગ્રંથ કરણ, અનેક ચૈત્ય પ્રતિષ્ઠા સ્થાપિત અનેક જિન બિંબાલય જેણે કરેલ છે એવા' (વિચારસાર પ્રકરણ ટીકા ), 'સર્વ દર્શનશાસ્ત્રાર્થ તત્વદેશન તત્પર એવા સુપાઠક' ( જ્ઞાનમંજરી પ્રશસ્તિ ) થયા; તેમના શિષ્ય 'પરમોત્તમ પાઠક, જૈનાગમ રહસ્યાર્થદાયક ગુણનાયક' ( જ્ઞાનમંજરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશસ્તિ ), 'ન્યાયાદિક ગ્રંથાધ્યાપક જેણે સાઠ વર્ષ પર્યંત જિવ્હાના રસ તજી શાકજાત તજીને સંવેગ વૃત્તિ ધરી એવા' ( ચોવીશીનો બાલાવબોધ ), જ્ઞાનધર્મ ઉપાધ્યાય થયા, તેમના શિષ્ય 'રૂડા યશના ધણી, સુખના દેવાવાલા, એહવા તથા જેણેં શ્રી શત્રુંજય તીર્થ ઉપર શિવા સોમજી કૃત ચોમુખની અનેક બિંબ પ્રતિષ્ઠા કરી તથા પાંચ પાંડવના બિંબની પ્રતિષ્ઠા કરી, તથા સમોસરણ ચત્ય તથા કુંથુનાથ ચૈત્ય પ્રતિષ્ઠા કરી, શ્રી રાજનગરે સહસ્રફણા પાર્શ્વપ્રભુની પ્રતિષ્ઠા કરી એહવા' (ચોવીસીનો સ્વોપજ્ઞ ટબો) એટલે કે 'શ્રી શત્રુંજયે સમવસરણ મેરૂ પ્રમુખ અનેક ચૈત્ય શ્રી રાજનગરે સહસ્રફણાદિ અનેક સત્તીર્થની પ્રતિષ્ઠા કરી જેણે આત્મસાફલ્ય કર્યું છે એવા' (વિચારસાર પ્રકરણ ટીકા)—એટલે કે:—

'येन शत्रुंजये तीर्थे कुंथुनाथार्हतः पुनः
चैत्ये समवसरणे प्रतिष्ठा विहिता वराः ॥
चतुर्मुखे सोमजीता कृते यः पूर्णतां व्यधात्।
प्रतिष्ठां नैकबिंबानां चक्रे सिद्धाचले गिरौ ॥
अहम्मदावाद मध्ये सहस्रफणाद्यनेकबिंबानां।
चैत्यानां च प्रतिष्ठां चकार यो धर्मवृद्धये ॥

—જ્ઞાનમંજરી પ્રશસ્તિ.

એ જેણે કર્યું છે એવા મહાપુણ્ય કર્મ સંસાધનમાં ઉદ્યત એવા દીપચંદ્ર પાઠક ઉપાધ્યાય થયા, અને તેહના 'અધ્યાત્મ તત્ત્વરસના સ્વાદન રસિક, જિનાગમના અભ્યાસથી જેણે જિનાજ્ઞા રૂચિ પ્રાપ્ત કરી છે એવા' (વિચારસાર પ્રકરણ ટીકાને અંતે), 'સંવેગ પક્ષી' (વિચારસાર પ્રશસ્તિ), 'ધીમાન્' વિનેય–શિષ્ય દેવચંદ્ર ગણિ–પંડિત થયા.

૧૩. દેવચંદ્રજીએ ત્રણ ઠેકાણે પોતાના ગુરૂ તરીકે રાજહંસ ગણિ (ગુરૂ પરંપરામાં જ્ઞાન ધર્મ પછી ) જણાવ્યા છે અને તે જણાવતાં દીપચંદ્રજીનો ઉલ્લેખ કર્યો નથી, જેમકેઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજહંસ સહગુરૂ સુપસાયે, મુઝ મન સુખ નિત પાવેજી;
એહ સુગ્રંથ રચ્યો શુભ ભાવે, ભણતાં આત સુખ પાવેજી.
—ધ્યાન દીપિકા ચતુષ્પદી ૧–૫૭૯

सुयवायगा गुणड्ढा, नाणधम्मा सुनाण धम्मवरा ।
निवईणविसंपुज्जा, राजहंसा गणिप्पवरा ॥ १७३ ॥

—કર્મસંવેદ્ય પ્રકરણ ૧–૯૯૨

રાજહંસ સહગુરૂ સુપાયે, દેવચંદ્ર ગુણ ગાયજી,
ભવિક જીવ જે ભાવના ભાવે, તેહ અમિત સુખ પાયજી.
—સાધુની પંચ ભાવના ૨–૯૯૨

૧૪. આ પરથી કાંતો એમ ધારી શકાય કે પ્રથમના કાલમાં પોતે આ ત્રણે કૃતિઓ બનાવી હોય ને તે વખતે રાજહંસ નામના ગણિ પાસે પોતે અભ્યાસ કર્યો હોય એટલે કે પોતાના વિદ્યાગુરૂ હોય (દીક્ષા ગુરૂ તો દેવવિલાસ પ્રમાણે રાજસા(ગ)ર હતા.) અને પછી પોતે દીપચંદ્રની આજ્ઞામાં રહી તેમને ગુરૂ સ્વીકાર્યા હોય, અને કાંતો રાજહંસ ગણિ અને દીપચંદ્રજી બંને એક જ હોય અને પંહેલાં રાજહંસ નામ હોય તે પાછળથી દીપચંદ્રજી નામ થયું હોય. બીજો વિકલ્પ વધારે સંભવિત લાગે છે.

૧૫. દેવવિલાસમાં જણાવેલ દીક્ષા નામ નામે રાજવિમલ તો દેવચંદ્રજીએ પોતે પોતાને માટે કયાંય પણ વાપર્યું જણાતું નથી.

શિષ્યો:—

૧૬. પોતાના શિષ્યો પૈકી કેટલાક માટે જ્ઞાનમંજરી નામની ટીકા રચી એમ તેની છેવટની પ્રશસ્તિમાં કથેલ છે તે આ પ્રમાણે.

मतिरत्न राजलाभाद्याः श्रुताभ्यासपरायणाः ।
ज्ञानात्कुशलसद्राजप्रमोद शिष्यावबोधाय ॥

એ પરથી મતિરત્ન, રાજલાભ, જ્ઞાનકુશલ અને રાજપ્રમોદ એ નામના તેમને શિષ્યો હતા. મતિરત્ને સિદ્ધાચલ તીર્થયાત્રા એ નામની કૃતિ પાંચ ઢાળમાં રચી છે તેમાં સં. ૧૮૦૪માં કરેલ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે તીર્થની યાત્રાનું વર્ણન છે. (પ્રાચીન તીર્થ માલા સંગ્રહભાગ. ૧. પૃ. ૧૭૧ થી ૧૮૮) તેમાં છેવટની કડીઓ આ છેઃ—

'ઉવઝાય વર શ્રી દીપચંદે, શિસ ગણિ દેવચંદ એ,
તસ સિસ ગણિ મતિરત્ન ભાષે, સકલ સંઘ આણંદ એ.

૧૭. દેવવિલાસમાંથી જણાય છે કે તેમને (અન્ય) શિષ્ય નામે મનરૂપજી અને શાસ્ત્ર અભ્યાસી વિજયચંદ હતા. મનરૂપજીના શિષ્ય વકતુજી અને રાયચંદ હતા.

કવિઃ—

૧૮. દેવચંદ્રજી ફિલસુફ ગણાય છે અને તેની ફિલસુફીની કઠિનતા જ્યાં ત્યાં દૃષ્ટિગોચર થાય છે. ચોવીશ જિનપર એક એક એમ ચોવીશ સ્તવનો રચ્યાં અને તેમાં પોતાની દૃષ્ટિએ તત્ત્વજ્ઞાન કુટી કુટીને ભર્યું છે તેથી તે સમજાવવાને પોતાને સ્વોપજ્ઞ ટબો–બાલાવબોધ રચવો પડયો. વીશ વિહરમાન જિન-પરનાં વીશ સ્તવનો ચોવીશીની અપેક્ષાએ ઓછી ફિલસુફી વાળાં અને ઓછાં કઠિન–વિષમ છે; આથી પોતાના કાવ્યમાં પ્રાસાદિક ગુણ સહજ ભભુકી ઉઠતો નથી; જયારે યશોવિજયજીની તેમજ અન્ય પૂર્વગામી કાવઓની ને સમકાલીન તેમજ પછીના કવિઓની ચોવીશી–વીશી આદિ સ્તવનો લોકો સમજી તેમાં આનંદ સરલતાથી લઇ શકે તેમ છે; આનંદઘનજીનાં સ્તવનોમાં લોકો સમજી શકે તેવી કાવ્યત્વવાળી ફિલસુફી અનુપમેય ભરી છેઃ છતાં પણ દેવચંદ્રજીનું પ્રાસાદિક કવિપણું તદ્દન અસિદ્ધ થઈ શકતું નથી. કયાંક કયાંક તો તે એવું સુંદર રૂપે દર્શન આપે છે કે આપણે બે ઘડી મુગ્ધ થઈ જઈએ. આનાં થોડાં ઉદાહરણો અત્ર આપીશું:—

૧૯. ચોવીશીમાંથી પ્રથમ જિન સ્તવન કેવું સરલ છતાં તર્ક-બુદ્ધિ મિશ્રિત ભાવના–ભક્તિમય છે તે એક વખત ગાઈને સમજતાં તરતજ જણાય તેમ છે.

ઋષભ જિણંદશું પ્રીતડી, કિમ કીજે હો કહો ચતુર વિચાર,
પ્રભુજી જઈ અળગા વસ્યા, તિહાં કિણે નવિ હો કોઈ વચન
ઉચ્ચાર. ઋ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાગળ પણ પહોંચે નહી, નાવ પહોંચે હો તિહાં કો પરધાન,
જે પહોંચે તે તુમ સમો, નાવ ભાંખે હો કોઇનું વ્યવધાન–ઋ૦
પ્રીતિ કરે તે રાગીઆ, જિનવરજી હો તુમે તો વીતરાગ,.
પ્રીતડી જેહ અરાગીથી, ભેલવી તે હો લોકોત્તર માગ–ઋ૦
પ્રીતિ અનાદિની વિષભરી, તે રીતે હો કરવા મુઝ ભાવ,
કરવી નિર્વિષ પ્રીતડી, કિણ ભાતેં હો કહો બને બનાવ–ઋ૦
પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ,
પરમ પુરૂષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણગેહ–ઋ૦
પ્રભુજીને અવલંબતાં, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાસ,
દેવચંદ્રની સેવના. આપે મુજ હો અવિચલ સુખવાસ–ઋ૦

૨૦. આમાં સરલતા જણાય છે, પણ બહુ સ્પષ્ટતા–વિશદતા નથી; તેનું કારણ કવિમાં રહેલું **Mysticism** છે. આમાં કડી 'પ્રીતિ અનાદિની વિષભરી, તે રીતે હો કરવા મુઝ ભાવ' એ લ્યો. તેમાં ' રીતે ' એટલે વિષભરી રીતે ?–સામાન્ય રીતે એમ સમજાય, પણ કવિનો તેવો ભાવ નથી. કવિને સ્વોપજ્ઞ બાલાવબોધમાં સ્પષ્ટ કરવું પડે છે કે " જીવને પ્રીતિની પરિણતિ અનાદની છે. તે પ્રીતિ પુદ્‌ગલાદિના મનને સુખ આપનાર સંયોગની ઇષ્ટતાપર નિર્ભર છે, તેથી તે પ્રીતિ અપ્રશસ્ત છે–વિષ ભરી છે. જેમ ઐશ્વર્યાદિક દેખીને પુદ્‌ગલ–અશુદ્ધતા ઉપર જે ઇષ્ટતા તે રાગ વિષમય છે; તે રાગ સ્વજન, કુટુંબ, પરિગ્રહ ઉપર છે, તે રીતે પ્રભુજી ! તુમ ઉપર રાગ કરવાનો મારો ભાવ છે.... "

૨૧. છેલ્લું મહાવીર પ્રભુપરનું સ્તવન 'તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી, જગતમાં એટલો સુયશ લીજે' એ આત્માની દીનતા અને મનની અર્પણતાથી ભરેલું છે અને દરેક રસગ્રાહીને ભક્તિમાં લીન કરે તેવું છે.

૨૨. જો કવિએ કોઈ આખ્યાન લઇ તેપર કાવ્ય કર્યું હોત તો જે અનેક ભાવો સામાન્ય રીતે તેમાં ઉપસ્થિત થાય તેને વિકસાવવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



-પ્રકુલ્લ કરવા જે વાણીનો ઉપયોગ થાત તે પરથી તેમનું ગેય-રસ ભર્યું કવિત્વ આપણે પ્રાપ્ત કરી શકત; પણ તેમનો અધ્યાત્મરસિક સ્વભાવ આખ્યાનમાં રસ લઈ નથી શક્યો. છતાંયે એવી છુટી છુટી કૃતિઓ છે કે જેમાં એવા પ્રસંગો આવ્યા છે કે જેમાં પોતાની ઉર્મિઓનો મનોરમ આવિર્ભાવ થયો છે.

૨૩. શ્રી ગૌતમ શ્રી મહાવીર પ્રભુના પટ્ટ શિષ્ય–મુખ્ય ગણધર હતા. પ્રભુ ઉપર અતિ રાગ–પ્રશસ્ત રાગ હતો. પ્રભુએ નિર્વાણ થતા પહેલાં ગૌતમને બીજે સ્થળે મોકલ્યા; પ્રભુનું નિર્વાણ થતાં ગૌતમને આઘાત લાગ્યો. આ ગૌતમવિલાપ દેવચંદ્રજી ‘વીર જિનવર નિર્વાણ’માં કેવો ટુંકામાં આત્મશ્રેણિ બતાવી મધુરતાથી કવે છે?—

‘હે પ્રભુ! મુજ બાલક ભણિજી ક્યે ન જણાયું આમ,
મૂકી ક્યે મુને વેગલોજી, એ નિપાવ્યો કામ,
નાથજી મોટો તુજ આધાર.

હવે કુણ સંશય મેટશેજી, કહેશે સૂક્ષ્મ ભાવ,
કોને વાંદિશ ભક્તિસ્યુંજી, કરસ્યું વિનય સ્વભાવ—નાથજી.
**વીર** વિના કેમ થાયસ્યેજી, મુને આતમસિદ્ધિ,
**વીર** આધારે એતલાજી, પામ્યા પૂરણ સમૃદ્ધિ—નાથજી.
ઈમ ચિંતવતાં ઉપન્યોજી, વસ્તુ ધર્મ ઉપયોગ,
કરતા સહુ નિજ કાર્યનાજી, પ્રભુ નૈમિત્તિક યોગ—નાથજી.
ધ્યાનાલંબન નાથનોજી, તે તો સદા અભંગ,
તિણ પ્રભુ ગુણને જોઈવેજી, જોઈતું આતમઅંગ—નાથજી.
આતમભાસનરમણથીજી, ભેદે જ્ઞાન પૃથકત્વ,
તેહ અભેદે પરિણમ્યોજી, પામ્યો તત્ત્વ એકત્વ—નાથજી.
ધ્યાનલીન ગૌતમ પ્રભુજી. ક્ષપકશ્રેણિ આરોહિ,
ઘનઘાતિ સવિ ચૂરિયાંજી, કીધો આત્મ અમોહ—નાથજી.
લોકલોકની અસ્તિતાજી, સર્વ સ્વ–પર પર્યાય
તિન કાલના જાણિયાજી, કેવલજ્ઞાન પસાય—નાથજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## XXI

પ્રભુ પ્રભુ કરતાં પ્રભુ થયાજી, શ્રી ગૌતમ ગણુરાય,
તત્ક્ષણ ઇંદ્રાદિક ભણીજી, એહ વધાઈ થાય—નાથજી.
૨—૯૦૪ અને ૯૦૫

૨૪. આ કરતાં પણ વિશેષ મોહક અને સુશ્લિષ્ટ એક જુદા 'શ્રી વીર પ્રભુનું સ્તવન' એ નામના સ્તવનમાં વીર પ્રભુનો વિરહ દર્શાવ્યો છેઃ—

'મારગદેશક મોક્ષનોરે, કેવલજ્ઞાનનિધાન,
ભાવદયાસાગર પ્રભુરે, પરઉપગારી પ્રધાન રે
વીર પ્રભુ સિદ્ધ થયા.

વીર પ્રભુ સિદ્ધ થયા, સંઘ સકલ આધાર
હવે ઇણ ભરતમાં કોણ કરશે ઉપગાર રે—વીર૦
નાથ વિહુણું સૈન્ય જ્યું રે, વીર વિહુણો રે સંઘ,
સાધે કોણ આધારથી રે, પરમાનંદ અભંગ રે—વીર૦
માત વિહુણો બાલ જ્યું રે, અરહોપરહો અથડાય,
વીર વિહૂણા જીવડારે, આકુલવ્યાકુલ થાય રે—વીર૦
સંશયછેદક વીરનો રે, વિરહ તે કેમ ખમાય ?
જે દીઠે સુખ ઉપજે રે, તે વિણ કેમ રહેવાય રે—વીર૦
નિર્યામક ભવસમુદ્રનો રે, ભવ-અડવી સત્થવાહ,
તે પરમેશ્વર વિણ મલેરે, કેમ વાધે ઉત્સાહ રે—વીર૦
વીર થકાં પણ શ્રુતતણો રે, હતો પરમ આધાર,
હવે ઇહાં શ્રુત આધાર છે રે, અહો જિનમુદ્રા સાર રે—વીર૦
ત્રણ કાલે સવિ જીવનેરે, આગમથી આણંદ,
સેવો ધ્યાવો ભવિજનારે, જિનપડિમા સુખકંદ—વીર૦
ગણધર આચારજ મુનિ રે, સહુને એણિપરિ સિદ્ધિ,
ભવભવ આગમ-સંગથી રે, દેવચંદ્ર પદ લીધ રે—વીર૦
( ૨—૯૧૮)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# XXII

૨૫. ગજસુકુમાલ મુનિપર એક સ્વાધ્યાય રચી છે તેમાં તે રાજકુમાર દીક્ષા લઈ ધ્યાનમાં કાયોત્સર્ગ કરી સ્થિત હતા ત્યાં તેના મસ્તકપર ક્રોધાવેશમાં આવેલા તેમના સસરા સોમિલે સગડી સળગાવી હતી, છતાં તે ધ્યાની મુનિએ હૃદયમાં લેશ પણ વૈરભાવ ન આણતાં સિદ્ધિ પ્રાપ્ત કરી–એ પ્રસંગનું વર્ણન કવિ આ પ્રમાણે આપે છેઃ—

'શિરપર સગડી સોમિલે કરીરે, સમતાશીતલ ગજસુકુમાલ રે,
ક્ષમા–નીરે ન્હવરાવ્યો આતમા રે, શું દાઝે તેહને એ જવાલ રે–
ધન્ય ધન્ય જે મુનિવર ધ્યાને રમ્યા રે.

દહનધર્મ તે દાહજે અગનિથી રે, હું તો પરમ અદાજ અગાહ રે,
જે દાઝે તે તો માહરો ધન નથી રે, અક્ષય ચિન્મય તત્ત્વ–
પ્રવાહ રે—ધન્ય૦

ક્ષપકશ્રેણિ ધ્યાન–આરોહણે રે, પુદ્ગલ આતમ ભિન્ન સ્વભાવ રે,
નિજગુણ અનુભવ વળી એકાગ્રતા રે, ભજતાં કીધો કર્મ–
અભાવ રે—ધન્ય૦

નિર્મલ ધ્યાને તત્ત્વ અભેદતા રે, નિર્વિકલ્પ ધ્યાને તદ્રૂપ રે,
ઘાતકક્ષયે નિજ ગુણ ઉલ્લસ્યા રે, નિર્મલ કેવલજ્ઞાન અનૂપ રે.–ધન્ય૦

થઈ અયોગી શૈલેશી કરી રે, ટાળ્યો સર્વ સંયોગીભાવ રે,
આતમ આતમરૂપે પરિણમ્યા રે, પ્રગટ્યો પૂરણ વસ્તુ સ્વભાવ રે,
—ધન્ય૦

સહજ અકૃત્રિમ વળી અસંગતા રે, નિરૂપચરિત વળી નિર્દ્વંદ્વ રે,
નિરૂપમ અવ્યાબાધ સુખી થયા રે, શ્રી ગજસુકુમાલ
મુનીંદ રે—ધન્ય૦
(૨—૧૦૩૫)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કૃતિઓ:—

૨૬. શ્રી દેવચંદ્રજીની સંસ્કૃત, પ્રાકૃત, વ્રજ અને ગજરાતી ભાષામાં રચેલી સર્વ કૃતિઓ 'શ્રીમદ્ દેવચંદ્રજી' એ નામેથી બે ભાગમાં શ્રી બુદ્ધિસાગરજી ગ્રંથમાળા ગ્રંથાંક ૪૯ અને ૫૩ માં પ્રગટ થયેલ છે તેથી તેનાં નામોની સૂચિ વગેરેનો અત્ર ઉલ્લેખ કરવો નિરર્થક છે. છતાં સાથે જણાવી દેવાનું અત્ર યોગ્ય લાગે છે કે બીજા ભાગમાં પૃ. ૮૭૩ થી ૮૮૩ માં શ્રાવક ગુણ ઉપર ૨૧ પ્રકારી પૂજા છપાઈ છે તે દેવચંદ્રજી કૃત નથી પણ છેલ્લે પ્રશસ્તિમાં બતાવ્યા પ્રમાણે તેના રચનાર જ્ઞાનસાગર ઉપાધ્યાયના શિષ્ય (જ્ઞાનઉદ્યોત ?) છે ને તેની રચના (ગુણ યુગ અચલ ઇંદુ—સં. ૧૭૪૩ માં) થઇ છે કે જે સમયે દેવચંદ્રજીનો જન્મ પણ થયો ન્હોતો; તેજ પ્રમાણે તેજ બીજા ભાગમાં ત્યાર પછી પૃ. ૮૮૪ થી ૮૯૧ પર પ્રગટ કરેલી અષ્ટપ્રકારી પૂજા પણ દેવચંદ્રજી કૃત નથી પણ ઉક્ત જ્ઞાનસાગરજીના શિષ્યનીજ સં. ૧૭૪૩ માં રચેલી છે (જુઓ પૃ. ૮૮૯ પરના દોહા.)

૨૭. વિશેષમાં એ પણ કહેવું અત્ર પ્રાપ્ત થાય છે કે પહેલા ભાગમાં પ્રગટ થયેલ વિચારરત્નસારમાં તો શ્રીમદ્ દેવચંદ્રજીથી અન્યનો હસ્તપ્રક્ષેપ થયો હોય એવું એક પ્રમાણ ચોક્કસ મળી આવ્યું છે અને તે એ છે કે તે વિચારરત્નસારના પ્રશ્ન ૨૭૪ ના ઉત્તરમાં પૃ. ૯૦૯ પર 'માટે જ્ઞાની કહે છે જે' એમ કહી તે જ્ઞાનીનું કાવ્ય નીચેનું ટાંકવામાં આવ્યું છે:—

'વિષયવાસના ત્યાગો ચેતન, સાચે મારગ લાધોરે
તપ જપ ક્રિયા દાનાદિક સહુ; ગીણતિ એક ન આવેરે
ઇદ્રિયસુખમેં ઝૂલ્યું એ મન, વક્ર તુરંગ જ્યું ધાવેરે. ઈત્યાદિ'

આ કાવ્ય કયા જ્ઞાનીનું હશે તે શોધતાં આખર એ મળી આવ્યું કે તે શ્રી ચિદાનંદજીનું છે કે જેઓ દેવચંદ્રજીના પુરોગામી નહિ, પણ હમણાંજ વીસમી સદીમાં થયેલા યોગીપુરૂષ–કર્પૂરવિજય ઉર્ફે ચિદાનંદજી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**દેશીઓઃ—**

૨૮ પોતાના ભાષામાં કરેલાં કાવ્યોમાં પોતાના પૂર્વગામી કવિઓની તેમજ બીજી દેશીઓ લીધી છેઃ—અધ્યાત્મ ગીતામાં ઢાલ ભમર ગીતાની (કે જે ભમર ગીતા વિનયવિજયજીએ રચી છે) રાખી છે; ચોવીસીમાં ૧ નિંદ્રડી વેરણ હુઈ રહી. ૨ દેખો ગતિ દૈવનીરે, ૩ ધણરા ઢોલા ૪ બ્રહ્મચર્ય પદ પૂજીયે ૫ કડખાની, ૬ હું તુજ આગળ શી કહું કેસરિયા લાલ, ૭ હો સુંદર તપ સરિખું જગ કોઈ નહીં ૮ શ્રી શ્રેયાંસ જિન અંતરજામી, ૯ થારા મહેલ ઉપર મેહ જરૂખે વીજલી હો લાલ, ૧૦ આદર જીવ ક્ષમા ગુણ આદર (સમયસુંદરજીની ક્ષમાછત્રીસીની) ૧૧ પ્રાણી વાણી જિનતણી, તુમેં ધારો ચિત્ત મઝારરે. (બીજી પ્રતમાં પાંચે પાંડવ વાંદતાં મન મોહ્યોરે) ૧૨ પંથડો નિહાલુંરે બીજા જિન તણોરે (આનંદઘનજી અજિતસ્તવનની), ૧૩ દાસ અરદાસ સીપરે કરેજી (જિનરાજ સૂરિકૃત મલ્લિ જિન સ્ત૦) ૧૪ દીઠી હો પ્રભુ દીઠી જગ ગુરૂ તુજ (યશોવિજયજીકૃત અભિનંદન જિન સ્ત૦) ૧૫ સફલ સંસાર અવતાર એ હું ગણું, ૧૬ આંખડીયેં મેં આજ શેત્રુંજો દીઠોરે (ઉદયરત્ન) ૧૭ પરમ જિણેસરૂ (જિનરાજસૂરિ વીર સ્ત૦) ૧૮ રામચંદકે બાગ ચાંપો મોરી રહ્યો રે ૧૯ દેખી કામીની દોઈ કે, કામેં વ્યાપીયોરે (બીજી પ્રતમાં–કરતાં સેતી પ્રીતિ સહુ હુંસી કરે રે) ૨૦ ઓલંગડી ઓલંગડી સુહેલી હો શ્રી શ્રેયાંસનીરે. (જિનરાજસૂરિનું શ્રેયાંસ જિન સ્ત૦) ૨૧ પીછોલારિ પાલ, ઉભા દોય રાજવીરે, ૨૨ પદ્મપ્રભ જિન જઈ અળગા વસ્યા (યશોવિજયજીકૃત પદ્મપ્રભ સ્ત૦) ૨૩ અને ૨૪ કડખાની; કલશ–કાલ બોલવાની; વીશી–૧ સિદ્ધચક્રપદ વંદો (શ્રીપાળરાસમાંથી) ૨ નારાયણાની ૩ સંભવજિન અવધારીએ (માનવિજયકૃત સંભવ જિન સ્ત૦) ૪ માહરો વાલો બ્રાહ્મચારી, ૫ દેહું દેહું નણંદ હઠીલી, ૬ મો મનડો હેડાઉ હો મિસરિ ઠાકુરો મહદરો (રાજસ્થાની ગીત લાગે છે) ૭ વારીરે ગોડી પાસને ૮ ચરણાલી ચામુંડા રણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચડે ૯ કડખાની ૧૦ પ્રાણી વાણી જિનતણી (ઉપરની ચોવીસીના ૧૭ મા સ્તવનની આજ દેશી છે) ૧૧ નદી યમુનાકે તીર (ઉમેરો—ઉડે દોય પંખીયા), ૧૨ વીરા ચંદલા. (જિન રાજસૂરિ વીશીમાં બીજું યુગમંધર જિન સ્ત૦ છે તેની દેશી), ૧૩ શ્રી અરનાથ ઉપાસના (માનવિજયજીકૃત અરનાથ સ્ત૦ ની) ૧૪ લૂઅરની, ૧૫ કાલ અનંતાનંત (જિનરાજ સૂરિનું શાંતિ સ્ત૦) ૧૬ અરજ અરજ સુણોને રૂડા રાજીયા હોજી, ૧૭ લાછલદે માત મલ્હાર ૧૮ તટ યમુનાનુંરે અતિ રળિયામણુંરે ૧૯ મહાવિદેહક્ષેત્ર સોહામણુંરે ૨૦ નથી મૂકી. કલશ ધન્યાશ્રી ગત ચોવીસીમાં ૨–વીરજી પ્યારા વીરજી પ્યારા. ૩ ચઉમાસી પારણું આવે–બીજી પ્રત શીતલ જિન સહેજાનંદી, (જિનાવજયજીકૃત શીતલ સ્ત૦) ૪ રાગ ફાગ ૫ કડખાની ૬ જગજીવન જગ વાલહો (યશોવિજયકૃત ઋષભ સ્ત૦ ની) ૭ રસીયાની, ૮ રાગ ધમાલ ૯ મોરા સાહેબ હો શ્રી શીતલનાથકે, ૧૦ નથી ૧૧ રહો રહો રહો વાલ્હા, ૧૨ નમણી ખમણી ને મન ગમણી ૧૩ કાન્હૈયા લાલ ૧૪ થાંરા મેહલા ઉપર મેહ ઝબુકે વીજલીહો લાલ ૧૫ મન મોહ્યું અમારૂં પ્રભુ ગુણે, ૧૬ હો પીઉ પંખીડા ૧૭ દેખો ગતિ દૈવની રે, ૧૮ રાગ મારૂ, ૧૯ અધિકા તાહરો હું અપરાધિ, ૨૦ અખીયાં હરખન લાગી હમારી અખીયાં. રાગ પરભાતિ. ૨૧ શ્રી જિન પ્રતિમા હો જિન સરખી કહી, (સમયસુંદરકૃત જિન પ્રતિમા સ્તવન જુઓ જૈનયુગ પુ. ૧ અંક ૨ પૃ. ૬૨); સ્નાત્ર પૂજામાં વસ્તુ છંદ, ચંદ્રાવલા છે ને કેટલીક દેશીઓ આ છેઃ–૧–શ્રી જિનનો કલશ કહિશું પ્રેમસાગર પૂર, ૨ જગનાયકજી ત્રિભુવન જન હિતકાર એ, પરમાતમજી, ચિદાનંદ ઘનસાર એ ૩ તીર્થકમલ ઉદક ભરીને પુષ્કર સાગર આવે, ૪ રાગ વેલાવલ; વીરાજનનિર્વાણમાં–૧ શ્રી સુપાસ જિનરાજ ૨ જીરીયાની અથવા સોહલાની, ૩ યતિની ૪ બહિની રહી ન સકિ તિસેંજી ૫ પ્રભુ તું સ્વયંબુદ્ધ સિદ્ધો અલુદ્ધો ૬ મેરે નંદના, ૭ મેઘ મુનીસર કાંઈ ડમડોલઈ રે, ૮ કુમત ઇંમ સકલ દૂરે કાર, ૯ ભરત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નૂપ ભાવશું ( ઋષભદાસ કૃત ); સાધુવંદનામાં ૧ સફલ સંસાર અવતાર એ હું ગિણું ૨ વીર જિણેસર ચરણ કમલ કમલાકર વાસો (ગૌતમ રાસ) ૩ શ્રી નવકાર જપી મનરંગે ૪ ગૌતમ સમુદ્ર કુમાર સંસાર ગંભીરા, ૫ અરાણક મુનિવર ચાલ્યા ગોચરી ( સમયસુંદર ) ૬ સુખકારણ ભવિયણ સમરી નીત નવકાર, વિશાલીયા ।પંગલ, ૮ ચતુર વિચારીયેરે; પંચભાવના ૧ લોકસ્વરૂપ ।વચારો આતમ હિતભણીરે ૨ અનુમતિ દીધી માએ રેવતી, ૩ હવે રાણી પદમાવતી ( સમયસુંદર ચારપ્રત્યેકબુદ્ધરાસ૦ ) ૪ પ્રાણી ધરીએ સંવેગ વિચાર, ૫ ઇણિપરે ચંચલ આઉખું જીવ જાગોરે, ૬ શૈલગ શેત્રુંજે સિદ્ધા; અષ્ટપ્રવચન માતા સઝાય ૧ પ્રથમ ગોવાલ તણે ભવેજી ( સમયસુંદર શાાલભદ્ર સ૦ ), ૨ ભાવના માલતી ચૂસીએ, ૩ ઝાંઝરીયા મુનિવર ૪ ભોલીડા હંસારે વિષય ન રાચીએ ૫ ચેતન ચેતજોરે, ૬ વૈરાગી થયોરે ૭ સુમતિ સદાએ દિલમેં ધરો, ૮ કુલના ચોરસ પ્રભુજીને શિર ચડે; પ્રસંજના સ૦ માં ૧ નાટકીયાની નંદની ૨ હું વારો ધન્ના તુઝ જાણુ ન દેસ ૩ તુઠો તુઠો રે મુજ સાહેબ જગનો તુઠો, વનિતા વિહસીને વિનવે–આસ ફળી મેરી આશ ફળી, વહિલડા આવજ્યો ધન ધન સાધુ શિરોમણી ઢંઢણો.

૨૯. ધ્યાનદીપિકા ચોપાઇમાંથી—૧ વીરવખાણી રાણી ચેલણાજી (સમયસુંદરની સઝાયની) ૨ આશ્રવ કારણ એ જગ જાણીયે, ૩ મેરે નંદના ૪ તિણે અવસર બાજે તિહાંરે, ઢઢેરાનો ઢોલ, ૫ નાયક મોહ નચાવીયો ( જિનરાજસૂરિકૃત વાસુપૂજ્ય સ્ત૦ ) ૬ રમણિ આઠે અતિ ભલી–જિન પ્રતિમા જિન સરીખી વંદનીક, ૭ કરમ પરીક્ષા કરણ કુમર ચલ્યોરે ( સમયસુંદરકૃત પ્રિયમેલકરાસ ) ૮ કેકેઈ વર લાધ્યાં, ૯ જત્તીની–વ્રત નીમ ન સાજે આણી. ૧૦ તાર કિરતાર સંસાર સાગર થકી ( જિનરાજસૂરિકૃત અજિત સ્ત૦ ), ૧૧ ધરમ સુણી રાજા પ્રતિબૂધો ૧૨ ચુઘલે ચોબર ઝિલરયો. ૧૩ ઈડર આંબા આંબલી ૧૪ મયા મોહ દક્ષિણી આણિ મિલાઇ ૧૫ પારધીયારી ૧૬ સાંઝ થઈ દિન આથમ્યો ૧૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂડીરે રખારણુ રામલા પદમીનીરે, ૧૮ હરિયા મન લાગ્યો ૧૯ રાગ ગોડી. જીવજા ગોરી ૨૦ ટોડરમલ્લ જીતોરે અથવા આદીશ્વર તૂઠારે ૨૧ દાન ઉલટે ધરી દીજીયે, ૨૨ ઓલગડીની, ૨૩ એક લહરી છે ગોરલો, ૨૪ મોરો મન મોહ્યો ઈણુ ડુંગરે ૨૫ પાંચમ તપવિધ સાંભલો, ૨૬ નાયકાની ૨૭ મેલો થાપિ ચલ્યો વલિ રાવણુ, ૨૮ પાસ જિણુંદ જુહારિયે, ૨૯ ગોતમસામી સમોસર્યા, ૩૦ ધણુરી બિંદલી રંગ લાગો, ૩૧ સીતા અતિ સોહે, ૩૨ પ્રભુ પ્રણુમુ રે પાસ જિણેસર થંભણો, ૩૩ યોગ લિયો રાજા ભરથરી ૩૪ રંગીલે આતમ, ૩૫ મ્હારે ભીભલીયાં નયણાણો પાણી લાગણો પાણી રૂજી (રાજસ્થાની) ૩૬ બે બે મુનિવર વિહરણુ પાંગુર્યા રે (મતિસારકૃત શાલિભદ્રરાસ) ૩૭ લાજ ગમાવેરે લાલચી, ૩૮ સુગુણુ સોભાગી હો સાહિબ મારા. ૩૯ સૂરજ સામ્હા હો પોલિ, ૪૦ કુમરી બુલાવે કૂબડો ૪૧ વાહ વાહ બણાયો વીંઝણો ૪૨ બૂઝિરે તું બૂઝિરે તૂં બૂઝિ પ્રાણી ૪૩ રામે સીતા ખબર કરી ૪૪ ઈણુ પરિ ભાવ ભગત મન આણી.

૩૦. આ દેશીઓ પરથી જણાય છે કે દેવચંદ્રજીએ રાસાઓ આદિ ભાષાસાહિત્ય ઘણું વાંચ્યું હતું, તેમજ આનંદઘનજી, યશોવિજયજી માનવિજયજી, જિનરાજસૂરિ, સમયસુંદરજી વગેરેનાં સ્તવનો ખાસ અવધાર્યા હતાં. તેમના વખતમાં ભરથરીનાં ગીતો બોલાતાં હતાં. રાજસ્થાની ગીતોનો ઉપયોગ પોતે કર્યો છે.

**સરખામણીઃ—**

**૩૧. ઉપરોક્ત શ્રીમદ્ દેવચંદ્રના બંને ભાગો પ્રકટ થવાથી ઘણી હકીકત મળી આવી છે. [૧૪]જ્ઞાનસારજી કરીને એક મસ્ત મુનિ**

૧૪–જ્ઞાનસાર–ખરતરગચ્છમાં જિનલાભ સૂરિના શિષ્ય રત્નરાજના શિષ્ય થયા. તેમણે સં. ૧૮૬૧ ના પોષ સુદ ૭ સોમે જયપુરમાં દંડક ભાષા ગર્ભિત સ્ત૦, તેજ વર્ષના માઘ માસમાં તેજ સ્થળે જીવ વિચાર ગર્ભિત સ્ત૦ તેમજ સં. ૧૮૬૧ માં નવતત્વ ભાષા ગર્ભિત સ્ત૦ રચેલ છે. તે ઉપરાંત આનંદઘનજીની ચોવીસી પર વિચારપૂર્વક બાલાવબોધ રચ્યો છે અને તેમ કરતાં જ્ઞાનવિમલસરિએ તેના પરજ બાલાવબોધ કર્યો છે તેના પણ દોષ બતાવ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી ખરતર ગચ્છમાં થઈ ગયા તેમણે આનંદઘનજીની ચોવીશીપર બાલાવબોધ રચ્યો છે; અને દેવચંદ્રજીની 'સાધક સાધજ્યાં રે નિજ સત્તા ઈક ચિત્ત' એ પદથી શરૂ થતી સાધુ પદપરની સ્વાધ્યાયપર પણ ટબો રચ્યો છે. તેમણે તેમાં શ્રી આનંદઘનજી, શ્રી યશોવિજયજી, જિનરાજસૂરિ, દેવચંદ્રજી, અને મોહનવિજયના સંબંધમાં ગુજરાતમાં પડેલી કહેવત જણાવી છે તે અતિ ઉપયોગી છે; દેવચંદ્રજીની ઉક્ત સ્વાધ્યાયની પહેલી કડી પર વિવેચન કરતાં તેના સંબંધમાં જણાવે છે કેઃ—

૩૨. 'એ કવિરાજના (દેવચંદ્રજીની) યોજનાનો એજ સુભાવ છે. તેજ વાતને ગટરપટર—આગેંની પાછે, પાછેંની આગે હાંકતો ચાલ્યો જાય (છે) તે તમે પોતે વિચાર (કરી) લેજ્યો. સંબંધ વિરૂદ્ધ અંગોપાંગ ભંગ કવિતા વારંવાર એક પદ ગુંથાણો તે પુનરૂક્તિ દૂષણ કવિતા એ એહીજ સિઝાયમેં તમેહી જોઇ લેજ્યો. એક નિજપદ દશ જાગા (જગ્યાએ) ગુંથ્યો છે તે ગિણ (ગણી) લેજ્યો; એકલો મૂજને દૂષણ મત દેજ્યો. બીજું એહુનો (એમનો) છુટક લિખત સપ્ત નયાયશ્રયી સપ્તભંગ્યાશ્રયી ચુસ્ત છે, સ્વરૂપના કથનની યોજના તેમાં તો (પણ) ગટરપટર છે; એ વિના બીજી સહિજ છૂટક યોજના સટંક છે; યોજના કરવી એ પિણ વિદ્યા ન્યારી છે. કૌમુદી કર્ત્તાયે શિષ્યથી આદ્ય શ્લોક કરાયો, આપથી ન થયો. વલી એ વાત ખુલી ન લિખું તો એ લિખત વાંચણવાલો મૂર્ખશેખર જાણે એ કારણે લિખું"

૩૩. આ પરથી દેવચંદ્રજીના સંબંધમાં જ્ઞાનસારજી જેવો અધ્યાત્મી પુરૂષ જે કહે તે ઉપેક્ષણીય નથી. અધ્યાત્મીને અધ્યાત્મીજ વિશેષ અને યથાયોગ્ય પિછાણી શકે; તેથી જ્ઞાનસારજીનો અભિપ્રાય બહુ વજનદાર અને પ્રામાણિક ગણાય. અને તે મત એ છે કે—આત્મસ્વરૂપનું કથન કરતાં ગટરપટરપણું આવે છે એટલે કે આગળનું પાછળ અને પાછળનું આગળ એમ થાય છે. વિચારની સાંકળ બરાબર રહેતી નથી—તેમાં પુનરૂક્તિ દોષ પણ થઇ જાય છે. તે સિવાયના લખાણમાં તેમનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગટરપટરપણું દેખાતું નથી-તેમાં સટંકપણું એટલે નિશ્ચિતાર્થ-પણું જોવાય છે-કેટલાંક છૂટાં લખાણોમાં સપ્તનય અને સપ્તભંગીને ચુસ્તપણે વળગી રહેવાનું દેખાય છે તેમાં ગટરપટરપણું આવી જાય છે. સટંકયોજના-શૃંખલાબદ્ધ વિચારોને યોજવા એ વિદ્યા-કળા ન્યારી છે-સૌની પાસે હોતી નથી-વિરલા પાસે હોય છે.-

૩૪. ત્યારે આવી યોજના-સટંક વિચારોની વ્યવસ્થિત સહજ ગુંથણી કોની પાસે છે? તો તેનો ઉત્તર તેમણે આપેલી કહેવતમાંથી મળી આવે છેઃ—

'ગુજરાતમાં એ કહેવત છે કે **આનંદઘન** ટંકશાલિ, [૧૫]**જિનરાજસૂરિ બાબા** તો અવધ્યવચની, ઉ૦ **યશોવિજય** ટાનરટુનરિયા-પોતે થાપ્યો તેજ ઉથાપ્યો, ઉ૦ **દેવચંદ્ર** ........જીને (ગોરજીને) એક પૂર્વનું જ્ઞાન હતું તેથી ગટર પટરીયા; **મોહનવિજય પન્યાસ** તે લટકાલા.'

---

૧૫. જિનરાજસૂરિ—(બીજા) પિતા શા ધર્મસી, માતા ધારલદે, ગોત્ર બોહિત્થરા. જન્મ સં. ૧૬૪૭ વૈ. શુ. ૭, દીક્ષા બીકાનેરમાં સં. ૧૬૫૬ માગશર શુ. ૩ દીક્ષાનામ રાજસમુદ્ર વાચક (ઉપાધ્યાય) પદ સં. ૧૬૬૮ અને સૂરિપદ આસ કરણે કરેલા મહોત્સવ પૂર્વક મેડતામાં સં. ૧૬૭૪ ફા. શુ. ૭. તેમણે ઘણી પ્રતિષ્ઠાઓ કરી દાખલ તરીકે સં. ૧૬૭૫ ના વૈશાખ શુદિ ૧૩ શુક્રે શત્રુંજય પર અષ્ટમ ઉદ્ધારકારક અમદાવાદના સંઘવી સોમજી શિવજીએ ઋષભ અને બીજા જિનોની ૫૦૧ મૂર્ત્તિઓ બનાવરાવી તેની પ્રતિષ્ઠા કરી. ભાણવડમાં પાર્શ્વનાથ સ્થાપ્યા. સં. ૧૬૭૭ જેઠ વદિ ૫ ગુરૂવારે ઉક્ત આસ કરણે બનાવેલા મમ્માણી (સંગેમસરના) પથ્થરના સુંદર વિહાર (મંદિર) માં મેડતામાં શાંતિનાથની મૂર્ત્તિની પ્રતિષ્ઠા કરી. એવું કહેવાય છે કે તેમને અંબિકાદેવીએ વર આપ્યો હતો. તેમણે નૈષધીય કાવ્ય પર જૈનરાજી નામની વૃત્તિ રચી છે, અને બીજા ગ્રંથો રચ્યા છે. ભાષાકૃતિમાં ધન્નાશાલિભદ્ર રાસ (?) સં. ૧૬૯૯ ચોવીશી અને વીશી રચેલ છે. જૂઓ મારો સંગ્રહ નામે જૈન ગુર્જર કવિઓ પૃ. ૫૫૭ થી ૫૬૧. તેઓ સં. ૨૬૯૯ ના આષાઢ શુદિ ૯ ને દિને સ્વર્ગસ્થ થયા.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૫. એટલે આનંદઘનજી સટંક કહેનારા. તેનાં વચનો ટંકોત્કીર્ણ—પત્થરની શિલાપર કોતરેલાં એવાં, ટંકશાળમાં મુદ્રા પડે તેવાં ટંકશાલી. પૂર્ણ અનુભવીનાં જ વચનો આવાં હોય. જિનરાજસૂરિ કે જે ખરતરગચ્છના ૧૨મા પટ્ટધર (સ્વર્ગસ્થ સં. ૧૬૯૯) હતા તેનાં વચનો અવધ્ય-અબાધ્ય હતાં; યશોવિજયજીએ નયદૃષ્ટિથી અનેક વાતો લખી છે, તેમનો શ્વેત વસ્ત્ર સિવાય અન્ય વસ્ત્રો-રંગીન વસ્ત્ર પ્રત્યે વિરોધ હતો, વિજયપ્રભ સૂરિને પહેલાં માનવા-પટ્ટધર માનવા માટે આનાકાની હતી પછી માન્યા હતા એવી એવી તેમના જીવનમાં અનેક વાતો માનવામાં આવે છે તથી તેઓ ટાનરટુનરિયા લોકોમાં ગણાયા હોય. વાસ્તવિક રીતે તેમનું જ્ઞાન અપૂર્વ હતું, તાર્કિક શિરોમણિ હતા અને તેમના જેવા જ્ઞાની મહાપુરૂષ ઘણાં સૈકાઓ થયાં—હરિભદ્ર સૂરિ પછી કોઈ પણ કાળે-થયા નહોતા એમ કેટલાક વિદ્વાન્ પંડિતોનું માનવું છે. આ વાત પંડિત સુખલાલજી યશોવિજયજીના સંબંધમાં વિસ્તારથી લખવા ધારે છે તે લખાશે ત્યારે સિદ્ધ થશે. દેવચંદ્રજીને એક પૂર્વનું જ્ઞાન હતું તે શેના પરથી કહેવાયું છે તે સમજી શકાતું નથી; અને તેમ હોય તો તે કારણ આપી 'તેથી તે ગટરપટરીઆ હતા' એવું કહેવામાં આવે છે તે સમજી શકાતું નથી. ખૂબ વિચાર કરી તે કહેવાતો મેળ ખવરાવીએ તો એમ ભાવાર્થ કાઢી શકાય કે એક પૂર્વ કરતાં વધુ જ્ઞાન ન હતું તેથી તેના વક્તવ્યમાં આગળ તે પાછળ ને પાછળ તે આગળ એમ આવતું ને પુનરૂક્તિ દોષ પણ થતો; તેથી તે 'ગટરપટરીઆ' રહેતા. ( મૂળ જ્ઞાનસારનો ટબો જોવાની જરૂર, સંદેહ ટાળવા માટે, રહે છે. મોહનવિજય[૧૬]

---

૧૬. મોહનવિજય-ત૦ વિજયસેન સૂરિના શિષ્ય કીર્તિવિજય તેના માનવિજય તેના રૂપવિજય ને તેના શિષ્ય. તેમણે મહેસાણામાં સં. ૧૭૫૫ માં હરિવાહન રાજાનો રાસ, પાટણમાં સં. ૧૭૬૦ માં માનતુંગમાનવતીનો રાસ, સં. ૧૭૬૧ માં પાટણમાં રત્નપાળનો રાસ, સં. ૧૭૬૩ માં પાટણમાં પુણ્યપાલ ગુણસુંદરી રાસ. અને સં ૧૭૮૩ માં અમદાવાદમાં ચંદરાજાનો રાસ, અને સમીનગરમાં ૧૭( )૫ માં નર્મદાસુંદરીનો રાસ તથા ચોવીશી રચેલ છે. દેવચંદ્રજીના સમકાલીન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(તે ચંદરાજા રાસ આદિના કર્ત્તા) લટકાલા ઓળખાય છે. તેમની વ્યાખ્યાનશૈલી તેમજ કાવ્યચાતુરીથી રસ મૂકવાની કુશલતા પરથી તે લટકાલા ગણાયા છે એમ લાગે છે.

**ભાષાપ્રેમઃ—**

૩૬. દેવચંદ્રજી સંસ્કૃતના પોતે જ્ઞાતા હતા છતાં થોડી વ્રજભાષામાં અને વિશેષ ગૂજરાતી ભાષામાં તેમણે રચના કરી છે. ભાષામાં રચવાનાં કારણમાં તેમણે પોતાની ૨૦ વર્ષની વયે જણાવ્યું છે કેઃ—

'સંસ્કૃત વાણી વાચણી, કેઇક જાણે જાણ,
જ્ઞાતાજનને હિતકર જાણી, ભાષા કરૂં વખાણ.
૧–૪૫૩ ધ્યાનદીપિકા ચતુષ્પદી

સંસ્કૃતવાણી પંડિત જાણે, સરવ જીવ સુખદાણીજી.
જ્ઞાતાજનને હિતકર જાણી, ભાષારૂપ વખાણીજી
૧–૫૭૮

**સંયમીઃ—**

૩૭. પોતે દશ વર્ષની કુમારવયે દીક્ષા લઇ જીવન પર્યંત બ્રહ્મચર્યસ્થ સાધુ તરીકે જીવન ગાળ્યું, એ બ્રહ્મચર્ય, એ સંયમ, આત્માના ઉંચા પરિણામ કરી તેને ઉચ્ચ ભૂમિકાપર લઇ જવા માટે ઓછા કારણરૂપ નથી. મહાત્માજી કહે છે કેઃ–" બ્રહ્મચર્ય એટલે સર્વ ઇંદ્રિયો ઉપર સંપૂર્ણ કાબુ. જે પૂર્ણ બ્રહ્મચારી છે, તેને માટે આ સંસારમાં કશુંજ અસાધ્ય નથી. મન વાણી, ને કર્મથી સંપૂર્ણ સંયમ પાળ્યા વિના આધ્યાત્મિક પૂર્ણતા પ્રાપ્ત નજ થઈ શકે " સંયમ સાથેનું શાસ્ત્રજ્ઞાન શોભે છે અને અધ્યાત્મ માર્ગ પર લઈ જાય છે.

**આગમ-જિનધર્મ-ક્રિયા-રૂચિઃ—**

૩૮. પોતાને વર્ત્તમાન આગમ, અને જિનધર્મપર અનન્ય પ્રતીતિ હતીઃ–અને સામાચારી ખરતરગચ્છની રાખતા હતાઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ત્તમાનકાલ સ્થિત આગમ સકલ વિત્ત,
જગમેં પ્રધાન જ્ઞાનવાન સબ કહે હે,
જિનવર ધર્મપરિ જાકી પરતીતિ સ્થિર,
ઔર મત વાત ચિત્તમાંહિ નાહિ ગહે હે,
જિનદત્ત સૂરિવર કહી જો ક્રિયા પ્રવર,
ખરતર ખરતર શુદ્ધ રીતિ વહે હે,
પુણ્યકે પ્રધાન ધ્યાનસાગર સુમતિહી કે,
સાધુરંગ સાધુરંગ રાજસાર વહે હે.

**તેઓ સમ્યગ્દૃષ્ટિ અને શ્રુતધર્મપ્રેમી હતા.**

૩૯. 'મન મહિલાનું વ્હાલા ઉપરે બીજા કામ કરંતરે,
તેમ શ્રુતધર્મે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત રે,
—યશોવિજયજી આઠ દૃષ્ટિ સઝાય.

—'ઘર સંબંધી બીજાં સમસ્ત કાર્ય કરતાં છતાં પણ જેમ પતિવ્રતા (મહીલા શબ્દનો અર્થ) સ્રીનું મન પોતાના પ્રિય એવા ભર્ત્તારને વિષે લીન છે, તેમ સમ્યગ્દૃષ્ટિ એવા જીવનું ચિત્ત સંસારમાં રહી સમસ્ત કાર્ય પ્રસંગે વર્ત્તવું પડતાં છતાં જ્ઞાની સંબંધી શ્રવણ કર્યો છે એવો જે ઉપદેશધર્મ તેને વિષે લીનપણે વર્ત્તે છે.

—'વિક્ષેપ રહિત એવું જેનું વિચારજ્ઞાન થયું છે, એવો આત્મકલ્યાણની ઇચ્છાવાળો પુરૂષ (જ્ઞાનાક્ષેપકવંત) હોય તે, જ્ઞાની મુખેથી શ્રવણ થયો છે એવો જે આત્મકલ્યાણરૂપ ધર્મ તેને વિષે નિશ્ચળ પરિણામે મનને ધારણ કરે.

'અથવા—તે પુરૂષથી પ્રાપ્ત થયેલી એવી આત્મપદ્ધતિ-સૂચક ભાષા તેમાં આક્ષેપક થયું છે વિચારજ્ઞાન જેનું એવો પુરૂષ (જ્ઞાનાક્ષેપકવંત), તે આત્મકલ્યાણનો અર્થ તે પુરૂષ જાણી, તે શ્રત (શ્રવણ) ધર્મમાં મન (આત્મા) ધારણ-તે રૂપે પરિણામ કરે છે. તે પરિણામ કેવું કરવા યોગ્ય છે? તે દૃષ્ટાંત-મન મહિલાનું વહાલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરે, બીજાં કામ કરંતરે-આપી સમર્થન કર્યું છે. ઘટે છે તો એમ કે પુરૂષપ્રત્યે સ્ત્રીનો જે કામ્ય પ્રેમ તે સંસારના બીજા ભાવોની અપેક્ષાએ શિરોમણિછે, તથાપ તે પ્રેમથી અનંતગુણ-વિશિષ્ટ એવો પ્રેમ સત્પુરૂષ પ્રત્યેથી પ્રાપ્ત થયો જે આત્મારૂપ શ્રુતધર્મ તેને વિષે યોગ્ય છે." આનું નામ સમ્યગ્દૃષ્ટિ.

૪૦. સમ્યકત્વપર એક સુંદર સ્વાધ્યાય રચી છે તેમાં દેવચંદ્રજીએ સ્પષ્ટ જણાવ્યું છે કે સમ્યગ્દર્શન વગરની સર્વ ક્રિયાઓ ભવભ્રમણરૂપ છે.

સમકિત નવિ લહ્યુ રે, એતો રૂલ્યો ચતુર્ગતિ માંહિ.
ત્રસ થાવરકી કરૂણા કીની, જીવ ન એક વિરાધ્યો
તીન કાળ સામાયિક કરતાં, શુદ્ધ ઉપયોગ ન સાધ્યો-સમકિત૦
જૂઠ બોલવાકો વ્રત લીનો, ચોરીકો પણ ત્યાગી,
વ્યવહારાદિક મહાનિપુણ ભયો, પણ અંતરદૃષ્ટિ ન જાગી-સમકિત૦
ઊર્ધ્વ બાહુ કરી ઉંધો લટકે, ભસ્મ લગા ધુમ ઘટકે,
જટા જૂટ શિર મુંડે જૂઠો, વિણ શ્રદ્ધા ભવ ભટકે-સમકિત.
નિજ પરનારી ત્યાગ જ કરકે, બ્રહ્મચારી વ્રત લીનો,
સ્વર્ગાદિક યાકો ફળ પામી, નિજ કારજ નવિ સીધ્યો-સમકિત.
બાહ્ય ક્રિયા સબ ત્યાગ પરિગ્રહ, દ્રવ્યલિંગ ધર લીનો,
દેવચંદ્ર કહે યાવિધ તો હમ, બહુત વાર કર લીનો-સમકિત.
૨—૧૦૩૧.

તત્કાલીન સ્થિતિઃ—

૪૧. આ છતાં ગચ્છનું મમત્વ પોતાને હતું નાહ. પોતાના કાળમાં ગચ્છ ઘણા વધી પડયા હતા એથી આનંદઘનજીને જેમ કહેવું પડયું હતું કે:—

"ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં તત્ત્વની વાત કરતાં ન લાજે,
ઉદરભરણાદિ નિજ કાર્ય કરતા થકા, મોહ નડીયા કલિકાલ રાજે
ધાર૦—અનંતનાથ સ્ત૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## XXXIV

" ધરમ ધરમ કરતો જગ સહુ ફરે, ધર્મનો જાણે ન મર્મ
જિનેશ્વર૦–ધર્મજિન સ્ત૦

---

" શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરૂ તથાવિધિ ન મિલે રે,
કિરિયા કરી નવિ સાધી શકીયે, એ વિષવાદ ચિત્ત સઘળે રે
ષડ્૦–નમિનાથ સ્ત૦

૪૨. તેમજ દેવચંદ્રજીને ઉચ્ચારવું પડ્યું હતું કેઃ—

'દ્રવ્યક્રિયારૂચિ જીવડા રે, ભાવધર્મરૂચિ હીન,
ઉપદેશક પણ તેહવારે, શું કરે જીવ નવીન-ચંદ્રાનન જિન.
તત્ત્વાગમ જાણંગ તજી રે, બહુજનસંમત જેહ,
મૂઢ હઠી જન આદર્યા રે, સુગુરૂ કહાવ તેહ રે—ચં૦
આણા સાધ્યવિના ક્રિયા રે, લોકે માન્યો રે ધર્મ,
દંસણ નાણ ચરિત્તનો રે, મૂલ ન જાણ્યો મર્મ રે—ચં૦
ગચ્છ કદાગ્રહ સાચવે રે, માને ધર્મ પ્રસિદ્ધ,
આતમગુણ અકષાયતા રે, ધર્મ ન જાણે શુદ્ધ રે—ચં૦
તત્ત્વરસિક જન થોડલા રે, બહુલો જન સંવાદ,
જાણો છો જિનરાજજી રે, સઘલો એહ વિવાદરે—ચં૦
ચંદ્રાનનજિન સ્ત૦ ભા. ૨. પૃ. ૭૯૮

---

નામ–જૈન જન બહુત છે, તિણુથી સિદ્ધ ન કાંય,
સમ્યગ્જ્ઞાની શુદ્ધ મતિ, ભાવજૈન શિવરાય–ભા. ૧ લો પૃ. ૫૭૭

---

'આજ કેટલાક જ્ઞાનહીન ક્રિયાનો આડંબર દેખાડે છે તે ઠગ છે, તેહના સંગ કરવા નહી. એ બાહ્ય કરણી અભવ્ય જીવને પણ આવે માટે એ બાહ્ય કરણી ઉપર રાચવું નહી અને આત્માનું સ્વરૂપ ઓલખ્યા વિના સામાયક પડિકમણાં પચ્ચખાણ કરવાં તે સર્વ નિક્ષેપામાં પુણ્યાસ્રવ છે પણ સંવર નથી.'

'જે ક્રિયાલોપી આચારહીન અને જ્ઞાનહીન છે, માત્ર ગચ્છની લાજે સિદ્ધાન્ત ભણે વાંચે છે, વ્રત પચ્ચખાણ કરે છે તે પણ દ્રવ્ય નિક્ષેપો જાણવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'જેને છકાયની દયા નથી, ઘોડાની પેરે ઉન્મત્ત છે, હાથીને પેઠે નિરંકુશ છે, પોતાના શરીરને ધોવતાં મસલતા ઉજલે કપડે શિણગાર કરી ગચ્છના મમત્વભાવે માચતા સ્વેચ્છાચારી વીતરાગની આજ્ઞા ભાંજતા જે તપ ક્રિયા કરે છે તે પણ દ્રવ્યનિક્ષેપમાં છે.

'અથવા જ્યોતિષ વૈદક કરે છે અને પોતાને આચાર્ય ઉપાધ્યાય કહેવરાવીને લોક પાસે મહિમા કરે છે (કરાવે છે) તે પત્રીબંધ ખોટા રૂપૈયા જેવા છે. ઘણા ભવ ભમશે માટે અવંદનીક છે.

'કેટલાક એમ કહે છે જે અમે સૂત્ર ઉપર અર્થ કરિયે છૈયે તો નિર્યુક્તિ તથા ટીકા પ્રમુખનું શું કામ છે તે પણ મૃષાવાદ છે.

—૩૦ વર્ષનીવયે લખેલ આગમ સારમાંથી (૧–પૃ. ૨૩ થી ૨૫)

૪૩. શ્રીમદ્ યશોવિજયજીએ પોતાના સમયની સ્થિતિ પોતાના સીમંધર સ્વામીપરના ૩૫૦ ગાથાના સ્તવનમાં આબેહુબ આલેખી છે, તેમજ અન્ય કૃતિઓમાં પણ તેનું પ્રતિબિંબ પાડયું છે તે વિચારી ઘણું ઘણું સમજવાનું રહે છે, પણ તે અહીં વિસ્તારભયથી સમજાવવાનું કાર્ય વ્હોરી લઇ શકતો નથી.

૪૪. જિનરાજસૂરિ કે જે સં. ૧૬૯૯ માં સ્વર્ગસ્થ થયા તેમણે પણ ચંદ્રાનન જિનસ્તવનમાં નીચે પ્રમાણે જણાવ્યું છે:—

'સામાચારી જૂજુઇરે, આવે મન સંદેહ
શી શી ચાકરી સાધુંરે, સબળ વિમાસણ એહરે
ચંદ્રાનન જિન!, કીજે કવણ પ્રકારરે
ઇણ દુ:ષમ આરે, મેં લાધ્યો અવતારરે—
આગમ બળ તેહવો નહીરે, સંશય પડે સદીવ,
સૂધી સમજ ન કો પડેરે, ભારીકરમી જીવરે–
દૃષ્ટિરાગ રાતા અછેરે, કેહને પૂછુંરે જાઈ,
આપણુપો થાપે સહુરે; તિણ મેં મન ડોલાયરે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# XXXVI

૪૫. વિજયદેવસૂરિના શિષ્ય સંતોષવિજય સીમંધર સ્વામીના સ્તવનમાં જણાવે છે કેઃ—

ગાડરીઓ પરિવાર મિલ્યો રે, ઘણા કરે તે ખાસ,
પરીક્ષાવંત થોડા હૂઆરે, શ્રદ્ધાનો વિસવાસ રે—સ્વામી૦
ધરમીની હાંસી કરે રે, પક્ષ વિહુણા સિદાય,
લોભ ઘણો જગે વ્યાપીયો રે, તેણે સાચો નવિ થાયરે—સ્વામી
સામાચારી જુજુઇ રે, સહૂ કહે માહરો ધર્મ,
ખોટો ખરો કેમ જાણીયે રે, તે કુણ ભાંજે ભરમરે—સ્વામી.

—શ્રી ચૈત્યવંદન સ્તુતિ સ્તવનાદિસંગ્રહ. ૩—૪૨૮.

૪૬. આથી પોતાના હૃદયના ઉદ્દગાર દેવચંદ્રજી કાઢે છે કેઃ—

ભાવ ચરણ સ્થાનક ફરસ્યા વિના ન હુવે સંયમધર્મ,
તે શ્યાને જૂઠ તે ઉચ્ચરે, જે જાણે પ્રવચનમર્મ—સુગુણનર.
યશ લાભે નિજ સમ્મત થાપતા, [૧૭]**પરજનરંજન** કાજ,
જ્ઞાનક્રિયા દ્રવ્યત વિધિ સાચવે, તેહ નાહ મુનિરાજ—સગુણ૦
બાહ્યદયા એકાંતે ઉપદિશે, શ્રુત આમ્નાય વિહીણ,
બગ પેરે ઠગતા મૂરખ લોકને, બહુ ભમસે તેહ દીન—સગુણ૦
અધ્યાતમપરિણતિ સાધન ગ્રહી, ઉચિત વહે આચાર,

---

૧૭-સરખાવો યશોવિજયજી

લોકપંતિ કિરિયા કરેરે, મન મેલે અન્નાણ રે
ભવઇચ્છાના જોરથી રે, વિણ શિવ સુખ વિન્નાણ રે—પ્રભુ તુજ વાણી મીઠડી
કામકુંભ સમ ધર્મનું રે, મૂલ કરી એમ તુચ્છ રે,
**જનરંજન** કેવલ લહે રે, ન લહે શિવતરૂ ગુચ્છ રે—પ્રભુ૦
× × × —૩૫૦ ગાથાનું સીમંધર સ્ત૦ ઢાલ ૧૦

કામકુંભાદિક અધિકનું, ધર્મનું કો નવિ મૂલ રે,
દોકડે કુગુરૂ તે દાખવે, શું થયું એહ જગશૂલ રે—૫
વિષય રસમાં ગૃહી માચિયા નાચિયા કુગુરૂ મદપૂર રે,
ધૂમધામે ધમાધમ ચલી, જ્ઞાનમારગ રહ્યો દૂર રે—૭

( ૧૨૫ ગાથાનું સીમંધર સ્ત૦ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિન આણા અવિરોધક પુરૂષ જે, ધન્ય તેહનો અવતાર—સગુણ૦ પછી ક્રિયા સંબંધી કહે છે કે:—

દ્રવ્યક્રિયા નૈમિત્તિક હેતુ છે, ભાવધર્મ લયલીન,
[18]નિરૂપાધિકતા જે નિજ અંશની, માને લાભ નવીન—સુગુણનર૦
પરિણતિ દોષ ભણી જે નિંદતા, કહેતા પરિણતિ ધર્મ,
યોગ ગ્રંથના ભાવ પ્રકાશતા, તેહ વિદારે હો કર્મ—
અલ્પક્રિયા પણ ઉપકારીપણે, જ્ઞાનિ સાધે હો સિદ્ધ,
દેવચંદ્ર સુવિહત મુનિવૃંદને, પ્રણમ્યાં સયલ સમૃદ્ધિ—

—અષ્ટપ્રવચન માતા સ્વાધ્યાય ૨–૧૦૧૮.

ગચ્છગુફાના ત્યાગ–વનવાસપ્રત્યે ભાવ

૪૭. પોતે ગચ્છમાં રહેવા છતાં પોતાનું હૃદય, જે ધન્ય મુનિવરો ગૃહનો ત્યાગ કરી સ્નેહને છેદી નિઃસંગ વનવાસ સેવે, તપશ્ચર્યા આદરે અને તેમાં અભિગ્રહો લીધાંજ કરે, જે ધન્ય મુનીંદ્રો ગચ્છ–ગુફા આદિ આશ્રય તજી જિનકલ્પ આદરી અફંદી થઈ પરિહારવિશુદ્ધિ તપ તપે તેઓશ્રીને અભિનંદતું—વંદતું;

ધન્ય! તેહ જે ધન ગૃહ તજી, તનસ્નેહનો કરી છેહ,
નિઃસંગ વનવાસે વસે, તપધારી હો તે અભિગ્રહ ગેહ—ભવિયણ
ધન્ય તેહ ગચ્છ–ગુફા તજી, જિનકલ્પ ભાવ અફંદ,
પરિહારવિશુદ્ધિ તપ તપે, તે વંદે હો દેવચંદ્ર મુનીંદ–ભવિયણ

અને તે તરફ આકર્ષાતું:—

સાધુ ભણી ગૃહવાસનીરે, છુટી મમતા તેહ,
તોપણ ગચ્છવાસીપણોરે, ગણ ગુરૂપર છે નેહ રે—

---

૧૮—" સરખાવો યશોવિજયજીનું નીચેનું કથન કે જે દેવચંદ્રજીએ સુમતિજિન સ્તo ના બાલાવબોધમાં અવતાર્યું છે:—

જે જે અંશે નિરૂપાધિકપણું, તે તે કહીયે રે ધર્મ,
સમ્યગ્દષ્ટિ રે ગુણ ઠાણા થકી, જાવ લહે શિવ શર્મ. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વનમૃગનીપરે તેહથી રે, છાંડી સકલ પ્રતિબંધ
તું એકાકિ અનાદિનો રે, કિણુથી તુજ પ્રતિબંધ રે.

૪૮ પણ આ પંચમકાલમાં શ્રુતબલ ઘટ્યું છે, ત્યાં શ્રુતજ આધાર છે.

'પંચમકાલે શ્રુતબલ પણ ઘટ્યો રે. તો પણ એ આધાર,
દેવચંદ્ર જિન મતનો તત્ત્વ એ રે, શ્રુતશ્યું ધરજ્યો પ્યાર–શ્રુત.

૪૯ એ સ્વીકારી, આ પંચમકાલે [૧૯]એકાકીપણું–જિનકલ્પ–વ્યવહાર,–વનવાસ દુર્ઘટ અને ખાંડાની ધારરૂપ અશક્ય છે ત્યાં ગચ્છમાં રહી એ શ્રુતભાવના સાથે અન્ય ચાર નામે તપભાવના, સત્ત્વભાવના, એકતાભાવના અને સુતત્ત્વભાવના ભાવવી એ હિતકર છેઃ—

શ્રુતભાવના મન થિર કરે, ટાલે ભવનો ખેદ,
તપભાવના કાયા દમે, વામે વેદ ઉમેદ.
સત્ત્વભાવ નિર્ભય દશા, નિજ લઘુતા ઇક ભાવ,
તત્ત્વભાવના આત્મગુણુ, સિદ્ધ સાધના દાવ.

ટૂંકામાં કહેવાનું કેઃ—

પરસંજોગથી બંધ છે રે, પરવિયોગથી મોક્ષ,
તેણે તજી પર–મેલાવડોરે, એકપણો નિજ પોષ રે.

**અન્ય ગચ્છના પ્રત્યે સમભાવ. (૧) યશોવિજયજી.**

૫૦ શ્રીમદ્ યશોવિજયજી તપગચ્છના હતા–તેઓ સં. ૧૭૪૩ માં સ્વર્ગસ્થ થયા[૨૦] તે પછી દેવચંદ્રજી બે વર્ષમાં જન્મ્યા; તેમણે

---

૧૯ યશોવિજયજી કહે છે કેઃ—

'કારણથી એકાકીપણું', પણ ભાખ્યું તાસ,
વિષમકાલમાં તો પણુ, રૂડો ભેલો વાસ'
–૩૫૦ ગાથાનું સીમંધર સ્ત૦ ઢાલ ૭ કડી ૧૦.

૨૦. આ વાત યશોવિજયજી ભાસ એ નામની કૃતિ મળી આવી છે તે પરથી નિશ્ચિત થઇ છે. ડભોઇમાં તેમની પાદુકાની પ્રતિષ્ઠા થઇ છે તે પર લેખ 'સં. ૧૭૪૫ શકે ૧૬૧૦ માગશિર શુદ ૧૧ એકાદશી નો છે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યશોવિજયજીના ગ્રંથોનો બહુ પ્રેમથી અભ્યાસ કર્યો હતો, અને તેમનાપર અતિશય પૂજ્યભાવ રાખતા હતા. એક સ્થળે પોતાના માટેજ જાણે પોતે કહેતાજ હોય નહિ તેમ 'મોહવિલાસ કથન' ટાંકતાં તેમાં યશોવિજયજીકૃત 'અધ્યાત્મસાર' ગ્રંથને સાંભળી તેનો રસ લઈ પોતે પોતાનું શુદ્ધ તત્ત્વ ગ્રહણ કર્યું છે એ પ્રમાણે વ્રજભાષામાં જણાવે છે:—

લહ્યો તે આરિજકુલ ગુરૂકો સંજોગ વલિ,
પૂરવકે પુણ્યબલ એસો જોગ લહ્યો હે
અધ્યાતમ ગ્રંથ સાર સુણો કાન ધરી પ્યાર,
પીયો તાકો રસ નિજ તત્ત્વ શુદ્ધ ગ્રહ્યો હે,
તૌભિ યહુ તેરો જીવ ચાહત વિશેષ દીવ,
ભોગકી મમત્વતાસોં માચિરાચિ રહ્યો હે,
જગકો જીવનહાર એતો સબ મોહભાર,
મોહકી મરોરમેં જગત લહલહ્યો હે.

—દ્રવ્યપ્રકાશ. ૨—૪૮૨.

[આ અધ્યાત્મસારને ઉલ્લેખી વિચારરત્નસારમાં ૨૦૦ મા પ્રશ્નોત્તર રૂપે પોતે કહે છે કે 'અધ્યાત્મસાર ગ્રન્થમાં ત્રણ પ્રકારના જીવ કહ્યા છે તે કયા ?—ભવાભિનંદી તે મિથ્યાદૃષ્ટિ ૧, બીજો પુદ્‌ગલાનંદી તે ચોથા પાંચમા ગુણ ઠાણાવાળા સમ્યગ્ દૃષ્ટિ ૨, આત્માનંદી તે મુનિ. ૩. જુઓ ૧—૮૬૧.]

૫૧ યશોવિજયજીકૃત જ્ઞાનસાર—અષ્ટકજી પર પોતે સંસ્કૃત ટીકા નામે જ્ઞાનમંજરી (તત્ત્વબોધિની) સં. ૧૭૯૬ ના કાર્તિક સુદ ૫ ને દિને નવાનગરમાં (સૌરાષ્ટ્રના) કરી છે તે વાત યશોવિજય પર પોતે આફરીન હતા એમ સૂચવે છે. તેમાં યશોવિજયજી માટે તેમણે જે વિશેષણો આપ્યાં છે તે ખાસ નોંધવા લાયક છે:-

પ્રતિષ્ઠામિતિ અને સ્વર્ગતિથિ બંને ભિન્ન છે અને સ્વર્ગગમન સં. ૧૭૪૩ માં થયેલુ ને પછી પાદુકાપ્રતિષ્ઠા સં ૧૭૪૫ માં થઇ એ વાત નિશ્ચિત ઠરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'તથા શ્રીમદર્હંતા સિદ્ધપરમાત્મના ક્ષાયિકોપયોગવતા ન્યાયસરસ્વતીબિરૂદધરેણ શ્રીમદ્યશોવિજયોપાધ્યાયેન' (પ્રથમ શ્લોકની ટીકા. ૧–૧૯૦)–આમાં હું ભૂલતો ન હોઉં તો તેમને અર્હત્ અને સિદ્ધ પરમાત્મા પણ કહી નાંખ્યા છે અને ક્ષાયિકોપયોગવાળા જણાવ્યા છે એટલે કે આત્માની ઉંચામાં ઉંચી દશાવાળા જણાવ્યા છે. [પ્રથમનાં વિશેષણો પાસે ચ એટલે અને કે વા એટલે અથવા એવો શબ્દ કદાચ રહી ગયો હોય તો પ્રભુ જાણે; ને જો તેમ હોય તો અર્હત્ અને સિદ્ધ પરમાત્મા એ જુદા રહી એક બાજુ સ્વતંત્ર ગણાય; છતાં આટલું તો ચોક્કસ છે કે દેવચંદ્રજી યશોવિજયજીમાં ક્ષાયિક ઉપયોગ હોવાનું સ્વીકારતા હતા.] એ ઉપરાંત તેજ ગ્રંથના છેવટના શ્લોક ઉપર તેમને માટે પોતે જણાવે છે કે 'શ્રીમદ્ યશોવિજયોપાધ્યાયાઃ ન્યાયાચાર્યા વાગ્વાદિનો લબ્ધવરા દુર્વાદિમદાભ્રપટલખંડનપવનોપમાઃ'–તે ન્યાયાચાર્ય–ન્યાયસરસ્વતી બિરૂદ ધરાવનારા વાગ્વાદી, વર જેણે (સરસ્વતી પાસેથી) પ્રાપ્ત કર્યો છે એવા, અને દુર્વાદીના મદરૂપી આકાશનાં પડોને તોડી નાંખનારા પવનની ઉપમાવાળા–પવન સરખા હતા–આ શબ્દો કહી યશોવિજયજી એક મહાન્ તાર્કિક હતા એ નિર્વિવાદ વાત પોતે સ્વીકારી છે. (૧–૪૨૦) વળી ૧–૪૦૪ પર 'તેમને પરમ રહસ્યજ્ઞાતા શ્રીમદ્ યશોવિજયોપાધ્યાય' એ તરીકે, ૧-૪૧૨–પર 'શ્રીમત્પાઠકેંદ્રઃ' તરીકે સંબોધેલ છે. તેમના અધ્યાત્મસાર ઉપરાંત સંસ્કૃત ગ્રંથોનો ઉલ્લેખ કર્યો છે. (પ્રતિમાશતક ૧–૯૪૩, ઉપદેશ રહસ્ય. ૨–૧૦૬૯) નયરહસ્ય ૨–૧૦૭૭,

પર–વિશેષમાં યશોવિજયજીની ભાષા–કાવ્યકૃતિમાંનાં પણ ઉત્તમ કથનો પોતાના વિષયની પુષ્ટિમાં ટાંકયાં છે. જુઓ:—
(૧) વિચારરત્નસારનો ૭૯ મો પ્રશ્નોત્તર (૧–૭૮૯)
"પ્રશ્ન–સમ્યગ્દષ્ટિ, દેશવિરતિ, તથા સર્વવિરતિ મહાત્માઓ

**સમ્યગ્દર્શન વડે આત્માનો અનુભવ કેવી રીતે કરે?**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર—જેમ વસ્તુ વિચારતાં, ધ્યાન ધરતાં મન વિશ્રામ પામે છે, રસસ્વાદ સુખ ઉપજે છે, પરિણામ ઠરે છે, તે અનુભવ પ્રત્યક્ષ જાણવું, જેમ સાકરના એક ગાંગડાને ચાખી જોતાં હજાર મણ સાકરનો અનુભવ થાય છે, તેમ સમ્યગ્દષ્ટિ જીવ અંશે આત્માને વળી કેવળી સદૃશ પ્રત્યક્ષ અનુભવે. તેથીજ કહ્યું છે જેઃ—

અંશે હોય ઇહાં અવિનાશી, પુદ્ગલ (જાલ) તમાસીરે,
ચિદાનંદ ઘન સુજસ વિલાસી, કેમ હોય જગનો આસીરે.
એ ગુણ વીરતણો ન વિસારૂં, સંભારૂં દિનરાતરે,
પશુ ટાળી સુરરૂપ કરે જે, સમકિતને અવદાતરે.—૧
(આઠદષ્ટિ સ્વાધ્યાય–ઢાલ ૫ મી)

૮૦ મા પ્રશ્નોત્તરમાં જણાવ્યું છે કેઃ— (૧–૭૯૦)

'આત્મદર્શન જેણે કર્યું 'તેણે મુંદ્યો ભવભયકૂપરે' એમ શ્રી યશોવિજયજીએ પણ કહ્યું છે.' આની સાથે ને સાથે જણાવ્યું છે કે 'તથા 'પ્રવચન–અંજન જો સદ્ગુરૂ કરે, તો દેખે પરમ નિધાન જિનેશર 'એવું શ્રી લાભાનંદજીએ પણ કહ્યું છે.'—આ પરથી તે લાભાનંદજી તેજ આપણા આનંદઘનજી સિદ્ધ થાય છે.

(૨) ય૦ ના દ્રવ્ય ગુણપર્યાયના રાસનો ઉલ્લેખ ૨–૬૦૮ અને ૨–૬૯૩ માં કર્યો છે; "હવે ભેદ ગુણના ભાંખીજે, તિહાં આસ્તિકતા લહિયેંજી'—એ પાઠમાં દ્રવ્ય ગુણપર્યાયના રાસમાં યશોવિજયજી ઉપાધ્યાયે પણ આસ્તિકતા ધર્મને ગુણ કહી બોલાવ્યો છે." (સુપાર્શ્વજિન સ્ત૦ પર બાલા૦)

"(વસ્તુના) એ સ્વભાવ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી સ્વકૃત દ્રવ્ય ગુણપર્યાયના રાસ મધ્યે સમર્થ્યા છે. તિહાંથી જોઈ લેવા. (ધર્મજિન સ્ત૦ પર બાલા૦)

(૩) આઠ દૃષ્ટિ સ્વાધ્યાય યશોવિજયજીની છે તેમાંથી નીચે પ્રમાણે ઉલ્લેખ કર્યો છેઃ—



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"ત્યારે શુદ્ધાત્મોપયોગ અવસ્થાનરૂપ નિર્મળ જ્ઞાનદશાની પરમ શીતલ શાંત સુગંધિની અનુભવ લહેરીઓનું આત્મા આસ્વાદન કરે, તે સુખ આપણે પૌદ્‌ગલિક સુખના ભીખારીઓ શું જાણીએ. કહ્યું છે જેઃ—

'સઘળું પરવશ તે દુઃખ લક્ષણ, નિજવશ તે સુખ લહીએ;
એ દૃષ્ટે આતમગુણ પ્રગટે, કહો સુખ તે કોણ કહીએરે
—ભવિકા **વીર** વચન ચિત્ત ધરીએ.

નાગર સુખ પામર નવી જાણે, વલ્લભ સુખ ન કુમારી,
અનુભવ વિણુ તેમ ધ્યાન તણું સુખ, કોણ જાણે નરનારીરે–ભ.
વિષયભોગક્ષય શાંતવાહિતા, શિવ મારગ ધ્રુવ નામ,
કહે અસંગ ક્રિયા ઇહાં યોગી, વિમલ **સુ**જસ પરિણામરે–ભ. ૩
( ૧–૯૮૪ )

(૪) પંચમ સુમતિ સ્ત૦ માં ટાંકે છે કે (૨–૫૯૪)

'બાકી સર્વ સંસારી જીવ, સત્તાયે પરમગુણી છે, પણ જેના ગુણ પ્રગટ થયા તે પૂજ્ય જાણવા. માટે શ્રી યશોવિજયજી ઉપાધ્યાયે કહ્યું છે—ગાથા

'જે જે અંશેરે નિરૂપાધિકપણું, તે તે કહિયેરે (જાણોરે) ધર્મ,
સમ્યગ્દષ્ટિરે ગુણઠાણા થકી, જાવ લહે શિવ શર્મ.
( જુઓ સીમંધર સ્ત૦ ૧૨૫ ગાથાનું ઢાલ ૨ કડી ૨૦ )

૫૩. (૨) **આનંદઘનજી.** આનું મૂળ નામ લાભાનંદજી હતું એ ચોક્કસ દેવચંદ્રજીના ઉપર જણાવેલ અને ઉલ્લેખેલ કથનથી પ્રતીત થાય છે. તેમનો બીજો ઉલ્લેખ ૧–૮૧૧ માં વિચારરત્નસારના ૧૧૪ મા પ્રશ્નોત્તરમાં આ પ્રમાણે કર્યો છેઃ—
"પ્રશ્ન–સાપેક્ષ અને નિરપેક્ષ તે કેવી રીતે ?

ઉત્તર—સાપેક્ષ એટલે અપેક્ષા સહિત એટલે કાર્ય પડે ત્યારે કદાચ પ્રસંગને લઈને તાડના તર્જનાદિ કરવું પડે તો પણ તે અંતરથી કે બહારથી નિર્દયપણે, અવિચારી રીતિ ન કરે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવને કોઈ વ્યથા ન ઉપજે તેની સંભાળ રાખીને કામ જેટલો આક્રોશાદિ હોય તે કરે, અને તેથી વિપરીતપણે નિર્દય રીતે નિષ્કારણ ગમે તેમ માઠું બોલે તથા કરે તે નિરપેક્ષ વ્યવહાર જાણવો; વળી ધર્મને વિષે સાપેક્ષ એટલે વસ્તુસ્વરૂપની અપેક્ષા રાખીને ઉત્સર્ગને તથા નિશ્ચયને પામવા માટે જે અપવાદ કે વ્યવહારનું સેવન કરવું તે, અને તે થકી રહિત એકાંત વ્યવહાર પ્રવૃત્તિ, અવિવેકે આચરે તે નિરપેક્ષ જૂઠો વ્યવહાર જાણવો, અને જ્યાં વ્યવહાર જૂઠો છે, ત્યાં ધર્મ તો હોયજ ક્યાંથી. કહ્યું છે જેઃ–

વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસારફલ,
સાંભળી આદરી કાંઈ રાચો. '

( આનંદઘનનું અનંતનાથ સ્ત૦ )

૫૪ આમ આનંદઘનજી અને યશોવિજયજીને પૂજ્ય મહાપુરૂષ ગણી તેમનાં અવતરણો લીધાં છે. વળી તપગચ્છના જયસોમ (છએ કર્મ ગ્રંથના સં. ૧૭૧૬ માં બાલાવબોધ કર્ત્તા) નો ઉલ્લેખ પણ કર્યો છે (૧–૯૫૬); સ્વગચ્છ ખરતરના શ્રીસાર મુનિની આણંદ શ્રાવક સંધિમાંથી અવતરણ લીધું છે. (૧–૮૭૦, વિચારરત્નસાર પ્રશ્નોત્તર નં. ૨૨૪) અને સમયસુંદરની કલ્પટીકામાંથી અવતરણ લીધું છે (૧–૯૬૧). પુણ્યરૂચિ શિષ્ય આણંદરૂચિની એક ટૂંકી કૃતિ પણ ઉતારી છે (૧–૮૦૩) અને પૌર્ણમિક ગચ્છના ભાવપ્રભસૂરિનો પોતાના સહસ્રકૂટ સ્તવનમાં ઉલ્લેખ કર્યો છે (૨–૯૨૪). કટુકમતિ કે જેઓ ખરા સાધુની આ કાલમાં વિદ્યમાનતા માનતા નથી તેઓના મંતવ્યોનો ઉત્તર મંડનશૈલીમાં પ્રમાણપૂર્વક આપેલ છે (૧–૯૩૭). અને અમૂર્તિપૂજક એવા ઢૂંઢીઆ–સ્થાનકવાસીઓના મંતવ્યના ઉત્તરરૂપ પ્રતિમાપુષ્પપૂજાસિદ્ધિ નામનો ગદ્યલેખ તેજ પ્રમાણે લખેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહુકમતિના પ્રશ્નનો ઉત્તર પણ આપેલ છે (૧-૯૧૧). અંચળ-ગચ્છનાયકના કથનનો ઉલ્લેખ પણ કરેલ છે (૧-૮૦૧).

**દિગંબર ગ્રંથો:—**

૫૫—દિગંબર ગ્રંથોમાં મુખ્યત્વે નિશ્ચય ઉપર ભાર મૂકવામાં આવ્યો છે, અને તેમનામાં થયેલા સમર્થ પુરૂષોના ગ્રંથોનાં પ્રમાણ પણ કેટલેક સ્થળે જોવામાં આવે છે તે પરથી તે તે ગ્રંથોનો અભ્યાસ પણ તેમણે કર્યો હોવો જોઈએ એ નક્કી થાય છે. દાખલા તરીકે જુઓ સમંતભદ્ર, દેવનંદી અને જિનસેનનો ઉલ્લેખ:—

'સમંતભદ્રાદિક કવિની વાણિ, દીપંતી પ્રભવે સુપ્રમાણિ,
તિહાં જ્ઞાનલવધર જન કહે, ખજુઆ પરિ હાસો તે લહે. ૧૧
ત્રિવિધ કલંક જિનવાણિ તણો, નાસક દેવનંદીથે થુણ્યો,
જયવંતો જિનસેન વચન્ન, જાણે જોગી જિણ નિજ ધન્ન. ૧૨
શ્રી જિનવાણી પવિત્રિત મતી, અનેકાંત નભ સસિ દીધિતિ,
ભવિ કલેસપીડિત આતમા, જોગી પથ ધરૂં ચિત્તમાં. ૧૩

૫૬—આ ૨૦ વર્ષની વયે રચેલ ધ્યાનદીપિકા ચતુષ્પદીમાં આદિભાગમાં આપેલ છે (૧-૪૫૪) અને તે ચતુષ્પદી પણ દિગંબરાચાર્ય શુભચંદ્રના સંસ્કૃત ગ્રંથ જ્ઞાનાર્ણવ[૨૧] માંથી ભાષામાં કરેલો ભાવાનુવાદ છે.

'પ્રસન્ન હૃદય જોગી તણો એ, ભાવના કરે ઉદાર,
શુભચંદ્રાચારિજ કહ્યો એ, ભાવનાનો અધિકાર. (૧-૪૫૯)

× × ×

પંડિતજનમનસાગર ઠાણી, પૂરણચંદ્ર સમાન જી,
શુભચંદ્રાચારિજની વાણી, જ્ઞાની જન મન ભાણી જી.

---

૨૧—આ ગ્રંથ શ્રી રાયચંદ્ર જૈન શાસ્ત્રમાલામાં પરમશ્રુતપ્રભાવક મંડળ, ઝવેરીબજાર મુંબાઈ તરફથી પ્રકટ થયો છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવિક જીવ હિતકરણી ધરણી, પૂર્વાચારિજ વરણિ જી,
ગ્રંથ જ્ઞાનાર્ણવ મોહક તરણી, ભવસમુદ્ર જલ તરણી જી.
સંસ્કૃત વાણી પંડિત જાણે, સરવ જીવ સુખદાણી જી,
જ્ઞાતાજનને હિતકર જાણી, ભાષારૂપ વખાણી જી.

( ૧—૫૭૭ અને ૫૭૮ )

૫૭ બીજા ગ્રંથોના ઉલ્લેખ માટે જુઓ [૨૨]પ્રવચનસાર ( ૧ ૩૯૨ જ્ઞાનમંજરી ટીકામાં; તથા ૧–૮૮૪ વિચારરત્નસાર પ્રશ્નોત્તર નં. ૨૪૩ ), ગોમટ્ટસાર ( ૧–૯૬૧ ), આપ્તમીમાંસા ( ૨–૬૬૮ વાસુપૂજ્ય સ્ત૦ પર બાલા૦ ), પંચાસ્તિકાય (૨–૭૬૧ નેમિનાથ સ્ત૦ પર બાલા૦ ).

## જૈનેતર ગ્રંથો:—

૫૮ દાર્શનિક અને યોગપરના ગ્રંથો દેવચંદ્રજીએ જરૂર વિલોક્યા છે. યોગસૂત્રકાર પતંજલિને 'મહાત્મા' કહી બોલાવ્યા છે. જુઓ જ્ઞાનમંજરીટીકા ( ૫–૨૨૬ )

## વિશાલ વાચન અને મનન:—

૫૯ દેવચંદ્રજીની સર્વ કૃતિઓ તપાસતાં તે સર્વમાં પોતાના કથનની પુષ્ટિમાં ટાંકેલાં ગ્રંથોનાં પ્રમાણો એટલાં બધાં મળી આવે છે કે તેમના આવા વિપુલ વાંચન માટે સાનંદાશ્ચર્ય ઉત્પન્ન થાય છે; વળી મોટે ભાગે જે અવતરણો ટાંકે છે તે યતઃ, કહ્યું છે કે, ઇતિ ઉક્તં–એમ કહીને પણ ટાંકે છે પણ બનતાં સુધી તે તે ગ્રંથો યા કર્ત્તાનાં નામ પણ સાથે આપી ટાંકે છે. આની ટીપ કરીશું તો મોટી થાય તેમ છે. તેનાં નામ ગણાવીશું. અંગ ઉપાંગો આદિ ૪૫ સૂત્ર, તે પરના નિર્યુક્તિ ભાષ્ય ટીકા ચૂર્ણિ આદિ, સમ્મતિ સૂત્ર, સ્યાદ્વાદરત્નાવતારિકા, જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ, તત્ત્વાર્થ સૂત્ર, તત્ત્વાર્થ ટીકા, તત્ત્વાર્થ ભાષ્ય–ગંધ

---

૨૨ પ્રવચનસાર, ગોમટ્ટસાર, આપ્તમીમાંસા, પંચાસ્તિકાય—એ સર્વ ગ્રંથો મુદ્રીત થઇ ગયા છે. પૂછો—જૈન ગ્રંથરત્ન કાર્યાલય, કાંદાવાડી મુંબઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હસ્તિભાષ્ય, અનેકાંતજયપતાકા, હરિભદ્રસૂરિકૃત ભાલુક નામે પ્રકરણ, દ્વાદશારનયચક્ર, ભદ્રબાહુ, શાંતિ વાદિવેતાલસૂરિ; અધ્યાત્મબિંદુ (હર્ષવર્દ્ધન કૃત), સંવેગરંગશાલા, યશોધનપટુ હરિભદ્રસૂરિકૃત યોગદષ્ટિ સમુચ્ચય, કર્મપ્રકૃતિ, ધ્યાનપ્રકાશ, હરિભદ્રપુજ્યકૃત વિંશતિકા,–દશવૈકાલિક વૃત્તિ,–ષોડશક, પંચવસ્તુ સટીક, ધર્મસંગ્રહિણી, યોગબિંદુ, પંચાશક વૃત્તિ, સિદ્ધસેન દિવાકર, હેમચંદ્રસૂરિ, ક્ષેમેંદ્ર મુનિ, સમય પ્રાભૃત, પ્રાભૃતો, ભવભાવના, યોગશાસ્ત્ર સવૃત્તિ, વીતરાગ સ્તોત્ર, વિધિપ્રપા, પ્રશમરતિ, રત્નાકરપચીશી, ઉપમિતિભવપ્રપંચા, ઉપદેશમાલા, પ્રવચનસારોદ્ધાર, કાલિકાચાર્યકૃત કાલસિત્તરી, તપ૦ ભાવવિજયકૃત ઉત્તરાધ્યયનટીકા, શાંતિનાથચરિત્ર, શ્રાદ્ધદિનકૃતિ, શ્રાદ્ધવિધિ, કર્મગ્રંથો, ભુવનભાનુ કેવલી ચરિત્ર, ૩૨ યોગસંગ્રહ, હીરપ્રશ્ન, કલ્પકિરણાવલિ (ધર્મસાગર ઉ૦ કૃત), ગુણસ્થાનક્રમારોહ ટીકા, અભયદેવસૂરિકૃત ટીકાઓ, તંદુલવેયાલી આદિ પ્રકરણ, ગણધર શાર્ધશતક સવૃત્તિ, નવપદપ્રકરણ, શ્રીપાલચરિત્ર, શત્રુંજયમાહાત્મ્ય, જ્ઞાનપંચમી કથા, બૃહત્કર્મસ્તવ ભાષ્ય, સંઘદાસ ગણિકૃત વસુદેવ હીંડી, દ્રવ્યાર્ણવ સંગ્રહિણી.

**લઘુતા**

૬૦. આમ છતાં પણ પોતાનામાં અતિ લઘુભાવ–નમ્રતા હતી. પોતે કહે છે કેઃ—

'કવિતા તણો અભિમાન નહિ, કીરતિ ઇચ્છા કોઇ નાહિં,
ગ્રંથઉક્ત જે માહરી, કેવલ બોધન ચાહિ.

(૧–૪૫૪. ધ્યાનદીપિકા ચતુષ્પદી)

કોઉ બાલ મંદ મતિ ચિત્તસોં કરે ઉકિત,
નભકે પ્રદેશ સબ ગનિ દેવો કરસે,
કોઉ જન છીન તન પુરાતન વયાતીત,
વચનસો કહે એસો જુદ્ધ કરો હરિસે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભૂચર વામન સો સકતિ વિનુ કહે એસો,
લંબી કરિ ભૂજા મેતો મેરૂચૂલા પરસૌ
તૈસે મેં અલપ બુદ્ધિ મહા વૃદ્ધ ગ્રંથ મંડયો
પંડિત હસેંગે નિજ જ્ઞાનકે ગહરસૌ.
(૨–૪૮૨–દ્રવ્યપ્રકાશ)

'મેં જિન આગતેં જો ઉલંઘિકે,
જો કછુ વાત વિરૂદ્ધ વખાની,
સો તુમ સોધિકે ભાખહુ પંડિત,
ખંડિત જાહીકી મોહ નિસાંની,
ગહો ગુનભિ સુનકે તુમ સર્જ્જન,
શાસ્ત્રકો અર્થસુતત્ત્વ પિછાની,
બોધિસુબોધક ગ્રંથ ગહો બુધ
ઠારિકે સંપતિ એહ વિરાની.
૨–૫૪૨ દ્રવ્યપ્રકાશ.

**ભક્તિ**

૬૧. ભક્તિતત્ત્વને જૈનમાં અચૂક સ્થાન છે. એવો કોઈ પણ મનુષ્ય સંસારમાં રહી શકતો નથી કે જે મૂર્ત્તિનો ઉપાસક ન હોય અથવા પરમાત્માની મૂર્ત્તિમાં અવલંબન લેતો ન હોય. મૂર્ત્તિદ્વારા પરમાત્માની ઉપાસના કરવામાં આવે છે. મૂર્ત્તિ પરમાત્માની પ્રતિરૂપ છે, પ્રતિબિમ્બ છે અને તેથી તેને પ્રતિમા પણ કહેવામાં આવેછે. બુદ્ધિમાન્ લોક તેમાં પરમાત્માનું દર્શન અથવા તેની મદદથી પોતાના આત્માનો અનુભવ કર્યા કરે છે. પરમાત્માની સ્તુતિ આદિ દ્વારા શુભ ભાવોને ઉત્પન્ન કરીને આપણે જે રીતે આપણાં થોડાં ઘણાં હિતસાધન કરીએ છીએ તે રીતે આ મૂર્ત્તિઓની સહાયતાથી આપણું કામ થાય છે. મૂર્ત્તિઓનાં દર્શનથી આપણને પરમાત્માનું સ્મરણ થાય છે અને તેથી વળી આત્મસુધારણા તરફ આપણી પ્રવૃત્તિ થતી જાય છે. જૈનોની મૂર્ત્તિઓ ધ્યાનમુદ્રામાં પરમ વીતરાગ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાંતસ્વરૂપ હોવાથી તેનાં દર્શનથી ઘણી શાંતિ મળે છે અને આત્મસ્વરૂપની સ્મૃતિ થાય છે.—એવો ભાવ ઉત્પન્ન થાય છે કે તું આને ભૂલીને સંસારની માયાજાળમાં અને કષાયોના ફન્દામાં શાને ફસાયેલો રહ્યો છે–આનું પરિણામ એ આવે છે (જો વચમાં કંઈ અડચણ ન આવે તો) તે વ્યક્તિ યમનિયમાદિદ્વારા–વ્રતદ્વારા પોતાની આત્મસુધારણાના માર્ગમાં લીન રહે છે. બાકી કોઇ મનુષ્ય નેત્રહીન (વિવેક રહિત) હોય અને મૂર્ત્તિરૂપી દર્પણમાં પરમાત્માનું પ્રતિબિમ્બ પડેલું છે તે જો તેને ન દેખાય તો, યા તેનું હૃદય દર્પણસમાન સ્વચ્છતા વગરનું માટીના પિંડ જેવું હોય ને તે પ્રતિબિમ્બ ન ઝીલી શકે તો તે જૂદી વાત છે; પરંતુ તેમાં મૂર્ત્તિનો કંઈ દોષ નથી તેમજ આવી બાબતથી મૂર્ત્તિની ઉપયોગિતા મટી જતી નથી; તેમજ તેની હિતોપદેશકતામાં કોઈ અડચણ આવતી નથી. આવી પરમહિતોપદેશક મૂર્ત્તિઓ નિઃસંદેહ અભિવંદનીયજ છે. આથી એક આચાર્યે જણાવ્યું છે કે

**कथयन्ति कषायमुक्ति लक्ष्मीं**
**यस्या शांततया भवान्तकानां ।**
**प्रणमामि विशुद्धये जिनानां**
**प्रतिरूपाण्यभिरूपमूर्त्तिमंति ॥**

—સંસારથી મુક્ત શ્રી જિનેન્દ્રદેવની તેમના તદાકારરૂપ સુંદર મૂર્ત્તિઓ કે જે પોતાની પરમ શાન્તતા દ્વારા સંસારી જીવોના કષાયોની મુક્તિનો ઉપદેશ આપે છે તેને હું પોતાની આત્મશુદ્ધિ માટે પ્રણામ કરૂં છું.

૬૨. દેવચંદ્રજી કહે છે કેઃ—

પ્રભુમુદ્રાનો યોગ, પ્રભુ પ્રભુતા લખે હો લાલ,
દ્રવ્યતણે સાધર્મ્ય સ્વસંપત્તિ ઓળખે હો લાલ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓળખતાં બહુમાન, સાહત રૂચિ પણ વધે હો લાલ,
રૂચિ અનુયાયી વીર્ય ચરણધારા સધે હો લાલ.

સુવિધિનાથ સ્ત૦ ૨-૬૪૨.

—(અનંતજ્ઞાની પરમ અમોહી) પ્રભુની મુદ્રાનો યોગ મળે ત્યારે (અનંતગુણ રૂપ સકલ જ્ઞાયક શુદ્ધાત્મરૂપ એવી) શ્રી પ્રભુની પ્રભુતા ( આપણો આત્મા) લખે- જાણે. (તે ઓળખ્યા પછી) તેમના અને આપણા જીવ વચ્ચેનું દ્રવ્ય થકી સાધર્મ્ય-સરખાપણું (તે સિદ્ધ તે પણ જીવ અને હું છદ્મસ્થ તે પણ જીવ-સત્તાએ સરખા છીએ એવું) તેમજ બંનેની સંપદા સત્તાએ સરખી છે (આ જીવ પણ પ્રભુની સંપદા જેટલી સંપદાનો ધણીછે એમ) ઓળખે અને તે ઓળખ્યા પછી (તે સંપદા પર) બહુમાન આવે તેથી (તે સંપદા પર) રૂચિ પ્રકટે-વધે (કે મારે કયારે તેવી સંપદા નિપજશે ?) અને તેવી રૂચિ અનુસાર (તે દિશા પ્રત્યે) વીર્ય ગુણનું સ્કુરણ થાય-તેનુંજ નીપજવાનું આ-ચરણ થાય (એટલે પ્રભુ દીઠે પ્રભુની પ્રભુતા ભાસે, તે પ્રભુતા પોતામાં જાણે,) પછી તે પ્રભુતા પોતામાં જાણે પછી તે પ્રકટ કરવાની રૂચિ ઉપજે, તેથી રૂચિનું વીર્ય તથા ચારિત્ર રૂપ રમણ તે પણ તે દિશાએ સધાય-સિદ્ધતા પ્રગટે: આથી જિનમુદ્રાનો યોગ તે બધું સાધન છે-એ માર્ગ કહ્યો.

## દાસભાવ—સેવા

૬૩. દેવચંદ્રજી જણાવે છે કે:—

પ્રભુ છો ત્રિભુવનનાથ, દાસ હું તાહરો હો લાલ,
કરૂણાનિધિ ! અભિલાષ, અછે મુઝ એ ખરો હો લાલ,
આતમવસ્તુ સ્વભાવ, સદા મુઝ સાંભરો હો લાલ,
ભાસન વાસન એહ, ચરણ ધ્યાને ધરો હો લાલ,

સુવિધિ સ્ત૦ ૨—૬૪૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬૪. આ દાસભાવ એવો કે જે સેવાનું ફલ ન યાચે તેમ ન ઇચ્છે. એવી યાચના તો 'ભાડૂતી ભક્તિ' ગણાય. સેવા કરવી તે પણ વિધિપૂર્વક કરવી.

'સેવા સારજો જિનજી મન સાચે, પણ મત માગો ભાઈ,
મહેનતનું ફલ માગી લેતાં, દાસભાવ સવિ જાઈ–સેવા૦
ભક્તિ નાહ તે તો ભાડાયત, જે સેવા ફલ જાચે,
દાસ તિકે જે ઘન ભરિ નિરખી, કેકીની પરે માચે સેવા૦
સારી વિધિ સેવા સારંતાં, આણ ન કાંઈ ભાજે,
હુક્મ હાજર ખીજમતે રહેતાં, સહજે નાથ નિવાજે–સેવા૦

× ×

તુજ સેવા ફલ માગ્યો દેતાં, દેવપણો થાયે કાચો,
વિણ માગ્યાં વંછિત ફલ આપે, તિણેં દેવચંદ્રપદ સાચો–સેવા૦
—૨૧ મા અતીત જિન કૃતાર્થ સ્ત૦ ૨–૮૪૪

'તુજ સરીખો સાહિબ મિલ્યો, ભાંજે ભવભ્રમ ટેવ લાલરે,
પુષ્ટાલંબન પ્રભુ લહી, કોણ કરે પરસેવ લાલરે—દેવજસા.
દીનદયાલ કૃપાલુ એ, નાથ ભવિક આધાર લાલરે,
દેવચંદ્ર જિનસેવના, પરમામૃત સુખકાર લાલરે—દેવજસા.
( ૧૯ મા વિહરમાન સ્ત૦ ૨—૮૦૪ )

**ઐક્યભાવ.**

૬૫. પોતાનામાં અને પરમાત્મામાં સત્તાએ એકપણું છે છતાં બંનેમાં ભેદ શું કારણથી છે તે સંબંધમાં પોતે કહે છે કેઃ—

પૂછું પૂર્વવિરાધના, શી કીધી ઇણેં જીવ, લાલ
અવિરતિ મોહ ટલે નહી, દીઠે આગમ દીવ, લાલ. ૫.
( ૧૯ મા વિહરમાન જિનસ્ત૦ ૨–૮૦૪ )

× ×

માહરી પૂર્વવિરાધના, જોગે પડયો એ ભેદ,
પણ વસ્તુધર્મ વિચારતાં, તુજ મુજ નહી છે ભેદ—૧૫
—સીમંધર વિનતિરૂપ સ્ત૦ ૨–૯૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જિન પ્રતિમા જિન સરખી—આત્મપૂજા.

૬૬ જિન પ્રતિમા-પૂજા કરવાથી જિનની પૂજા થાય છે, અને જિનવરની પૂજાથી આત્મપૂજા-નિજપૂજા થાય છે, એમ પોતે કહે છે:—

એમ પૂજા ભક્તેં કરો, આતમ હિત કાજ
તજીય વિભાવ નિજ ભાવમાં, રમતા શિવરાજ.
દેવચંદ્ર જિન પૂજના, કરતાં ભવપાર,
જિન પડિમા જિન સારખી, કહી સૂત્ર મઝાર.

(સ્નાત્રપૂજા કળશ. ૨-૮૬૮)

× × +

જિનવર પૂજારે તે નિજ પૂજનારે, પ્રગટે અન્વય શક્તિ,
પરમાનંદ વિલાસી અનુભવેરે, દેવચંદ્ર પદ વ્યક્તિ-

(વાસુપૂજ્ય સ્ત૦ ૨-૬૭૫)

## પૂર્ણાનન્દ પ્રાપ્તિ.

૬૭—વિભાવ તજી દેવાય ને નિજભાવમાં રમાય તે માટે પહેલાં પુષ્ટાલંબન જિન પ્રતિમા સેવી તે દ્વારા આત્મગુણ—આત્મ સંપદની પુષ્ટી કરી અનુભવથી કર્માવરણથી આવૃત્ત થયેલી પરમાત્મતા-પૂર્ણતા-નિરાવરણતા, નિરામયતા, તત્ત્વભોગતા, સ્વરૂપાનંદતા રૂપ પ્રકટ કરવી ઘટે; માટે પ્રભુને વિનતિરૂપ કહે છે:—

'પ્રભુ ધ્યાનરંગ અભેદથી, કરી આત્મભાવ અભેદ.
છેદી વિભાવ અનાદિનો, અનુભવું રસસંવેદ્ય. ૧૬
વિનવું અનુભવ મિત્રને, તું ન કરીશ પરરસ ચાહ,
શુદ્ધાત્મરસરંગી થઈ, કર પૂર્ણ શક્તિ અબાહ. ૧૭

× ×

નિજ શક્તિ પ્રભુ ગુણમાં રમે, તે કરે પૂર્ણાનન્દ,
ગુણ ગુણી ભેદ અભેદથી, પીજીએ શમમકરંદ. ૨૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુ સિદ્ધ બુદ્ધ મહોદયી, ધ્યાને થઈ લયલીન,
નિજ દેવચંદ્ર પદ તે લહે, નિત્યાત્મ રસ સુખ પીન. ૨૧

—સીમંધર વિનતિ સ્ત. ૨–૬૧૨.

૬૮. આ વિનતિરૂપ સ્તવનમાં કવિ પોતાના મનોરથ બતાવે છે તેમાં પોતાના આત્મામાં અપૂર્વ શ્રદ્ધા ઉલ્લસે છે. કવિ પોતાનો દીનભાવ સર્વાનુભૂતિ જિન સ્તવનમાં (૨–૮૧૮) 'જગતારક પ્રભુ વીનવું, વિનતડી અવધારરે, તુજ દરશન વિણુ હું ભમ્યો, કાલ અનંત અપારરે' એમ કહી બતાવે છે ને છેવટે પોતાની પ્રબલ આત્મશ્રદ્ધા બતાવી આત્મસિદ્ધિ પ્રાપ્ત કરી પૂર્ણાનન્દના વિલાસનો મનોરથ અંતે બતાવવાનું ચૂકતા નથી.

**અધ્યાત્મરસિકતા.**

૬૯. તેમનું ચિત્ત અધ્યાત્મ વિષયમાં પોતાની યૌવનાવસ્થાથીજ હતું એ પ્રતીત થાય છે. સં. ૧૭૬૭ માં પોતાની ૨૧ વર્ષની વયે વ્રજ ભાષામાં રચેલ દ્રવ્યપ્રકાશમાંજ પોતે લખે છે કે:—

'અધ્યાતમ શૈલી સરસ, જે માનત સો જૈન,
તે વાચેંગે ગ્રંથ યહ, જ્ઞાનામૃત રસ લીન.
ગુન લચ્છન પહિચાનિકેં, હેય વસ્તુ કરિ હેય,
ચિદાનંદ ચિન્મય અગમ, શુદ્ધ બ્રહ્મ આદેય.
પરમાત્મ (? પરમાર્થ) નય શુદ્ધ ધરિ, શિવ મારગ એહીજ,
યહેં મોહમેં નવ ભમેં, યહૈ ગ્રંથકો બીજ. (૨–૫૪૪)

—પારમાર્થિક—નિશ્ચય નય ઉપાદેય કરી શુદ્ધ બ્રહ્મ–પરમાત્માનાં ગુણ લક્ષણ જાણી જ્ઞાનામૃતરસલીન થઈ અધ્યાત્મશૈલિ માન્ય રાખે તેજ ખરો જૈન. તેથીજ મોહભ્રમણ ન કરતાં શિવમાર્ગની પ્રાપ્તિ થશે.

૭૦. આ રચ્યા પહેલાં એક વર્ષે—૨૦ વર્ષની વયે એટલે સં. ૧૭૬૬ માં પોતે શુભચંદ્રાચાર્યના જ્ઞાનાર્ણવનો ભાષાનુવાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધ્યાનદીપિકા ચતુષ્પદી એ નામથી ફરી નાંખ્યો હતો. અધ્યાત્મ પરની રસિકતા તો તેમણે રચેલ અધ્યાત્મગીતા પરથીજ જણાય છેઃ—તેમાં પોતે ધર્મ–ભાવઅધ્યાત્મ શેને માને છે તે પર કહે છે કે:—

[23]આત્મગુણરક્ષણા તેહ ધર્મ, સ્વગુણવિધ્વંસણા તે અધર્મ,
ભાવ અધ્યાતમ અનુગત પ્રવૃત્તિ, તેહથી હોય સંસારછિત્તિ. ૧૭

—આત્મગુણ–જ્ઞાનાદિને શુદ્ધ ઉપયોગમાં રાખવા તેજ ધર્મ–આત્મિક ધર્મ છે, નિજ આત્માના તે જ્ઞાનાદિ ગુણોનો અશુદ્ધ ઉપયોગે–પરભાવના અનુસરવાથી નાશ થાય–તે આવરિત થાય તે અધર્મ છે. નામ સ્થાપના અને દ્રવ્યથી અધ્યાત્મ છે, પણ ખરૂં–નિશ્ચય નયથી--પારમાર્થિક નયેભાવ અધ્યાત્મ એ છે કે જ્ઞાનાદિક શુદ્ધ ઉપયોગ અનુસાર પ્રવૃત્તિ; અને તેથીજ સંસારનો છેદ--નાશ થાય અને સિદ્ધિ પ્રાપ્ત થાય.

૭૧ જૈનધર્મમાં અધ્યાત્મમાર્ગ ભર્યો છે એમ જણાવી પોકારી કહે છે કે:—

[24] ' અહો ભવ્ય તુમ્હેં ઓળખો જૈન ધર્મ,
જિણે પામીયે શુદ્ધ અધ્યાત્મમર્મ,
અલ્પકાળે ટળે દુષ્ટ કર્મ
પામીયે સોય આનંદ શર્મ—૪૫

—અહો ભવ્ય જીવો--અહો દેવાનુપ્રિય! તમે જૈનધર્મ—જિને ભાખેલો ધર્મ—નિશ્ચય આત્મિક ધર્મ--જ્ઞાનાદિક શુદ્ધ

---

૨૩ સરખાવો ભગવદ્ગીતા વાક્ય '**स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः** ।

૨૪ યશોવિજયજી કહે છે કે:—

૨૪ અધ્યાત્મ વિણુ જે ક્રિયા, તે તનુમલ તોલે,
મમકારાદિક યોગથી, એમ જ્ઞાની બોલે.
૧૨૫ ગાથાનું સીમંધર સ્ત૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપયોગ લક્ષણરૂપ ધર્મ, અંતરંગ સત્તાગતે રહ્યો છે—તેને ઓળખો--તેની ઓળખાણ કરો; જેહથી—વસ્તુસ્વભાવ ઓળખ્યાથી શુદ્ધ અધ્યાત્મનું મર્મ—રહસ્ય પ્રાપ્ત થાય એટલે **આત્મસ્વરૂપ** પ્રકટ થાય—વિશેષમાં અલ્પ કાળમાં દુષ્ટ--દુઃખદાયી જ્ઞાનાવરણીય આઠ કર્મનો નાશ થઈ નિત્યાનંદ, પરમસુખ પ્રાપ્ત થાય.

૭૨. આ પામવા આત્મજ્ઞાની મુનિરાજનું અવશ્ય અવલંબન ઘટે; તેવા મુનિનું વર્ણન કરે છેઃ—

[૨૫]નય નિક્ષેપ પ્રમાણે જાણે જીવાજીવ,
સ્વપર વિવેચન કરતાં થાયે લાભ સદીવ,
નિશ્ચય ને વ્યવહારે વિચરે જે મુનિરાજ,
ભવસાયરના તારણ નિર્ભય તેહ જિહાજ., ૪૬

૨૫ સરખાવો યશોવિજયજી.

૨૫--જેહ અહંકાર મમકારનું બંધનં,
શુદ્ધ નય તે દહે દહન જિમ ઇંધનં,
શુદ્ધ નય દીપિકા મુક્તિ મારગ ભણી,
શુદ્ધ નય આથ છે સાધુને આપણી—૧૦

સકલ ગણિ પિટકનું સાર જેણે લહ્યું,
તેહને પણ પરમ સાર એહજ કહ્યું,
ઓઘનિર્યુક્તિમાં એહવિણ નવિ મિટે,
દુઃખ સવિ વચન એ પ્રથમ અંગે ઘટે—૧૧

શુદ્ધ નય ધ્યાય તેહને સદા પરિણમે,
જેહને શુદ્ધ વ્યવહાર હીયડે રમે,
મલિન વસ્ત્રે યથા રાગ કુંકુમ તણો,
હીન વ્યવહાર ચિત્ત એહથી નવિ ગુણો.—૧૨

—૩૦૦ ગાથા સીમંધર સ્ત૦ ઢાલ. ૧૬

નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી, પામે જે વ્યવહાર,
પુણ્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર. સોભાગી જિન ! ૫૫

—૧૨૫ ગાથા સીમંધર સ્ત૦ ઢાલ ૫.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તુ તત્ત્વે રમ્યા તે નિર્ગ્રંથ, તત્ત્વ અભ્યાસ તિહાં સાધુ પંથ,
તિણે ગીતાર્થ ચરણે રહીજે, શુદ્ધ સિદ્ધાંત રસ તો લહિજે.

—સાત નય ( સાપેક્ષ તત્ત્વજ્ઞાન ), ચાર નિક્ષેપ, પ્રમાણ ( પ્રત્યક્ષપરોક્ષ ) આદિ અનુસાર જે જીવ અજીવ--નવતત્વાદિનું સ્વરૂપ જાણે, સ્વ–આત્મગુણ અને પર એટલે પુદ્ગલના ધર્મની વહેંચણ કરતાં હંમેશ સ્વરૂપલાભ થાય. નિશ્ચય નયથી આત્મસ્વરૂપમાં દૃષ્ટિ રાખી ઓળખીને વ્યવહારશુદ્ધ વિચરે--શુદ્ધ ક્રિયા —આચરણાએ પ્રવર્ત્તે એવા મુનિરાજ નિશ્ચય--વ્યવહારનો ઉપદેશ દે--નિશ્ચયધર્મ નિર્જરા હેતુ છે, બાહ્ય વ્યવહારધર્મ પુણ્યબંધનો હેતુ છે—એવા ઉપદેશ દઈને ભવસમુદ્રથી તારવાને જહાજ--વહાણ સમાન જાણવા. નિર્ભયપણે—ભયરહિત જેમ વહાણનું આલંબન કરી સમુદ્રને તરીએ તેમ આત્મજ્ઞાની મુનિરાજને આલંબી ભવ્ય પ્રાણી સંસારનો પાર પામે.

—વસ્તુધર્મ–આત્મધર્મમાં રમણ જેણે કર્યું હોય તે નિર્ગ્રંથ—ગ્રંથ વગરના શુદ્ધ સાધુ, તત્ત્વ--આત્મતત્ત્વનો અભ્યાસ જ્યાં હોય, જ્યાં સદાકાળ તેનોજ ઉપયોગ વર્ત્યા કરે તે સાધુપંથ--સાધુનો માર્ગ કહીએ. માટે આત્મસ્વરૂપના જાણ એવા ગીતાર્થ મુનિના ચરણકમલ સેવીએ કે જેથી શુદ્ધ--નિર્મળ યથાર્થ નિઃસંદેહ એવા સિદ્ધાંત--આગમ–જિનવાણીનો જ્ઞાનરસ ચાખીએ.

૭૩. યોગવિજ્ઞાનીઓએ યોગના ચારિત્રની ભિન્નતાનાં કારણ રૂપે પાંચ વિભાગ કર્યા છે. ૧ અધ્યાત્મ ૨ ભાવના ૩ ધ્યાન ૪ સમતા અને ૫ વૃત્તિસંક્ષય. તેમાં અધ્યાત્મની વ્યાખ્યા એવી કરવામાં આવી છે કે વૃત્તિયુક્ત પ્રાણી એટલે સમ્યગ્બોધપૂર્વક અણુવ્રત અથવા મહાવ્રતરૂપ યમોને ધારણ કરનાર પ્રાણી ઔચિત્યપૂર્વક—ઉચિત પ્રવૃત્તિ જાળવી–પોતાના આગળ વધેલા રૂપને અનુરૂપ મૈત્ર્યાદિ ભાવ સંયુક્ત એટલે મૈત્રી, પ્રમોદ, મુદિતા અને કરૂણા એ ચાર ભાવનાથી સંયુક્ત થઇ, શિષ્ટવચનાનુસાર–મહર્ષિઓએ બતાવેલ આગમાનુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાર તત્ત્વચિંતન કરવું તે અધ્યાત્મ. દેવચંદ્રજીની દરેક કૃતિમાં પોતાનું તત્ત્વચિંતન જળહળે છે. જ્યાં જુઓ ત્યાં એજ દેખાય છે ને તેથી તેમની કવિતા સામાન્ય લોકને કિલષ્ટ--ન સમજાય તેવી લાગે તે સ્વાભાવિક છે; તેમાં આવતા શબ્દો અર્થગંભીર વા પાંડિત્યમય હોય અને તે શબ્દોના સમન્વય રૂપેનાં વાક્યો તે શબ્દોથી પણ વિશેષ પાંડિત્યમય અને અર્થગંભીર બને, ને પછી તે એકદમ સહેલાઇથી કવિનાં વાક્યો સમજી ન શકાય અને તેને માટે બાલાવબોધની જરૂર રહેજ. આ કારણેજ દેવચંદ્રજીને 'અધ્યાત્મરસિક પંડિત દેવચંદ્રજી' એમ આ નિબંધના મથાળે ઓળખાવ્યા છે. યશોવિજયજીનો દ્રવ્યગુણપર્યાયરાસ પણ તેના વિષયને અંગે કઠિન અને એકદમ સમજી ન શકાય તેવો સ્વાભાવિક રીતેજ થાય તેમ થયો છે.

૭૪. ભાષા હમેશાં વિષયને અનુરૂપજ હોવી ઘટે; વિષયની ગંભીરતા અને વિષમતાને લઇને તે વિષય શબ્દોદ્વારા બને તેટલી સરલ રીતે સમજાવવાનું કાર્ય કવિના--મસ્ત કવિના માથે કોઈ લાવીને બળાત્કારે મૂકતું નથી, પણ તેનું હૃદયજ ઉછળીને તે વિષયને અનુરૂપ શબ્દોનો આવિર્ભાવ કરે છે અને તેને પછી સ્તવનાદિ કાવ્યનું મૂર્ત્ત સ્વરૂપ મળે છે. દેવચંદ્રજીનાં ચોવીશી અને વીશી—એ સ્તવનો લ્યોઃ તેમાં આવેલા શબ્દોજ એવા છે કે તે તેમના અંતરંગની સ્થિતિ બતાવી આપે છે. તે દરેકમાં પરમ શ્રુતાભ્યાસ, દીર્ઘચિંતન, આત્મયોગ સ્થળે સ્થળે દેખાઇ આવે છે. અન્ય સ્વાધ્યાયો--સઝાયોમાં પણ તેવુંજ જણાશે.

**વસંત--હોરી** (અધ્યાત્મ)

૭૫ હોરી બે બનાવી છે (૨--૮૧૫ અને ૨--૮૨૩) તેમાં પણ આખું વસંતનું વર્ણન અધ્યાત્મપર લઇ જવામાં આવ્યું છે. પહેલી હોરી ટૂંકી છે.

'આત્મપ્રદેશ રંગસ્થલ અનુપમ, સમ્યગ્દર્શન રંગ રે
નિજ સુખકે સધૈયા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# LVII

તુતો નિજગુણ ખેલ વસંતરે, નિજ સુખકે સઘૈયા.
પરપરિણુતિ ચિંતા તજી નિજમેં, જ્ઞાન સખાકે સંગ રે,–નિજ૦
વાસ બરાસ સુરૂચિ કેશર ઘન, છાંટો પરમ પ્રમોદ રે,
આતમરમણુ ગુલાલકી લાલી, સાધક શક્તિ વિનોદ રે–નિજ૦
ધ્યાન સુધારસ પાન મગનતા, ભોજન સહજ સ્વભોગ રે,
રિઝ એકત્વતા તાનમેં વાજે, વાજિંત્ર સનમુખ ચોગ રે–નિજ૦
શુકલધ્યાન હોરીકી જવાલા, જાલે કર્મ કઠોર રે
શેષ પ્રકૃતિ દલ ખિરણુ નિર્જરા ભસ્મ ખેલ અતિજોર રે–નિજ.
દેવ મહાજસ ગુણ અવલંબન, નિર્ભય પરિણુતિ વ્યક્તિરે
જ્ઞાને ધ્યાને અતિ બહુમાને, સાધે મુનિ નિજ શક્તિ રે-નિજ૦
સકલ અજોગ અલેશ અસંગત, નહિ હોવે સિદ્ધ રે (?)
દેવચંદ્ર આણામેં ખેલે, ઉત્તમ ચુદ્ધિ પ્રસિદ્ધ રે–નિજ૦

૭૬—બીજી હોરીમાં વસંત હોરીમાં વપરાંતાં સર્વ સાધનોનો વિસ્તાર અધ્યાત્મદષ્ટિએ કરવામાં આવ્યો છે.

'જિન સેવનથેં પાઇએ હો શુદ્ધાતમ મકરંદ:—
તત્ત્વપ્રતીતિ 'વસંતઋતુ' પ્રગટી, ગઈ શિશિર કુપ્રતીત,
દુરમતિ રજની લઘુ ભઇ હો, સદ્બોધ દિવસ વદીત–જિન૦
સાધ્યરૂચિ સુસખા મિલી હો,નિજગુણ ચર્ચા 'ખેલ,'
બાધક ભાવકી નિંદના હો, બુધ મુખ 'ગારિકો' મેલ–જિન૦
પ્રભુગુણુગાન સુછંદસુંહો, વાજિત્ર અતિશય તાન,
શુદ્ધતત્વ બહુ માનતા, ખેલત પ્રભુ ગુણધ્યાન–જિન૦
ગુણ બહુમાન 'ગુલાલસો' હો, લાલ ભયે ભવિ જીવ,
રાગ પ્રશસ્તકી 'ધમમેં' હો, વિભાવ વિડારે અતીવ–જિન૦
જિનગુણ ખેલમેં ખેલતે હો, પ્રગટયો નિજગુણ ખેલ,
આતમ ઘર આતમ રમે હો, સમતા સુમતિકે મેલ–જિન૦
તત્ત્વ પ્રતીતિ 'પ્યાલે' ભરે હો, જિનવાણી 'રસપાન',
નિર્મલ ભક્તિ 'લાલી' જગી હો, રીઝે એકત્ત્વતા 'તાન'–જિન૦


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવ વૈરાગ 'અબિરશું' હો, ચરણરમણ સુમહંત,
સમિતિ ગુપતિ 'વનિતા' રમે હો, ખેલે હો 'શુદ્ધવસંત'–જિન૦
'ચાચર' ગુણ રસીયા લિયે હો, નિજ સાધક પરિણામ,
કર્મપ્રકૃતિ અરતિ ગઈ હો, ઉલસીત આમ્રત ઉદ્દામ–જિન૦
સ્થિર ઉપયોગ સાધન મુખે હો, 'પિચકારીકી ધાર'.
ઉપશમ 'રસ' ભરી 'છાંટતાં' હો, ગઈ તતાઈ અપાર–જિન૦
ગુણ પર્યાય વિચારતાં હો, શક્તિ વ્યક્તિ અનુભૂતિ,
દ્રવ્યાસ્તિક અવલંબતાં હો, ધ્યાન એકત્વ પ્રસૂતિ–જિન૦
રાગ પ્રશસ્ત 'પ્રભાવના' હો, નિમિત્ત કરણ ઉપભેદ
નિર્વિકલ્પ સુસમાધિમેં હો, ભયે હે ત્રિગુણ અભેદ–જિન૦
ઇમ શ્રીદત્ત પ્રભુ ગુણે હો, 'ફાગ' રમે મતિમંત.
પરપરિણાત 'રજ' ધોયકે હો, નિરમલ સિદ્ધિ 'વસંત'–જિન૦
કારણથેં કારજ સધે હો, એહ અનાદિકી ચાલ,
દેવચંદ્ર પદ પાઇયેં હો, કરત નિજ ભાવ સંભાલ–જિન૦

૭૭ " આગમોમાં વર્ણવેલી સાધુચર્યા જોતાં પાંચ યમ-વ્રત, તપ, સ્વાધ્યાય આદિ નિયમ, ઇન્દ્રિયજય રૂપ પ્રત્યાહાર ઈત્યાદિ જે ખાસ યોગનાં અંગો છે તેઓનેજ સાધુજીવનના મુખ્ય પ્રાણ માનવામાં આવે છે. જૈનશાસ્ત્રમાં યોગ ઉપર ત્યાં સુધી ભાર મૂકવામાં આવ્યો છે કે, પ્રથમ તો જૈનશાસ્ત્ર મુમુક્ષુઓને આત્મ-ચિન્તન સિવાય અન્ય કાર્યોમાં પ્રવૃત્તિ કરવાની સંમતિજ નથી આપતું, અને ન છૂટકે પ્રવૃત્તિ કરવાની આવશ્યકતા હોય તો તે નિવૃત્તિમય પ્રવૃત્તિ કરવાનું કહે છે. એજ નિવૃત્તિમય પ્રવૃત્તિનું બીજું નામ જૈનશાસ્ત્રમાં 'અષ્ટપ્રવચન માતા' એવું છે. સાધુ-જીવનની દૈનિક તેમજ રાત્રિક ચર્યામાં તૃતીય પ્રહર સિવાય બાકીના ત્રણે પ્રહરોમાં મુખ્યપણે સ્વાધ્યાય અને ધ્યાન કરવાનુંજ વિધાન છે " ( પંડિત સુખલાલજી. 'યોગદર્શન' )

૭૮ દેવચંદ્રજીએ અષ્ટ પ્રવચન માતા ( પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ ) પર ખાસ સ્વાધ્યાય સુંદર અને ઉચ્ચ વિચાર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મય રચી છે. તેની અંતે પોતે વદે કેઃ—

પરિણતિ દોષ ભણી જે નિંદતા, કહેતા પરિણતિ ધર્મ,
યોગગ્રંથના ભાવ પ્રકાશતા, તેહ વિદારે હો કર્મ—સુગુણનર.

અલ્પક્રિયા પણ ઉપકારીપણે, જ્ઞાની સાથે હો સિદ્ધ,
દેવચંદ્ર સુવિહિત મુનિ-વૃંદને, પ્રણમ્યા સયલ સમૃદ્ધિ—સુગુણનર.

તે તરિયારે ભાઈ તે તરિયા, જે જિન શાસન અનુસરિયાજી,
જેહ કરે સુવિહિત મુનિ કિરિયા, જ્ઞાનામૃત રસ દરિયાજી—તે૦

વિષય કષાય સહુ પરિહરિયા, ઉત્તમ સમતા વરિયાજી,
શીલ સંનાહ થકી પાખરિયા, ભવસમુદ્ર જલ તરિયાજી—તે૦
સમિતિ ગુપતિશું જે પરવરિયા, આત્માનંદે ભરિયાજી,
આસ્રવદ્વાર સકલ આવરિયા, વર સંવર સંવરિયાજી—તે૦

૭૯ દેવચંદ્રજીએ યોગગ્રંથો વાંચ્યા વિચાર્યા હતા. આગમોમાં યોગ માટે ધ્યાન શબ્દ પ્રાયઃ વપરાયેલો છે, પછી ખાસ યોગનો વિષય દાખલ કરનાર શ્રીમદ્ હરિભદ્રસૂરિ છે. 'તેમણે પાતંજલ યોગ સૂત્રમાં વર્ણવેલી યોગ પ્રક્રિયા તથા તેની ખાસ પરિભાષાઓ સાથે જૈન સંકેતનું મિલન પણ કરેલ છે અને યોગદષ્ટિ સમુચ્ચય ( કે જેનું ભાષાંતર આઠ દૃષ્ટિની સઝાય તરીકે યશોવિજયજીએ કરેલ છે) માં વર્ણવેલી આઠ યોગદષ્ટિઓ તો ઉપલબ્ધ સમસ્ત યોગસાહિત્યમાં નવીન દિશા છે ! પછી હેમચંદ્રાચાર્યનું યોગશાસ્ત્ર આવે છે; ને તેમાં પાતંજલના યોગાંગો સહિત તેમજ શુભચંદ્રાચાર્યના જ્ઞાનાર્ણવના પદસ્થાદિ ધ્યાનનું વર્ણન છે. પછી નજર ઠરે તેવા યોગગ્રંથો રચનાર શ્રી યશોવિજયજી છે. વાંચો અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષદ્, અને ૩૨ બત્રીશીઓ તેમજ જ્ઞાનસાર, શાસ્ત્રવાર્ત્તાસમુચ્ચય-યોગવિંશિકા અને ષોડશક-પર ટીકા, ને મહર્ષિ પાતંજલ યોગસૂત્રોપર લઘુ વૃત્તિ. આ સર્વ જૈન પ્રક્રિયા અનુસાર છે. ઉપાધ્યાયજીનું શાસ્ત્રજ્ઞાન તર્કકૌશલ અને યોગાનુભવ ઘણાં ગંભીર હતાં. તેમણે પોતાની વિવેચનામાં જે મધ્યસ્થતા, ગુણગ્રાહકતા, સૂક્ષ્મ સમન્વયશક્તિ અને સ્પષ્ટભાષિતા બતાવેલી છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવી અન્ય આચાર્યોની કૃતિમાં ઓછી નજરે પડે છે.” (પંડિત સુખલાલજી.) દેવચંદ્રજીએ આ ગ્રંથો વિચાર્યા જણાય છે; ને જૈનશાસ્ત્ર ધ્યાનપર વધુ ભાર મૂકે છે તેથી ધ્યાનપર પોતે પણ વધુ ધ્યાન આપ્યું હતું.

## ધ્યાનપર પ્રીતિ.

૮૦. ધ્યાન એ રાજયોગનું અંગ છે. ધર્મધ્યાન અને શુકલ ધ્યાન એ જૈનયોગમાં રાજયોગ છે. અધ્યાત્મ ને ધ્યાનને અરસ્પરસ નિકટ સંબંધ છે. અધ્યાત્મયોગમાં તત્ત્વચિંતન છે, ધ્યાનમાં પણ તત્ત્વચિંતન છે. લક્ષ્યને ઉદ્દેશીને પ્રશસ્ત અર્થબોધ થાય અને સૂક્ષ્મબોધથી સહિત હોય તેને ધ્યાનયોગ કહે છે. તેમાં એકાગ્રતા આવતાં ઘણો ઉંડો બોધ થઈ જાય છે. ચિત્તના ખેદ ઉદ્વેગાદિ આઠ દોષોનો અનુક્રમે નાશ થાય છે. અને સમતાયોગ પ્રાપ્ત થાય છે. વ્યાવહારિક દૃષ્ટિથી અમુક વસ્તુઓ ઇષ્ટ અને અમુક અનિષ્ટ છે તેવી કલ્પનાપર વિવેકપૂર્વક તત્ત્વનિર્ણય બુદ્ધિથી રાગદ્વેષનો ત્યાગ તે સમતાયોગ છે.

૮૧. દેવચંદ્રજી વિચારરત્નસારમાં (૧--૮૮૩) ‘આત્મસમ અવસ્થાન ઉપયોગરૂપ ધ્યાનદશા કેવી રીતે પમાય?’ એ પ્રશ્ન ઉપસ્થિત કરી ઉત્તર આપે છે:—

> ‘મોહવશ’ જીવ પરભાવ અનુયાયિ પ્રવૃત્તિ કરે છે. મિથ્યા સુખની તૃષ્ણાએ ભૂલ્યો થકો સંસારભ્રમણ કરે છે; જ્યારે મોહસ્થિતિ ઘટે ત્યારે પરપ્રવૃત્તિ છુટે, અને જ્યારે પરપ્રવૃત્તિ ટળે ત્યારે વિષય થકી વિરક્ત બુદ્ધિ થાય, અને અને તેણે કરી મનોરોધ થાય, કેમ જે કારણ વિના કાર્ય બનતું નથી, મનને ભમવાનું કોઈ કારણ કે ઠામ ન હોવાથી તે સંકલ્પ વિકલ્પ શ્યાના કરે? જેમ તૃણ વિનાની ભૂમિમાં એટલે ઉખર ભૂમિમાં પડેલો અગ્નિ કેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાળે ?—અર્થાત્ પોતાની મેળે ઉપશમી જાય છે તેમ વિષયવાંછા ટળવાથી મન પોતાની મેળેજ રૂંધાય અને મન રૂંધાયાથી મનની ચંચળતા મટે, તે વારે મન એકાગ્ર થઈને આત્માને વિષે પ્રવર્ત્તે.........એ સૂત્રે પણ ચારિત્રને આત્મપરિણામજ કહીએ છીએ, પણ બાહ્ય ક્રિયારૂપ નથી કહ્યું........ત્યારે શુદ્ધાત્મોપયોગ અવસ્થાનરૂપ નિર્મળ ધ્યાનદશાની પરમ શીતળ શાંત સુગંધિની અનુભવ લેહેરીઓનું આત્મા આસ્વાદન કરે, તે સુખ આપણે પૌદ્ગલિક સુખના ભીખારીઓ શું જાણીએ ?

૮૨. દેવચંદ્રજીને ધ્યાન ઉપર અતિ પ્રેમ હતો. તેપરના ગ્રંથો વાંચ્યા વિચાર્યા હતા. શુભચંદ્રાચાર્યના જ્ઞાનાર્ણવ વગેરે પરથી 'ધ્યાનદીપિકા ચતુષ્પદી' પોતે છ ખંડમાં બનાવી છે તેનો હેતુ આ રીતે જણાવ્યો છે કેઃ—

'વૃથા જાણી ભ્રમ તજી, જાગો મોક્ષ નિમિત્ત
ગ્રહે રાજ્ય સમભાવનો, સંભાલી નીજ તત્ત.
વલી કોણ ઉપાય કરિ, જન્મ જાત દુઃખ જાય,
તૃષ્ણા વિષય તણી પ્રબલ, પ્રશમે કેણ ઉપાય.
પૂજ્ય તેહ ગમાવિવા, કારણ કહીયો ગ્રંથ,
કરિ ઉદ્યમ અપનો કહૂં, બંધ મોક્ષનો પંથ.
ઊંચી ધ્વનિ કરિ ભવિકને, ગુરૂ દે એ ઉપદેશ
જિણ આવે નિજ શુદ્ધતા, રહે ન દુર્ગતિ લેશ. (૧–૪૫૫)

૮૩. આ આખો ગ્રંથ વાંચી મનન કરવા યોગ્ય છે. ધ્યાન સંબંધી આગમસારમાં પણ ટુંકામાં તેના પ્રકાર વિગેરે બતાવ્યા છે. (૧ લો ભાગ પૃ. ૪૮ થી ૫૪). ભાવના સંબંધી પણ ત્યાંજ કહેવામાં આવ્યું છે. તેમજ 'મુનિ પંચભાવના' ઉત્તમ પ્રકારે વર્ણવી છે (બીજો ભાગ પૃ. ૯૫૧ થી ૯૯૨). આ સર્વ ઉપરથી દેવચંદ્રજી પ્રબલ અધ્યાત્મરસિક હતા એ નિર્વિવાદ છે. તેમના સંબંધમાં તેમજ તેમના ગ્રંથો સંબંધી ઘણું ઘણું લખી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહી શકાય તેમ છે અને થોડું થોડું લખતાં કહેતાં પણ ઘણો વિસ્તાર થઈ ગયો છે તો બીજું કોઈ બીજા સમયે અને સ્થળે કહેવા લખવાનું રાખી વિસ્તારભયથી આટલું જણાવીને અત્યારે સંતોષ પકડ્યો છે.

૮૪. દેવચંદ્રજી ઘણે પ્રસંગે શુષ્ક કવિ લાગે છે. આનંદઘનજી શાંત સાથે રસિક કવિ છે. દેવચંદ્રજીનું બહુશ્રુતપણું છે અને જ્ઞાની કવિ તરીકે શાસ્ત્રના કઠિન સિદ્ધાંતો સરળ ભાષામાં લાવવા દેવચંદ્રજીએ પ્રયત્ન કર્યો છે પણ તેમાં સંપૂર્ણ સફળતા મળી નથી એમ મારો નમ્ર મત છે. અખો એમ માનતો હતો કે 'જ્ઞાનીની કવિતા ન ગણીશ' તેવું દેવચંદ્રજી સંબંધે કહી શકાય. દેવચંદ્રજીએ ભક્તિ કયાંક કયાંક ગાઇ છે પણ સમુચ્ચયે તેનામાં વિચાર અને બુદ્ધિવાદનું પ્રાધાન્ય છે. આ નિબંધનું મથાળું બાંધવામાં દેવચંદ્રજીને પંડિત કહેલા છે તે ખાસ હેતુપૂર્વક જ છે કારણ કે તેના શબ્દો પંડિતાઇનો વિશેષ પ્રમાણમાં ઝળકાટ મારે છે. તે શબ્દોમાં, જોઇએ તેવું સુંદર-રસિક કવિને શોભાવે તેવું પદલાલિત્ય સર્વત્ર નથી—આનંદઘનજી ને યશોવિજયાદિમાં જોવામાં આવે છે તેવું નથી. જૈનેતર કવિઓ પૈકી અખો, પ્રીતમ, ધીરો, ભોજો આદિ સાથે દેવચંદ્રજીને સરખાવી શકાય પણ તે કરવાનો પ્રયાસ વિસ્તારભયથી અત્ર સેવ્યો નથી. "અખાની વાણીમાં સરળતા અતિશય છે-કઠિન સિદ્ધાન્તોનું સૂક્ષ્મ પ્રતિપાદન છે; પણ પ્રીતમની વાણી પાસે અખાની વાણી શુષ્ક લાગે છે. પ્રીતમની પંક્તિઓમાં મળતી મધુરતા-નથી અખામાં, નથી ધીરામાં, નથી ભોજામાં અને નથી નિષ્કુળાનંદમાં. પદલાલિત્ય જેટલું પ્રીતમમાં તથા ધીરામાં છે તેટલું અખામાં નથી. પ્રીતમ શાંત તથા શૃંગાર રસમાં સરખી શક્તિ પ્રકટ કરવા જાય છે, પણ શૃંગારની છાયા તેના શાંત રસમાં પણ પ્રવેશે છે. પ્રીતમમાં જ્ઞાન અને ભક્તિનું સમાન બળ છે, અખામાં વિચારપ્રાધાન્ય છે. ભોજામાં મર્મ વાણી જબરી છે અને ઘણે પ્રસંગે કઠોર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભોજો એક સાદો નિષ્કપટી પરમેશ્વરનો ભક્ત છે. અખો એક વિચારશીલ અને ચતુર કવિ છે. નરસિંહ અને પ્રીતમ પરમેશ્વરના અનુગ્રહને ઇચ્છે છે. અખો સ્વાશ્રયી છે, અખામાં જ્ઞાનની કંઇક ખુમારી છે." (રા. ન. દે. મહેતા.)

—જુઓ અખાની વાણીની પ્રસ્તાવના) આમાં જણાવેલા દૃષ્ટિબિંદુથી દેવચંદ્રજીનો તે જૈનેતર કાવઓ સાથે તેમજ જૈન કવિઓ સાથે સરખામણી કરી શકાય. નરસિંહ અખો દેવચંદ્રજીના પુરોગામી છે ને પ્રીતમ આદિ તેના પછી થયેલા છે.

૮૫ તેમના હૃદયનો આશય નયચક્રસારને અંતે જે રીતે જણાવ્યો છે તેજ આશય દરેક ભવિક પોતાના હૃદયમાં આલેખી રાખે ને તે પ્રમાણે વર્તન રાખે તો કલ્યાણ માર્ગ સમજાય ને મળે:—

'સૂક્ષ્મબોધ વિણુ ભાવકને, ન હોયે તત્ત્વ પ્રતીતિ,
તત્ત્વાલંબન જ્ઞાન વિણુ, ન ટલે ભવભ્રમ ભીતિ. ૧
તત્ત્વ તે આત્મ સ્વરૂપ છે, શુદ્ધધર્મ પણ તેહ,
પરભાવાનુગ ચેતના, કર્મગેહ છે એહ. ૨
તજીપરપરિણુતિરમણુતા, ભજ નિજ ભાવ વિશુદ્ધ,
આત્મભાવથી એકતા, પરમાનંદ પ્રસિદ્ધ. ૩
સ્યાદ્વાદ ગુણુ પરિણુમન, રમતા સમતા સંગ,
સાધે શુદ્ધાનંદતા, નિર્વિકલ્પ રસ રંગ. ૪
મોક્ષ સાધનતણું મૂલ તે, સમ્યગ્દર્શન–જ્ઞાન,
વસ્તુધર્મ અવબોધ વિણુ, તુસખંડન સમાન. ૫
આત્મબોધ વિણુ જે ક્રિયા, તે તો બાલકચાલ,
તત્ત્વાર્થની વૃત્તિમેં, લેજો વચન સંભાલ. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રત્નત્રયી વિણુ સાધના, નિષ્ફલ કહી સદીવ,
લોકવિજય-અધ્યયનમેં, ધરો ઉત્તમ જીવ. ૭
ઇંદ્રિય વિષય આસંસના, કરતા જે મુનિલિંગ,
ખૂતા તે ભવપંકમેં, ભાખે આચારાંગ. ૮
ઇમ જાણી નાણી ગુણી, ન કરે પુદ્ગલ આસ,
શુદ્ધાત્મ ગુણમેં રમે, તે પામે સિદ્ધિ વિલાસ. ૯
સત્યાર્થ નયજ્ઞાન વિણુ, ન હોયે સમ્યગ્જ્ઞાન,
સત્યજ્ઞાન વિણુ દેશના, ન કહે શ્રી જિન ભાણુ. ૧૦
વકતા શ્રોતા યોગથી, શ્રુત-અનુભવ-રસ પીન,
ધ્યાન ધ્યેયની એકતા, કરતા શિવસુખ લીન. ૧૧

૧-૧૮૭.

આ પછી તેઓશ્રી કહે છે કેઃ—

ઇમ જાણી શાસનરૂચિ, કરજો શ્રુત-અભ્યાસ,
પામી ચારિત્રસંપદા, લહેશો લીલવિલાસ........

૧-૧૮૮.

૮૬-છેવટે આગમસારમાં (૧-૫૬) જે ગાથા શ્રીમદ્ દેવચંદ્રજીએ આપેલી છે તે ગાથા દરેક સુજ્ઞ વાંચકને ભળાવી મારૂં વક્તવ્ય વિશેષ ન વિસ્તારતાં હાલ હું શાન્ત થાઉં છુંઃ—

जं सक्कं तं किरइ, अहवा न सकेइ तहय सद्दहइ ।
सद्दहमाणो जीवो, पावइ अयरामरं ठाणं ॥

—જે બની શકે તે કરજે, અથવા જો ન બની શકે તો તથાપ્રકારે સદ્વહજે-શ્રદ્ધા રાખજે. સદ્વહણા—શ્રદ્ધા રાખનાર જીવ અજરામર સ્થાન પામે છે.

વીરાત્ ૨૪૫૧ આશ્વિન શુક્લ અષ્ટમી.
તવાવાલા બીલ્ડિંગ ત્રીજે માળે
લોહાર ચાલ મુંબઇ.

સંતચરણોપાસક.
મોહનલાલ દલીચંદ દેશાઇ.
બી. એ. એલ, એલ બી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ अर्हंनमः

# महोपाध्याय श्रीमद् देवचन्द्रमहाराज अने तत्कृतपुस्तको.

ज्ञानदर्शनचारित्र–व्यक्तरूपाय योगिने
श्रीमते देवचन्द्राय, संयताय नमोनमः ॥ ३ ॥

द्रव्यानुयोगगीतार्थो, व्रताचारप्रपालकः
देवचन्द्रसमः साधु, रर्वाचीनो न दृश्यते. ॥ ४ ॥

वाचकस्य महारागी, सर्वजैनोपकारकः
संप्रति यस्य सद्ग्रन्थै, स्तत्त्वबोधः प्रजायते ॥ ५ ॥

आत्मोद्धाराभृतं यस्य, स्तवनेषु प्रदृश्यते
त्रिविधतापतप्तानां,–पूर्णशान्तिप्रदायकम् ॥ ६ ॥

आनन्दघनगीतार्थ–पदस्तवनपूजकः
गच्छेखरतरेतस्य, समःकोऽपिनयोगिराट् ॥ ७ ॥

आत्मशमामृतस्वादी, शास्त्रोद्यानविहारवान्
यत्कृतशास्त्रपाथोधौ, स्नानंकुर्वन्ति सज्जनाः ॥ ८ ॥

सिद्धान्तपारदृश्वा यो, गुणानुरागिशेखरः
माध्यस्थ्यंयस्यसच्चित्ते, तस्मै नित्यं नमोनमः ॥ ९ ॥

गुर्जरोर्व्याच सोराष्ट्रे, मेदपाटेच मालवे,
लाटदेशेच पञ्जावे, मरुदेशे स्वपादतः ॥ १० ॥

विहाराश्चकृतानैके, लोकानां बोधहेतवे
ज्ञानिने देवचन्द्राय, पूर्णप्रेम्णा नमोनमः ॥ ११ ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



संभूत अन्तरात्मा य, आत्मानुभववेदकः
अप्रमत्तदशायोगी, जिनेन्द्राणांप्रसेवकः ॥ १२ ॥

श्रुतागमप्रलीनाय, भक्तायब्रह्मरागिणे
चिदानन्दस्वरूपाय, सर्वसंघस्यरागिणे ॥ १३ ॥

ध्यानसमाधिरक्ताय, विश्ववन्द्यायसाधवे
श्रीमते देवचन्द्राय, पूर्णप्रीत्या नमोनमः ॥ १४ ॥

जैनसंघस्यसेवार्थे, सर्वस्वार्पणकारिणे
श्रीमते देवचन्द्राय, शुद्धात्मने नमोनमः ॥ १५ ॥

भारत जैनसंघे यः, प्रादुर्भूतो महामुनिः
मोहतमोविनाशेन, देवचन्द्रोहिभास्करः ॥ १६ ॥

शीतलः सर्वलोकाना–मान्तरशान्तिकारकः
क्षमापृथ्वीसमा यस्य, गांभीर्यं सागरोपम् ॥ १७ ॥

धैर्यं मेरुसमं यस्य, गंगावन्निर्मलं मनः
तस्मै श्रीदेवचन्द्राय, पूर्णप्रीत्या नमोनमः ॥ १८ ॥

कायोधर्ममयोयस्य, वचश्चविश्वपावकम्
मनआत्मनिसंलग्न मात्मालीनः प्रभौसदा ॥ १९ ॥

तस्मै श्रीदेवचन्द्राय, त्यागिने धर्मरागिणे
नमः श्रीविश्वपूजाय, विश्वकल्याणकारिणे ॥ २० ॥

भावमेघस्वरूपाय विश्वोपग्रहकारिणे
नमः श्रीदेवचन्द्राय सिद्धांतपारगामिने ॥ २१ ॥

सर्वगच्छेषु माध्यस्थ्यं, यस्य सत्यं प्रतिष्ठितम्
तस्मै श्रीदेवचन्द्राय, पूर्णप्रीत्या नमोनमः ॥ २२ ॥

स्वपरगच्छमाध्यस्थ्यं, यस्य ज्ञानेन शोभते
सर्व गच्छसम ! श्रीमद्! देवचन्द्र नमोऽस्तुते ॥ २३ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तपागच्छीयसाधुभिः सार्धं मैत्री प्रवर्तकः
आदर्शो देवचन्द्रोऽभूत् सर्व साधु शिरोमणिः ॥ २४ ॥
देवचन्द्रकृतग्रन्थान्, स्तुवेऽहं भक्तिभावतः
अमृतसागरा यत्र, विद्यन्ते सुखकारकाः ॥ २५ ॥
गुणानुरागयोगेन, देवचन्द्रमहामुनेः
स्तुतिःकृता तपागच्छे, बुद्धिसागरसूरिणा ॥ २६ ॥
गुणिनां गुणरागेण, व्यक्ताभवन्ति सद्गुणाः
दोषास्त्याज्या गुणाग्राह्या भाषते बुद्धिसागरः ॥ २७ ॥

ले. बुद्धिसागरसूरि.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યોગનિષ્ઠાધ્યાત્મજ્ઞાનદિવાકર જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર
સૂરીશ્વર ચરણસરોજેભ્યોનમઃ

# શ્રીમદ્ દેવચન્દ્રજીનું જીવનચરિત્ર.

વિશ્વોપકારક વિમલદિલના, સંત પુરૂષો વિરલ છે;
અધ્યાત્મ જ્ઞાની મસ્ત ત્યાગી, હૃદય જેવાં સરલ છે.
યોગી સમર્થ મહાકવિ, યશ વિશ્વમાં જસ વિમલ છે.
અધ્યાત્મ જ્ઞાન દિવાકરૂ, તપતેજ તેનાં તરલ છે.
શ્રી સકલસંત સુવૃંદમાં, યશ **ચંદ્ર** સમ જસ અમલ છે.
મણિમય મહાજ્ઞાની સુપાઠક, **દેવ** ચરણે નમન છે.

પાદરાકર.

## આમુખ.

મહાન્ પુરૂષોના જન્મ હમેશાં વિશ્વના કલ્યાણ અને સદ્ધર્મના પ્રચારાર્થેજ હોય છે, ગગનગામી ગરૂડની જેમ સંતમહાત્માઓ વિશ્વમાં લોકોપકારાર્થેજ વિચરે છે, જીવન ધારે છે, અને નિજાત્માના આરાધને સાધ્ય સાધી આ પરિદ્દશ્યમાન વિશ્વમાંથી વિદાય લે છે. જ્ઞાન ક્રિયા ધર્મ અને સિદ્ધાંતોના ઉદ્ધાર કરનાર મહાત્માઓ આ ભૂમિના ભૂષણ સમાન ગણાય છે. તેઓ માનવોને આધ્યાત્મિક, આધભૌતિક, આધદૈવિક સ્થિતિએ લઈ જઈ, આત્મારાધન કરાવતા કરાવતા યાવત્ મુક્તિ માર્ગ પ્રદર્શક બની શકે છે. સંતો, હૃદય, આત્મબળ, લેખિની અને પવિત્ર પ્રબળ દિવ્ય વાણીવડે વિશ્વ અને વિશ્વવાસીઓના ઉદ્ધારાર્થેજ કમરકસી વિશ્વમાં ઉભા હોય છે. વિશ્વપ્રેમ, કરૂણા, દયા, સરલતા, સમાનતા અને પરમ શાંતિથી ભરેલાં નેત્રકમલયુગલદ્વારા વિશ્વ કલ્યાણની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમ જ્વલંત જ્યોતિની ધારાઓ વરસાવતા વિશ્વમાં વિચરતા મહાં અધ્યાત્મજ્ઞાની–પ્રખર ત્યાગી તપસ્વી, સંત કવિઓ, જ્ઞાની-ઓ, વિવેચકો, ઉપદેષ્ટાઓના ચરણોમાં તો મસ્તક નમે છે. અન્ય શું ?

આવાજ ઉત્તમ કોટિના સંત મહાત્માઓ પૈકી જૈન ધર્મના ખરતર ગચ્છીય, અધ્યાત્મજ્ઞાન ગગન દિનમણિ પંડિત પ્રવર કવિરત્ન અનેક મહાન્ તત્ત્વ જ્ઞાનગ્રંથોના રચયિતા શ્રીમદ્ દેવ-ચન્દ્રજી મહારાજ અઢારમા સૈકામાં પૃથ્વીતલને પાવન કરતા હતા. ભારત વર્ષના ઘણાક ભાગોમાં સદ્ધર્મના પ્રચારાર્થે પરિભ્રમણ કરી તેને ઋણ બનાવી જનાર, અત્રેથી સ્થૂલ દેહે ચાલ્યા જવા છતાં અમોઘ ગ્રંથરાશિવડે અક્ષરદેહે જીવંતએવા શ્રીમદ્ દેવચન્દ્રજી મહારાજનું સાદ્યંત જીવન ચરિત્ર શોધવા અનેક પ્રયાસો સેવવા છતાં તે અનુપલબ્ધજ રહેલ, અને તેથી વર્તમાનકાળે મળીઆવતા શ્રીમદ્દના અધ્યાત્મજ્ઞાનના ઉચ્ચ કોટિના ગ્રંથોમાં શ્રીમદે કાઢેલા વાણીના ઉદ્દગારો તેમાં વહીજતા જ્ઞાનસાગરના વેગવાળા કલ્લોલોવાળા વહેળીઆઓના રસાસ્વાદ પરથી તેમનું જીવનચરિત્ર દોરવાના પ્રયાસો કર્યા હતા અને તે ઉપરથી વિ. સં. ૧૯૮૦ ના ચૈત્ર માસમાં ભાવનગર ખાતે ભરાયેલી ગુર્જર સાહિત્ય પરિષદના સપ્તમ અધિવેશનમાં વાંચવા નિબંધરૂપે શ્રીમદ્દનું જીવન ચરિત્ર તૈયાર કરેલું. છતાં તેમાંયે આ પ્રખર તત્ત્વજ્ઞાની, અલખ મસ્ત કવિરત્ન સાહિત્ય ધર્મ અને જ્ઞાનના અનન્ય ઉપા-સકના જન્મ કે સ્વર્ગ ગમનનાં ચોક્કસ સમયનાં નિદાન ન્હોતાં થઈ શકયાં.

દરમીઆન સૂરતખાતે જૈન સાહિત્ય પરિષદ્દભરાઈ, અને તે પરિષદે કરેલા જૈનસાહિત્ય પ્રકાશનના ત્રીજા ઠરાવમાં સમર્થનમાં શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળે જૈનગ્રંથ ગાઈડ તૈયાર કરાવવા માટે ભિન્ન ભિન્ન ભંડારોની યાદીઓ કરવા માણસ રોકેલ તે દ્વારા શ્રીમદ્ દેવચંદ્રજીના શિષ્યના શિષ્યે શ્રી કવિયણ સંજ્ઞાથી લખેલ શ્રી દેવવિલાસ રાસમળી આવતાં શ્રીમદ્દના જીવનચરિત્ર પર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણો પ્રકાશ પડી શકયો. જે પરથી વળી વધુ પ્રતીત થઈ શકીકે શ્રીમદ્ જૈનધર્મના મહાન ઉપદેષ્ટા, અનન્ય આત્મજ્ઞાની, જૈનધર્મ સંરક્ષક ગીતાર્થજ્ઞાની, મહાન્ અધ્યાત્મી, સમાન દૃષ્ટિ પંડિત કવિરત્ન અનેક મહાગ્રંથોના રચયિતા સંત મુનિરાજ હતા. તેમજ તેમનાં જન્મ સ્વર્ગગમનાદિકની હકીકતો પણ મળી આવી. આ ઉપરથીજ આ જીવન ચરિત્ર પુનઃ આલેખાય છે.

**આભાર.**

આ જીવન ચરિત્ર આલેખનમાં મુખ્ય ઉપકારનો મહારા પરમોપકારી, શ્રીમદ્ દેવચંદ્રજીના ગુણાનુરાગી, અધ્યાત્મજ્ઞાની પંડિત કવિરત્ન આચાર્ય મહારાજ શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરીશ્વરજી તથા મહારા અધ્યાત્મજ્ઞાનરાસક પૂજ્ય પિતાશ્રી વકીલ મોહનલાલ હિંમચંદ એ બેનો છે. આ સંબંધી વિસ્તૃત વિવેચન મેં પૂર્વે લખેલ " શ્રીમદ્ દેવચન્દ્રજી તેમનું જીવન તથા ગુર્જર સાહિત્ય " એ નિબંધમાં આપેલ હોવાથી અત્રે તે સંબંધી ઉલ્લેખ કર્યો નથી. પણ આ બન્ને પરમોપકારકોનો આભાર મુક્ત કંઠે માન્યા શિવાય અત્ર હું રહી શકતો નથી.

સંભવ છે કે હજીપણ વધુ પ્રકાશ પાડનાર સાહિત્ય ઉપલબ્ધ થાય તેમજ આ લખાણમાં પણ ત્રુટિઓ રહીજાય, તો તે માટે હું છદ્મસ્થ હોવાથી સર્જ્જનોની ક્ષમાયાચી, મને મારીત્રુટિઓ માટે સજ્જનો સૂચનાઓ આપશે તો તેવા સર્જ્જનો નો આભારી થઇશ.

**જન્મસ્થળ.**

મહાપુરૂષના જન્મથી–જન્મભૂમિનું ગામ.
પાવન થઈ પંકાય છે–વિશ્વે તેનું નામ.

મહાપુરૂષોનાં જન્મસ્થળ પાવત્ર એવંદર્શનીય છે. એ પુણ્ય ભૂમિઓનાં યશોગાન સત્પુરૂષોના પ્રાકટ્યથીજ ગવાય છે. સુવર્ણ, મૃત્તિકામાંથી અને રત્નો કોલસાની ખાણમાંથી જેમ પ્રકટે છે તેમજ પ્રાતઃસ્મરણીય બાલ બ્રહ્મચારી શ્રીમદ્ દેવચન્દ્રજીનો જન્મ પુણ્યશ્લોક ભારત વર્ષના મરૂ સ્થળ મારવાડના વિકાનેર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શહેર પાસેના એક રમ્ય ( ચંગ ) ગામમાં થયો હતો. મારવાડમાં ઘણા નરપુંગવો પ્રકટયા છે. વીરત્વ અડગટેક પવિત્રતા, રાષ્ટ્રપ્રેમ પ્રખર આત્મ ત્યાગ, સતીત્વ સંરક્ષણમાટે દેહનાં બલિદાન અને ધર્મભાવના માટે સર્જેડ સદ્‌ભાવના આદિ ગુણોવાળા નરકેસરીઓ અને શૂરી નારીસિંહણોથી વિભૂષિત એવા મરૂસ્થળને શ્રીમદે પોતાના પ્રાદુર્ભાવથી અલંકૃત કર્યું હતું. આ જાણી મારવાડ તે માટે મગરૂર બની રહેશે.

## તત્સમયનું મારવાડ.

દેવવિલાસના વર્ણન પરથી તત્સમયનું એટલે અઢારમા સૈકાનું મારવાડ કેવી જાહોજલાલી ભોગવતું હતું, તેમજ ત્યાં જૈનધર્મની જયોતિ કેવી જવલંત હશે તેનું નિદર્શન નીચેની કડીઓપરથી થઈ શકે છે.

મરૂસ્થલ દેશ તિહાં સુંદરૂ.<br>
તેહમેં વિકાનેર દ્રંગ. વિ૦<br>
તેહને નિકટ એક રમ્યતા,<br>
ગ્રામ અછે શુભ ચંગ. વિ૦ ૨ સાં.<br>
રિદ્ધિવંત મહાજન ઘણા,<br>
રિદ્ધે કરી સમૃદ્ધ; વિ૦<br>
અમારી શબ્દની ઘોષણા,<br>
સુખિઆ જન સુબુદ્ધિ. વિ૦ ૩ સાં.<br>
દે૦ વિ૦ પૃ૦ ૭.

આવો મારવાડ દેશ એ શ્રીમદ્‌ની જન્મભૂમિ હતો, અને શ્રીમદે એ ભૂમિને પૂર્ણ પ્રેમથી ઉપકાર બુદ્ધિથી વારંવાર વિચરી તેને વિભૂષિત કરી હતી. શ્રીમદ્‌નું જન્મભૂમિનું ગામ પણ અતિરમ્ય, કુદરતના અનુપમ સૌંદર્યવાળું હોવું જોઈએ. જેમાં મહાજન ઘણા રિદ્ધિવંત, સમૃદ્ધ તેમજ અમારી શબ્દની ઉદ્‌ઘોષણા કરાવનાર ધર્મિષ્ઠ, સત્તાવાન્ પુરૂષોનું બનેલું હોવું જોઈએ. નહિતો અમારી શબ્દ ઘોષણા કરાવવાનું દુષ્કર કાર્ય કરાવી શકવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામાન્ય જન સમુદાય શક્તિમાન્ થઈ શકે નહિ. રાણા પ્રતાપનો ટેક ટકાવી રાખવામાં તથા તેને સ્વતંત્રતામાંજ રહેવામાં મુખ્ય કારણભૂત ભામાશાને તેમજ રાઠોડ દુર્ગાદાશને પ્રકટાવનાર વીર ભૂમિ એજ આપણા ચારિત્રનાયકની જન્મભૂમિ હતી અને એમાં પ્રકટેલ વીર, કર્મરાયથી યુદ્ધકરી વિજયી થાયજ.

**શ્રીમદ્‌નો જન્મ.**

વિશ્વ કલ્યાણને માટે, વિરલ વિભૂતિ અવતરે,
ધર્મ પરિત્રાણને માટે, જીવન પૃથ્વિપટે ધરે;
માત પણ પુણ્યશાળી જે દિવ્ય સ્વપ્ન જુએ અરે,
જન્મ પામી મહાત્માઓ, જગત્‌ને ધન્યજ કરે.



શ્રીમદ્ દેવચન્દ્રજીનો જન્મ સુપ્રસિદ્ધ ઓસવાળ જ્ઞાતિમાં થયો હતો. તેમનું ગોત્ર લુણિઆ હતું. તેમનાં મહા ભાગ્યશાલી માતા પિતાનાં નામો ધનબાઈ તથા તુલસીદાસ હતાં. તેમની પ્રસંશા કરતાં કવિ પણ કહે છે કેઃ—

ઓશવંશે જ્ઞાતિ જાણીએ, લુંણિઓ ગોત્ર સુજાત. વિ.
સહાશ્રી તુલસીદાસની, ધર્મબુદ્ધિ વિખ્યાત. વિ. ૪ સા.
તુલસીદાસની ભારયા, ધનબાઈ પુન્યવંત વિવેકી. વિ.
શીલ આચારે શોભતી, સત્યવક્તા ક્ષમાવંત. વિ. ૫ સા.

દે. વિ. પૃ. ૮

ખરેખર ! મહાપુરૂષોનાં જનકજનની પણ બહુ શુભગુણોએ અલંકૃત, શીલવંત, સત્યવક્તા, ક્ષમાદિ સુભલક્ષણોવડે વિભૂષિતજ હોય છે. વળી આ બન્ને પતિપત્નીમાં પ્રીતિ પણ ઉત્તમ અને પારાવાર હતી. તેણજ ધર્મમાર્ગમાં પ્રીતિવંત તથા લક્ષ્મી વ્યય કરનાર હતાં.

દંપતી પ્રીતિ પરંપરા–ધર્મે ખર્ચે દામઃ

દે. વિ. પૃ. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ દંપતીમાં સંપ, પ્રીતિ, આનંદ અને શાંતિ ભર્યા જીવનની કેવી પરંપરા હશે તે ઉપરોક્ત પંક્તિઓથી સહજ પ્રતીત થાય છે. જ્યાં સ્વભાવે કલેશ કુસંપ અપ્રીતિ સ્વાર્થના ઝગડા જામેલા રહે છે તેવા દંપતી ને આવા ઉત્તમોત્તમ પુત્ર રત્નની પ્રાપ્તિ સંભવતીજનથી, પણ સત્ય તથા સ્વાભાવિકજ વિશુદ્ધ પ્રેમ, ધર્મ-ભાવનાના પટે રંગાઈ, એકતાના અનહદ આનંદે જડાઈ સાત્વિક જીવને જ્યાં જીવાતું હોય ત્યાંજ આવા સુપુત્ર રત્નનું પ્રાકટ્ય સંભવે છે.

શ્રીમદ્‌નાં માતાપિતાનો ગુરૂભક્તિ પર પણ કેવો ઉત્કટ પ્રેમ હતો તે કવિપણ કવે છેઃ—

અનુક્રમે ગુરૂતિહાં આવીયા, વાંદવા દંપતી તામ. વિ.
ધન બાઈ શ્રી ગુરૂને કહે, શુણો ગુરૂ સુગુણનું ધામ. વિ. સાં. ૮
પુત્ર હસ્યે જેહ માહરે, વોહરાવીસ ધરી ભાવ. વિ.
યથાર્થ વચણની જલ્પના, સુગુરૂએ જાણ્યો પ્રસ્તાવ. વિ. સાં. ૯
દે. વિ. પૃ. ૯.

પુણ્યશાળી, ધર્મ ભાવના વાળા મનુષ્યોનેજ સદ્‌ગુરૂ પર આંતરિક ઉલ્લાસ ભર્યો પ્રેમભક્તિભાવ ઉભરાય છે. ધનબાઈ શ્રીરા-જસાગરજી વાચકજીને વંદન કરવા આવેલ છે, ત્યાં ધર્મશ્રવણને પરિણામે, પુત્ર પરમપદ પામે એવા ઉત્તમ સ્થળે, ગુરૂ ચરણે અર્પણ કરવાનો સંકલ્પ કરી તે ગુરૂને જાહેર કરે છે. પુત્ર પરનો માતાનો પ્રેમ અને મોહ તો વિશ્વવિખ્યાત છે. જગત્‌પરના કોઈ પણ દેશની માતાનો પુત્ર પ્રેમ ન્યૂન નથી સાંભળ્યો, છતાં પણ પુત્રને તેના પારલૌકિક હિતાર્થે ગુરૂ ચરણે સોંપવાના ધનબાઈના સંકલ્પથી તત્સમયની ભાગ્યશાળી લલનાઓના આદર્શ સ્વાર્થ ત્યાગની પરંપરા સ્પષ્ટ થાય છે. મેવાડ મારવાડના ઉદ્ધારક દુર્ગા-દાસ ભામાશા આદિ રણનીતિ વિશારદ, ધર્મ મૂર્તિસમા કર્મવી-રોની પૂજ્ય જનનીઓનાં જેવાંજ ધનબાઈ હતાં, પોતાના પુત્ર પરનો સાંસારિક મોહ ઘટાડીને તેને અમરકરવા ગુરૂચરણે સોંપવાના સંકલ્પમાં પુત્રપ્રેમ અને અપૂર્વ ત્યાગ સ્પષ્ટ થાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તત્પશ્ચાત્ ગુરૂશ્રી વિહારકરી જાય છે. અને, ગર્ભ પ્રતિપાલન કરતાં જીવન ધર્મારાધનમાં વિતાવતાં ધન બાઈને–

શુભયોગે શુભ મુહુર્તે, સુપન લહ્યું એકદીન, વિ. સાં. ૧૦
શય્યામાં સુતાં થકાં, કિંચિત્ જાગ્રત્ નિંદ. વિ.
મેરૂપર્વત ઉપરે, મીલી ચૌસઠ ઇન્દ. વિ.
જિન પડિમાનો ઓચ્છવકરે, મિલીયા દેવનાવૃંદ. વિ. સાં. ૧૧
અર્ચા કરતા પ્રભુતણી, એહવું સુપને દીઠ. વિ.
ઐરાવણ પર બેસીને, દેતા સહુને દાન. વિ. સાં. ૧૨
એહવું સુપન તે દેખીને, થયા જાગ્રત તત્કાલ. વિ.
અરૂણોદય થયો તૂતક્ષિણે, મનમેં થયો ઉજમાળ. વિ. સાં. ૧૩
દે. વિ. પૃ. ૧૦

આવું ઉત્તમ સ્વપ્ન આવે છે. શુભયોગે શુભ મુહૂર્તે, પાછલી રાત્રે કૈંક જાગ્રત્ સુષુપ્તિજેવી અવસ્થામાં " મેરૂ ગિરિવર-પર ચોસઠ ઈન્દ્રમળી જિનપ્રતિમાનો ઉત્સવ કરે છે. દેવોના વૃંદ પ્રભુને અર્ચા કરે છે. તથા ઐરાવત હાથીપર બેસીને સહુને દાન દે છે." આવું ઉત્તમ સ્વપ્ન જોઈને ધનબાઈ જાગૃત થાય છે, ને તત્કાળ અરૂણોદય થાય છે. પોતે તનમાં બહુજ રળિઆત થઈ પ્રમોદને પામે છે. મહાન્ પુરૂષના પ્રાકટ્યનાં આ પૂર્વ ચિન્હો છે. અને એ સ્વપ્ન દર્શન પ્રમાણેજ શ્રીમદ્ ( ધનબાઈના પુત્ર ) તેવાજ પ્રકારે પૃથ્વીતલને પાવન કરી અનેક ભવ્યજીવોને, સંયમ રૂપી હાથીપર બેસી અધ્યાત્મ તત્ત્વજ્ઞાનનું મહાદિવ્ય દાન દેતા દેતા, આત્માનું આરાધન કરતા કરતા ઉચ્ચ પદારૂઢ થઈગયા છે. એજ બતાવી આપે છે કે શ્રમદ્નાં માતાને આવેલ ઉત્તમ સ્વપ્ન સત્ય અને સાર્થક હતુંજ.

### સ્વપ્નસ્ફોટ

ઉપરોક્ત શુભ સ્વપ્નજોઈ જાગૃતથઈ પૂર્ણ પ્રમોદને પામતાં ધનબાઈ તે સુન્દર સ્વપ્ન કોને કહી સંભળાવવું તેનો વિચાર કરવા લાગ્યાં. જો કોઈ અપાત્રના સાનિધ્યમાં તે દિવ્ય સ્વપ્ન કહી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંભળાવાવાતાં આવેતો તેનું ફળ પૂર્ણપણે પ્રાપ્ત ન થતાં અલ્પાંશેજ મળે. જેમ એક જટિલે સ્વપ્નમાં પોતાના મુખને વિષે ચંદ્રપ્રવેશતો જોયો. ને સ્વપ્ન કોઈ અપાત્રને કહેતાં તેણે તેનુંફળ મિષ્ટ ભોજનની પ્રાપ્તિ કહી ને એમજ થયું. આમ વિચારકરી યોગ્યપાત્ર શોધતાં હતાં તેવામાં સદ્ભાગ્યે વિહારકરતા કરતા મહા શ્રીપૂજ્ય શ્રી જિનચંદ્રસૂરિજી ત્યાં પધાર્યા. શ્રીમદ્‌નાં જનક જનની તેમને વાંદવા ત્યાં આવ્યાં, અને ભક્તિ ભાવપૂર્વક વંદનકરી ધનબાઈએ સૂરિજીને પોતે તેમને પોતાનો હાથ જોયા વિનંતીકરી. તેમણે શ્રુતજ્ઞાન આધારે ગર્ભમાં રહેલ પુત્રને બહુશુભ લક્ષણવંત દેખ્યો. અને તેવુંજ ભવિષ્ય ધનબાઈને જણાવ્યું.

તે પછી પોતાને આવેલ સ્વપ્ન સૂરિજીને નિવેદન કરી ફળ પૂછતાં અનેક શુભ આત્મગુણે વિભૂષિત મહાત્યાગી પુત્ર રત્ન તેમને થશે એમ ફળ કહ્યું. પણ તેવો પુત્રરત્ન નિધાન તેમના જેવા રંકને ત્યાં રહેશે નહીં એમ જણાવી વિચરી ગયા.

તે પછી પૂર્ણ સમયે સં. ૧૭૪૬ માં ધનબાઇને પુત્ર જન્મ્યો. લાલનપાલન કરાતા તે પુત્રનું નામ દેવચંદ્ર રાખવામાં આવ્યું, અને આઠ વર્ષની શિશુવયમાં તો તેમણે જ્ઞાનના પાઠ ભણવા માંડયા, અને પુત્રનાં લક્ષણ પારણામાંથીજ પ્રકટ થવા લાગ્યાં.

**ગુરૂચરણે અર્પણ.**

એવામાં પૃથ્વીતલને પાવન કરતા વિચરતા વિચરતા શ્રીમદ્ રાજસાગરજી પાઠકજી ત્યાં પધાર્યા, અને તેથી શ્રીમદ્‌નાં માતા-પિતા ગુરૂશ્રીને દેખી ઘણાંજ હર્ષાન્વિત બન્યાં, અને પુત્ર જન્મની હકીકત કહી. તેમણે બહુ ગુણયુક્ત બાલ શિરોમણિ શ્રી દેવચંદ્રને ગુરૂચરણે મુકયો. આ શુભ લક્ષણવંત ભવ્યાત્મા દેવચંદ્રને જોઇ હર્ષિત બની ગુરૂશ્રીએ તેને અંતરથી શુભાશિષ્ દઈ અમિ નઝર વર્ષાવી. આ પ્રસંગે હર્ષવડે પુલકિત અંગોવાળાં તે બન્ને પતિ પત્નીએ ગુરૂદેવને તે દિવ્ય બાળક વહોરાવ્યો. ગુરૂદેવે પણ ભવિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ષ્યમાં ઘણા લાભને દેખી ધર્મલાભ કહી તેને ગ્રહણ કર્યો. આમ આ દેવચંદ્રરૂપી અમૂલ્ય રત્ન વાચક શ્રીરાજસાગરજીરૂપી કુંદનમાં જડાયું. કનક રત્નનો સુયોગ થયો, જેને પરિણામે એ રત્ન વિશ્વ પ્રકાશિત બની ઉઠયું.

## દીક્ષા.

દેવવિલાસના રચયિતા શ્રી કવિયણે દેવવિલાસમાં વાચકશ્રી રાજસાગરજીને 'કોવિદ મેં શિરતાજ' એવું બિરૂદ આપ્યું છે. તેઓશ્રીએ યોગ્ય પાત્ર જાણી શ્રી દેવચંદ્રને દીક્ષા આપવાનો વિચાર કર્યો. મુક્તિ માર્ગના દરવાજાની ચાવી સમાન સંયમ રત્નને યોગ્ય જાણી તે વિચાર, શ્રીસંઘને પ્રકટપણે જણાવ્યો. શ્રીસંઘે પણ ગુરૂ મહારાજનું વચન પ્રમાણ કરી ભારે આડંબર-યુક્ત અનેક મહોત્સવપૂર્વક સં. ૧૭૫૬ માં માત્ર ૧૦ વર્ષની કુમળી વયમાં ગુરૂશ્રી રાજસાગરજીએ આ બાલ શિષ્યને લઘુ દીક્ષા, સંઘ સમક્ષ આપી તેમને કૃતાર્થ કર્યા અને પોતે કૃતાર્થ થયા. જાણે ભારતવર્ષને એક મહાપુરૂષનું દાન કરતા હોયને ? તેમજ શ્રીમદ્દ દેવચંદ્રજીને મુક્તિમાર્ગને દેખાડવાનો સંકેત કરતા હોય તેમ અને અનેક ભવ્યજીવોને હિતકર તથા અનેક ગહન આત્મજ્ઞાન તથા અધ્યાત્મજ્ઞાનગ્રંથોના પ્રણેતા સરસ્વતીપુત્ર જેવા આ પુરૂષ રત્નને જોઈ પ્રમોદ ધારતા હોય તેમ મહોત્સવમાં નરનારીઓ દેવ દેવીઓની માફક હર્ષ પામ્યાં. આ અવસરે ભારત વર્ષના જૈન સંઘને એક અણમૂલ વિદ્વદ્દરત્ન-ઉત્કૃષ્ટ કવિ સમર્થ પંડિત લાધ્યા. તે પછી શ્રીજિનચંદ્રસૂરિએ શ્રીમદ્ દેવચંદ્રજીને વડીદીક્ષા આપી રાજવિમળ નામ સ્થાપ્યું, પણ મૂળ દેવચંદ્ર નામજ પ્રસિદ્ધ તો થયું. શ્રીમદ્ તત્પશ્ચાત શુદ્ધાચારથી દીક્ષા પ્રતિ પાલન કરતા વિચરવા લાગ્યા.

## સરસ્વતી મંત્રની આરાધના તથા પ્રસન્નતા.

શ્રી રાજસાગરજી મહારાજ હવે આ ભાગ્યશાળી શિષ્ય-રત્નશ્રી (રાજવિમળને) દેવચંદ્રજીને હિત કરનાર એવો વિચાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા માંડયો. કઈ રીતે શ્રી દેવચંદ્ર ઉત્કૃષ્ટ અધ્યયન કરી વિશ્વ વિખ્યાત થઈ પોતાના આત્માનું હિત સાધી શકે ? આ વિચાર કરતાં કરતાં વિચાર સ્ફુર્યોકે દેવચંદ્રને જો સરસ્વતી મંત્રનું આરાધન કરાવી શકાય તો ઘણુંજ ઉત્તમ. એમ ધારીને સુન્દર વેણાતટપરના વેલાકુ ગામના એક ભોંયરામાં શ્રી દેવચંદ્રજીને રાખીને તેમની પાસે વાચક શ્રી રાજસાગરજીએ એકાગ્રચિત્તે શ્રી સરસ્વતીની આરાધના કરાવવા માંડી, અને ભાગ્યશાળી એવા શ્રી દેવચંદ્રજીએ પણ પોતાને અતિશય હિતકર એવી આ આરાધના પ્રસન્ન અને એક ચિત્તે કરવા માંડી. પરિણામે શ્રી શારદાએ આ ભક્તની એકાગ્ર અને શુદ્ધ ભક્તિથી પ્રસન્ન થઈ તેની જીવ્હાગ્રે વાસકર્યો. આપછી શ્રીમદ્ વિશેષ ઉદ્યમ અને ભાવ પૂર્વક અભ્યાસમાં દત્તચિત્ત બન્યા, અને સદ્‌ગુરૂ શ્રી રાજસાગરજી પાઠક, અભ્યાસમાં ત્હેમને સ્હાયકરવા લાગ્યા, અને સરસ્વતી પ્રસન્ન થતાં તત્ત્વજ્ઞાનના વિકટ અધ્યયનમાં પણ શ્રીમદ્ દેવચન્દ્રજીની તીવ્રતા અતિશય વૃદ્ધિંગત થઈ.

**શાસ્ત્રાભ્યાસ.**

હવે શ્રીમદે શાસ્ત્રાભ્યાસ કરવામાંડયો. પ્રથમ ષટ્ આવશ્યક અને જૈનશૈલીનું પૂર્ણ તયા અધ્યયન કર્યું. તત્પશ્ચાત્ શ્રીને વીરજીનેશ્વરે ભાંખેલાં સૂત્ર સિદ્ધાંત અવગત કરીલીધાં: જેથી કરીને મિથ્યામત ટળતાં સ્વમાર્ગ પોષક બન્યા. આ બધુ શીખી પ્રૌઢ બન્યા પછી અન્ય દર્શનનાં શાસ્ત્રો જોયાં. વ્યાકરણ, પંચકાવ્ય, આદિ અનેક શાસ્ત્રોનાં અધ્યયન કરી તેના અર્થને સત્ય સ્વરૂપમાં જાણી લીધા. નૈષધકાવ્ય, નાટક, જયોતષ જોયાં, તથા શીખી લીધાં, અઢારે કોષ, કૌમુદી, મહાભાષ્ય પિંગળ, સ્વરોદય, આદિ તમામ ઉપયોગી સાહિત્ય ગ્રંથો શીખી લીધા. વળી તત્ત્વાર્થ, આવશ્યક બૃહદ્‌વૃત્તિ, કલિકાલ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજી વિરચિત યોગ શાસ્ત્ર આદિ અનેક ગ્રંથો, શ્રી હરિભદ્રસૂરિ તથા શ્રી યશોવિજયજી વિરચિત તમામ મહાગ્રંથોનું અધ્યયન કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીધું. છ કર્મગ્રંથ, કર્મપ્રકૃતિ શાસ્ત્ર ( કમ્મયડી ) ષડ્દ્રવ્ય, આદિ જૈન આમ્નાયના તમામ જાણવા ભણવા યોગ્ય ગ્રંથો જાણી સકલ શાસ્ત્ર પારંગત થયા. આ અને અન્ય ભણવા યોગ્ય શાસ્ત્ર-ગ્રંથો તથા ભાષા સાહિત્ય, તત્ત્વજ્ઞાન. અધ્યાત્મ જ્ઞાન, કાવ્ય, અલંકાર, આદિતમામ પ્રકારનાં શાસ્ત્રોશીખી પૂર્ણતયા પંડિતથયા અને દેવવિલાસના રચાયતા શ્રી કવિયણ દેવવિલાસમાં કહે છે તેમઃ—

સકલ શાસ્ત્રે લાયક થયા હો.
જેહને થયું મઇ સુઈ જ્ઞાનરે. દે.

દે. વિ. પૃ. ૧૭

શ્રી દેવચંદ્રજીને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન થયાં. પૂર્વકર્મની પ્રબળ શુભસત્તા પૂર્વકનો ક્ષયોપશમ, ગુરૂકૃપા, સરસ્વતીની પૂર્ણ પ્રસન્નતા તથા અસ્ખલિત શાસ્ત્રાભ્યાસે ઉદ્યમ આટલાં વાનાં જેને ઉપલબ્ધ છે એવા શ્રી દેવચંદ્રજી મહાપંડિત કવિરાજ અધ્યામ-જ્ઞાની બને તેમાં શી નવાઈ? અને ઉત્તમ ક્ષયોપશમને લીધે મતિશ્રુત જ્ઞાન પ્રાપ્ત કરેતો તે સ્વાભાવિક ગણાય.

## શ્રી રાજસાગર સ્વર્ગગમન.

વિ. સં. ૧૭૭૪ માં શ્રીમદ્‌ના ગુરૂદેવ વાચક રાજસાગરજી સ્વર્ગવાસી થયા, અને શ્રીમદ્‌ને આ ગુરૂવિરહનો ઘા સખત લાગ્યો. ગુરૂભક્ત શિષ્યનેજ ગુરૂવિરહના કષ્ટની ખબર પડે છે. વળી તુર્તમાંજ એટલે સં. ૧૭૭૫ માં પાઠક જ્ઞાનધરમજી પણ સ્વર્ગ-વાસીથયા. આમ આ બેઉ પાઠકના સ્વર્ગ ગમનથી શ્રીમદ્ જાણે એકલા બનીગયા હોય તેમ થયું.

## શ્રી ધ્યાનદીપિકા ચતુષ્પદી.

વિ. સં. ૧૭૬૬ના વૈશાખ માસમાં પંઝાબમાં મુલતાન નગ-રમાં શ્રીમદે ધ્યાનદીપિકા ચતુષ્પદી નામનો ધ્યાનવિષય પરનો અદ્વિતીય ગ્રંથરચ્યો, આ ગ્રંથમાં શ્રીમદે ધ્યાનના તમામ પ્રકાર, તેનાં સાધ્ય ઉપકરણો ને દ્રવ્યગુણ પર્યાયથી ઘટાવી કેવા મુનિ ચાતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધ્યાન કરનાર ધ્યાન યોગ્ય ગણાય, સમ્યગ્ જ્ઞાનદર્શન ચારિત્રનું સ્વરૂપ, ષડ્-દ્રવ્ય, નવતત્ત્વ નિરૂપણ, બ્રહ્મચર્ય સ્વરૂપ, આદિ અનેક ઉત્તમોત્તમ વિષયોનાં વિવેચન કરી ધ્યાનનો દીપક પ્રકટાવવાની ઉત્કૃષ્ટ સામગ્રી ભવિજનો માટે તૈયાર કરી છે. યમનિયમ આસન પ્રાણાયામ ધ્યાન ધારણ સમાધિ આદિ ધ્યાનમાં સ્થૂલ અને સૂક્ષ્મ સ્વરૂપો ઘણાજ વિસ્તૃત વિવેચન પૂર્વક પદ્યબદ્ધ વર્ણવ્યાં છે. વ્યવહાર અને નિશ્ચયથી બહિરાત્મા,, અંતરાત્મા અને શુદ્ધાત્માના પ્રકાર બતાવી, કયો શુદ્ધાત્મા ધ્યાનને યોગ્ય હોય ? ધ્યાનનું શુદ્ધ સત્ય સંપૂર્ણ સ્વરૂપ કેવું હોય ? ધ્યાન શાનું કરવાનું છે ? આત્મા કયારે કેવા ધ્યાનથી પરમાત્મા થઈ શકે ! આ સર્વ બાબતોનો સ્ફોટ ઘણીજ ઉત્તમરીતે આ ગ્રંથમા શ્રીમદે ભવિજનોના હિતાર્થે કર્યો છે, અને છેવટે શુદ્ધાતમ ધ્યાનના પ્રાતપાદનમાં-નિજ શુદ્ધાતમ ધ્યાનને ધ્યાવો. એમ જણાવે છે.

**દ્રવ્યપ્રકાશ.**

સં. ૧૭૯૭ ના પોષ માસમાં શ્રીમદે હિન્દી ભાષામાં-વિકાનેર નગરમાં **દ્રવ્યપ્રકાશ** ગ્રંથની રચના કીધી. આ ગ્રંથ વ્રજ ભાષામાં રચવામાં આવ્યો છે, એમાં આત્માનું પરમાત્માનું સ્વરૂપ તથા જીવનું સ્વરૂપ બતાવી મુખ્યતાએ છએ દ્રવ્યનું સ્વરૂપ ઘણાજ વિસ્તારવાળા વિવેચનપૂર્વક ચર્ચવામાં આવ્યું છે. નયનું સ્વરૂપ બહુજ સુંદર રીતે બતાવવામાં આવ્યું છે. દ્રવ્યગુણ પર્યાય, જીવપુદ્ગલ કથન, અષ્ટકર્મ વિવરણ, તેના નિવારણના ઉપાયો, નવતત્ત્વનું સ્વરૂપ, સ્યાદ્વાદ સ્વરૂપ, આદિ અનેક મહત્વના પ્રશ્નો અધ્યાત્મિક દ્રષ્ટિએ તેમજ વ્યવહારદ્રષ્ટિએ તથા નિશ્ચયદ્રષ્ટિએ ચર્ચ્યા છે. વ્રજભાષા ( બાની ) બહુજ સુંદર હોય છે. તેમાં પણ આવા ગહન વિષયરૂપી સૂત્રમાં જ્ઞાન અને દ્રવ્ય નયતત્ત્વ નિક્ષેપા પક્ષ પ્રમાણ આદિ આત્મસુવાસ વેરતાં પુષ્પો ગુંથી આત્મ સાધકો-ભવ્યાત્માંઓના કંઠમાં તે ઉપકાર બુદ્ધિથી અર્પણ કરવામાં આવેલ છે તેથી તેની સુન્દરતા હજારો ઘણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધી જાય છે. આ બધા વિષયોથી ભરેલો આખોયે દ્રવ્યપ્રકાશ સવૈયા એકત્રીસા દોહા–ચોપાઈ–સવૈયા, તેવીસામાં પદ્યબદ્ધ રચનામાં રચ્યો છે–તેની વાનગી થોડીક નીચે આપી છે.

### ચોપાઈ

કરમ કરમકી રજસોં ન્યારા, જે ધ્યાહિ ચેતનકી ધારા.
લહે નિત્ય પદ તેહ અનંત. સ્યાદ્વાદયુત સંત મહંત.
× + + +
જેંસે રજ્જુ સરપ ભ્રમમાને ત્યું અજાન મિથ્યામતિ ઠાને.
દેહ બુદ્ધિકો આત્મ પિછાને, યાતેં ભ્રમહેતુ પસારે.

---

## ગ્રંથમહિમા વર્ણન.

### સવૈયા એકત્રીસા

પરસુ પ્રતીત નાંહિ, પુણ્યપાપ ભીતિનાંહિ, રાગદ્વેષ રીતિનાંહિં, આતમ વિલાસ હૈ. સાધકકો સિદ્ધિ હૈકિ, બુઝૈવે કુબુદ્ધિ હૈકિ, રિજવૈકો 'રિદ્ધિજ્ઞાન· ભાનકો વિકાસ હૈ; સર્જન સુહાય કુજ, ચંદ જ્યું ચઢાવ હૈકિ, ઉપસમભાવ યામૈં આધક ઉલ્લાસ હૈ, અન્યમતસૌ અફંદ, બંદત હ્રય **દેવચંદ**, ઐસે જૈન આગમમેં,–**દ્રવ્ય કો પ્રકાશ હૈ.**

સંવત કથન.

વિક્રમ સંવત માનયહ.
ભયલેસ્યાકે ભેદ,
શુદ્ધ સંયમ અનુમોદિકે,
કરી આસ્રવકો છેદ. ( ૧૭૬૭ )

એકંદર–દ્રવ્ય પ્રકાશમાં એવા મહત્વના જ્ઞાનામૃતના સાગર ઉછળે છે કે તેના વાચનનો અનુભવ કાર્ય શિવાય ભાગ્યેજ તેનો ખ્યાલ આવીશકે. આ ગ્રંથમાં શ્રીમદ્‌નો દ્રવ્યાનુભવ કેટલો તીવ્ર હશે તેનો ખ્યાલ આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આગમસાર.**

શ્રીમદે મોટાકોટ મરોટમાં સં. ૧૭૭૬ના ફાલ્ગુન માસમાં આગમસાર નામના અદ્વિતીય ગ્રંથની રચના કરી. આ ગ્રંથમાં ત્રણ કરણ, ષડ્દ્રવ્ય, આઠપક્ષ, સપ્તનય, ચારનિક્ષેપા, ચાર પ્રમાણ, સપ્તભંગી, નિગોદ, ચાર ધ્યાન, ભાવના, સમકીત, નિશ્ચય વ્યવહાર સ્વરૂપ, પંચસમવાય વિગેરે અદ્ભુત અને અતીવ ઉપયોગી વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. કહો કે સર્વ આગમોનો સાર દોહન કરી તેમાં સમાવવામાં આવ્યો છે. બાળજીવોને આગમોમાં પ્રવેશ કરાવવાની ચાવીરૂપ આ ગ્રંથ છે, અને તે શ્રીમદે બાળજીવોપર અત્યંત કરૂણા કરી ઉપકારબુદ્ધિએ રચ્યો છે. આ ગ્રંથના સંબંધમાં પૂર્ણાહુતિમાં શ્રીમદ્ કથે છે કેઃ—

તત્ત્વજ્ઞાનમય ગ્રંથ યહ, જોવે બાલાબોધ;
નિજપર સત્તા સબ લીખે, શ્રોતા લહે પ્રબોધ.
તા કારણ દેવચંદ મુનિ, કીનો આગમગ્રંથ;
ભણશે ગુણશે જે ભવિક, લેશે તે શિવપંથ.
કથક શુદ્ધ શ્રોતા રૂચિ, મિલજ્યો એહ સંયોગ;
તત્ત્વજ્ઞાન શ્રદ્ધા સહિત, વલી કાય નિરોગ.
પરમાગમશું રાચજો, લહેશો પરમાનંદ;
ધર્મરાગ ગુરૂ ધર્મ સો, ધરજો એ સુખકંદ.
ગ્રંથ કીયો મન રંગસેં, સિત પખ ફાગુણમાસ;
ભોમવાર અરૂ તીજ તિથિ, સફલ ફળી મનઆશ.

આ [1]આગમસાર ગ્રંથની રચના મરટગામમાં શ્રીમદે પોતાના શ્રાવક વિમલદાસની બે પુત્રીઓ માઈ અને અમાઈજીના માટે ખાસ રચ્યો. છે. જે બાળાઓના ખાતર આવો ગહન જ્ઞાન ગાંભીર્યાદિ ગુણે યુક્ત ગ્રંથ લખ્યો તે બાળાઓ કેવી ભાગ્યશાળી–જ્ઞાન

---

[1] આગમસારની રચનાના કારણમાં ઉપરોક્ત કથન શ્રી કવિયણના કથન પ્રમાણે છે. જ્યારે શ્રીમદ્ પોતે આગમસારની પૂર્ણાહુતિમાં નીચેપ્રમાણે જણાવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રસપિપાસુ અને ભક્તિમાન હશે ? તે વિચારવા યોગ્ય છે. પોતાના ભક્તોને માટે પણ આવા ઉત્તમ ગ્રંથની રચના કરવી એ અતિ આદરણીય એવં અનુકરણીય છે. આ ગ્રંથના સંબંધમાં દેવવિલાસના રચયિતા નીચે પ્રમાણે લખે છેઃ—

મરટ ગામે ગુરૂએ ભલોહોલાલ,
આગમસાર કીધો ગ્રંથરે.
વિમલદાસ પુત્રી હોય ભલી હોલાલ,
માઇજી અમાઇજી શુભ પુષ્પરે.
દોય પુત્રીને કારણે હોલા.
કીધો ગ્રંથતે આગમસારરે

× × × × + +

તાસશિષ્ય આગળરૂચિ, જૈનધર્મકોદાસ.
દેવચંદ 'આનંદમેં, કીનો ગ્રંથ પ્રકાશ.
આગમસારોદ્ધાર યહ, પ્રાકૃત સંસ્કૃતરૂપ.
ગ્રંથકીયો દેવચંદમુનિ, જ્ઞાનામૃત રસકુપ.
કર્યોઇહિાં સહાય અતિ, દુર્ગાદાસ શુભ ચિત્ત.
સમજાવન નિજ મિત્તકુ, કીનો ગ્રંથ પવિત્ર.

## ગુજરાત પાટણમાં આગમન.

સિદ્ધાંતના જ્ઞાતા, જૈનમતકુશળ, સ્વાનુભવ મસ્ત શ્રીમદ્ ગુજરાત તરફ પધાર્યા. શ્રી ખીમાવિજયજીએ પોતાના શિષ્ય જિનવિજયજીને વિશેષાવશ્યક ધરાવવામાટે શ્રીમદ્‌ને ખાસ આમંત્રણ કરી પાટણ બોલાવ્યા હતા અને જ્ઞાનદાનના પરમ રસીઆ, સમાનદૃષ્ટિ, તત્ત્વજ્ઞાન ભાસ્કર શ્રીમદે તે વિનંતી કબૂલ રાખી ત્યાં ગયા હતા. ગુજરાતના પાટનગર અણહિલપુર પાટણમાં શ્રીમદ્ વિ. સં. ૧૭૭૭ માં પધાર્યા, અને વિદ્વાન્ શ્રોતા શ્રાવકોના અભિલાષથી તથા વિનંતિથી વ્યાખ્યાન વાંચવા લાગ્યા. તત્સમયના પાટણમાં જૈનધર્મની જાહોઝલાલી ઝળકતી હોય એમ લાગે છે. તેમજ શ્રાવકો પણ સિદ્ધાંતના જાણ તથા ઉચ્ચાધ્યાત્મજ્ઞાનના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણુ હોવા સંભવ છે. એટલે સોનુ અને સુગંધનો સુયોગ થયો. જ્ઞાનરૂચિ ભવ્યાત્માઓ તેવા રૂચિમંત શ્રોતાઓ અને સ્યાદ્‌વાદ શૈલી અને જડ ચૈતન્યની વહેંચણ કરી બતાવનાર ગૂઢગંભીર ઉદાર જીનવાણીને પ્રરૂપનાર એવા જ્ઞાની શ્રીમદ્‌ દેવચંદ્રજી વક્તા! આમ વક્તાશ્રોતા યોગથી પાટણનો ઉપાશ્રય, ભવ્ય શ્રોતાઓથી ચીકાર થઈ જવા લાગ્યો.

હવે હમેશાં પાટણમાં શ્રીમદ્‌ દેવચંદ્રજી, ભવિજનો આગળ જૈનાગમનું સ્યાદ્‌વાદ્‌ શૈલીયુક્ત વખાણ વાંચવા લાગ્યા. અને જ્ઞાનાનંદ ઉભરાવા લાગ્યો. સ્યાદવાદ શૈલીયુક્ત દ્રવ્યાનુયોગની વાચના જ્યારે તેના ખપી જીવની પાસે વાંચવામાં આવે છે અને એ વાચનામાં ચર્ચાની રસભરી ઝડીઓ ઉડે છે ત્યારે વક્તા શ્રોતાઓને કેવો અને કેટલો અદ્‌ભુત આનંદ થાય છે, સ્વાનુભવની કેવી લલિત લહરિઓ તેમનાં ધર્મભાવના ભર્યાં મસ્તકો ડોલાવે છે તેનો અનુભવતો તેવા જ્ઞાનરસિક ભવ્યાત્માઓને જ થાય.

આ વખતે પાટનગરમાં પુનમિયા ગચ્છના તેજસી દોસી નામે મહા ધનાઢય વૈભવશાળી--કાવ્યરસિક–શ્રીમાળી કુલભૂષણ નગરશેઠ હતા. જેની આજ્ઞામાં કૈંક રાજા રાણાઓ રહેતા. તે જૈનધર્મના આભૂષણરૂપ ગણાતા હતા. કાવ્યકલા વિશારદ વિદ્વાન્ શિરોમણિ શ્રીભાવપ્રભસૂરિનો (પુસ્તક સંગ્રહ) જ્ઞાનભંડાર પાટણમાં વિશાળ હતો. જ્યાં અનેક વિદ્યાર્થીઓ અધ્યયન કરતા હતા. એવા શ્રી ભાવપ્રભસૂરિના ઉપદેશથી અખુટ ઋદ્ધિ સમૃદ્ધિવાળા નગરશેઠ તેજસી દોસીએ સહસકૂટ ભરાવેલ છે.

આ નગરશેઠને ત્યાં પાટણમાં પરવરેલ શ્રીમદ્‌ દેવચંદ્રજી પોતે એક વખત પધાર્યા, ને વાર્તાલાપમાં શેઠને શ્રીમદે બહુજ

---

અમને શ્રીમદ્‌નું પોતાનું લખાણુ વધારે વિશ્વાસપાત્ર જણાય છે કે પોતાના મિત્ર દુર્ગાદાસના માટેજ આગમસાર શ્રીમદે રચ્યો હોવો જોઇએ. કારણ શ્રી કવિયણના લખવા કરતાં આગમસારના રચયિતાનું પોતાનું લખાણુ વધારે પ્રમાણપાત્ર હોઇ શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મીઠી વાણીથી પુછયું કે "**હે દેવાણુપિયા**! આપે સહસકૂટ ભરાવેલ છે તે સહસ્રકૂટના સહસ્ર જીનનાં નામ તો આપો. શ્રીગુરૂના પાસે ધાર્યા હશેજ નહિં વારૂ? કે હવે ધારશો?" આ પ્રશ્ન સાંભળી નગરશેઠ બોલ્યા કે "મહારાજ હું નથી જાણતો!" આ જવાબ આપતાં સાથે શેઠની જીજ્ઞાસા વધી. આ સમયે પાટણમાં સંવેગીમુનિ શિરદાર શ્રીમદ્ જ્ઞાનવિમલસૂરિજી બિરાજતા હતા. તેમની પાસે શેઠજી ગયા અને વિધિ પુરઃસ્સર વંદના કરી સહસ્રકૂટનાં સહસ્ર જીનનાં નામ આગમમાંથી કાઢી જણાવવા વિનંતી કરી.

આ પરથી શ્રી જ્ઞાનવિમલસૂરિજીએ શેઠને કહ્યું કેઃ—"સહસકૂટનાં નામ અવસરે જણાવશું." કવિ પણ કથે છે કે આગમની કુંચી તો કોઈ વિરલાજ જાણી શકે. અને ખરેખર આગમ રૂપી મહાવજ્રદ્વાર ખોલવા માટેની ચાવી તો કોઈ મહાન્ વિબુધ જન જ પ્રાપ્ત કરી શકે છે, વળી અભ્યાસ કરતાં પણ સ્વાનુભવની વાત કાંઈ ઓરજ છે. અહિં શ્રી જ્ઞાનવિમળજીને સહસકૂટનાં નામ સ્મરણમાં ન હોવાથી અવસરે જણાવવા કહી શેઠને વિદાય કર્યા.

એક સમયે શ્રી પાટણમાં **શાની પોળમાં** ચોમુખવાડી પાસેના જીનાલયમાં સત્તરભેદી પૂજા ભણાવવામાં આવી, અને પ્રભુ ગુણ સ્તવનાની ઝડી વરસવા માંડી. આ પૂજામાં શ્રીમદ્ જ્ઞાનવિમલસૂરિજી પધાર્યા, અને શ્રાવકોનાં મન બહુજ હરખ્યાં. ત્યાં દર્શનાર્થે શ્રીમદ્ દેવચંદ્રજી પણ બહુજનવૃંદ સમેત પધાર્યા, અને પ્રભુને નમી સ્તવી બેઠા. એવામાં નગરશેઠ સંસાર સમુદ્રથી તારનાર પ્રવહણરૂપ એવા શ્રી જીનેશ્વરનાં દર્શનાર્થે આવ્યા, અને દેરાસરમાં શ્રી જ્ઞાનવિમલસૂરિજીને જોઇ પ્રથમ પોતે સહસ્રકૂટનાં નામ માટે કરેલ પ્રશ્ન યાદી દેવરાવી ખુલાસો કરવા કહ્યું, ને કહ્યું કે "મહારાજ! અવલોકન કરતાં ઘણો સમય ગયો! આમ ધર્મનાં કામ કેમ થાય?" ત્યારે શ્રીમદ્ જ્ઞાનવિમલજી બોલ્યા કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"પ્રાયે સહસ્રકૂટના નામની નાસ્તિ થઇ જણાય છે, અને કદાચ કોઈ ગ્રંથમાં અસ્તિ હોય તો હોય." આ સાંભળી—

જ્ઞાન શમશેરતણા ઝલકારા !
દેવચંદ્ર બોલ્યા તેણીવારે !
શ્રીજી તુમે મૃષા કિમ બોલો ?
ચિત્તથી વાત તે ઓલોરે ( ખોલોરે ? )
પ્રભુ મન્દિરમેં યથાર્થની વ્યક્તિ,
કિમ ઉપજે શ્રાવક ભક્તિરે !
તુમે કોવિદમેં કહેવાઓ શ્રેષ્ઠ !
અયથાર્થ કહો તે નેષ્ટરે !

આ સાંભળી શ્રી જ્ઞાનવિમળજી નારાજ થયા અને વિચારવા લાગ્યા જે આ મારવાડી આવી મહાન્ જ્ઞાનની વાતમાં શું જાણે ? એમ સમજી બોલ્યા જેઃ—

તવ જ્ઞાનવિમલજી ત્રટકી બોલ્યા !
તુમે શાસ્ત્ર આગમ નવી ખોલ્યારે !
તમે તો મરૂસ્થલીઆના વાસીરે !
તુમે વાકય બોલોને વિમાસીરે !
શાસ્ત્ર અભ્યાસ કર્યો હોય જેહને !
પૂછીએ વાકય તે તેહનેરે !
તુમે એહ વાર્તામાં નહિં ગમ્ય !
અમે કહીએ તે તુમ નિસમ્યરે !

આ ઉપરથી લાગે છે કે આ બાબતની ચર્ચા બરાબર દેરાસરમાં જામી હોવી જોઇએ. આ ઉપરથી શેઠને ઘણો હરખ થયો ને બોલ્યો કેઃ—

શ્રીજી તમે અયથાર્થ ન બોલો,
એહ વાતનો કરવો નિચોલોરે. સ.

ત્યારે શ્રી જ્ઞાનવિમળજી બોલ્યા કેઃ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનવિમલ કહે સુણો દેવચંદ,
તુમને ચર્ચાના ઉપછંદરે. સ.
જો તુમે બોલોછો તો તુમે લાવોરે,
સહસકૂટ જિન નામ સંભળાવોરે. સ.

આ ઉપરથી શ્રીમદ્ દેવચન્દ્રજી તેમને સહસ જિનનાં નામ આપે છે અને શ્રી જ્ઞાનવિમળ સૂરિજીને તેમની વિદ્વત્તાથી ઘણોજ આનંદ થાય છે. આ ૧૦૨૪ જિનની વિગત સાથે તે સહસ્રકૂટ નાં નામનું સ્તવન શ્રીમદે ત્યાંજ બનાવ્યું છે. જે શ્રીમદ્ દેવચંદ્ર નામક ગ્રંથના બીજા ભાગના પૃ. ૯૨૩ પર છપાઈ ગયું છે. આથી શ્રી જ્ઞાનવિમલસૂરિજી હર્ષ પામતા થકા શ્રીમદ્‌ને પુછેછે કેઃ–

મૌન રહીને પુછે જ્ઞાન,
તુમે કેહના શિષ્ય નિધાનરે ! સ.
ઉપાધ્યાય રાજસાગરના શિષ્ય !
મીઠી વાણી જેહવી ઈક્ષુરે ! સ.
નમ્રતા ગુણ કરી બોલે જ્ઞાન,
દેવચંદ્રને આપ્યાં માનરે ! સ.

આ પ્રમાણે પ્રેમ ભરેલ વાર્તાલાપ થતાં બન્ને મહાપુરૂષોને અરસ્પરસ પ્રેમભાવ વધ્યો. આમ થવાથી નગરશેઠ તેજસી દોસીનું કામ થયું. કારણ કે તેમને તો સહસજિન નામ જાણવાં હતાં. જે સહુસ્રકૂટનાં નામ અપ્રકટ હતાં તે શ્રી દેવચંદ્રજીએ પ્રકટ કર્યાં. આ ઉપરથી ત્યાં પ્રતિષ્ઠા કરી અને મહાન્ નવા નવા ઉત્સવો મંડાયા. તે પછી શ્રીમદ્ દેવચંદ્રજીએ ક્રિયા ઉદ્ધાર કર્યો.

આ પરથી શ્રીમદ્‌ની જ્ઞાનની તિક્ષ્ણતા તથા સત્ય વસ્તુપર નો દ્રઢ પ્રેમ પ્રતીત થાય છે, તથા શ્રી જ્ઞાનવિમલ સૂરિજીની સત્ય વસ્તુ ગ્રહણ કરવાની જીજ્ઞાસાની પ્રબળતા પ્રત્યક્ષ થાય છે. પોતે મોટા જ્ઞાની સૂરીશ્વર હોવા છતાં જ્યારે શ્રીમદ્ તેમને સહસ્રકૂટનાં નામ સંભળાવે છે ત્યારે તે માન્ય રાખી શ્રીમદ્‌ને માન સન્માન આપી મીઠા વચને બોલાવી તેમનું નામ વિગેરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુછેછે. આ સરલતા એજ સાધુતાનું મુખ્ય લક્ષણ છે. મહાન્ પુરૂષો પણ સત્ય ગ્રહણમાંજ મોટાઈ માનતા અને "મારૂં તે સારૂં નહિં પણ સારૂં તે મારૂં" એજ સૂત્રને શિરોધાર્ય રાખતા. એ પ્રસંશનીય છે.

**શ્રી જીનવિજયજીને કરાવેલ અભ્યાસ.**

શ્રી ખીમાવિજયજીના શિષ્યરત્ન શ્રી જીનવિજયજી જેઓએ દ્રવ્યાનુયોગ તથા બીજા ઉપયોગી વિષયોપર ગ્રંથો રચ્યા છે તેઓએ આજ અરસામાં શ્રી પાટણનગરમાંજ વિશેષાવશ્યક તથા અન્ય ગહન ગ્રંથો શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ પાસે ધાર્યા હતા. ખીમાવિજયજીએ પોતે શ્રીમદ્ દેવચંદ્રજીને બોલાવ્યા હતા. (સં. ૧૭૭૦ થી ૧૭૭૫ સુધી.) તેની સાક્ષી નીચે પ્રમાણેઃ—

ગુરૂભક્તિ વિનયી ઘણા, મુનિમાં તિલક સમાન,
શ્રી જિનવિજય સુગુરૂતણા,–કેતાં કહું વખાણ.
ગુરૂની મહિર નિજર બહુ, વિદ્યા વિનય વિશાળ,
પંડિત જનની સેવના, પામે જ્ઞાન રસાળ.
ખીમાવિજય ગુરૂ કહણથી, પાટણમાં ગુરૂ પાસ.
સ્વપર સમય અવલોકતાં, કીધાં બહુ ચોમાસ.
જ્ઞાનવિમલ સૂરિકને, વાંચી ભગવતી ખાસ.
**મહાભાષ્ય અમૃત લહ્યો, દેવચંદગણિ પાસ**
કાવ્ય છંદ નાટિક પ્રમુખ, અભ્યાસિયા બહુ ગ્રંથ,
અનુક્રમે ગીતારથ થયા, વિચરંતા શુભ પંથ.

શ્રી રાસમાળા પૃ. ૧૪૫

આ પરથી શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ કેટલા વિદ્વાન્ હશે તેનો ખ્યાલ સહજ આવી શકે એમ છે. આ જિનવિજયજી મહારાજે દીક્ષા લીધી તે સાલ ૧૭૭૦ છે.

સંવત સત્તર સિત્તેરે, કાર્તિક માસ બુધવાર,
વદી છઠ દિને ભાવશ્યું, સંયમ ગ્રહ્યો સુખકાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇંગિત આકારે કરી, જાણી સુગુણ નિધાન,
ક્ષમાવિજયજી ગુરૂ હવે, જિનવિજય અભિધાન.

શ્રી જૈન રાસમાળા, જિનવિજય રાસ પૃ. ૧૪૫

આ શ્રીમદ્ જિનવિજયજી મહારાજે વિશેષાવશ્યક વિગેરે જેવા મહા ગૂઢગહન તત્ત્વજ્ઞાનના ગ્રંથ શ્રીમદ્ દેવચંદ્રજી પાસે ધાર્યા હતા તે પરથી શ્રીમદ્‌ના સિદ્ધાંતના પારંગતપણાનો ખ્યાલ આવી શકે છે.

## શ્રી ઉત્તમવિજયને શ્રીમદે અભ્યાસ કરાવ્યો સં ૧૭૭૭

શ્રી જિનવિજયના વિદ્વાન્ સિદ્ધાંતના પારગામી શિષ્યરત્ન શ્રી ઉત્તમવિજય થયાઃ—

તસ કપુરવિજય કવિ, ક્ષમાવિજય તસ શિષ્ય;
જિનવિજય જગમાં જયો, પ્રતપો કોડી વરીશ.
અંતેવાસી તેહના, વિદ્યા સિદ્ધ સમાન,
શાસ્ત્રાભ્યાસી જે સદા, બહુ શિષ્યજ સંતાન.
જસ કીરતી બહુ વિસ્તરી, મહીમંડળ વિખ્યાત,
તે ગુરૂ ઉત્તમવિજયનો, કહુ ઉત્તમ અવદાત.

જૈન રાસમાળા. શ્રી ઉત્તમવિજય નિર્વાણ રાસ. પૃ. ૧૫૪

આ ઉત્તમવિજયજીનું સંસારીપણે નામ પૂંજાશા હતું. આ પૂંજાશાને સંસારીપણામાંજ તેમના સદ્‌ભાગ્યે શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજનો પુણ્ય સમાગમ અમદાવાદમાં (પુંજાશાના ગામમાંજ) થયો હતોઃ—

### ઢાળ.

ખરતરગચ્છ માંહિ થયારે લોલ,
નામે શ્રી **દેવચંદરે** સોભાગી;
જૈન સિદ્ધાંત શિરોમણીરે લોલ,
ધૈર્યાદિક ગુણવૃંદરે સોભાગી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશના જાસ સ્વરૂપનીરે લોલ,
તે ગુરૂના પદ પદ્મરે સોભાગી;
વંદે અમદાવાદમાંરે લોલ,
પૂંજાશા નિ:છદ્મરે ! સોભાગી.

## દુહા.

તે ગુરૂની વાણી સુણી, હરખ્યો ચિત્ત કુમાર;
જ્ઞાન અભ્યાસ કરૂં હવે, તુમે પાસ નિરધાર.
ઈંગિત આકારે કરી, જાણી તેહ સુવાસ,
જ્ઞાન અભ્યાસ કરાવવા, કીધો તેહને છાત્ર.

શ્રી ઉત્તમવિજય રાસ પૃ. ૧૫૫.

આમ પૂંજાશાને શ્રીમદ્ દેવચંદ્રજીએ યોગ્ય પાત્ર જાણી જ્ઞાનાભ્યાસ કરાવવા માંડયો. તેમણે કેટલો અભ્યાસ કરાવ્યો તે જણાવતાં શ્રી ઉત્તમવિજયજી રાસમાં શ્રી પદ્મવિજયજી નીચે પ્રમાણે જણાવે છે:—

હવે કુંવર નિત નિત ભણે, પ્રકરણ જૈનનાં સાર. લલના.
દંડક ને નવતત્ત્વ જે, ભણ્યા જીવ વિચાર. લ. હે.
ત્રણ લોકની દીપિકા, સંગ્રહણી સુવિચાર. લ. હે.
ભાષ્ય ચૈત્ય ગુરૂ વંદના, વળી પચ્ચખાણ પ્રકાર. લ. હે.
ક્ષેત્ર સમાસ સોહામણો, સિદ્ધ પંચાશિકા નામ. લ. હે.
સિદ્ધ દંડિકા તિમ વળી, ચઉ સરણ અતિ અભિરામ. લ. હે.
કર્મ ગ્રંથ અર્થે કર્યા, કમ્મપયડી મુખ પાઠ. લ. હે.
પંચ સંગ્રહ મુખ ગ્રંથમાં, વિસ્તર્યાં કર્મ જે આઠ. લ. હે.
કાલ વિચાર અંગુલવળી, વનસ્પતિ તિમ જાણ. લ. હે.
દર્શન પાખી સિત્તરી, કરતા એહનું નાણ. લ. હે.
ખંડ પુદ્દગલ તિમ વળી, નિગોદ છત્રીશી જેહ. લ. હે.
વળી અતિચાર પંચાશીકા, નિજ અભિધા પરે તેહ. લ. હે.
વૃત્તિ સહિત વાંચે સર્વે, તે ગુરૂને ઉપગાર. લ. હે.
ભંગજાલ બહુ મુખ ભણે, રહસ્ય તે આગમ અપાર. લ. હે.

૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સપ્ત ભંગી નય સાત જે, વળી નિક્ષેપની વાત. લ. હે.
તિન ભંગીપણે ગ્રહે, કેતા કહુ અવદાત. લ. હે.
ઈમ કરતાં હવે અન્યદા, ગુરૂજી કરે વિહાર, લ. હે.
સુરત બંદર આવીયા, સાથે તેહ કુમાર. લ. હે.
શબ્દ શાસ્ત્ર તે શહેરમાં, ભણિયા યત્ન અપાર. લ. હે.
**ઉત્તમ ગુરૂપદ પદ્મની**, સેવા કરે શ્રીકાર. લ. હે.

શ્રી ઉત્તમવિજય રાસ–જૈન રા. રા. પૃ. ૧૫૫

આવા વિદ્વાન્ બહુ શ્રુત શિષ્ય પૂંજાશા ગુરૂચરણ સેવતા ગુરૂ પાસેજ વસે છે. તેવામાં પાટણ શહેરના શેઠ કચરા કીકા જેઓ સૂરતમાં આવી વસેલા છે, તેમનો વિચાર પોતે સન્માર્ગે ઉપાર્જેલી લક્ષ્મીનો સદ્વ્યય કરવા યાત્રા જવાનો નિર્ધાર કરી શ્રીમદ્ દેવચંદ્રજી પાસે આવે છે અને પોતાની સાથે કોઈ વિદ્વાન્ ગુણિયલ સિદ્ધાંત પારગામી સતપુરૂષને આપવા વિનંતી કરે છે.

પાટણ શહેરના વાણીઆ, કચરા કીકા નામ;
આવી સૂરતમાં રહ્યા, સુંદર જેહનું ધામ. ૧
પુણ્ય પ્રાકૃત જોરો થયો, લહી ક્ષેત્રાંતર યોગ;
મન ચિંતે સફલો કરૂં, લક્ષ્મીનો સંયોગ; ૨
આવી ગુરૂને વિનવે, કરશું તિરથ જાત્ર;
પઠિત પુરૂષ જો કોઈ દિયો, તો હોયે સફળી વાત. ૩
ગુરૂ પણ તેહ કુમારને, જાણી ચતુર સુજાણ;
તસ આગ્રહથી આપીયો, લક્ષણ રૂપ નિધાન. ૪

જૈન રાસમાળા. શ્રી ઉ. વિ. નિ. રાસ–પૃ. ૧૫૬

આ પૂંજાશાને યાત્રામાં સમેદ શિખરજીમાં જ્યાં યાત્રાળુઓને ઉપર ચઢવાનો ગામ ધણીનો હૂકમ નથી મળતો ત્યારે રાત્રે અદ્‌ભુત સ્વપ્ન આવે છે. ને પોતે ભવ્ય છે તથા સમકીત પામશે એમ શ્રી મંદિર સ્વામી કહે છે ને સવારમાંજ ઉપર ચઢવા આજ્ઞા મળે છે ( આ તમામ અધિકાર વિસ્તારથી જાણવા માટે શ્રી ઉત્તમવિજયજી નિર્વાણ રાસ. પૃ. ૧૫૬ માં જૈન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાસમાળામાં જોવું, ) આ યાત્રી મંડળ ફરતાં ફરતાં બુહ્રાણપૂર આવે છે ત્યાં કસ્તુરશાજીને ત્યાં ઉતરે છે. ત્યાં હિમચંદજી નામે સાધુ ઘણા તીવ્ર તપસ્વી છે. તેમના વૈરાગ્યથી ઉભરાતાં વ્યાખ્યાન, પૂંજાશા સાંભળે છે અને સંયમના રાગી બની પૂંજાશા હિમચંદજીને પોતે દિક્ષા ન લે ત્યાં સુધી ઘહું ન વાપરવા અભિગ્રહ કરે છે. સૌ સંઘે તેમની પાસેજ દીક્ષા લેવા વિનંતી કરી પણ પૂંજાશાએ તેમની દેશનામાં જિનપૂજાની અનુમોદના ન સાંભળવાથી પોતે તેમની પાસે દીક્ષા ન લેતાં ગુજરાત આવે છે.

ગુજરાત સૂરતમાં આવી ત્યાં વિશેષાવશ્યક વાંચ્યું ત્યાંથી અમદાવાદ આવ્યા, જ્યાં શ્રી યોગવિમલ ગણિ તથા જિન વિજય પન્યાસ આવી રહેલા હતા. તેમને વાંદી રળિયાત બનેલા પૂંજાશાએ પોતાની માતા પાસે આવી દીક્ષા લેવા દેવાની આજ્ઞા આપવા વિનંતિ કરી. પણ પુત્ર પ્રેમવાળાં માતાજી મોહવશ પોતે જીવતાં છતાં દીક્ષા ન લેવાનું કહેતાં માતાના ઉપકારના જાણ મૌન રહેલા પૂંજાશાએ તેમ કર્યું. કારણ માતા ઉત્તમ તીર્થથી પણ અધિક છે હવે પોતે ત્યાંજ રોજ વ્યાખ્યાન સાંભળે છે અને શ્રીજિન વિજય જેવા વ્યાખ્યાનના તથા શ્રી પૂંજાશા ( ઉત્તમ વિજય ) જેવા શ્રોતા મળતાં વકતાશ્રોતા યોગની ઉત્તમતાએકરી સિદ્ધાંતની ચર્ચાની ઝડીઓ વરસવા માંડી, આવી અલખ આત્માનંદની ચર્ચા કરતા ધર્મધ્યાન કરતાં પૂંજાશા ત્યાં રહ્યા, થોડા વખતમાંજ તેમનાં માતાજી સ્વર્ગવાસી થયાં અને તેમનું મૃત કાર્ય આદિ કરી શોક પરિહરિ વ્રત લેવાની ઇચ્છામાં તત્પર થયા અને ગુરૂશ્રી જિન વિજયજી ને દીક્ષા આપવા પ્રાર્થના કરી.

અમદાવાદ ગુસા પારેખની પોળમાં સં. ૧૭૯૮ ના વૈશાખ સુદિ છઠ્ઠના રોજ ઘણા મોટા ઓચ્છવ આડંબર સહિત જન સમુદાયની ભારે પ્રશંસા પામતા થકા સ્વામિભકિત કરી ચોરાશી ગચ્છના સાધુઓને ભોજન દાન દઇ બહેન ભાણેજોને સંતોષી શામળાની પોળે શામળા પ્રભુની સાનિધ્યમાં સંઘ સમક્ષ સંઘની આશિષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહિત શ્રીજિન વિજય પાસે ભવજલ તારનાર પ્રવહણ સમાન દીક્ષા અંગીકાર કરી શ્રી ઉત્તમ વિજય નામ, ગુરૂજીએ રાખ્યું. શ્રી જિન વિજય સમાન ગુરૂ તથા શ્રી (પૂંજાશા) ઉત્તમ વિજય સરખા શિષ્યની અતિ ઉત્તમ જોડી (કે જેવી મલવી દુર્લભ) જોઈ વિદ્વાનો–જ્ઞાનીઓ–તથા શ્રાવક શ્રાવિકા સાધુ સાધ્વી ધન્ય ધન્ય ઉથરવા લાગ્યાં આ ઉત્તમવિજયજીને શ્રીમદ્ દેવચંદ્રજીએજ ભણાવી સિદ્ધાંતના પારગામી બનાવી આ સ્થિતિએ પહોંચાડયા ત્યાંથી પ્રેમાપૂર ચોમાસુ કર્યું અને ઉતર્યે ચોમાસે સુરત આવ્યા ત્યાંથીઃ–

મલ્યું પાદરા ગામ ગુરૂએ કોઈ કારણે મ્હારા લાલ.
અનુક્રમે આવ્યા પાદરા ગામને બારણે. મ્હારા લાલ.
સામૈયું સંગે કરી ગુરૂ પધરાવીઆ. મ્હારા લાલ.
આગ્રહ કરીને ભગવતી સૂત્ર મંડાવીઆ. મ્હારા લાલ.

વિ. સં. ૧૭૯૯ માં પાદરામાં પધાર્યા

શ્રી ઉત્તમ વિજયજીને લઈને શ્રી જિન વિજયજી પાદરા ગામે ખાસ ઇચ્છા પૂર્વક પધાર્યા આ વખતે પાદરા (લેખકનું ગામ) ની જાહોઝલાલી સારી સંભવે છે તેમજ ત્યાં તત્સમયે શ્રોતાઓ પણ દ્રવ્યાનુ યોગ તથા સિદ્ધાંતના વ્યાખ્યાનોની રસ ધારાઓ ઝીલી શકે તેવા હોવાજ જોઇએ, નહીં તો આવા રત્ન સરખા ગુરૂજીને સામૈયું કરી લાવી ભગવતી સૂત્ર જેવા ગહન વિષય આગ્રહ કરી વંચાવે નહીં (અને અત્યારે પણ પાદરા ગામમાં દ્રવ્યાનુંયોગના જ્ઞાતા શ્રોતાઓ છે તથા વિદ્વાન્ મુનિરાજોનાં ચાતુર્માસ થાય છે.

અહિં શ્રી જિનવિજયજીએ ઉત્તમવિજયજીને નંદિસૂત્ર વંચાવ્યું. અને શ્રાવણ માસની શુકલાદશમીએ ભગવતીસૂત્ર વાંચતાં વાંચતાંજ જિનવિજયજીએ દેહોત્સર્ગ કર્યો, અને જ્યાં તેમને અગ્નિ દાહ દીધેલો ત્યાં તળાવ કાંઠે તેનો સ્મરણ સ્તંભ (દેરી) અદ્યાપિ તેની સાક્ષી પૂરી રહેલી છે. ત્યાંથી ગ્રામાનુ ગામ વિહાર કરતા કરતા તેઓ ભાવનગર આવ્યા અને ત્યાંજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોમાસુ કર્યું. અહીં રહેલા શ્રી ઉત્તમ વિજયજીએ સિદ્ધાંતોના વધુ અભ્યાસ માટે શ્રીમદ્ દેવચંદ્રજીને આમંત્રણ કરી બોલાવ્યા હતા. તેઓ ખરતર ગચ્છના હતા છતાં તેમજ ઉત્તમ વિજયજી તપગચ્છના હોવા છતાં પણ પોતાના ભૂતકાળના પ્રિયશિષ્ય પરની ઉપકાર બુદ્ધિથી પ્રેરાઈ ભાવનગર ગયાઃ—

ભાવનગર આદેશે રહ્યા ભવિ હિત કરે મારા લાલ,
તેડાવ્યા દેવચંદ્રજીને, હવે આદરે મારા લાલ.
વાંચે શ્રી દેવચંદ્રજી પાસે, ભગવતી મારા લાલ,
પન્નવણા અનુયોગ દ્વાર, વળી શુભ મતિ મારા લાલ.
સર્વ આગમની આજ્ઞા દીધી, દેવચંદ્રજી મારા લાલ,
જાણી યોગ્ય તથા ગુણગણના વૃંદજી મારા લાલ.

જૈ. રા. મા. શ્રી ઉત્તમવિજય નિર્વાણ રાસ. પૃ. ૧૬૩

વિ. સં. ૧૭૭૫ સુધી શ્રીમદ્ દેવચંદ્રજી પાટણમાં હતા. તત્પશ્ચાત્ તેઓશ્રી મોટા કોટનગર પાસેના મરોટ ગામમાં ચાતુર્માસ રહ્યા હતા. તે પછી ૧૭૭૮ માં ગુજરાત અમદાવાદ આવ્યા હતા. ત્યાં ૧૭૭૮–૧૭૭૯ ૧૭૮૦ ના ચાતુર્માસ થયા હોય એમ સંભવે છે. તે પછી શ્રીમદે વિહાર કરી ખંભાત વડોદરા પાદરા ભરૂચ થઈ સૂરત વિહાર કર્યો. ત્યાંથી વિચરતા વિચરતા પુનઃ ૧૭૮૭ માં અમદાવાદ પધાર્યા હતા. અમદાવાદના શ્રદ્ધાવંત શ્રાવકોએ બહુ ભક્તિભાવ પૂર્વક આ મહા સમર્થ સિદ્ધાંત પારંગત જ્ઞાની પુરૂષને નાગોરિસરાહમાં પધરાવ્યાઃ—

સંવત્ સત્તર સત્યાસીએ, આવ્યા અમદાવાદ,
લોક સહુ તિહાં વાંદવા, આવ્યા મન આહ્લાદ.
નાગોરિસરાહ જિહાંઅ છે, તિહાં ઠવીયા મુનિરાજ,
નિર્લોભી નિષ્કપટતા, સકલ સાધુ શિરતાજ.
સાધુ શ્રી દેવચંદજી, સ્યાદ્વાદની યુક્તિ,
જીવ–દ્રવ્યના ભાવને, દેખાડે તે વ્યક્તિ.

દેવવિલાસ. પૃ. ૨૪.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે શ્રીમદ્ દેવચંદ્રજીએ રાજનગર ક્ષેત્રમાં પોતાની સ્યાદ્વાદ શૈલી યુક્ત ગૂઢ ગંભીર જ્ઞાન સદ્બોધની વર્ષાની ઝડીઓ વરસાવવા માંડી. રાજનગરનો તત્ત્વજીજ્ઞાસુ શ્રોતા સમુદાય ચાતકની પેઠે અતિ ઉલ્લાસ પૂર્વક આ અણમૂલ ઉપદેશ રૂપી અમૃતનું પાન કરવા લાગ્યો. આ સમયે શ્રીમદ્‌ના વાણી સુધાવર્ષણ માટે કવિપણ કથે છે કેઃ—

તે હવે દેશના સાંભળો,
શ્રાવક શ્રાવિકા જેહ.
વાણી જલ આષાઢ સમ,
વરસે દેવની ઘનગેહ.

શ્રી. દે. વિ. પૃ. ૨૪.

આવી તત્ત્વજીજ્ઞાસુ શ્રોતા મંડળી પાસે શ્રીમદ્ અઢાર પાપસ્થાનકનો અધિકાર વિસ્તાર પૂર્વક સાંભળવા લાગ્યા, અને આ અઢાર પાપસ્થાનક નિવારી સમકીત પ્રાપ્તિના હેતુ રૂપ સપ્તનય, નિક્ષેપ, જીવાજીવ, ચૌદ ગુણ સ્થાનક આદિ અતીવ ઉપયોગી અને જાણવા યોગ્ય વિષયો પર બહુ ઉત્તમ પ્રકારની ઝીણવટથી વ્યાખ્યા કરી. આ પછી ભગવતી સૂત્ર જેવા ગહન ગ્રંથનું વાંચન શરૂ કર્યુંઃ—

ભગવઈ સૂત્રની વાંચના,
સાંભળે જનના વૃંદ.
વાણી મીઠી પીયુષ સમ,
ભાંખે શ્રી દેવચંદ.

શ્રી. દે. વિ. પૃ. ૨૯.

આ અમૃત સમાન ઉપદેશના શ્રવણથી માણેકલાલજી નામે એક શ્રાવક કે જેને ઢુંઢકનો પાસ હોવાથી પ્રતિમા પૂજા પરની તેની શ્રદ્ધા ડગી ગયેલી, તેને ઘણીજ ઉત્તમ અસર થઈ. ગુરૂશ્રીએ તેને ખાસ ઉપદેશ આપી બુઝવ્યો તથા પ્રતિમા પૂજાની દ્રઢ શ્રદ્ધા કરાવી તેની મિથ્યાત્વની કાશ કાઢી નંખાવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ નવીન જન્મ થાય તેવો સમય ગણી માણેકલાલજીએ નવીન ચૈત્ય કરાવ્યું તેમાં પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી નવા નવા ઓચ્છવો માંડયા. જિન ચૈત્યમાં પ્રભુ પૂજા પ્રભાવનાની લહેરો ઉડવા લાગી.

આ ઉપરાંત હાઝા પટેલની પોળમાં શ્રી શાંતિનાથજીની પોળમાં જિન ચૈત્યના ભોંયરામાં સહસ્ર ફણા આદિ સહસ્રકૂટ જિન બિંબની પ્રતિષ્ઠા કરાવી ઓહોળી લક્ષ્મીનો સદ્વ્યય ઉલ્લાસ પૂર્વક કર્યો. શ્રી સહસ્રફણાનો લેખ નીચે પ્રમાણે છેઃ—

## શ્રી સહસ્રફણાનો લેખ.

આ લેખ અમદાવાદમાં હાઝા પટેલની પોળમાં શાંતિનાથની પોળના બીજા દેરાસરના વચલા ભોંયરામાં શ્રી સહસ્રફણા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી છે તેનો શિલા લેખ છે જે અદ્યાપિ મોજુદ છે.

**संवत १७८४ वर्षे मार्गशीर वदि ५ दिन सहस्र फणाथी मंडित श्री श्री पार्श्वनाथ परमेश्वर बिंबं कारितं उकेश वंशे साह प्रतापशा भार्या प्रतमदे पुत्र शा. ठाकरशी केन आणंदबाइ भगनी झत्रर युतेन बृहत खरतर गच्छे भट्टारक श्री युग प्रधान श्री जिन चन्द्रसूरि शिष्याणां महोपाध्याय श्री............शिष्य उपाध्याय श्री देवचन्द्र गणि शिष्य युतैः**

ખંભાત ચાતુર્માસ

સંવત ૧૭૭૯ (?) મેં, ચાતુર્માસ ખંભાત.
તિહાંના ભવિને બુઝવ્યા જેહના અવદાત

દેવવિલાસ પૃ ૩૦

સંવત ૧૭૭૯ માં શ્રીમદ્ દેવચંદ્રજી ખંભાત બંદરે ત્યાંના ભવિજનોને ધર્મદેશના દેવા પધાર્યા ત્યાં ચાતુર્માસમાં દેશના મૃતની ઝડીઓ વરસવી શરૂ થઈ અને શત્રુંજય મહાતીર્થાધિસ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જનો મહિમા વર્ણવવા માંડયો શ્રી રૂષભજીણુંદની વાણી મુકિત-માર્ગ ગમનનું મહાન્ તીર્થ જે શાસ્વત છે તેનો પ્રભાવ તથા શત્રુંજય તીર્થના ઉદ્ધાર પંચમ વિષમ આરો જે ૨૧૦૦૦ વર્ષનો છે તે સમયમાં આ શાસ્વતા મહાતીર્થનું રહસ્ય એવું તો અદ્ભૂત રીતે ચર્ચ્યું કે શ્રી સ્તંભનતીર્થ (ખંભાત) ના ધનાઢય શ્રેષ્ટિ વર્ય શ્રાવકોએ આ મહાતીર્થ ઉપર તીર્થોદ્ધાર કરાવવા માંડયો તેમજ નવાં નવાં ચૈત્યો કરાવવા માંડયાં તેમજ ડુંગર ઉપર કારખાનું શરૂ કરી જીર્ણોદ્ધારમાં અગણિત દ્રવ્ય ખરચવા માંડયાં જે કાર્ય જોઇ સૌનાં મન હૃદય હર્ષોલ્લાસે ઉભરાવા લાગ્યાં.

સંવત ૧૭૮૧—૧૭૮૨—૧૭૮૩ ડુંગરપરનાં ચૈત્યોમાં અદ્ભૂત પ્રકારે જીર્ણોદ્ધાર થયો તેમજ નયનમનોરંજક મંદિરો પ્રકટયાં આવાં અદ્ભૂત જીર્ણોદ્ધારનાં સત્કાર્યો કરાવી પુનઃ શ્રીમદ્ રાજનગર પધાર્યા ત્યાંતો સુરત બંદરની સુશ્રાશ્રોત શ્રાવકોની ચાતુર્માસ માટે વિનંતિ આવી અને પોતે ત્યાં પધાર્યા ત્યાં ૧૭૮૫–૧૭૮૬–૧૭૮૭ રહી ત્યાંના ધર્માર્થરક્ત શ્રાવકો ને બહુધા પ્રકારે તત્ત્વજ્ઞાન તેમજ સિદ્ધાંતોના અમૂલ્ય ઉપદેશો દઇ કૃતાર્થ કર્યા. આ પ્રસંગે સુરતમાં શાસનોન્નતિનાં ઘણાં સત્કાર્યો થયાં હતાં. અહીંથી શ્રીમદ્ પાલીતાણે સિદ્ધ ગિરિ ઉપર ગયા તથા શ્રેષ્ઠિ વર્ય શ્રી વધુશાયે બંધાવેલ ભલા જિન મંદિરમાં તથા બીજાં અનુપમ જિન ચૈત્યોની પ્રતિષ્ઠાઓ કરી શાશન સેવા તથા પ્રભાવના કરી.

## દીપચંદ સ્વર્ગગમન.

અહિંથી પાછા વળી ગામનગર આકાર પ્રતિ ફરતા ફરતા પુનઃ રાજનગર આવ્યા અહીં *૧૭૮૮ નું ચોમાસું રહ્યા આ ચાતુર્માસ દરમીયાન શ્રીમદ્ દેવચંદ્રજીના ગુરૂશ્રી પંડિત શિરોમાણ વાચક શ્રી દીપચંદજી પાઠકને ઉદરનો વ્યાધિ લાગુ પડયો તથા સર્વ

* ૧૭૮૮ માં શ્રીમદ્ પાલીતાણે પોતાના ગુરુ સાથે શ્રીકુંથુંનાથજીની પ્રતિષ્ઠા વખતે હાજર હોવાથી દેશાઇ મો૦ દ૦ જણાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રિયાઓ કરતા થકા ૧૭૮૮ ના અશાડ સુદિ ૨ ના રોજ શુભ ધ્યાનમાં મગ્ન એવા શ્રી દીપચંદજીએ સ્વર્ગગમન કર્યું.

આજ સમયે રાજનગરના શ્રી તપાગચ્છના વિવેકી વિચક્ષણ શ્રી વિવેકવિજય મુનિરાજ શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ પાસે વિનય તથા ઉદ્યમ પૂર્વક અભ્યાસ કરતા હતા. જો કે શ્રીમદ્ દેવચંદ્રજી શ્રી વિવેકવિજયજીના દીક્ષા ગુરૂ નહતા છતાં પણ જ્ઞાન દાન દેનાર ગુરૂ મહારાજ શ્રીમદ્ દેવચંદ્રજી ઉપર શ્રી વિવેકવિજયજી ગુરૂ જેટલોજ ભક્તિભાવ રાખતા. તથા તેમની ખીજમતમાં ( તહેનાતમાં–સેવામાં ) ભક્તિભાવ પૂર્વક હમેશાં રહેતા. આવો ઉત્કૃષ્ટ ભક્તિભાવ દેખી શ્રીમદ્ દેવચંદ્રજીનો પ્રેમ પણ શ્રી વિવેકવિજયજી ઉપર ઘણો થયો.

આ સમયે રાજનગરમાં રત્ન ભંડારીના અગ્રેસર કારભારીજી સુપ્રસિદ્ધ શાહ આણંદરામ રહેતા હતા. જેઓ જ્ઞાની તથા સિદ્ધાંતની ચર્ચા કરી શકે તેવા વિદ્વાન્ હતા તેથી શ્રીમદ્ તથા આણંદરામને હમેશાં ધર્મચર્ચા થયા કરતી. આ ચર્ચાઓમાં શ્રીમદ્, આણંદરામને જીતતા, આમ આણંદરામની શ્રીમદ્ ઉપર ગુરૂ ભકિત વધી. અને હમેશાં આવી ઉત્તમ ચર્ચામાં સમય જવા લાગ્યો. ચર્ચા કરનાર બન્ને પક્ષવાળા પણ સુયોગ્યજ્ઞાની હોય ત્યારે ચર્ચામાં ઓર અનેરો આનંદ–રસ આવે છે.

શાહ આણંદરામને ગુરૂ પર ઘણો પ્રીતિ ભાવ વધતાં તેમણે શ્રી રત્ન ભંડારીજીને શ્રીમદ્‌ના આત્મગુણોની હકીકત કહી સંભળાવી, કે જૈન ધર્મમાં વૃષભ સમાન જ્ઞાનીઓના શિરોમણિ એવા સદ્‌ગુરૂ રાજ શ્રીમદ્ દેવચંદ્રજી, મરૂ સ્થળ ( મારવાડ ) થી અત્રે સદ્‌ભાગ્યે પધાર્યા છે. જેઓ સકલ વિદ્યા વિશારદ, ભેદજ્ઞાનથી વિભૂષિત, મહા અધ્યાત્મજ્ઞાની, પ્રખર ત્યાગી છે, જ્ઞાનના ભંડાર તથા આગમ સિદ્ધાંતોના પારગામી છે. આમ પ્રશંસા સાંભળી શ્રી રત્નસિંહ ભંડારી ગુરૂ મહારાજને વંદન કરવા ઉપાશ્રયમાં આવ્યા. ગુરૂ મહારાજે પણ તેમને નય ઉપ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નય આદિ વડે યુક્ત એવો સુરસાળ સદ્‌બોધ સંભળાવ્યો જે સાંભળી તેઓ ઘણાજ પ્રસન્ન થયા. શ્રીમદ્‌ના ઉપદેશથી રત્ન ભંડારી હવે મોક્ષ મન્દિરની નિસરણી સમાન શ્રી જિનવરની પૂજા ભક્તિ કરવા લાગ્યા. ગુરૂ વચને જીનશાસન ઉજવળ કર્યું. ભંડારીજી મુસલમાન બાદશાહ તરફના ગુજરાતના સુબા હતા. તેમને શ્રીમદે નમાવ્યા. પ્રતિબોધ્યા તથા ધર્મ માર્ગમાં ઉદ્યમવંત કર્યા.

રત્નસિંહજીએ જિન ચૈત્યોમાં વિવિધ પ્રકારી પૂજાઓ ભણાવવા રચાવવા માંડી તથા ઘણાં બિંબની પ્રતિષ્ઠાઓ થવા લાગી. તથા ભંડારીજી લાખેણો લ્હાવો લેવા લાગ્યા તથા વિચારવા લાગ્યા કે આ ગુરૂ સમાન અન્ય કોઈ ગુરૂ નથી.

(મરકી) એવામાં વિધિની વક્રદ્રષ્ટિના યોગે રાજનગરમાં મરકીનો દુષ્ટ ઉપદ્રવ ફાટી નીકળ્યો અને અહોળો જન સમુદાય કાળને વશ થવા લાગ્યો આથી સર્વે વ્યવહારીઓને સાથે લઈ શ્રી રત્નસિંહજી ભંડારી ગુરૂમહારાજ પાસે પધાર્યા તથા શિર નમાવી મરકીના ઉપદ્રવ સંબંધી તમામ હકીકત સંભળાવી બોલ્યા જે રાજનગરમાં આ ઉપદ્રવે ઘણો ઉત્પાત મચાવી મુકયો છે વળી એની શાંતિ માટે આપ સરખા સમર્થ ગુરૂ અમારા માથે બેઠા છતાં બીજા કોને શરણે અમારે જવું તમે સર્વ દુઃખને હરવા શકિતમાન છોજી ગરૂશ્રીએ પણ જૈન માર્ગના મંત્રાદિથી મંત્રેલા લોહ ખીલા ઠોકયા અને તેથી રાજનગરમાંથી મૃગી ( મરકી ) ઉપદ્રવ દૂર ભાગ્યો અને તેથી લોકોના પ્રાણહારક ભય ટળ્યા, આથી સર્વત્ર શ્રીમદ્ દેવચંદ્રજીની ભારે પ્રશંસા થવા લાગી. આ તકે દુખમારે પંચમ આરે જિન શાસનના ઉદ્ધાર કરનાર તથા આવા મહા ઉપદ્રવોને દૂર કરનાર સર્વનાં દુઃખ ટાળનાર એક શ્રી દેવચંદ્રજી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવામાં દક્ષિણ દેશના રણકુજી નામોસરદાર, રત્ન સિંહજી ભંડારી સાથે કોઈ રાજકીય બાબતમાં તકરારના કારણે યુદ્ધ કરવા આવ્યા. અને યુદ્ધના આવાહનને ડંકો દીધો. આ જોઈ રત્નસિંહજી તત્કાળ ગુરૂમહારાજ પાસે આવ્યા.

એહવે સમે રણકુજી આવ્યા,
બહુલુ સૈન્ય લઈનેરે;
યુદ્ધ કરવા ભંડારી સાથે,
આવ્યો નગારૂં દઈનેરે. ધન.
રતનસિંઘ ભંડારી તત્‌ક્ષિણ,
આવ્યો શ્રી ગુરૂ પાસેરે;
કાંઈ કરણો દલ બહોતજ આવ્યો,
મેં છાં થાકે વિશ્વાસેરે. ધન. ૯
ફીકર મત કરો ભંડારીજી,
પ્રભુજી આછો કરસ્યેરે;
જીત વાદ થાહરો અબ હોસ્યે,
કરણી પાર ઉતરસ્યેરે. ધન. ૧૦
ચમત્કાર શ્રી જિન આમ્નાયોની,
ગુરૂજીએ તે દીધોરે;
ફતેહ કરીને આજો વહિલા,
થાંકો કારજ સિધોરે. ધન. ૧૧
રત્નસિંઘજી સૈન્ય લઈને,
યુદ્ધ કરવાને સાહમોરે;
રણકુજી સાથે તોપખાને,
ચાલ્યો ન કરે ખાળોરે. ધન. ૧૨
પરસ્પરે યુદ્ધે રણ કુજી હાર્યો.
થઈ ભંડારીની જીતરે !
એ સર્વ દેવચંદ્રજી ગુરૂ પસાયે.
હેમાચાર્ય કુમારપાળ પ્રીતરે. ધન. ૧૩

શ્રી. દે. વિ. પૃ. ૩૫.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમ શ્રીમદ્ શ્રી જિન આમ્નાયના મંત્ર તંત્રાદિથી ગુરૂ ભક્ત એવા શ્રી રત્નાસંઘજીને બહુ રીતે સ્હાય કરી તેના યશને વિસ્તારતા વિજય અપાવે છે.

ચાતુર્માસ પૂર્ણ થયે શ્રીમદ્ વિહાર કરી ધોળકા આવ્યા. ત્યાં અન્ય મતનું પ્રબળ જોર હતું. અહિં સત્ય ધર્મની પ્રરૂપણા કરતાં ઉપદેશામૃત વરસાવતા શ્રીમદ્ નિવસે છે. અહિં જિન શાસનમાં રત્ન સમાન શેઠ જયચંદ્ર વસે છે તેને ગુરૂ પ્રતાપે ચર્ચાવાદમાં એક પુરૂષોતમ નામે યોગીને જીતીને ગુરૂશ્રી પાસે આણ્યો અને પગે લગાડયો. ગુરૂશ્રીએ પણ તેનુ મિથ્યાત્વ શલ્ય ઉપદેશ શલાકાથી કાઢી નાંખીને તેને બુઝવ્યો. તથા જૈન ધર્મમાં દ્રઢ શ્રદ્ધાવંત બનાવ્યો. સમર્થ જ્ઞાની એવા શ્રીમદ્ દેવચંદ્રજી આમ ભવિજનો પર બહુ ઉપકાર કરતા વિચરતા વિચરતા' ૧૭૯૫ માં શ્રી પાલીતાણે આવ્યા. અને તેમણે અહિંજ શ્રી વીશ વિહરમાન વીશી બનાવી છે. અને જિન ચૈત્યમાં પ્રતિષ્ઠા કરાવી. ત્યાંથી ૧૭૯૬ માં શ્રી નવાનગર પધાર્યા તથા ત્યાં ૧૭૯૬ ના કારતક શુદ ૧ ના રોજ વિચારસાર ગ્રંથ પૂર્ણ કર્યો તથા કારતક સુદિ ૫ જ્ઞાન પંચમીએ શ્રી જ્ઞાનમંજરી ટીકા પૂર્ણ કરી છે. અહીં ૧૭૯૬-૯૭ ના બે ચાતુર્માસ શ્રીમદે કર્યા છે. નવાનગરમાં ઢુંઢકમત વિશેષ પ્રસરેલો હોવાથી ઢુંઢકોના પાસથી જૈનોનો કેટલોક ભાગ શ્રી જિન ચૈત્યોમાં પૂજા વિગેરે કરતો બંધ પડેલો, તેમને શ્રીમદે પોતાના પ્રખર ઉપદેશ, શાસ્ત્રોથી બુઝવી પુનઃ તેમને જિન ચૈત્યોમાં પૂજા કરવા વિગેરે સત્કાર્યોમાં જોડયા તથા શ્રી નવાનગર આદ જિન સ્તવનની રચના કરી. (શ્રીમદ્ દે. ચં. ભા. ૨ પૃ. ૯૧૯.) આમ નવાનગરમાં શ્રીમદે ઢુંઢક સાધુઓને જીતી જેઓ પ્રતિમાપૂજક ન હતા તેમને પ્રતિમા પૂજક બનાવ્યા તથા જિન શાસનનો યશ પરિમલ વિસ્તારી પરધરી ગામના ઠાકોરને બુઝવી જિન ભક્ત તથા પોતાનો અનુયાયી બનાવ્યો. સ્યાદ્‌વાદ શૈલીના જાણ પુરૂષો સ્વપરને અતિશય ઉપકારી થઈ શકે છે તે આથી સ્પષ્ટ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિ. સંવત્ ૧૭૯૮ માં શ્રીમદ્ પુનરપિ પાલીતાણે પધાર્યા, અને ત્યાંજ ચાતુર્માસ કર્યું. આ ચાતુર્માસમાં પણ શ્રીમદ્‌ના વરદ હસ્તે શાસનોન્નતિનાં ઘણાં સત્કાર્યો થયાં. શ્રીમદ્‌ને શ્રી શત્રુંજય તીર્થાધિરાજ પર કેટલો બધો ઉત્કૃષ્ટ ભક્તિભાવ હશે તેનો ખ્યાલ તેઓશ્રીએ કરેલી યાત્રાઓ તથા કરાવેલા ઉદ્ધાર પ્રતિષ્ઠાઓ ઉપરથી સ્પષ્ટ જણાઇ આવે છે.

આ પછીના ચાતુર્માસ માટે કવિયણના કથ્યાં પ્રમાણેઃ

પુનરપિ પાલીતાણે ગુરૂ
પુનરપિ નૂતન નગ્ર.

શ્રી. દે. વિ. પ્ર. ૩૮

એટલે ૧૭૯૯ થી ૧૮૦૧ ના ચાતુર્માસ પાલીતાણા તથા નવાનગરમાં થયાં હતાં. આ ચાતુર્માસો પછી ૧૮૦૨-૦૩ માં નવાનગર નજીક રાણાવાવ ગામના ઠાકોરનો ભગંદરનો અસાધ્ય વ્યાધિ નિવારી તેને બુઝવી પોતાનો ભક્ત બનાવ્યો હતો, અને ત્યાંજ ચાતુર્માસ કર્યાં હતાં. દરમીઆન શેશકાળમાં એટલે ૧૮૦૩ માં શ્રીમદ્ પં. ઉત્તમવિજયજી ભાવનગર ચાતુર્માસ રહેલા હતા, તેમણે શ્રીમદ્ દેવચન્દ્રજીને અભ્યાસ કરાવવા આમંત્રણ કરી બોલાવવાથી પોતે ત્યાં ગયા હતા. ત્યાં તેમણે પં. ઉત્તમવિજયજીને ભગવતીસૂત્ર, પન્નવણાજી, અનુયોગદ્વાર વિગેરે ગહન સૂત્રો ધરાવ્યાં હતાં.

આ હકીકત વર્ણવતાં શ્રી ઉત્તમવિજયજીના નિર્વાણ રાસમાં શ્રી પદ્મવિજયજી મહારાજ નીચે પ્રમાણે જણાવે છેઃ—

ભાવનગર આદેશે રહ્યા ભવિહિત કરે મારા લાલ.
તેડાવ્યા દેવચંદ્રજીને હવે આદરે મારા લાલ.
વાંચે શ્રી દેવચંદ્રજી પાસે ભગવતી મારા લાલ.
પન્નવણા અનુયોગ દ્વારવળી શુભમતિ મારા લાલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ આગમની આજ્ઞા દીધી. દેવચંદ્રજી મારા લાલ.
જાણી યોગ તથા ગુણગણના વૃંદજી મારા લાલ.
જૈન રાસમાળા શ્રી ઉ. વિ. નિ. રાસ. પ્ર.

શ્રીમદ્ દેવચન્દ્રજી પાસે પૂર્વે સંસારીપણામાં પણ ઉત્તમવિજયજી ( પૂંજાશાએ ) સિદ્ધાંતોનો અભ્યાસ કર્યો હતો. તથા પુનઃપણ તેમણે શ્રીમદ્‌ની પાસેજ ગહનવિષયોથી પૂર્ણ એવા સિદ્ધાંતો ધાર્યા છે. ઉત્તમવિજયજી જેવા સમર્થ પુરૂષને પણ સૂત્ર સિદ્ધાંતોનું અધ્યયન કરાવનાર શ્રીમદ્ દેવચન્દ્રજીનો ક્ષયોપશમ તથા સિદ્ધાંતનું પારગામીપણું કેટલું પ્રખર હશે તેનો તેનો ખ્યાલ આવશેજ.

૧૮૦૩ ના ચોમાસા પછી શ્રીમદ્ સુરત ગયા, અને ત્યાંથી પાછા શેઠ કચરા કીકાશાના સંઘમાં પાલીતાણે આવ્યા હતા.

શેઠ કચરાશા કીકાશા એ મૂળ પાટણના રહેવાસી જૈન શ્રેષ્ઠી હતા. તથા સુરત બંદરે વ્યાપારાર્થે જઇ ત્યાંજ કાયમ નિવાસ કરી રહ્યા હતા, તેઓ ઘણાજ શ્રીમંત, જૈનશાસનના રસિયા, શ્રદ્ધાવંત, તથા યાત્રાદિમાં દ્રવ્યવ્યય કરવામાં બહુજ હોંશીલા હતા. તેમણેજ પૂર્વે શ્રીમદ્ દેવચન્દ્રજી પાસે શ્રી સમેત શિખરજી યાત્રા માટે જતાં કોઈ જ્ઞાની યોગ્ય પુરૂષ સાથે લઈ જવા માંગેલ હતો, અને શ્રીમદે પૂંજાશા ( પાછળથી શ્રી ઉત્તમવિજયજી ) ને આપેલા હતા. આ પરથી તેમનો જ્ઞાન ચર્ચા પરનો પ્રબળ પ્રેમ વ્યકત થાય છે. તેમણે શત્રુંજયના સંઘો, ઘણી વખત કાઢયા હતા. આ વખતે તેઓ શ્રીમદ્ દેવચન્દ્રજીને સાથે લઈ શ્રી સિદ્ધગિરિ યાત્રા નિમિત્તે શ્રી સંઘ લઈ આવ્યા છે. આજ પ્રસંગે ભાવનગરથી પાલીતાણા આવેલા સંઘમાં શ્રી ઉત્તમવિજયજી પણ આવ્યા છે, અને શ્રીમદ્ દેવચન્દ્રજી તથા શ્રી ઉત્તમવિજયજી બન્ને અરસપરસ મળી ઘણાજ આનન્દિત બન્યા છે. સંસારી પણામાંથીજ શ્રીમદ્ દેવચન્દ્રજીપર શ્રી ઉત્તમવિજયજીનો પૂજ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવ હતો, અને તેમની પાસે શાસ્ત્રાભ્યાસ કર્યો હતો. સાધુપણામાં પણ શ્રીમદ્ પાસે સૂત્ર સિદ્ધાંતો તેમણે ધાર્યાં હતાં. અને પુનઃ સિદ્ધાચળ જેવા પરમ સાત્વિક પૂર્ણ સ્થળે બન્નેનું મિલન કેવું આલ્હાદ જનક બન્યું હશે તેનો ખ્યાલતો કોઈકનેજ આવી શકે.

આ યાત્રાના પ્રસંગે શ્રીમદે સંઘવીનું સિદ્ધાચળજીનું સ્તવન લખ્યું છે તેમાં નીચે પ્રમાણે ઉલ્લેખ કર્યો છે તે ઉપરથી શેઠ કચરા કીકાનો ભક્તિભાવ જણાઈ આવે છે.

સંવત અઢાર ચિડોતેર વરસે
સિતમૃગ સિરતેરસીચે, !
શ્રી સુરતથી ભક્તિ હરખથી
સંઘ સાહત ઉલ્લસીચે !
કચરા કીકા જિનવર ભકિત
રૂપચંદ ગુણવંતજી એ !
શ્રી સંઘને પ્રભુજી ભેટાવ્યા,
જગપતિ પ્રથમ જિણંદજીએ !
જ્ઞાનાનન્દિત ત્રિભૂવન વન્દિત
પરમેશ્વર ગુણભીના !
દેવચંદ્ર પામે અદ્ભૂત.
પરમ મંગળ લયલીના !

શ્રી દે. ચં. કૃત શ્રી શત્રુંજય સંઘવી સ્તવન રચના વિ. સં. ૧૮૦૪ માગસર સુ. ૧૩

ત્યાંથી શ્રીમદ્ ભાવનગર વિહાર કરી ગયા હતા. ભાવનગરમાં મહેતા ઠાકરસી નામે એક જૈન ને ઢુંઢકનો સજ્જડ પાસ હોવાથી તેને શ્રીમદે બુજવી સત્ય ધર્મની પૂર્ણ શ્રદ્ધા કરાવી ધર્મમાં શુભમાર્ગ ગામી બનાવ્યો હતો. તેમજ ત્યાંના ઠાકોરને સદ્દુપદેશ દઇ બુજવી જિનમતાલંબી બનાવ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિ. સં. ૧૮૦૪ માં પાલીતાણામાં મૃગી (મરકી) નો ભયંકર ઉપદ્રવ ફાટી નીકળ્યો હતો. તે શ્રીમદે જૈન મંત્રોના પ્રતાપે બંધ કરી પુનઃ શાંતિની સ્થાપના કરી હતી. આ બાબતનો ઉલ્લેખ શ્રી કવિયણ નીચે પ્રમાણે કરે છે.

સંવત અષ્ટાદશ ચારમે, પાલીતાણે ગામ !
મેતા ઠાકરશી ભલો, ઢુંઢકનો બહુ પાસ (પ્યાર ?)
શ્રી દેવચંદ્રે બુઝવી, શુભ માર્ગનો વાસ !
તત્રના ઠાકુર તણી,–મત કીધી જૈન પાસ !
સંવત્ અષ્ટાદશ ચારમે, પાલીતાણે ગામ !
મૃગી ટાળી ગુરૂજીએ, શ્રી ગુરૂજીને નામ !

શ્રી. દે. વિ. પૂ.

સં. ૧૮૦૫–૦૬ નાં ચાતુર્માસ શ્રીમદે લીંમડી નગર કર્યાં હતાં. આ ચાતુર્માસમાં શ્રીમદે ધર્મ ઉપદેશામૃતવર્ષણથી ત્યાંના ધર્મ જીજ્ઞાસુ શ્રાવકોને પ્રતિબોધ્યા હતા. તેમજ ઘણા મિથ્યાત્વીઓને સત્ય અને શુભ માર્ગગામી બનાવ્યા હતા. તેમજ લીંમડીના આગેવાન શ્રેષ્ઠિ શ્રાવકો ડોસાવોરા તથા શાહ ધારશીભાઈ તથા શાહ જયચંદ તથા શાહ જેઠાશાહ તથા શેઠ કપાસી આદિ જ્ઞાનપિપાસુ શ્રાવકોને સૂત્ર સિદ્ધાંતો ભણાવ્યાં તેમજ જૈન ધર્મમાં દ્રઢ કરી અનેક ઉપકારો કર્યા હતા. તેઓ પણ શ્રીમદ્‌ના આ અનન્ય ઉપકારને ન વિસરતાં ધર્મમાર્ગમાં તત્પર થયા હતા, તેમજ પોતે ઉપાર્જન કરેલી લક્ષ્મીને શુભ માર્ગે વ્યય કરતા હતા. ધાંગધ્રા, ચૂડા, વિગેરે શહેરોના શ્રાવકોને સદુપદેશ વર્ષણથી બુઝવી શુભ માર્ગગામી બનાવ્યા હતા, લીંમડી, ચૂડા, ધ્રાગધ્રા આ ત્રણે ઠેકાણે શ્રીમદે જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી હતી. ધ્રાગધ્રામાં શ્રી સુખાનંદજી તેમને મળ્યા હતા. જેમના પર શ્રીમદ્‌ને ઘણો પ્યાર હતો આ સંબંધી ઉલ્લેખ નીચે પ્રમાણે:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંવત અષ્ટાદશ પંચ ષષ્ટમેં,
લીંમડી ગામ ઉદાર
ડોસો વોહરો શાહ ધારશી,
અન્ય શ્રાવક મનોહાર.
શાહશ્રી જયચંદ જાણુએ,
સાહા જેઠા બુદ્ધિવંત,
રહી કપાસી આદિ દેઈ,
ભણાવ્યા ગુરૂઈ તંત,
ગુરૂઇં સઉ પ્રતિબોધીયા,
જૈન ધર્મમેં સત્ય,
ગુરૂ ઉપગાર ન વિસરતા,
ધર્મે ખર્ચે વિત્ત,
લીંમડી ધ્રાંગધ્રા ગામ એ,
અન્ય ચૂડા વળી ગામ,
પ્રતિષ્ઠા ત્રણ થઈ બિંબની,
દ્રવ્ય ખરચ્યા અભિરામ,
ધ્રાંગધ્રે જિનબિંબની,
થઈ પ્રતિષ્ટા સાર,
સુખાનંદજી તિહાં મિલ્યા,
દેવચંદ્રનો પ્યાર,

ધ્રાંગધ્રાથી વિહાર કરતા કરતા શ્રીમદ્ દેવચંદ્રજી ગુજરાત તરફ આવ્યા હતા, તેઓશ્રીના સદુપદેશથી ગુજરાતથી શ્રીશત્રુંજયનો સંઘ નીકળ્યો હતો. આ સંઘમાં શ્રીમદ્ સાથેજ હતા. ગિરિરાજ પર બહુ દ્રવ્યવ્યયથી નાનાવિધ મહોત્સવો થયા. તથા નવનવ જાતની પૂજાઓ રચાણી, તેમજ સંઘસમુદાયે પ્રભુ પૂજાનો મહાન્ લાભ ઉઠાવ્યો. અહિંથી ઉપડી સોરઠની યાત્રા કરતો કરતો સંઘ ગુજરાત આવ્યો હતો. સં. ૧૮૦૮-૦૯ નાં ચાતુર્માસ શ્રીમદે ગુજરાતમાં કર્યાં. છેલ્લુ ૧૮૧૦ નું ચાતુર્માસ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીમદ્દે સુરત કર્યું જણાય છે. ૧૮૧૦ માં સુરતથી શેઠ કચરા કીકાએ ગુરૂઉપદેશથી પાલીતાણાનો સંઘ કાઢયો છે. જેમાં શ્રીમદ્ સાથેજ હતા. ધન્ય છે એ શા. કચરાશા કીકાશાને કે જેમણે ગુરૂ ઉપદેશથી અનેક વેળાએ યાત્રાર્થે સંઘો કાઢી લક્ષ્મીનો સદુપયોગ કરી લ્હાવા લઈ પુણ્ય ઉપાર્જન કર્યું. વળી શ્રીમદ્ જેવા મહાન્ આત્મજ્ઞાની, સિદ્ધાંતના પારગામી, મહા પંડિત સાધુપુરૂષ સંઘમાં સાથે હોય, જ્ઞાનચર્ચા કરતાં કરતાં ધર્મઆરાધન પૂર્વક સંઘ સાથે તીર્થાધિરાજ શ્રી સિદ્ધાચલજીની યાત્રા કરે તથા સાધર્મિક બંધુઓને યાત્રા કરાવે, આ લાભ કાંઈ જેવો તેવો ન ગણાય, જ્યારે રેલ્વે વિગેરે સગવડો નહતી તેવા પૂર્વના સમયમાં બહુજન પરિવારં સાથે સુરતથી સૌરાષ્ટ્ર જેટલે દૂર સંઘો કાઢી વારંવાર જવામાં મુશ્કેલીઓ પરિશ્રમ તથા ખર્ચ કેટલું બધું થતું હશે, તેની કલ્પના તો આવા રેલ્વે, તાર, પોષ્ટની સગવડવાળા વખતમાં પણ નાનકડા સંઘ કાઢનારનેજ સ્હેલાઈથી ન આવી શકે. આ પરથી શ્રીમદ્‌ના ઉપદેશની તીવ્રતા સચોટતા તથા શેઠકચરાશાની ગુરૂ તથા તીર્થભકિત જણાઈ આવે છે.

અહીં સંઘમાં સાથે શેઠ મોતીચંદ લાલચંદ જૈનમાર્ગમાં પ્રવીણ તથા જ્ઞાન ભકિતમાં અગ્રગણ્ય શ્રાવિકા અવલબાઈ તેમજ અનેક બીજા વ્યવહારીઆ સાથે સાથે સંઘ પાલીતાણે આવ્યો હતો. અહિંઆં શેઠે ગુરૂઉપદેશથી સાઠહજારદ્રવ્ય ખરચી શ્રીજિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી છે. આનો ઉલ્લેખ શ્રી કવિ પણ નીચે પ્રમાણે કરે છે:—

સંવત દશ અષ્ટાદશેં,—
કચરાશાહાજીઇં સંઘ.— લલના૦
શ્રી શત્રુંજય તીર્થનો,—
સાથે પધાર્યા દેવચંદ.— લલના૦
શાહ મોતીયા લાલચંદ,—
જાણીઇં જૈન મારગમેં પ્રવીણ. લલના૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રાવિકા અવલ તે ભક્તિમાં,
દાનેશ્વરીમાં નહિં ખીણ. લલના૦
સંઘમેં શ્રી દેવચંદજી,
અન્ય વ્યવહારીઆ સાથ.- લલના૦
શ્રી શત્રુંજય ગિરિ આવીયા,
લેવા ધર્મનું પાથ. લલના૦
પ્રતિષ્ઠા જીન બિંબની,-
ગુરૂજીઇ કીધી તંત્ર.- લલના૦
સાઠ સહસ્ર દ્રવ્ય ખરચીયો,-
ગુરૂવચને તે યત્ર.- લલના૦

આ ઉપરથી શ્રીમદ્‌નો જિનભક્તિનો રાગ તથા શેઠશ્રી કચરાશાનો તીર્થયાત્રાનો ભક્તિભાવ સ્પષ્ટ જણાઈ આવે છે. પૂર્વ પુરૂષોના ભક્તિભાવ ને વ્યક્ત આ દેવવિલાસ ઉત્તમ રીતે કરે છે.

સંવત ૧૮૧૧ શ્રીમદે લીંબડી નગરે પ્રતિષ્ઠા કરાવી છે. તેમજ વઢવાણમાં ઢુંઢક શ્રાવકોને બુઝવી સુંદર ચૈત્યો કરાવ્યાં ને પૂજા ચર્ચાના ઠાઠથી દેદીપ્યમાન બની રહ્યાં હતાં.

સંવત્ અઢાર અગ્યારમેં,-
પ્રતિષ્ઠા લીંમડી મધ્ય.- લલના૦
વઢવાણે શ્રાવક ઢુંઢી,
બુઝવ્યા ખરચી રૂદ્ધિ.- લલના૦
ચૈત્ય કરાવ્યાં સુંદર,-
જિન ચર્ચાના ઠાઠ.- લલના૦
પ્રભાવિક પુરૂષ દેવચંદજી,
ધન્ય એનાં માત. લલના૦

શ્રીમદ્‌ના પાસે આ વખતે સુવિનીત તથા દક્ષ, એવા મનરૂપજી, તથા પ્રબળ બુદ્ધિશાળી વિજયચંદ નામે બે શિષ્યો હતા. તેઓ વિદ્વાન્, ન્યાય, તર્ક આદિના જાણ તથા આગમોના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પારગામી હતા. જેઓએ ચોરાશીગચ્છના અનેકવાદી સાધુઓને વાદમાં જીત્યા હતા. વળી શ્રીમદ્દેવચંદ્રજી પાસે મનરૂપજીના વકતુજી તથા રાયચંદ નામે બંન્ને શિષ્યો તર્કવાદ ભણતા હતા. તેઓ ગુરૂસેવા ભકિત તથા આજ્ઞા પ્રતિપાલનમાં દત્ત ચિત્ત રહેતા હતા.

સં. ૧૭૧૨ માં શ્રીમદ્ રાજનગર પધાર્યા હતા. તથા નગરના આગેવાન શ્રાવકોના આગ્રહથી ગચ્છપતિ પણ ત્યાં પધાર્યા અને તેઓ તથા શ્રી સંઘના સમક્ષ શ્રીમદ્દને મોટા આડંબરથી અને મહોત્સવપૂર્વક સંઘે ગચ્છપતિ પાસે ખરતરગચ્છની વાચક પદવી અપાવી હતી. શ્રીમદ્દને બે વિદ્વાન્ અને જૈન મતમાં નિપુણ શિષ્યો હતા. ૧ મનરૂપજી ૨ તર્કવાદી વિજયચંદ્ર તથા મનરૂપજીને ૧ વકતુજી ૨ રાયચંદજી નામે બે શિષ્યો હતા. આ પછીની પરંપરા જાણવામાં આવી શકી નથી.

સં. ૧૭૧૨ નું ચાતુર્માસ શ્રીમદે અમદાવાદમાંજ કર્યું હતું ત્યાં વ્યાખ્યાનમાં શ્રીમદ્ જીવાજીવ, ષડ્દ્રવ્યાદિ નિક્ષેપા, સપ્તનય, આદિ યુકત સ્યાદ્વાદશૈલીવાળો ઉપદેશ વરસાવતા હતા.

શ્રીમદે હરિભદ્રસૂરીશ્વર તથા વાચક શ્રીમદ્ યશોવિજયજીના રચેલા ઉત્તમોત્તમ દ્રવ્યાનુયોગના તથા ઇતરગ્રંથો વાંચ્યા હતા. તદુપરાંત ગોમટ્ટસારાદિ ગ્રંથો પણ વાંચ્યા હતા. અહિં શ્રીમદે કેટલાક નવીન અધ્યાત્મજ્ઞાનના ગ્રંથો ટીકાસહિત રચ્યા તથા કેટલાકપર ટીકાઓ લખી ટબા ભર્યા, **દેશનાસાર, નયચક્રસાર** જ્ઞાનસાર, અષ્ટકજી, કર્મગ્રંથઆદિની ટીકાઓ લખી અનેક ગ્રંથો તૈયાર કર્યા.

આ વખતે રાજનગરમાં ડોશીવાડાની પોળમાં ઉપાશ્રયે શોકબંધ શ્રોતાશ્રાવકો અતિઉત્સાહપૂર્વક શ્રીમદ્નું વ્યાખ્યાન શ્રવણ કરવા આવતા હતા. વ્યાખ્યાનમાં સિદ્ધાંતની વ્યાખ્યા અતિ રસપૂર્વક થતી હતી. તથા જ્ઞાનરસની ઝડીઓ વરસતી હતી. દ્રવ્યાનુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગનું વ્યાખ્યાન તથા શ્રીમદ્ વ્યાખ્યાતા તથા રાજનગરના વિદ્વાન્ શ્રોતાઓ, આ વક્તા શ્રોતાઓનો અપૂર્વયોગ અદ્દભૂત હતો ત્યાં જ્ઞાનાનંદની લુંટાલુંટ થાય તેમાં શી નવાઈ?

## શ્રીમદ્ દેવચંદ્રજીનું સ્વર્ગગમન.

અહિં શ્રીમદ્દને વાયુ પ્રકોપથી વમન (ઉલટી) નો અકસ્માત્ વ્યાધિ થયો અને તેથી શરીરે અસમાધિ ઉત્પન્ન થઈ તથા અંગોપાંગ શિથિલ થતાં શરીરની ક્ષીણુતા થવા લાગી. પુદ્દગલની અનિત્યતા તેમજ પદાર્થમાત્રની અનિત્યેતા એ અનાદિસ્વભાવ હોવા છતાં મૂર્ખ જન તે પર પ્રેમ રાખે છે. તથા પંડિત જનો તે પર બીલકુલ રાગ ધરતા નથી. વળી શાસ્રમાં પણ બે પ્રકારનાં મરણ કહ્યાં છે. બાલ મરણ તથા પંડિત મરણ. તેમાં પણ પંડિત મરણ ઉત્તમ ગણ્યું છે. શરીરની અનિત્યતાનો વિચાર કરી નિકટ મૃત્યુ, બુદ્ધિવડે જાણી શ્રીમદે પોતાના શિષ્યોને પાસે બોલાવ્યા અને શિખામણ આપવા માંડી અને જણાવ્યું કે મારી અવસ્થા નરમ છે, શરીર ક્ષીણ થતું જાય છે, પુદ્દગલનો સ્વભાવ એવોજ છે. માટે તમો શોક કરશો નહીં અને ધર્મ માર્ગમાં લીન રહો.

શ્રીમદ્દના શિષ્યોમાં શિરોમણિ શ્રી મનરૂપજી વાચક હતા. જે ગુણવંત તથા ચતુર તથા સમયના જાણ હતા. તેમની ગુરૂ ભક્તિ અનુપમ હતી, તેમની ચતુરાઈથી શ્રાવકો તથા શિષ્યો ગુરૂજીની સેવા શુશ્રૂષા પ્રબળ ભક્તિભાવથી કરવા લાગ્યા તથા ગુરૂજીની આજ્ઞા ઉઠાવી તેમના પદપદ્મ સેવવા લાગ્યા.

વિનયી વિવેકી વિચિક્ષણ સિદ્ધાંતના જાણ પંડિત મનરૂપજી વાચકને જોઈ શ્રીમદ્ મનમાં વિચારવા લાગ્યા કે માહરો શિષ્ય મનરૂપજી સુપાત્ર છે, વળી બીજા શિષ્ય રાયચંદ જેઓ વિનયી તથા ગુરૂભક્ત હતા. વળી ઘણી વિદ્યાઓના ભેદના જાણ હતા. આ તથા અન્ય શિષ્ય સમુદાય ઘણો વિદ્વાન્ હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જેમણે ગુરૂજીના છતાંજ અનેક વાદીઓને પરાજિત કરી સુયશ પ્રાપ્ત કર્યો હતો.**

હવે એ સઘળો શિષ્ય પરિવાર ભેગો કરી શ્રીમદે સર્વને પ્રેમપૂર્વક હિતબુદ્ધિએ શિખામણ દેવા માંડી. તમે સર્વે સંપથી ચાલશો. સમયાનુસારે વર્તશો. હૃદયમાં પાપબુદ્ધિ બીલકુલ ધરશો નહિં. **સોડ પ્રમાણે સાથરો** તાણશો. શ્રીસંઘની આજ્ઞા શિરોધાર્ય હમેશાં કરશો. સૂરીશ્વરની આજ્ઞા પ્રમાણ કરશો. વળી સૂત્રશાસ્ત્રોનું જ્ઞાન હમેશાં પ્રાપ્ત કરતાં રહેશો. વળી હે મનરૂપજી ! તમે મારી પાછળ સમર્થ છો, મને કોઇપિણ જાતની બીલકુલ ચિંતા નથી. તેમજ આ બધો પરિવાર તાહરા ખોળે હું મૂકું છું. તેમને સંભાળજે. તથા સાધુ ધર્મ બરોબર પ્રતિપાલન કરશો.

આમ ગુરૂદેવની અંતિમ સમયની શિખામણ સાંભળી મનરૂપજી હાથ જોડી ગુરૂ પ્રત્યે બોલ્યા કે હે ! ગુરૂદેવ ! આપ તો વડભાગી છો. અમો તો પામર છીએ છતાં હમારા શિર પર આપ સરખા ગુરૂ ગાજે છે એ અમારાં ધનભાગ્ય છે. આ પ્રમાણે ગુરૂવિનયભક્તિવડે તેમણે ગુરૂને જવાબ દીધો. પછી તમામ શિષ્યોને ભેગા કરી સૌના શિરપર પોતાનો વરદાયક કરકમળ; કે જે કરકમળે જગત્‌ને ઉપકારક તથા ઉત્કૃષ્ટ દ્રવ્યાનુયોગ જેવા ગહનગ્રંથોની રત્નરાશીઓ પ્રગટાવી છે. તથા અનેકને તાર્યા છે એવો તે કર, પ્રત્યેક શિષ્યના શિરપર સ્થાપી જણાવ્યું કે–હે શિષ્યો ! હવે પરલોકમાં પ્રયાણનો અમારો અવસર થયો છે. માટે તમો તમારૂં કર્તવ્ય સમજી તમોને યોગ્ય એવો ધર્મ હમેશાં આરાધશો. વિશ્વના ઉપકારક થશો, તથા ધર્મની જ્યોત વિશ્વમાં ઝળહલતી રાખજો. આ પ્રમાણે ગંગાના પ્રવાહ સમાન પવિત્ર વેગવાળી હૃદયપૂર્વક ઉચ્ચ એવી સાગર ગર્જનશી મધુરવાણી વડે શિષ્યસમુદાયને સદ્‌બોધ, શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજે દીધો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી વિનીત એવા સતૃશિષ્યોએ ગુરૂદેવને દશવૈકાલિક સૂત્ર તથા ઉત્તરાધ્યયનસૂત્ર સંભળાવવા માંડયાં. જે શ્રીમદે ઉપયોગપૂર્વક સાંભળવા માંડયાં તથા તે તમામ સૂત્રોને જેવાં કહે છે તેવાંજ સત્ય યથાર્થ જાણતા ગણતા થકા શ્રી અરિહંતનું એકાગ્ર ચિત્તે ધ્યાન, હૃદયમાં ધરવા લાગ્યા. આમ શ્રી જિનેશ્વરના ધ્યાનપૂર્વક નમસ્કાર મંત્રના આરાધનપૂર્વક પૃથ્વીતલને પોતાના લલામભૂતજ્ઞાનવડે વિભૂષિત કરતા એવા મહાન્ અધ્યાત્મ જ્ઞાનગગનદિનમણિ–સત્કવિકાનનકેશરી પ્રખરવાદી વિનેતા અનેક મહાગ્રંથપ્રણેતા, વિદ્યાભાસ્કર ખરતરગચ્છ શિરતાજ શ્રીમદ્‌દેવચંદ્રજી મહારાજ સં. ૧૯૧૨ ના ભાદ્રપદ અમાવાસ્યાની એક પ્રહરરાત વ્યતીત થયે ડોશીવાડાના ઉપાશ્રયમાં દેવગતિને પ્રાપ્ત થયા, અને તેમના શિષ્યપરિવાર તેમજ તપગચ્છના સાધુ તથા શ્રાવક શ્રાવિકા આદિ સંઘમાં સર્વત્ર હાહાકાર પૂર્વક શોક છવાઇ રહ્યો.

શ્રી સંઘ હવે પોતાના કર્તવ્ય પ્રતિપાલનમાં તત્પર બની રહ્યો. તેમણે ઉત્તમ કાષ્ટની શબવાહિકા ( પાલખી ) બનાવી. તથા ચોરાશીગચ્છના શ્રાવક ભેળા મળ્યા. અને ભારે આડંબરપૂર્વક એ માંડવીમાં શ્રીમદ્‌ના દેહને પધરાવી સ્મશાન લાવવામાં આવી. તથા કસ્તુરી, કેશર અગર–ચંદન આદિ સુવાસિત તથા બહુ મૂલ્ય વસ્તુઓની ચિતા રચીને તેમાં રડતે મુખે શ્રીમદ્‌ના સ્થૂલ–અચેતન–મૃતદેહને પ્રતિપદાએ અગ્નિદાહ દેવામાં આવ્યો. આ દહનક્રિયામાં ગુરૂભક્ત શ્રાવકોએઃ—

ગુરૂ પુંઠી દ્રવ્ય ઘણો ખરચંતઃ

ઘણું દ્રવ્ય ખરચ્યું. તથા તેમની મૃત્યુતિથિએ સાદ્ધર્મિ વાત્સલ્ય જમાડતા તથા અન્ય અષ્ટાહ્નિકા મહોત્સવાદિમાં ઘણું દ્રવ્ય ખરચવામાં આવ્યું.

જે ગુરૂશ્રીના વચનથી પૂર્વે પણ અનેક શ્રાવકોએ સન્માર્ગે પોતાના દ્રવ્યને વાપરી પોતાની લક્ષ્મીને વિભૂષિત કરી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા ઘણા તીર્થોદ્ધાર થયા, સંઘ નીકળ્યા. પ્રતિષ્ઠાઓ કરાવી, નવીન ચૈત્યો બંધાવરાવ્યાં તથા એવા એવા અગણિત સત્કાર્યોમાં જેના વચનથી કોટિ ગમે દ્રવ્ય ખરચાયાં તે ગુરૂદેવના પાછળ પણ શ્રાવકોએ ગુરૂનીતિથિએ ધર્મ માર્ગે અનર્ગળ દ્રવ્ય ખરચ્યું. એ આ શ્રીમાટે કવિ પણ લખે છે કે—

દશમી ઢાળ સોહામણી,
નામ ધરીયું હો ગાયો દેવવિલાસ.
આસન્ન સિદ્ધ જે થયા,
કોઈક ભવે હોસ્યે મુક્તિનો વાસ.
ધન ધન એ ગુરૂ વંદીએ.

આમ આ મહાન્ પુરૂષ કાળધર્મને પાળતાં-બધે શોકરૂપી અંધકાર છવાઈ રહ્યો.

અત્રે શ્રીકવિયણ કહે છે કે શ્રીમદ્ આ જોતાં સાત આઠ ભવે મોક્ષે જશે. કે જેમણે શ્રીજિનેશ્વરપ્રભુનો માર્ગ વિસ્તારવા દ્રવ્ય અને ભાવથી શુદ્ધ, વિશ્વને પરમ આલ્હાદકારક એવી જિન વાણીનો પરમ જ્ઞાતા, જિનબિંબની સ્થાપના, કરવાની સદ્-બુદ્ધિનો પરમઉત્કૃષ્ટઉપદેષ્ટા, ચાર નિક્ષેપા અને યુક્તિવડે વસ્તુ-તત્ત્વપ્રરૂપક, સ્યાદ્વાદશૈલીથી શુદ્ધ પ્રરૂપણા કરનાર, સત્ય-નેજ અનુસરવાથી જેની કરામત સર્વત્ર વિજયવંત નીવડે છે, એવા તથા જૈનોમાં પરમ મર્દ-વીર્યશાળી-બાહ્યાભ્યંતરથી વીર પુરૂષ કે જેણે મિથ્યાત્વીઓને મ્હાત કરી પરાભવ પમાડયો હતો, જેની વરદાયક લેખિનીએ વિશ્વોપકારક ઉત્તમ તત્વજ્ઞાન અનેક ગ્રંથો રચ્યા, એવા શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ સ્વર્ગે સિધાવ્યા, આમ નીચેના દુહામાં શ્રી કવિયણ કથે છે, તેથી શ્રીમદ્દની આત્મ જાગૃતિદશા વિદ્વત્તા બહુમાન તથા તેમની અનુપમ કૃતિ પ્રગટ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દુહા.

સાત આઠ ભવ એહવા, જે ધરશે એહ જીવ,
ભાવ બાલ્યકાળ વિધ્વંસના, ધર્મયૌવનમેં સદીવ.
અનુમાને કરી જાણીયેં, દ્રવ્ય થકી વિશેષ;
સાત આઠ ભવ ઉલંઘીને, શિવ કમલાને પેખ.
પ્રભુ મારગ વિસ્તારવા, દ્રવ્ય ભાવથી શુદ્ધ;
વિશ્વ આલ્હાદકારી થયો, જિનવાણીની બુદ્ધ.
શ્રીજિનબિંબની થાપના, કરવા નિજ સુબુદ્ધિ;
ચાર નિક્ષેપા યુક્તસ્યું, સ્યાદવાદ ભાખે શુદ્ધ.
એકપાઈએ સાંચે સકલ, તસ ચાલે કરામાત;
ગાજી મર્દ એ જૈનનો, મિથ્યાત્વી કીયા મહાત.

શ્રી દેવવિલાસ પૃ. ૪૭

શ્રી કવિપણ કથે છે કે શ્રીમદ્ દેવચંદ્રજી રૂષિરાજ શુદ્ધ અને શુભધ્યાનથી સ્વર્ગે પહોંચ્યા, સૂર્ય ચંદ્ર અને ઈન્દ્ર, અવધિજ્ઞાનથી જોઈ મનમાં ચિન્તવે છે કે **શ્રી** જીનશાસનનો મહાન્ સ્તંભ શ્રીમદ્ દેવચંદ્રજી સ્વર્ગગમન કરી અમરાપુરીમાં અવતર્યા. દેશોદેશમાં આ સ્વર્ગગમનની વાત પહોંચી અને એ સાંભળી લોક વિલખા થયા. શોકાગ્રસી બન્યા અને જાણે અનાથ બની ગયા હોય તેવા બની ગયા. ને વિચારવા લાગ્યા કે કલ્પતરૂ સમાન આ શ્રીમદ્ દેવચંદ્રજી સદ્ગુરૂસમ વિશ્વમાં બહુજ થોડા હશે કે જેમના મસ્તકે મણિ હતો જે દેહને દહન કરતી વેળાએ અગ્નિમાં ઉછળી પડયો, જે પૃથ્વીમાં ચાલ્યો ગયો અને કોઈનાયે હાથમાં ન આવ્યો. આવો મણિ કોઈ મહાન્ પુરૂષનાજ મસ્તકને વિષે સંભવે છે. અને જેના મસ્તકમાં આ મણિ હોય તે વિશ્વના આદર્શ મહાપુરૂષ હોયજ.

રાજનગરના મહાજન અને તેઓશ્રીના શિષ્ય સમુદાય મળી શ્રીમદ્દના દેહને દહન કર્યો તે સ્થળે એક સ્મરણ ચિન્હ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( દેરી ) કરાવી, તે જગ્યાએ તેઓશ્રીના પગલાં ( પાદુકા ) ની પ્રતિષ્ઠા કરાવી. જેની ઘણી શોધખોળ કરવા છતાં અત્યારે કાળ ઘણો થવાથી સ્થાન ફેરફાર થઈ જવાથી તે સ્થાન ઉપલબ્ધ થતું નથી. આ પાદુકાની પૂજા પ્રભાવના શ્રાવકો ઘણીજ ભક્તિ ભાવથી કરતા હતા.

શ્રીમદ્‌ના અવસાન બાદ તેમના શિષ્યરત્ન શ્રીમદ્‌ના ઘણા ગુણો ધારણ કરનાર જ્ઞાની વાચકશ્રી મનરૂપજી સ્વર્ગગમન કરી ગુરૂશ્રીને મળ્યા.

તેમની પાછળ શ્રી રાયચંદજી રહ્યા. તેઓશ્રી પોતાના બન્ને ગુરૂઓનો વિરહ ખમી શકતાં નહીં. અને હંમેશા ગુરૂશ્રીના સ્મરણમાંજ લીન રહેતા.

શ્રી રાયચંદજી હવેથી ગુરૂશ્રીએ કહેલી અનિત્ય ભાવનાને ચિન્તવવા લાગ્યા કે જેઓનાં પલ્યોપમ આયુષ્ય હતાં તેપણ પૂર્ણ થયેલાં શાસ્ત્રમાં કહ્યાં છે તો આ પાકૃત અલ્પાયુષી જીવનની શી વાત કરવી? તેમજ તેમાં રાગ થાવો એ મૂઢતાજ છે. તીર્થંકર, ગણધર, સુરપતિ, ચક્રી, કેશવ, રામઆદિ સૌ ગયા તો અન્યની શી વાત કરવી ? આમ જાણી ગુરૂજીના નામની સ્તવના મનમાં શ્રી રાયચંદજી કરવા લાગ્યા. શ્રી ગુરૂદેવ સમાન વિશ્વમાં કોઇ પ્રકાશકરનાર દીપક નથી. ગુરૂ પાછળ શ્રીરાયચંદ જીવણ ગુરૂજી એ બતાવ્યા પ્રમાણે તેજ પદ્ધતિએ વ્યાખ્યાન વાંચવા લાગ્યા અને ગુરૂ કૃપાના બળે સર્વ શ્રોતાઓને રસ પડે તેવો ઉપદેશ હંમેશા વરસાવવા લાગ્યા. કારણ તેઓશ્રી પણ મહાજ્ઞાની હતા.

શ્રી રાયચંદજી જૈનઆગમ શૈલીમાં પૂર્ણપ્રવીણ હતા. અને ગુરૂપસાયે ગુરૂ સરખાજ થયા. એમાં કોઇને શંકા ન રહી સુવિહિત માર્ગના જાણ શિલાદિકગુણે વિભૂષિત તથા અનેક આત્મગુણ સુમંડિત શ્રી રાયદચંજી ગુરૂસ્મરણથી તેમજ વિરહથી વિહવળ બની ઉઠયા અને કવિને કહેવા લાગ્યા જે અમારા સદ્‌-ગુરૂદેવની સ્તવના કરો. સ્તવના તો હમો પણ કરીએ પણ સ્વ-કીર્તિ કરવી એ ઘટીત નહીં માટે મારા કહેવાથી તમોજ શ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ગુરૂદેવના ગુણગાન તથા સત્ય હકીકતની સ્તવના બનાવો—**

એક દીન શ્રી રાયચંદ કવિનેરે,
કહે અમ ગુરૂ સ્તવના કરોરે.
અમેં જો કહીયે સ્તવ એહ અણઘટેરે,
સ્વકીર્તિ કરવી અયોગ્યતારે.
તે માટે કહ્યું તુમ સ્તવનારે,
તુમ બુદ્ધ પ્રમાણે યોજનારે.

કવિયણે આ પ્રમાણે શ્રી રાયચંદજીના કહેવાથી આ ગ્રંથની રચના કરી અને ઘણો હર્ષ પામ્યા—

કવિયણે દેવ વિલાસ કીધો
મન હર્ષિત ઉલ્લસ્યોરે,
કીધો દેવ વિલાસ શુભ દિનેરે,
સંવત ૧૮૨૫ અરાડ પચીશ આસો સુદિરે,
અષ્ટમી રવિવાર રચ્યોરે,
સ્તોકમેં દેવવિલાસ કીધોરે,
કિંચિત્ ગુણ ગ્રહીને સ્તવ્યારે,
બહોળો છે અધિકાર જોતાંરે,
ગ્રંથ થાયે મોટો ઘણોરે.
ભણસેં દેવવિલાસ સાંભળેરે.
તસ ઘરે કમળા વિસ્તરીરે. (૩૫)

શ્રી દેવવિલાસ પૃ. ૫૧

આ પ્રમાણે ગુરૂગાનના રસીયા શ્રીરાયચંદજીના કહેવાથી શ્રી કવિયણે સં. ૧૮૨૫ ના આસો સુદિ અષ્ટમીને રવિવારે આ સુંદર રસાળ દેવવિલાસ ગ્રંથ રચ્યો.

**વિહાર.**

**શ્રીમદ્** દેવચંદ્રજી મહારાજે પોતાનું સમસ્ત સાધુજીવન ભારતવર્ષના ભિન્નભિન્ન પ્રદેશોમાં ધર્મોપદેશાર્થેજ ઉપકાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બુદ્ધિએ પર્યટન કરવામાં વિતાવ્યું હતું. તેમના આગમનથી ધર્મ જીજ્ઞાસુ જૈનસંઘ વર્ષાથી હર્ષાન્વિત થઈ જતા. મયુર જેમ આનંદ મગ્ન બની રહેતો, અને શ્રીમદે પણ વિવિધસ્થળોને પોતાના વિહારથી અલંકૃત કર્યા હતાં. તેઓશ્રી સમસ્ત ગુજરાત, કાઠીયાવાડ, દક્ષિણમાં સુરત સુધીનો પ્રદેશ, મારવાડ, મેવાડ, પંજાબ, મુલતાન, બીકાનેર, જેસલમીર આદિ સ્થળોએ વિચર્યા હતા. પંજાબથી વિચરી સિંધ વગેરે સ્થળોએ થઈ મોટા કોટનગર પાસેના મરટશહેરમાં ચોમાસું કર્યું હતું અને ત્યાંજ ૧૭૭૬ના ફાગણ માસમાં **આગમસાર** ગ્રંથ બનાવ્યો હતો. ૧૭૯૬ માં ( કાઠીયાવાડ ) નવાનગરમાં વિચારસાર અને જ્ઞાનમંજરી ટીકા રચ્યાં હતાં. પં.જીનવિજયજીને ભણાવવા પાટણ આવ્યા હતા, અને પાટણથી અમદાવાદ, ખંભાત, વડોદરા, પાદરા, ભરૂચ થઈ ચોમાસુ સુરત રહ્યા હતા. તે વખતે પૂંજાશા ( સાધુ અવસ્થામાં પદ્મવિજયજી ) પણ સાથેજ હતા. આમ શ્રીમદ્ ગુજરાત, કાઠીયાવાડ, કચ્છ, લાટ, મારવાડ. મેવાડ, સિંધ, પંજાબ, મુલતાન વિગેરે દેશોમાં વિચર્યા હતા. આમ પરોપકારાર્થે પૃથ્વી તલને પાવન કરતા અંત સમય સુધી વિચર્યા હતા.

## શ્રીમદે કરાવેલ જિનમંદિરોની પ્રતિષ્ટાઓનાં કાર્ય.

શ્રીમદ્નો દીક્ષાપર્યાય ૫૬ વર્ષનો રહ્યો હતો. વિ. સં. ૧૭૪૬માં જન્મ તથા વિ. સં. ૧૮૧૨ માં નિર્વાણ. આ પ્રમાણે શ્રીમદે ૬૬ વર્ષના જીવન દરમ્યાન શ્રીમદે શ્રીસિદ્ધાચલજીપર અનેક પ્રતિષ્ઠાઓ કરાવી છે. તેનું તેમના ગ્રંથો તથા શિલાલેખોથી જણાય છે. તેમના ગુરૂજી સાથે શત્રુંજયપર શ્રીકુંથુનાથજીની પ્રતિષ્ઠા વખતે હાજર હતા. અમદાવાદમાં સહસફણાની પ્રતિષ્ઠા તેમણે કરાવી છે. લીંમડી દેરાસરમાં મૂળનાયકની બાજુની બે દેરીઓની પ્રતિષ્ઠા તેમણે કરાવી હતી. તેમના ઉપદેશથીજ પાટણમાં નગરશેઠ તેજશી દોસીએ સહસ્રકૂટની રચના કરાવી શ્રીમદ્પાસેજ પ્રતિષ્ઠા કરાવી છેઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહસકૂટનાં નામ અપ્રશસ્તિ,
દેવચંદ્રે કીધાં પ્રશસ્તિરે;
પ્રતિષ્ઠા તિહાં કીધી ભલી,
ઓચ્છવ કીધા નવનવ્યરે,

શ્રી. દે. વિ. પૃ. ૨૩.

વળી અમદાવાદ નાગોરીસરાહમાં રહ્યા હતા ત્યારે ભગવતી સૂત્ર વંચાતું હતું તે વખતે માણેકલાલજી નામે એક ઢુંઢકમતનો રાગી જૈન હતો તેને બુઝવી સાચી શ્રદ્ધા વાળો કર્યો તેણે નવીન ચૈત્ય કરાવી પ્રતિમાની પ્રતિષ્ઠા શ્રીમદ્ પાસે કરાવી હતીઃ—

માણેકલાલજી જાલમી, ઢુંઢકનો મન વાસ;
તેહને ગુરૂએ બુઝવ્યા, ટાળી મિથ્યાત્વનીકાશ. ૨
નૌતમ ચૈત્ય કરાવીને, પડીમા થાપી તાસ;
દેવચંદ ઉપદેશથી, ઓચ્છવ હુઆ ઉલાસ. ૩

શ્રી. દે. વિ. પૃ. ૩૦.

વળી રાજનગર શાંતિનાથની પોળમાં ભોંયરામાં સહસફણા આદિ સહસકૂટ જિનબિંબની પ્રતિષ્ઠા શ્રીમદે કરાવી છે..

શ્રી શાંતિનાથની પોળમેં, ભૂમિ ગૃહમેં બિંબ;
સહસફણા આદે દેઈ, સહસકોટ જિન બિંબ. ૪
તેહની પ્રતિષ્ઠા તિહાં કરી, ધન ખરચાણાં પૂર;
જૈનધર્મ પ્રકાશીઓ, દિનદિન ચઢતે નૂર. ૫

શ્રી. દે. વિ. પૃ. ૩૦.

પાલીતાણા શ્રી સિદ્ધગિરિપર.—

તીર્થમહાત્મ્યની પ્રરૂપણા. સુ.
ગુરૂતણી સાંભળ શ્રાવક જન.
સિદ્ધાચળ ઉપર નવનવા ચૈત્યની;
જીર્ણોદ્ધાર કરે સુદિન. સુ. ૫ તી.

શ્રી. દે. વિ. પૃ. ૩૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળીઃ—

*  *  *  *

પાલીતાણે પ્રતિષ્ઠા કરી ભલી—
ખરચ્યો દ્રવ્ય ભરપૂર. સુ.
વધુસાએ ચૈત્ય શત્રુંજય ઉપરે,
પ્રતિષ્ઠા દેવચંદ્રની ભૂરિ. સુ. ૧૦ તી.

શ્રી. દે. વિ. પૃ. ૩૨

વળી નવાનગરનાં જે ઢુંઢકોની મૂર્તિપૂજાપરની શ્રદ્ધા ઉઠી ગયેલી તે ફરી શ્રદ્ધા કરાવી. ઢૂંઢકો કે જેઓ પ્રતિમાને પૂજતા નહોતા તેઓને શ્રીમદે તે જીતી ફરીથી પ્રભુપ્રતિમા પૂજતા કર્યા હતા.

નવાનગરે ચૈત્ય જે મોટાં,
ઢુંઢક જે હતાં લોપ્યાંરે;
અર્ચા પૂજા નીવારણ કીધી,
તે સઘળાં ફરીને થાપ્યાંરે. ધન. ૧૭

શ્રી. દે. વિ પૃ. ૩૭.

વળી લીંમડી, ધ્રાંગધ્રા, ચૂડા એ ત્રણ નગરના જિનચૈત્યોમાં શ્રીમદે પ્રતિષ્ઠાઓ કરાવી છે.

લીંમડી ધ્રાંગધ્રા ગામએ,
અન્ય ચૂડા વળી ગામ;
પ્રતિષ્ઠા થઈ ત્રણ બિંબની,
દ્રવ્ય ખરચ્યા અભિરામ. ૯
ધ્રાંગધ્રે જિન બિંબની,
થઈ પ્રતિષ્ઠા સાર;
સુખાનંદજી તિહાં મલ્યા,
દેવચંદ્રનો પ્યાર. ૧૦

શ્રી. દે. વિ. ૩૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંવત ૧૮૧૦ માં શેઠ કચરા કીકાના સંઘમાં શ્રીમદ્ પાલીતાણે આવ્યા હતા. ત્યારે તેમણે ત્યાં પ્રતિષ્ઠાઓ કરાવી હતી.—

સંવત દશ અષ્ટાદશેં કચરા શાહાજીઈ સંઘ. લ૦
શ્રી શત્રુંજય તીર્થનો, સાથે પધાર્યા દેવચંદ. લ૦ ૪ ગુરૂ

× × × ×

પ્રતિષ્ઠા જીન બિંબની ગુરૂજીઈ કીધી તત્ર. લ૦
સાઠી સહસ્ર દ્રવ્ય ખરચીયો, ગુરૂવચને તે યત્ર. લ૦ ૮ ગુ.

## લીંમડી વઢવાણ પ્રતિષ્ઠાઓ માટે.—

સંવત અઢાર અગિયારમેં પ્રતિષ્ઠા લીંમડી મધ્ય;
વઢવાણે શ્રાવક ઢૂંઢીયા, બુઝવ્યા ખરચી રૂદ્ધ. લ૦
ચૈત્ય કરાવ્યા સુન્દર, જિન ચર્ચાના ઠાઠ;
પ્રભાવિક પુરૂષ દેવચંદ્રજી, ધન્ય એહની માત. લ૦ ૧૦ ગુ.

આમ આ સિવાય બીજી ન જણાયેલી પણ અનેક પ્રતિષ્ઠાઓ શ્રીમદે કરાવી સંભવે છે. આ પ્રભાવિક પુરૂષના હાથે અનેક પ્રતિષ્ઠાઓ ઉપરાંત નવિન ચૈત્યબંધાવવાના ઉપદેશ આપવાનું જીર્ણોદ્ધારનો ઉપદેશ દેવાનું આદિ મહાન્ શાસનપ્રભાવક સત્કાર્યો થયાં છે, મહાન્ પ્રભાવિકપુરૂષોની વાણીપણ એવી અસરકારક હોય છે કે કોઈ એ વાણીને અમાન્ય કરીજ ન શકે.

## ગ્રંથ.

## શ્રીમદ્નું સાહિત્ય.

શ્રીમદ્ના ૬૬ વર્ષના જીવનમાં ગૃહસ્થાવાસના ૧૦ વર્ષ તથા બીજાં બાદ કરતાં બાકીના સમયમાં તેમણે શ્રી જૈન સાહિત્યની સેવા અડગ અને અખંડપણે બજાવી છે. તેમની લેખિનીએ અસ્ખલિતપણે જૈનધર્મના મહાન્ અધ્યાત્મજ્ઞાનનાં અમૂલ્ય તત્ત્વોના પ્રતિપાદનપૂર્વક વ્યવહાર તથા નિશ્ચય શૈલી વડે ભવિજીવોના હિતાર્થે રાત્રીદિવસ પરિશ્રમ સેવી અનેક વિશ્વોપકારક મહાગ્રંથો રચ્યા છે, જે હાલ પણ વિદ્યમાન છે. જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભ્યાસપૂર્વક વંચાય તો તમામ દર્શનના જીજ્ઞાસુઓને તેમાંથી પોતાને યોગ્ય એવો ઉત્તમ બોધ મલી આવે છે. આ ગ્રંથોનું પઠનપાઠન વર્તમાન કાલે પણ ભવ્યાત્માઓને આત્મ સાક્ષાત્કાર કરાવનાર તથા અતિ ઉપયોગી નિવડ્યા સિવાય રહેતું નથી. શ્રીમદ્‌ના અનેક ગ્રંથો પૈકી થોડા હાથ લાગ્યા છે તે પરથી તેમનું બધુ ઉપલબ્ધ સાહિત્ય મળી આવે તો કેટલું બધું અજવાળું પડી શકે ? આ સાહિત્ય પરથી શ્રીમદ્‌ના ક્ષયોપશમ તથા જ્ઞાનની પ્રખરતા તથા શક્તિનો સ્હેજે ખ્યાલ આવશે.

## શ્રીમદ્‌ના રચેલા ગ્રંથો.

શ્રીમદ્‌નાં વિશ્વોપકારક તત્ત્વજ્ઞાન વિભૂષિત અમૂલા મળી આવેલા ગ્રંથોની સંખ્યા સત્તાવનની છે, જે અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળે છપાવ્યાં છે. આ ગ્રંથો પૈકી એક એક ગ્રંથ લેતા જઈએ ને અવલોકીએ તો આત્માને અતિશય આલ્હાદ ઉપજે છે, પૂર્વે બાંધેલાં કર્મ ખેરવવા તથા નવીન કર્મ ના બંધાય એવી પરિણુતિ સાથે જીવને જીવવામાં મદદરૂપ થઈ શકે તેવો મિત્ર તે સાચાં ધાર્મિક પુસ્તકો છે. શ્રીમદ્‌ની અપૂર્વ રસજ્ઞતાથી છલકાતી અનેક કૃતિઓ વિશ્વમાં અદ્યાપિ અપ્રકટે પણ વિદ્યમાન હશે. મળી આવેલી કૃતિઓની યાદી નીચે આપી છે. ( અને જે કોઈ સાધુ સાધ્વી યા જૈન ભાઈ યા બ્હેન ને અન્ય કૃતિ મળી આવે અગર ભાળ મળે તો વિનાવિલંબે આ લેખકને ખબર આપવા મહેરબાની કરવી. )

ઉપાધ્યાય શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજે આગમોમાંથી સારમાંસાર તત્ત્વ દ્રવ્યાનુયોગ તેનો સાર ભાગ ખેંચી ગ્રંથોની રચના કરી છે તેમના ગ્રંથોરૂપી સરોવરો ખરેખર તત્ત્વજ્ઞાનરૂપી જળથી છલકાઈ જાય છે.

તેમના ગ્રંથો પૈકી આગમસાર, નયચક્ર, અને વિચારસાર એ ત્રણ ગ્રંથો તો ખાસ તત્વજ્ઞાનથીજ ભરેલા છે, આ ત્રણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રંથોનો ખાસ ગુરૂગમપૂર્વક અભ્યાસ કરવાથી સર્વઆગમોમાં પ્રવેશ થઈ શકે છે. તથા સર્વઆગમોનો પાર પામી શકાય છે. અનંત જ્ઞાનસાગરનો પાર નથી, પણ તેમાં પ્રવેશ થવો કઠીન છે ને આ ગ્રંથોના સેવનથી તે સરળ થઈ શકે છે, પ્રશ્નોત્તર નામનો શ્રીમદ્‌નો ગ્રંથ ખરેખર અનુભવજ્ઞાનથી ભરપૂર છે–મનનીય છે અને જેથી શાસ્ત્રો વાંચ્યા વિચાર્યા બાદજ પ્રશ્નોત્તર ગ્રંથમાં કરેલા પ્રશ્નોના ઉત્તરાર્થનો અનુભવ થઇ શકે તેમ છે. અધ્યાત્મજ્ઞાનમાં ઉંડા ઉતરવા માટે જ્ઞાનસારપરની શ્રીજ્ઞાન-મંજરીટીકા અપૂર્વ છે. આત્મજ્ઞાન સંબંધી જૈનોમાં શ્રી લૌકિક ભગવદ્‌ગીતાથી પણ કોઈ મહાન્ સત્યથી ભરેલો ગ્રંથ હોય તો આ લોકોત્તર જ્ઞાનસારગ્રંથ છે. તેના પર ટીકા રચીને પોતાના આત્મજ્ઞાન સંબંધી વિચારો શ્રીમદ્ જીવતા મૂકી ગયા છે. અર્વા-ચીન કાળમાં જ્ઞાનસારની ઉપયોગિતા–મહત્તા સર્વત્ર પ્રસરી છે અને તે સર્વ ફીરકાઓમાં અતિઆદરથી વંચાય છે–ભણાય છે. અધ્યા-ત્મજ્ઞાનીઓનું–જ્ઞાનસાર ગ્રંથ ખરેખર આનન્દમય હ્રદય છે. તેના પર ટીકા રચીને શ્રીમદે ઉત્કૃષ્ટ વિવેચન કર્યું છે. એકંદર રીતે કહીએ તો તેમના ગ્રંથોમાં જ્ઞાનયોગ, કર્મયોગ, ક્રિયાયોગ, ભક્તિ-યોગ, ધ્યાનયોગ, તપયોગ, ઉપાસનાયોગ વિગેરે સર્વ યોગોનું સ્વરૂપ સાક્ષાત્કાર થાય છે. તેમના ગ્રંથો એકંદર રીતિએ આગમો પ્રકરણો અને પૂર્વાચાર્યોના ગ્રંથોને અનુસરીને રચાયલા છે. શ્રી જિને-શ્વર પ્રતિમાને પુષ્પ ચઢાવવાના પાઠો આગમોના આધારે દર્શાવ્યા છે. તેમાં ખૂબી એ છે કે, તેમણે મગજની સમતોલતા ગુમાવી નથી. તેમના શબ્દોમાં સ્નેહતા, મધુરતા, ઔદાર્ય અને આકર્ષક શક્તિ રહેલાં છે. તેમના ચારિત્રની ચારૂતા તેમના ગ્રંથોજ પ્રકટ કરી આપે છે. પોતાના ગ્રંથોમાં અભિમાન જણાય તેવો એક પણ શબ્દ જણાતો નથી, લોકોને જૈનધર્મનાં તત્ત્વોનો સરલ રીતે કેમ બોધ થાય એજ દૃષ્ટિ ધ્યાનમાં રાખીને શ્રીમદે ગ્રંથો લખ્યા છે તેથી તેમાં તેમણે શબ્દલાલિત્ય, પાંડિત્ય કે પ્રૌઢતા તરફ લક્ષજ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કીધું નથી. જૈનધર્મનું તત્ત્વજ્ઞાન શું છે, એ જોવું હોય વા તેની ઝાંખી કરવી હોય તો તેમના ગ્રંથોનો ગુરૂગમપૂર્વક અભ્યાસ કરવાની જરૂર છે. તેમના બનાવેલા વિચારસાર ગ્રંથમાં આગમોમાં આવેલી સર્વ બાબતોને અનુક્રમે ગોઠવી વર્ણવી છે. તેથી તે કર્મ ગ્રંથ વિગેરેમાં આવેલા વિષયો ઉપરાંત ઘણા વિષયોથી ભરપૂર છે. કોઈ પાકેલી કેરીનો રસ કાઢીલે તેવી રીતે તેમણે જૈન શાસ્ત્રોમાંથી રસ કાઢીને આગમસાર, નયચક્ર, વિચારસાર વિગેરે ગ્રંથો રચ્યા છે. જૈનધર્મતત્ત્વજ્ઞાનથી ભરેલા તેમના ગ્રંથોની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. શ્રીમદ્‌ના વિશ્વોપકારક ગ્રંથો માટે યોગનિષ્ઠાધ્યાત્મજ્ઞાનદિવાકર આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરીશ્વરજીએ શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજની સ્તુતિ રૂપે રચેલી લંબાણ પ્રશસ્તિમાંથી એ ત્રણ શ્લોકો અત્રે ટાંકીયે છીએ.

**आत्मोद्धारामृतं यस्य, स्तवनेषु प्रदृश्यते:**<br>
**त्रिविधतापतप्तानां, पूर्णशांति प्रदायकम्** ॥ ३ ॥

**आत्मज्ञानामृतास्वादी, शास्त्राध्यानविहारवान्**<br>
**यत्कृतशास्त्रपाथोधौ, स्नानं कुर्वन्ति सज्जना:** ॥ ६ ॥

**देवचन्द्रकृतग्रन्थान, स्तुवेऽहं भक्तिभावतः**<br>
**अमृतसागरा यत्र, विद्यन्ते सुखकारका:** ॥ २१ ॥

જ્ઞાનસારની મહત્તામાં વૃદ્ધિનો પ્રકાશ પાડ્યો છે. શ્રીમદ્ ઉપાધ્યાયશિરોમણિયશોવિજયઉપાધ્યાયના છેલ્લામાં છેલ્લો અધ્યાત્મજ્ઞાનરસનો ઝરો જેમાં વહ્યો છે તે ગ્રંથ ખરેખર જ્ઞાનસાર છે અને ઉપાધ્યાયજી મહારાજ શ્રીમદ્ દેવચંદ્રજીની છેલ્લી જીંદગીનો અધ્યાત્મજ્ઞાનરસનો જીવતો ઝરો જેમાં વહ્યો છે તે ટીકા ખરેખર જ્ઞાનસારપરની જ્ઞાનમંજરીટીકા છે પછી તેમાં અધ્યાત્મજ્ઞાનરસની મીઠાશ સંબંધી પુછવુંજ શું? સર્વ પંથના જૈનો એકી અવાજે જ્ઞાનસાર અને જ્ઞાનમંજરીના પરિમળ આસ્વાદમાટે માથુ ધુણાવી પ્રસંશા કરી ઉઠે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીમદ્‌ની ચોવીશીમાં જ્ઞાન અને ભક્તિનો રસ છલકાઈ જાય છે. હરેક ગચ્છવાળા આ સ્તવનો ગાવામાં ગૌરવ સમજે છે. એ શ્રીમદ્‌ની વિશાળ દૃષ્ટિનુંજ કારણ છે. તેમના સર્વ ગ્રંથોનો અભ્યાસ કરનાર કોઇપણ મનુષ્ય, પક્કો જૈન બની શકે છે અને તે ગાડરીઆ પ્રવાહમાંથી મુક્ત બની જ્ઞાનપ્રવાહ તરફ વળે છે. તેમના ગ્રંથોમાં ષડ્દ્રવ્ય, નવતત્ત્વ, કર્મની વ્યાખ્યા, સપ્તનય, સપ્તભંગી અનેકપક્ષ પ્રમાણ આગમવ્યાખ્યા આત્મતત્ત્વસ્વરૂપ વિગેરે બાબતો ભરપૂર છે.

## શ્રીમદ્‌નાં પ્રભુસ્તવનો.

શ્રીમદ્‌ના પ્રભુના સ્તવનોમાં આત્મદશાના ઉદ્‌ગારો છે તેમાંથી સંક્ષેપથી કેટલાક નીચે પ્રમાણે જણાવવામાં આવે છે—

આરોપત સુખ ભ્રમ ટલ્યો રે, ભાસ્યો અવ્યાબાધ;
સમર્યો અભિલાષીપણોરે, કર્તા સાધન સાધ્ય. અ૦
ગ્રાહકતા સ્વામિત્વતા રે, વ્યાપક ભોક્તાભાવ,
કારણતા કારજ દશા રે, સકલ ગ્રહ્યું નિજ ભાવ. અ૦

---

પ્રભુ દરિસણ મહામેહતણે પ્રવેશમેં રે,
પરમાનન્દ સુભિક્ષ થયો મુજ દેશમેં રે. આ૦ ૧
તિન ભુવન નાયક શુદ્ધાતમ તત્ત્વામૃત રસ વુઠું રે,
સકલ ભવિક ? લીલાણી મારૂ મન પણ તૂઠું રે આ૦ ૨
મનમોહન જિનવરજી મુજને, અનુભવ પ્યાલો દીધોરે;
પૂર્ણાનન્દ અક્ષય અવિચલ રસ, ભક્તિ પવિત્ર થઇ પીધોરે. ૩
જ્ઞાનસુધાલાલીની લ્હેરે, અનાદિવિભાવ વિસાર્યોરે;
સમ્યગ્‌જ્ઞાન સહજ અનુભવરસ, શુચિ નિજબોધ સમાર્યોરે. ૪

---

જિન ગુણ રાગપરાગથીરે, વાસિત મુજ પરિણામરે;
તજશે દુષ્ટ વિભાવતારે, સરશે આતમ કામરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિન ભક્તિરત ચિત્તનેરે, વેધકરસ ગુણ પ્રેમરે;
સેવક જિનપદ પામશેરે, રસવોધત અય જેમરે.
નાથ ભક્તિરસ ભાવથીરે, તૃણ જાણું પર દેવરે;
ચિન્તામણિ સુરતરૂ થકી રે, અધિકી અરિહંત સેવરે.
પરમાતમ ગુણ સ્મૃતિ થકીરે, ફરસ્યો આતમરામરે;
નિયમા કંચનતા લહેરે, લોહ જ્યું પારસ પામરે.

---

સહેજે પ્રગટયો નિજ પરભાવ વિવેકજો,
અન્તર આતમ ઠહર્યો સાધન સાધવેરે લોલ;
સાધ્યાલંબી થઈ જ્ઞાયકતા છેકજો,
નિજ પરિણતિ થિર નિજ ધર્મ રસે ઠવેરે લોલ.
ત્યાગીને સવિ પરપરિણતિ રસ રીજજો;
જાગી છે નિજ આતમ અનુભવ ઇષ્ટતારે લોલ.
સહજે છૂટી આસ્રવ ભાવની ચાલજો,
જાલમ એ પ્રગટી સંવર શિષ્ટતારે લોલ.
બંધના હેતુ જે છે પાપસ્થાન જો,
તે તુજ ભકતો પામ્યા પુષ્ટ પ્રશસ્તતારે લોલ.
ધ્યેય ગુણે વળગ્યો પૂરણ ઉપયોગ જો.
તેહથી પામે ધ્યાતા ધ્યેય સમસ્તતારે લોલ.
જે અતિ દુસ્તર જલાધિસમો સંસાર જો,
તે ગોપદ સમ કીધો પ્રભુ અવલંબનેરે લોલ.
જાણ્યો પૂર્ણાનન્દ તે આતમપાસ જો,
અવલંબ્યો નિર્વિકલ્પ પરમાતમ તત્ત્વનેરે લોલ.

---

ભાસ્યો આત્મસ્વરૂપ અનાદિનો વિસર્યો હો લાલ.
સકલવિભાવ ઉપાધિથકી મન ઓસર્યો હો લાલ.
સત્તા સાધન માર્ગભણી એ સંચર્યો હો લાલ.
દાનાદિક નિજભાવ હતા જે પરવશા હો લાલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે નિજ સન્મુખભાવ ગ્રહી લહી તુજ દશા હો લાલ.
ક્ષાયોપશમિક ગુણસર્વ થયા તુજ ગુણરસી હો લાલ.
સત્તા સાધનશકિત વ્યક્તતા ઉલ્લસી હો લાલ.
હવે સંપૂરણ સિદ્ધતણી શી વાર છે હો લાલ.
દેવચન્દ્ર જિનરાજ જગત આધાર છે હો લાલ.

## શ્રીમદ્‌ની સંસ્કૃત હિન્દી પ્રાકૃત તથા ગુર્જર ભાષાની વિદ્વત્તા.

શ્રીમદે સંસ્કૃત, પ્રાકૃત, ગુર્જર, હિન્દી, ભાષાના રચેલા ગ્રંથો પરથી તેમની ભાષા સંબંધી વિદ્વતાનો ખ્યાલ સ્હેજે આવે તેમ છે. બાલ જીવોને સમજાવવા માટે સંસ્કૃત ભાષામાં તેમણે બહુ સરલ શબ્દોમાં રચના કરી છે. જેમ બને તેમ ભાષાની કિલષ્ટતા દુરઅવગાહતા તથા શ્રમસાધ્ય (Laboured style) શૈલી વિગેરે પોતાના પુસ્તકોમાં આવવા દીધાં નથી. દ્રવ્યાનુયોગના વિષયમાં સામાન્યસંસ્કૃત જાણનારાઓ પણ રસ લઈ શકે તેવો પ્રયત્ન તેમાં સ્પષ્ટ જણાય છે. જ્ઞાનમંજરી તથા વિચારસારાદિ ટીકા વડે સંસ્કૃત ભાષામાં જૈનસાહિત્યની સેવા તેમણે ઉત્તમ રીતે બજાવી છે. જ્ઞાનમંજરીટીકા એ એક અસાધારણગ્રંથ પરની ટીકા છે કે જે સૌ કોઈ ફીરકામાં અતિ આદર પામી રહેલ છે તેના પરની ટીકા એ સામાન્ય ન કહેવાય અને એ તેમના પાંડિત્યનો પરિચય પૂર્ણતયા કરાવી શકે છે. આધુનિક કેટલાક સંસ્કૃતભાષાજ્ઞવિદ્વાનોનો મત એવો છે કે શ્રીમદ્ સંસ્કૃત ભાષાના પ્રૌઢ વિદ્વાન્ નહતા, પણ અમે એમાં એવું સુધારીશું કે શ્રીમદે દ્રવ્યાનુયોગાદિ ગહનવિષયોને સાદી સંસ્કૃત ભાષામાં બાળજીવોને સમજાવવા પર ખાસ લક્ષ દીધું છે તેથીજ તેઓએ પ્રૌઢ સંસ્કૃત ભાષા વાપરી નથી. તેમજ તેમનું ભાષાદ્વારા વિદ્વત્તા દેખાડવા તરફ બિલકુલ લક્ષ નહોતું તેજ એમાં કારણ છે. **આત્મજ્ઞાની મહાત્માઓ ભાષાને શણગાર સજાવવા તરફ બીલકુલ લક્ષ દેતા નથી. તેઓ તો ભાષાદ્વારા હૃદયના આત્મિક ભાવ જણાવે છે. કવિમાં અને જ્ઞાનીભકતમાં ભાષા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પરત્વે તફાવત રહ્યાજ કરે છે. કવિ ભાષાને શણગાર સજાવવાની ઉપાસના કરે છે અને જ્ઞાની ભાવરસનો ભોગી હોવાથી તે પોતાનું વક્તવ્ય સાદી ભાષામાંજ જણાવે છે.**

શ્રીમદ્‌ના પ્રાકૃતભાષાના ગ્રંથપૈકી વિચારસારાદિ ગ્રંથોછે. હિન્દી ભાષામાં સવૈયા, દુહા, ચોપાઈ, આદિ રચ્યા છે. વ્રજ ભાષાની બાનીમાં તો શ્રીમદે કમાલજ કરી છે.

દ્રવ્યપ્રકાશમાં જે બાની શ્રીમદે પીરસી છે તેમાં ઉંચા આત્મજ્ઞાનની વ્યવહાર નિશ્ચયની વૈરાગ્ય ત્યાગની આદિ અનેક વિષયની રચના–વ્રજભાષામાં સુંદર પદલાલિત્યવડે કરી છે. જીજ્ઞાસુ વાચકને મનોમુગ્ધ એવી વ્રજભાષાની બાની ભારે મીઠી ને મોહક છતાં પૂર્ણબોધપ્રદ અને આત્મોપકારક છે.

શ્રીમદ્‌ના ગુર્જરભાષાના ગ્રંથો પણ ઉંચો દરજ્જો ભોગવે છે. મારવાડ, મેવાડ સિંધ, કચ્છ આદિ સ્થળોએ ફરવા છતાંપણ ગુર્જર ભાષાપર તેમનો કાબુ અદ્વિતીય હતો ને રહ્યો અને ગમે તે દેશમાં પણ શ્રીમદ્‌ની ગુર્જર ભાષાની ઉપાસના અખંડિતજ હતી. ગુર્જરસાહિત્યના બળમાં તેમની પુષ્ટિનો ફાળો સારો મળ્યો હતો. દ્રવ્યાનુયોગ જેવા આત ગહનવિષયોને ચોવીશી વિગેરે પદ્યગ્રંથોમાં ઘણીજ સાદી ને સુન્દર રીત્યા ગુંથ્યા છે. એકંદર શ્રીમદે ગુર્જરભાષામાં ગદ્યપદ્ય જૈન તત્ત્વજ્ઞાનના ગહન-ગ્રંથો લખીને ભાષાજ્ઞાનની વિદ્વતાની મહત્તા જનસમાજને બતાવી આપી ગુર્જરસાહિત્યને પોષ્યું છે.

સંસ્કૃત, પ્રાકૃત, વ્રજ, હિન્દી, ગુર્જર ભાષામાં અતિ ઉત્તમ સુન્દર ગ્રંથો રચીને શ્રીમદે વિશ્વમાં ભાષાસાહિત્યની વૃદ્ધિમાં સારો ફાળો આપવા ઉપરાંત જૈન તત્ત્વજ્ઞાનના ઉંચામાં ઉંચા તત્ત્વોનો પ્રકાશ અને ઉદ્બોધન કરી પોતાની પરોપકાર દૃષ્ટિ તથા જ્ઞાનનો લાભ વિશ્વને આપ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાષા રચનાશૈલી ઘણાકની સરળ તો કેટલાકની ગંભીર તો ઘણાકની laboured style (શ્રમ સાધ્ય શૈલી) વાળી હોય છે. પણ સર્વદા સર્વત્ર સરખા વેગથી જતી અર્થગાંભીર્ય રસ સરલતા વાળી ધર્મના તત્ત્વો સમજાવે છતાં મોહક મીઠાશમાં ઉણપ ન આવે એવી રીતની ભાષાની રચના કરી તેને મહાન્ તત્ત્વજ્ઞાનના (ગ્રંથો) ના પ્રચાર કરવા બહાર મોકલી દે એવી રીતે વાપરે એવા નરવરની ભાષાની ભવ્યતા રસિકતા તથા અર્થપૂર્ણતા પ્રસંશનીયજ ગણાય.

## કવિત્વશકિત.

## કવિઓ બનાવાય નહિ, એતો જન્મેજ.

શ્રીમદ્‌ના પદ્યગ્રંથોમાં તેમની અપૂર્વ ભાવના વહે છે. ત્યાગ તપ તથા સંયમની ત્રિપૂટિથી આત્મારાધનની સિદ્ધિનાં દર્શન કરાવતી ભકિતની ભવ્યતાનાં ભભક ભર્યાં દર્શન કરાવતી લેખિની ઝળકી ઉઠે છે. કવિત્વ શકિતનો ભકિતમાં વ્યય કરનાર ભકત કવિઓમાં શ્રેષ્ઠ એવા આપણા શ્રીમદ્ દેવચંદ્રજી કાવત્વ શકિતને ભકિતરૂપમાં પરિણમાવે છે. તેઓ અનેક રૂપકોથી પ્રભુનું વર્ણન કરે છે. ઉપમાલંકારોને પ્રભુભકિતના રૂપકોમાં ઓઠવી આધ્યાત્મિકદષ્ટિએ મેઘને પ્રભુની રૂપકભકિતમાં ઝડીએ ઝડીએ વરસાવ્યો છે. અલંકારના સાગર ઉછાળ્યા છે. દેવચંદ્રજી !! જ્ઞાનની ગંભીરમૂર્તિ !! તમોને તો રસઅલંકાર પણ ભકિતમાંજ ભણવા ગમ્યા ?

જૈન જગતસન્મુખ ભકિતસ્તવન રૂપે જે મિષ્ટ પ્રસાદી શ્રીમદે રજુ કરી છે તેથી ભાકતસ્તવનભોકતા રસિક ધર્મ જીજ્ઞાસુઓના આત્મામાં શીતળતાના સંચાર તે પ્રસાદી અવશ્ય કરાવી શકે છે. આત્મામાં નિર્મળતા, બળ, શાંતિ, આલ્હાદ અપૂર્વ આનંદ તથા આત્મજ્ઞાનના કલ્લોલ ઉછાળતી તરંગવતી જેવી શુદ્ધ વિશુદ્ધ પરિણતિની કલ્લોલીની (નદી) ના સુમધુર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કલરવથી તથા આત્મધ્યાન કર્મયોગ ઉપાસનાયોગના પૂર્ણ પરિમલથી આત્મજ્ઞાની વાચકના મસ્તક ઉન્નત તથા કંપાયમાન થયા સિવાય નજ રહે. આવાં અનેક કાવ્યો તથા સ્તવનો તથા પદ્યલખાણોરૂપે શ્રીમદ્ એક ઉચ્ચકોટિના ગુર્જર કવિ તરીકે સાહિત્ય સૃષ્ટમાં ઉભા રહે છે. તેમાં પણ અધ્યાત્મ જ્ઞાન જેવો મહા વિકટ અને ગહન વિષય છતાં તેમાં રસની રેલો રેલાય ને જ્ઞાન પિપાસુઓ ઘનઘટા જોઈ નાચતા મયૂરોની માફક આ રસાસ્વાદથી નાચી ટહુકી ઊઠે, એ આશ્ચર્ય જનક છે. કવિ એટલે નૈસર્ગિકતાની પ્રતિમા. બાહ્યવિશ્વદુ:ખભાનને ભૂલી ભૂલાવે તે. આનંદમાં ડૂબી ડૂબાવે તે. સંસારમાં રહેવા છતાં જેના અંતરૂમાંથી સંસાર જતો રહે તે. પોતાના મૂક વિચારોને પદ્યબદ્ધ શૈલીમાં જીવંત ચીતરી બતાવે તે.

શ્રીમદ્ તો આથી યે ઘણીજ ઉંચી કોટિના કવિ હતા. તેમણે તો પોતાનાં કાવ્યો, સ્તવનો, પદ્યગ્રંથોમાં હાર્દિક વિષયને ઉતમ રીત્યા ઘટાવીને આત્મજ્ઞાનના પ્રકાશને ઘણીજ ઉત્તમ રીતે વિસ્તાર્યો છે. એ માટે તેમની ભૂરિ ભૂરિ પ્રશંસા કરતાં આલ્હાદ ઉપજે છે. વળી શ્રીમદ્દના આત્મામાં ગુણોનો સુભિક્ષ કાળ થયો હતો તે તેમના સ્તવનના સહજોદ્ગારથી સમજાય છે. તેઓ દ્રવ્યાનુયોગના સર્વવિષયોમાં કુશળ હતા. આત્મા અને પરમાત્માના ગુણોમાં આધ્યાત્મિક રૂપકોથી અંતરૂમાં પરિણામ પામતા હતા અને તેથી આંતર શુદ્ધજીવન અપ્રમત્ત મસ્ત દશારૂપ હતું તે તેમના ભાવથી સ્પષ્ટ જણાય છે. પારમાત્મક આત્મજ્ઞાનના ગહનભાવોને જીવંત કવિતામાં ઉતારી કર્તવ્ય બંસીમાં તેના સૂર ફુંકનાર એવા સુકવિને હમારાં વંદન હો.

શ્રીમદે કવિત્વ શકિતનો ભકિતમાં વ્યય કર્યો છે. ભક્ત

**શ્રીમદ્દની કવિત્વ શક્તિ.**

લોકો કવિત્વ શક્તિ ભકિતના રૂપમાં પરિણમાવે છે. તેઓ અનેક રૂપકોથી પ્રભુનું વર્ણન કરે છે, શ્રીમદે ઉપમાલંકારોને પ્રભુભકિતના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપકોમાં પરિણમાવ્યા છે. તેમણે આધ્યાત્મિક દૃષ્ટિએ મેઘને પ્રભુની ભક્તિમાં રૂપકથી પરિણમાવ્યો છે તે જોઈએ.:—

શ્રી નમિજીનવર સેવ, ઘનાઘન ઉનમ્યોરે; ॥ ઘ ॥
દીઠો મિથ્યા રોર, ભવિક ચિત્તથી ગમ્યોરે. ॥ ભ ॥
શુચિ આચરણા રીતિ તે, અભ્ર વધે વડાંરે ॥ અ ॥
આતમ પરિણતિ શુદ્ધ, તે વીજ ઝબુકડાંરે ॥ વી ॥ ૧
વાજે વાયુ સુવાયુ, તે પાવન ભાવનારે ॥ પા ॥
ઇન્દ્ર ધનુષ ત્રિકયોગ, તે ભક્તિ એકમનારે ॥ ભ ॥
નિર્મળ પ્રભુસ્તવ ઘોષ, ધ્વનિ ઘનગર્જનારે ॥ ધ્વ ॥
તૃષ્ણા ગ્રીષમકાળ, તે તાપની તર્જનારે ॥ તા ॥ ૨
શુભ લેશ્યાની આલિ, તે બગ પંક્તિ બનીરે. ॥ બ ॥
શ્રેણિ સરોવર હંસ, વસે શુચિગુણ મુનિ ॥ વ ॥
ચઉગતિ મારગ બંધ, ભવિક નિજ ઘર રહ્યા રે. ॥ ભ ॥
ચેતન સમતા સંગ, રંગમેં ઉમહ્યા રે. ॥ રં ॥ ૩
સમ્યગ્દ્રષ્ટિ મોર, તિહાં હરખે ઘણું રે. હ. ॥ નિ ॥
દેખી અદ્ભુત રૂપ, પરમ જિનવરતણું રે. ॥ પ ॥
પ્રભુ ગુણનો ઉપદેશ, તે જલધારા વહી રે. ॥ જ ॥
ધર્મરૂચિ ચિત્ત ભૂમિ, માંહે નિશ્ચળ રહી રે. ॥ માં ॥ ૪
ચાતક શ્રમણ સમુહ, કરે તવ પારણો રે. ॥ ક ॥
અનુભવ રસ આસ્વાદ, સકળ દુખ વારણો રે. ॥ સ ॥
અશુભાચાર નિવારણ, તૃણા અંકુરતારે. ॥ તૃ ॥
વિરતિતણા પરિણામ, તે બીજની પૂરતા રે. ॥ બી ॥ ૫
પંચ મહાવ્રત, ધાન્ય તણાં કર્ષણ વધ્યાં રે. ॥ ત ॥
સાધ્ય ભાવ નીજ સ્થાપી, સાધનતાએ સધ્યાં રે. ॥ સા ॥
ક્ષાયિક દર્શન જ્ઞાન, ચરણ ગુણ ઉપન્યા રે. ॥ ચ ॥
આદિક બહુ ગુણ શશ્ય, આતમ ઘર નિપન્યા રે. ॥ આ ॥ ૬
પ્રભુ દર્શન મહામેહ,–તણે પ્રવેશમેંરે. ॥ ત ॥
પરમાનંદ સુભક્ષ, થયો મુજ દેશમેંરે. ॥ થ ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવચંદ્ર જિનચંદ્ર,-તણો અનુભવ કરો રે. ॥ ત ॥
સાદિ અનંતો કાળ, આતમ સુખ અનુસરો રે. ॥ અ ॥ ૭

શ્રીમદ્‌ની ઉપમા આપવાની આધ્યાત્મિક કાવ્યશક્તિ બહુ ઉત્તમ છે. બાહ્ય ભાવોને આધ્યાત્મિકરૂપમાં ગોઠવીને જન સમાજને તે તરફ વાળવા તેમણે કાવ્યશકિતનો ધર્મમાર્ગમાં સદુપયોગ કર્યો છે. શ્રીમદે આલંકારિક કાવ્યશકિતનો આધ્યાત્મિક ભાવ પ્રકટ કરી દર્શાવ્યો છે. આવાં અનેક સ્તવનો તથા કાવ્યો રૂપે શ્રીમદ્ એક ઉચ્ચ કોટિના ગુર્જર કવિ તરીકે સાહિત્ય સૃષ્ટિમાં ઉભા રહે છે, તેપણ અધ્યાત્મજ્ઞાન જેવા મહા વિકટને ગહન વિષયમાં, છતાં રસની રેલો રેલાય ને જ્ઞાનપિપાસુઓ ઘનઘટા જોઈ નાચતા મયુરોની માફક તે આસ્વાદી નાચી-ટહુકી ઉઠે એ આશ્ચર્યજનક છે.

**શ્રીમદ્‌ની વર્ણનશકિત**

શ્રીમદ્ જ્યારે પ્રભુ ભકિતમાં લીન થઈ–મસ્ત બની જાય છે ત્યારે બાહ્યભાવને ભૂલી જાય છે અને પોતે દેહાતીત બની આત્મ રમણતામાં રસબસ બની રહે છે. છતાં પ્રભુપ્રેમ ખુમારીના રસીયા એઓશ્રી જ્યારે આત્મપ્રદેશના રસાળક્ષેત્રના રૂપકોના કયારે કયારે ભ્રમણ કરી જ્ઞાનપુષ્પો વીણતા, અલખ મસ્તીમાં મહાલે છે ત્યારે તેમનાં વચનોમાં વર્ણનશકિતનો અદ્‌ભુત પ્રાદુર્ભાવ ઉદ્‌ભવે છે. એવાં અનેક ઉદાહરણો પૈકી એક જોઈએ. આમાં શ્રીમદ્ નિજાનંદ મસ્તીનો ફાગ ખેલે છે–ખેલાવે છે.

### રાગ ફાગ—

આત્મપ્રદેશ રંગ થલ અનોપમ, સમ્યગ્ દર્શન રંગરે !
નિજ સુખકે સધઇયા તું, તો નિજગુણ ખેલ વસંત રે. નીજ.
પરપરિણુતિ ચિંતા તજી નિજમેં, જ્ઞાન સખાકે સંગરે. ની. ૧
વાસ બરાસ સુરૂચિ કેશર ઘન, છાંટો પરમ પ્રમોદ રે. ની.
આતમરમણ ગુલાલકી લાલી, સાધક શક્તિ વિનોદ રે. ની. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધ્યાન સુધારસ પાન મગનતા, ભોજન સહજ સ્વભોગ રે. ની.
રિઝ એકત્વતા તાનમેં વાજે, વાજિત્ર સનમુખ યોગ રે. ની. ૩
શુકલધ્યાન હોરીકી જ્વાલા. જાલે કર્મ કઠોર રે. ની.
શેષ પ્રકૃતિ દલ ક્ષિરણ નિર્જરા, ભસ્મ ખેલ અતિ જોરરે. ની. ૪
સકલ અજોગ અલેશ અસંગત, નાહિં હોવે સિદ્ધ રે. ની.
દેવચંદ્ર આણામેં ખેલે, ઉત્તમ યુંહિ પ્રસિદ્ધ રે. ની. ૫

હવે બીજુ ઉદાહરણ—અષ્ટ પ્રકારી પૂજામાં નૈવેદ્યપૂજા—દોહા.

સરસ શુચિ પકવાન ભર, શાલ દાલ ઘૃતપૂર;
ધરો નૈવેદ્ય જિન આગળે, ક્ષુધા દોષ તસુ દૂર. ૧
દાલ—લપનશ્રી વરઘેવર, મૃદુતર મોતીચુર;
સિંહ કેસરીયા સેવૈયા, દલિયા મોદકપૂર. ૨
સાકર દ્રાખ સિંગોડા, ભકતવ્યંજન ઘૃતસદ્ય;
ધરો નૈવેદ્ય જિન આગળે, જીમ મિલે સુખ અનવદ્ય. ૩

ચાલે-ઢોવતાં ભોજ્ય પરભાવ ત્યાગે, ભવિજન નિજગુણ ભોજ્ય માગે;
અદ્ય ભણી અદ્યતણો સરૂપ ભોજ્ય,—આપશો તાતજી જગત પૂજ્ય.

શ્રીમદ્‌ની પ્રેમલક્ષણા ભકિત ઉંચ કોટિની હતી; એ સાથે
પ્રેમલક્ષણા ભકિતમાં. સાથેજ તેમનો ભાષાપ્રભાવ કેટલો ઉચ્ચ કોટિનો હતો તેની પ્રતીતિ માટેઃ-

## રાગ પરભાતી.

હું તો પ્રભુવારી છું તુમ મુખની,
હું તો જિન બલિહારી તુમ મુખની!;
સમતા અમૃતમય સુપ્રસન્નની,
ત્રેય નહિં રાગ રૂખની. હું૦
ભ્રમર અધર શિવ ધનુહર કમલદલ,
કીર હીર પુનમ શશિની;
શોભા તુચ્છ પ્રભુ દેખત થાકી,
કાયર હાથે જીમ આસની. હું૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનમોહન તુમ સનમુખ નિરખત,
આંખ ન તૃપતિ અમચિ;
મોહ તિમિર રવિ હરષચંદ્ર છબી,
મુરત એ ઉપશમચિ. હું૦
મીન ચકોર મોર મતંગજ, જલશશિ ઘનનીં ચનની;
તિમ મો પ્રતિ સાહિબ સુરતથી, ઓર ન ચાહુ મનથી. હું૦
જ્ઞાનાનંદન જાયાનંદન, આશ દાસની યતનોથી;
દેવચંદ્ર સેવનમેં અહનિશ રમજો પરિણતિ ચિત્તની. હું૦

શ્રીમદ્ પરમાત્માના જ્ઞાની ભકત હતા, તેમણે હૃદયના પૂર્ણ ભાવથી વાસ્તવિક પરમાત્માના ગુણોનું વર્ણન કર્યું છે તેમની ભકિતમાં

શ્રીમદ્‌ની ભકિતદશા.

લઘુતા અને પરમાત્માની પ્રભુતાનું દ્રશ્ય છે. પ્રભુને મળવા માટે પોતે અનેક આશામય સુરમ્ય ભાવનાઓને હૃદય આગળ ખડી કરે છે. શ્રીમદ્‌નાં ભકિતરસના પદો જોઇએ.

હોવત જો તનુ પાંખડી, આવત નાથ હજુર લાલરે;
જો હોતી ચિત્ત આંખડી, દેખત નિત્ય પ્રભુ નૂર લાલરે દે૦

∸ ∸ ∸

મીઠો હો પ્રભુ મીઠી સુરત તુજ
દીઠી હો પ્રભુ દીઠી રૂચિ બહુ માનથી જી!
તુજ ગુણ હો પ્રભુ તુજ ગુણ ભાસનયુકત,
સેવે હો પ્રભુ સેવે તસુ ભવભય નથી જી.

÷ ÷ ÷

ભલુ થયુ મ્હેં પ્રભુગુણ ગાયા રસનાનો ફળ લીધો રે
દેવચંદ્ર કહે મ્હારા મનનો, સકલ મનોરથ સિધ્ધોરે ભ૦

× × ×

**કડખાની દેશી.**

તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી.
જગતમાં એટલું સુજશ લીજે!;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાસ અવગુણ ભર્યો જાણી પોતાતણો,
દયાનિધિ દીનપર દયા કીજે. તાર૦
રાગ દ્વેષે ભર્યો–મોહવૈરી નડયો,
લોકની રીતિમાં ઘણુંય રાતો;
ક્રોધવશ ધમધમ્યો, શુદ્ધગુણ નવી રમ્યો,
ભમ્યો ભવમાંહિ હું વિષય માતો તાર૦
જગતવત્સલ મહાવીર જિનવર સુણી,
ચિત્ત પ્રભુચરણને શરણ વાસ્યો,
તારજો બાપજી બિરૂદ નિજ રાખવા,
દાસની સેવની રખે જોશો. તાર૦

× × ×

વદનપર વારી હો જશોધર ! વદન પર વારી !
મોહ રહિત મોહન જ્યાકો, ઉપશમ રસ કયારી સો !
મોહ જીવ લોહકો કંચન, કરવે પારસ ભારી હો !
સમકીત સુરતરૂ વન સેચનકો, વર પુષ્કર જલધારી હો !

**શ્રીમદ્નો પ્રભુ પ્રેમ**

શ્રીમદ્ પ્રભુ પ્રેમ ખુમારીમાં મસ્ત–લયલીન રહી ઝીલતા. તેમના સ્તવનોમાં જણાય છે. એમનું ભકત હૃદય પ્રભુ પ્રેમ હિંચોળે હિંચતુ તેમની કૃતિઓમાં સ્પષ્ટ તરે છેઃ—

રૂષભજીણંદશું પ્રીતડી, કીમ કીજે હો કરો ચતુર વિચાર,
પ્રભુજી જઈ અળગા વસ્યા,
તિહાં કીણે નહિ હો કોઈ વચન ઉચ્ચાર. રૂ૦
કાગળ પણ પહોંચે નહિ, નવિ પોહોંચે હો તીહાં કો પરધાન,
જે પહોંચે તે તુમ સમો,
નવિ ભાંખે હો કોઈનું વ્યવધાન. રૂ૦

÷ ÷ ÷

પ્રભુ જીવ જીવન ભવ્યના, પ્રભુ મુજ જીવન પ્રાણ !
ત્હારે દર્શન સુખ લહુ, તુહિંજ ગતિ સ્થિતિ જાણુ !

÷ ÷ ÷

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હું ઈન્દ્ર ચન્દ્ર નરેન્દ્રનો, પદ ન માગુ તિલમાત્ર
માગુ પ્રભુ મુજ મન થકી, ન વિસરો ક્ષણમાત્ર;
જ્યાં પૂર્ણ શુદ્ધ સ્વભાવની, નવી કરી શકું મુજ રૂદ્ધિ,
તહાં ચરણ શરણ તુમારડી, એહિજ મુંજ નવનિદ્ધ.

**સંસાર તથા શરીરની અસારતાના ઉદ્ગાર.**

શરીરની તથા સંસારની અસારતાનું પૂર્ણ સ્વરૂપ જાણ્યા ને માણ્યા શિવાય શુદ્ધ આત્મસ્વરૂપની ઝાંખી નજ થાય. અધ્યાત્મજ્ઞાનીઓનાં શરીર—બાહ્યસંસારથી ક્યારના યે મરી પરવાર્યાં હોય છે અને એ શરીરનું ને બાહ્યસંસારનું મૃત્યુ શ્રીમદ્‌ના શબ્દોમાં ટપકતું આપણે જોઈએ.

ભાવો એકલ ભાવના, સંગ ન કોઈ સંસારો રે !
ઈન્દ્ર ચંદ્ર નાગેંદ્રકો, અંતે નહિ આધારો રે ૧૦

* * *

એ સંસાર અસાર, સુર નર નાગકુમાર;
રહી ન શકે પલભાર, તુટે આયુ જિવાર.
ભુવન યમ સાપે ડસ્યારે હાં, બ્હીતા પુરૂષ પ્રધાન;
દેવ ઉપાયે નહિં રહેરે હાં ! તો નરકે હૈ જ્ઞાન.
બાલ વૃદ્ધ ધન નીરધનીરે હાં, જીમ કાયર તિમ શૂર;
મંત્રૌષધ સેના સહુરે હાં ! જૂઠી કાલ હજુર.
હરિહર હળધર રવિશશીરે હાં ! દેવ પવન આહનાથ;
ઈત્યાદિક રાખે નહિંરે હાં ! સાહે યમ યદિ હાથ.
નાસે મૃગલી ચેતનારે હાં ! યમ કંઠીરવ નાદ;
તે તું રાખી શકે નહિંરે હાં ! તો ભાગે કિશો સવાદ.
ઈમિ અંતર સુખ ખાડમેંરે હાં ! તિને લોક સમાય;
કામ ભોગ લાલચ પડયારે હાં ! તે નર દુર્ગતિ જાય;

**હવે શરીરની અસારતાના ઉદ્ગારઃ—**

એહ શરીર જે આપણો રે, વિંટયાઉ ચર્મ ન હોત;
તો માખીકૃમીકતાથી રે, રાખી ન શકે કોઈક. ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેહ અશુચિ રોગે ભરી રે, પતન સરૂપ શરીર;
એહનો ફળ એહજ ગ્રહો રે, ધારો ધર્મ સધીરરે. ૨
કેશર અગર ને મૃગમદ રે, હરી ચંદન કર્પૂર;
મંઈલ ગ્રહે વપુ સંગથી રે, દેહ અશુચિ ભરપૂરરે. ૩
અસ્થિ ચરમ પંજર અછેરે, કુથિત મૃતક સમાન;
જો પાયમ ? રોગાદિનારે, પ્રીતી ધરે નહિ તાસો રે ૪

વૈરાગ્ય દશાના ઉદ્ગાર

શ્રીમદ્દની વૈરાગ્ય દશાના ઉદ્ગારોથી તો ગ્રંથોના ગ્રંથો ભર્યા પડયા છે. આપણે તેમાંની થોડીક વાનગી લઈએઃ—

" દીઠો સુવિધિ જિણંદ, સમાધિ રસે ભર્યો હો લાલ !
ભાસ્યો આતમ સરૂપ અનાદિનો વિસર્યો હો લાલ !
સકલ વિભાવ ઉપાધિથકી મન ઓસર્યો હો લાલ !

÷ ÷ ÷

મોહાદિકની ઘૂમિ અનાદિની ઉતરે હો લાલ !
અમલ અખંડ અલિપ્ત સ્વભાવજ સાંભરે હો લાલ ?
તત્ત્વરમણ શુચિધ્યાન ભણી જે આદરે હો લાલ
તે સમતા રસ ધામ સ્વામિ મુદ્રાવરે હો લાલ !

÷ ÷ ÷

રાગી સંગેરે રાગદશા વધે થાયે તિણે સંસારોજી
નિરાગીથીરે રાગનું જોડવું લહીએ ભવનો પારોરે.
સહજ ગુણ આગરો સ્વામિ સુખ સાગરો
જ્ઞાન વૈરાગરે પ્રભુ સવાયો
શુદ્ધતા એકતા તિક્ષ્ણતા ભાવથી
મોહ રિપુ જીતી જય પડહ વજાયો.

સાધુ દશાના ઉદ્ગાર

શ્રીમદ્દના અંતરમાં વૈરાગ્ય તથા સાધુતા રગ રગે કેટલે દરજ્જે વ્યાપ્ત હશે તે તેઓની વાણી આપણને કહે છે જ. જ્યાં દેહ છતાં દેહાતીત દશા વર્તે છે, જ્યાં બાહ્ય શરીરને બાહ્ય વિશ્વ મરીજ જાય ત્યાં સાધુને સાધુના શિવાય શું રહ્યું ? સાધુદશાની ઉત્કૃષ્ટતાના સ્વાનુભવકો ઉદ્ગારો શ્રીમદે આ પ્રમાણે કાઢયા છેઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"જગતમેં સદા સુખી મુનિરાજ, પરવિભાવ પારણુતી કે ત્યાગી
જાગે આત્મસ્વભાવ, નિજગુણ અનુભવ કે ઉપયોગિ
જોગી ધ્યાન જહાજ૦
નિર્ભય નિર્મળ ચિત્ત નિરાકુળ, વિલગે ધ્યાન અભ્યાસ;
દેહાદિક મમતાસવિ વારી, વિચરે સદા ઉદાસ. અઃ
બાહ્ય સાધન જે એક ચિત્તથીરે, ભાવ સાધન નિજ ભાવ૦
ભાવસિદ્ધ સામગ્રી હેતુતેરે, નિઃસંગી મુનિ ભાવ. સાધક૦
હેય ત્યાગથી ગ્રહણ સ્વધર્મનોરે, કરે ભોગવે સાધ્ય૦
સ્વ સ્વભાવ રસીયા તે અનુભવેરે,
નિજસુખ અવ્યાબાધ. સાધક૦
નિઃસ્પૃહ નિર્ભય નિર્મમ નિર્મલારે, કરતાનિજ સાગ્રાજ૦
દેવચંદ્ર આણાયે વિચરતાંરે, નમિયે તે મુનિરાજ સાધક૦

શ્રીમદ્‌ને સ્વસ્વરૂપની ઝાંખી અવશ્ય થઈ હતીજ અને એ સત્ય તેમના શબ્દે શબ્દે બોલી ઉઠે છે. સ્વસ્વરૂપની ઝાંખી થયા શિવાય આટલા બધા નિજાનંદી મસ્તીના ઉછાળા આવેજ નહીં શ્રીમદ્‌ના આવી દશાના ઉદ્‌ગારો જોઈએ—

**સ્વસ્વરૂપ ઝાંખીના ઉદ્‌ગાર**

આત્મગુણ રક્ષણાં તેહ ધર્મ, સ્વગુણ વિધ્વંસણા તે અધર્મ.
ભાવ અધ્યાત્મ અનુગત પ્રવૃત્તિ, તેહથી હોય સંસાર છિત્તિ.
જ્ઞાનની તિક્ષ્ણતા ચરણ તેહ, જ્ઞાન એકત્વતા ધ્યાન ગેહ.
આત્મ તાદાત્મ્યપૂર્ણ ભાવે, તદા નિર્મલાનંદ સંપૂર્ણ ભાવે.
વસ્તુ તત્ત્વે રમ્યા તે નિર્ગ્રંથ, તત્ત્વ અભ્યાસ તિહાં સાધુ પંથ.
તિણે ગીતાર્થ ચરણે રહિજે, શુદ્ધ સિદ્ધાંત રસ તો લહીજે.
આત્મગુણ રમણ કરવા અભ્યાસે, શુદ્ધ સત્તા રસીને ઉલ્લાસે.
**દેવચંદ્રે** રચી **અધ્યાત્મગીતા**, આત્મરમણી મુની સુપ્રતીતા.
—અધ્યાત્મગીતા.

દર્શન જ્ઞાનાદિક ગુણ આત્મનારે
પ્રભુ પ્રભુતા લયલીન.
શુદ્ધસ્વરૂપી રૂપે તન્મયીરે ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તુમ આસ્વાદન પીન. પૂજનાતો કીજેરે૦
શુદ્ધતત્ત્વ રસ રંગી ચેતનારે,
પામે આત્મસ્વભાવ.
આત્માલંબી નિજ ગુણ સાધતોરે
પ્રકટે પૂજ્ય સ્વભાવ. પૂજનાતો કીજેરે૦
જિનવર પૂજારે તે નિજ પૂજનારે
પ્રકટે અન્વય શકિત.

## સંસ્કૃતભાષા.

શ્રીમદે સંસ્કૃત ભાષામાં રચેલા ગ્રંથો પૈકીમાં **જ્ઞાનમંજરી ટીકા** ઉંચો દરજ્જો ભોગવે છે. મહામહોપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી મહારાજે શ્રી **જ્ઞાનસાર** સૂત્ર સંસ્કૃતમાં રચ્યું છે જેનું નામજ જ્ઞાનસાર છે તેપરથી તેમાં શું ભર્યું હશે તેનો ખ્યાલ વિદ્વાન્ વાચકને સ્હેજે આવી શકશે. આ જ્ઞાનસાર સૂત્ર અષ્ટકજી કહેવાય છે, કારણ તેના આઠ આઠ શ્લોકના ૩૨ વિભાગ પાડી જુદા જુદા જ્ઞાનવિષયક વિષયો તેમાં અત્યંત ખુબીથી ચર્ચા છે. આ વિષય ઘણો કઠીન હોઇ તેનાપર શ્રીમદે સંસ્કૃતમાંજ ટીકા રચી છે જેનું નામ **જ્ઞાનમંજરી** ટીકા રાખ્યું છે. શ્રીમદ્‌ને શ્રીમદ્ યશોવિજયજી પર તેમનો કેટલો પ્રેમ અને સદ્‌ભાવ હશે તેમજ ટીકાકાર તરીકેની તેમની કેટલી શકિત હશે? એનો ખ્યાલતો **જ્ઞાનમંજરી**નો જ્ઞાનસ્વાદ લીધા શિવાય કલમથી ભાગ્યેજ વર્ણવી શકાય. જેમ **જ્ઞાનસાર**ના ૨૫૬ શ્લોકોમાં શ્લોકે શ્લોકે અદ્‌ભુત જ્ઞાનરસ ટપકે છે તેથીપણ વધુ મસ્ત બનાવી નાંખનાર આ જ્ઞાનમંજરીના પરિમલ નયનિક્ષેપ ભંગ પક્ષ પ્રમાણયુકત **જ્ઞાનસાર** અને જ્ઞાનમંજરીનો રસાસ્વાદ મનુષ્યને અક્ષયસુખ આપનાર હોવાથી વધુ સુન્દરને અમૂલ્ય છે. આ પરથી વાચકને શ્રીમદ્‌ની સંસ્કૃત ભાષા કેવી સુન્દર છે તેનું ભાન થાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રાકૃત માગધી ભાષા

શ્રીમદ્‌ની માગધી ભાષા પણ ઘણીજ ઉત્તમ અને સુમધુર છે. જૈન સાધુઓ અને પંડિતો એ માગધી પ્રાકૃત ભાષાના પિતાઓ છે. પુત્રની જેમ લાડથી લાલનપાલન પામતી માગધી ભાષાને તેઓજ છત્ર છાયા સરખા છે. શ્રીમદ્‌ પણ આ ભાષાને ઘણીજ સરળતાથી ઉત્તમ રીતે રમાડે છે. શ્રીમદ્‌ના પ્રાકૃત માગધી ભાષાના અનેક ગ્રંથો છે. અભ્યાસીઓને તેના રસાસ્વાદની ખબર છે. બાકી ઉપર ચોટીયા વાચકો તેનો રસ કેમ ઝીલી શકે ?

શ્રીમદે ૧૭૯૬ માં જામનગરમાં કાર્તિક સુદ એકમે **વિચારસાર** નામે એક ગ્રંથ રચ્યો છે. **વિચારસાર** પ્રાકૃતમાં સંસ્કૃત ટીકા સાથેનો મહાન્ ગ્રંથ છે. તે વાંચવા અનુભવવા લાયક ગ્રંથ છે જેના ઉપસંહારમાં શ્રીમદ્‌ કથે છે કેઃ—

**जा जिनवाणी विजयइ, ताव थिरं चिट्ठउ इमं वयणं ।**
**नूतणपूरम्मि इयं, देवचंदेण नाणट्ठं ॥**
**रसनिहीसंजमवरिसे सिरिगोयम केवलस्स वरदिवसे ।**
**आयत्थं उद्धरियो, समय समुद्दाओ रुद्दाओ ॥**

રસ ૬ નિધિ ૯ સયમ ૧૭ એટલે ૧૭૯૬ ના વરસે શ્રી ગૌતમસ્વામી કેવળજ્ઞાન પામ્યા તે દિવસે એટલે કારતક સુદ–૧ ના રોજ આત્મબોધ અર્થે ઉદ્ધર્યો.

ફક્ત માગધીના એકજ શ્લોક પરથી શ્રીમદ્‌ની માગધી ભાષા તેમાંની વર્ણન શકિત તથા સુન્દરતા જણાઈ આવેછે.

### શ્રીમદ્‌ની કૃતિઓપર અન્યવિદ્વાનોના ટબાઓ.

પૂર્વે પંડિતપુરૂષો ગુણાનુરાગ દ્રષ્ટિથી બીજા જ્ઞાનીઓની કૃતિઓપર ટબા ભરતા, ટીકાઓ રચતા તથા તેના અભ્યાસપૂર્વક પઠન પાઠન કરતા. શ્રીમદ્‌દેવચંદ્રજી મહારાજની ઉત્તમ કૃતિઓપર પણ ઉત્તમોત્તમ મહાન્ ત્યાગી સમર્થ પુરૂષોએ ટબા તથા ટીકાઓ રચ્યાં છે. શ્રીમદ્‌ની **અધ્યાત્મગીતા** જૈનોમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણીજ વિખ્યાત છે. હિન્દુઓમાં પ્રસિદ્ધ ભગવદ્ગીતાની જેમ જૈનોમાં અધ્યાત્મગીતા અતિપ્રસિદ્ધ છે. અધ્યાત્મગીતાપર આ શ્રી કુંવરવિજયજી ( અમિકુંવર ) નો ટબો છે. બીજો શ્રીમદ્ જ્ઞાનસારજીનો ટબો છે તથા ત્રીજો ટબો સૂરતમાંથી મોહન-લાલજીના ભંડારમાં છે. ચોથો ટબો શ્રીમદ્ દેવચંદ્ર ભા. ૨ જામાં છપાયો છે. તેના કર્તા જણાયા નથી. શ્રીમદ્નો પણ હોય શ્રીમદ્કૃત સાધુપદ સ્વાધ્યાય પર શ્રી જ્ઞાનસારજી યોગિરાજે વિસ્તારથી ટબો ભર્યો છે. **તેમાં શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજને એકપૂર્વનું જ્ઞાન હતું એમ શ્રીમદ્ જ્ઞાનસારજીએ જણાવ્યું છે.** શ્રીમદ્ જ્ઞાનસારજી યોગાભ્યાસી સમર્થ સંત મહાત્મા અને ગીતાર્થ હતા. તેમજ તેઓશ્રી મારવાડમાં વિકાનેરના સ્મશાનના મઠમાં રહેતા હતા. તેમણે શ્રી આનંદઘનજી ચોવીશીપર ટબો ભર્યો છે, તેમજ અનેક પદોરૂપે આત્મદશાના ઉદ્ગાર બહાર કહાડ્યા છે, તેઓશ્રીએ શ્રીમદ્ દેવચંદ્રજી માટે ઉત્તમ અભિપ્રાય દર્શાવ્યો છે અને તેમની **સાધુપદ સ્વાધ્યાય** પર ટબો પૂરીને ગુણાનુરાગ દર્શાવ્યો છે. સંત મહાત્માઓની ગુણાનુરાગ દશા અપૂર્વ હોય છે. રાગદ્વેષતો અધૂરામાંજ પ્રકટે, બાકી જ્ઞાનીઓતો ગુણાનુરાગ દશાનેજ વરે છે. શ્રીમદ્ના ગ્રંથો જેમ અનુપલબ્ધ છે તેમજ તેમના ગ્રંથો પર બીજાઓએ ભરેલા ટબાઓ ટીકાઓ પણ અંધારામાં કેટલાક હશે ઉપલબ્ધ થયેથી અતિઘણો આનંદ ઉપજશે.

## સાક્ષીઓ.

## Authorites.

પૂર્વે પંડિત પુરૂષો પોતાના ગ્રંથોમાં પોતાના લખાણની સત્યતાની પુષ્ટિમાં બીજા વિદ્વાનોનાં લખાણોની સાક્ષીઓ દેતા, અને એમાં લખાણો પ્રમાણ ગણાય છે. શ્રીમદે પણ પોતાના ગ્રંથોમાં વાચક યશોવિજયજીના ગ્રંથોની સાક્ષી આપી છે. તેથી તેઓ ગુણાનુરાગી હતા એ સ્પષ્ટ સિદ્ધ થાય છે. તેમજ પોતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીમદ્ આનંદઘનજી મહારાજ કે જેઓ અર્વાચીનકાલીન અધ્યાત્મજ્ઞાનોદ્ધારક હતા તેમના વચનોની પણ પોતાના ગ્રંથોમાં સાક્ષીઓ આપી છે. તેથી તે કાળમાં તપાગચ્છીય શ્રીમદ્ આનંદઘનજીના વિચારો આખી જૈન આલમમાં જલદી પ્રસરી ગયાહતા એમ સિદ્ધ થાય છે. શ્રીમદ્‌ના ગ્રંથોના પૂર્ણ રાગી યોગિવર શ્રી અમિ (કુંવરજી) વિજયજી હતા. તેમણે નવતત્ત્વપ્રશ્નોતરમાં શ્રીમદ્ દેવચંદ્રજીકૃત ગ્રંથોની સાક્ષી આપી છે. ભિન્ન ભિન્ન ગચ્છના આચાર્યોએ સાધુઓ પોતપોતાના ગ્રંથોમાં એકબીજાના સદ્‌વિચારોની સાક્ષીઓ આપ્યા વિના રહેતા નહોતા.

## ત્રણ મુનિઓની ભેગી પૂજા.

સંવત ૧૭૭૭ માં શ્રીમદ્ પાટણ ચોમાસુ રહ્યા હતા. તેજ વખતે ત્યાં શ્રીમદ્ જ્ઞાનવિમળસૂરિજી પણ ચોમાસુ હતા. તે સમયે શાહનીપોળમાં ચોમુખ વાડી નજીકના જિનાલયમાં સત્તરભેદી પૂજા ભણાવતાં શ્રીમદ્ તથા શ્રીમદ્ જ્ઞાનવિમલજી મળ્યા હતા તથા ત્યાંના નગરશેઠ શ્રી તેજશી દોસીના ભરાવેલા શ્રી સહસ્રકૂટના સંબંધમાં ચર્ચા થતાં શ્રીમદ્ દેવચંદ્રજીપર શ્રીમદ્ જ્ઞાનવિમલજીને ઘણો પ્રેમભાવ આવ્યો હતો અને પરસ્પર બહુજ પ્રેમભાવથી મળ્યા હતા—

મૌન રહીને પૂછે જ્ઞાન
તુમે કેહના શિષ્ય નિધાનરે. સ. ૧૫
ઉપાધ્યાય રાજસાગરના શિષ્ય,
મીઠી વાણી જેહવી ઇક્ષુરે. સ.
નમ્રતા ગુણ કરી બોલે જ્ઞાન;
દેવચંદ્રને આપ્યાં માનરે. સ. ૧૬
તુમ વાચકતો જૈનના કાજીરે,
તુમે જૈનના થંભ છો ગાજીરે. સ.
આદિ ઘર છે તમારૂં ભવ્ય.
તુમે પણ કિમ ન હોયે કવ્યરે. સ. ૧૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઈણીપરે પરસ્પરે યુક્તિ મિલીયા,
શેઠ તેજશીનાં કારજ ફળીયારે. સ. ઈત્યાદિ.
શ્રી. દે. વિ. પૃ. ૨૨.

આ મિલન વખતે શ્રીમદ્ જ્ઞાનવિમળસૂરિજીને શ્રીમદ્ પર અહુભાવ આવ્યો હોવાથી આ સમાગમના ધર્મસ્નેહના સ્મરણાર્થે ત્રણ મુનિઓની ભેગી પૂજાઓની રચના થઈ હોય એમ જણાય છે. આ યોજના પોતે પણ કરે યાતો પાછળથી પદ્મવિજયાજિ. વિ. કરેલી હોય તો તેમ પણ બનવા સંભવ છે. આ વખતે ખરતર ગચ્છ તથા તપાગચ્છના આચાર્યોમાં સંપ હતો. સ્થાનકવાસીઓ સામે બન્ને ગચ્છવાળા કુસંપને ભુલી ક્ષુલ્લક માન્યતાઓના ભેદોને ઉપશમાવી એક થયા હતા. પ્રતિમાના ઉત્થાપકો સામે પ્રતિમા સિદ્ધિના વિચારો આપવામાં એક સરખી રીતે યુરોપી મિત્ર રાજ્યોની પેઠે સંપીને વર્ત્યા હતા. શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજીકૃત નવપદ સ્તુતિ ઢાળો તથા શ્રી જ્ઞાનવિમળ સૂરિકૃત. નવપદ સ્તુતિ શ્રીમદ્ દેવચંદ્રજીકૃત નવપદની ઉલાળા ઢાળોરૂપ સ્તુતિ એમ ત્રણેની સ્તવના ભેગી કરીને તેઓ ખરતર તપાગચ્છના સર્વ જૈનો એક સરખી રીતે પૂજામાં લાભ લે અને ભાવષ્યમાં સંપીને પૂજામાં અભેદપણે વર્તે તે માટે નવપદ પૂજા ભણાવવાની વ્યવસ્થા કરી હતી તે વ્યવસ્થા હાલ પણ નવપદ પૂજા તરીકે પ્રસિદ્ધ છે અને હવે જૈનો એજ નવપદ પૂજાને મુખ્યતાએ ભણાવે છે. હાલમાં જેટલી પૂજાઓ ભણાવવામાં આવે છે તેમાં જેટલી પૂર્વોક્ત વ્યવસ્થાવાળી નવપદ પૂજા જેટલી ઉત્તમ અને સર્વમાં રૂચિકર જણાય છે તેટલી કોઈ જણાતી નથી.

આ પરથી શ્રીજ્ઞાનવિમળ સૂરિજીને શ્રીમદ્પર કેટલો પ્રેમ હશે. તથા શ્રીમદ્ને શ્રીજ્ઞાનવિમલજી તથા શ્રીમદ્ યશોવિજયજી પર કેટલો પ્રેમ હશે તે સ્પષ્ટ થાય છે. તેમજ શ્રીમદ્ યશોવિજયજીની સાથેજ શ્રીમદ્ને પણ લઈ પોતાની કૃતી સાથે મેળવી ત્રણેની ભેગી પૂજા બનાવવામાં ત્રણે સંત મહાત્માઓના મહત્તાનું આંકવું થઈ શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રીમદ્‌ની કૃતિઓ.** શ્રીમદ્‌ની અપૂર્વ રસસાગરથી છલકાતી અનેક કૃતિઓ વિશ્વમાં વિદ્યમાન હશે, પણ આપણે તો ઉપલબ્ધ થયેલ કૃતિઓ શિવાય અન્ય કૃતિઓથી તદ્દન અજ્ઞાતજ ગણાઈએ, ઉપલબ્ધ થએલી ઉત્તમ કૃતિઓ નીચે પ્રમાણે છેઃ—

## શ્રીમદ્ દેવચંદ્રજીની કૃતિઓ. !

| પુસ્તકનું નામ | રચ્યાનો સંવત | ક્યાં રચી. | પ્રત ક્યાંથી મળી. |
|---|---|---|---|
| ૧ અષ્ટપ્રકારી પૂજા | ૧૭૪૩ | .... | પાદરા ભંડારમાંથી |
| ૨ એકવીશપ્રકારી પૂજા | ,, | .... | પાદરા ભંડારમાંથી |
| ૩ ધ્યાનદીપિકા ચતુષ્પદી | ૧૭૬૬ વૈ. વ. ૧૩ | મુલતાન (પંજાબ) | આચાર્ય શ્રીવિજયકમલસૂરિ (મૂ. મ.) ઘોરાજી ભંડાર. |
| ૪ દ્રવ્યપ્રકાશ. | ૧૭૬૭ પો. વ. ૧૩ | વિકાનેર | અમદાવાદ વિદ્યાશાળા જ્ઞાન ભં. તથા પં. લા. વિ. |
| ૫ આગમસાર. | ૧૭૭૬ ફા. સુ. ૩. | મોટાકોટ મરોટ. | પાદરાના ભંડારમાંથી બે પ્રતો. સુરત શ્રી મોહનલાલજી મહારાજના ભંડારમાંથી તથા મુનિલાભ વિજય. |
| ૬ નયચક્ર | .... | .... | સુરત શ્રી મોહનલાલજી ભંડારમાંથી. |

For Private And Personal Use Only

| | | | |
|---|---|---|---|
| ૭ વિચારસાર. | ૧૭૯૬ કા. સુ. ૧ | નવાનગર | (જામનગર) શ્રી અમરચંદજી બોથરા માર્ફતે શ્રી જિનયશ:સૂરિ પુ. ભંડાર. |
| ૮ જ્ઞાનમંજરી ટીકા. | ૧૭૯૬ કા. સુ. ૫ | નવાનગર | જુની બે પ્રતો સુરત મોહનલાલજી ભંડાર. બીજી એક છપાયેલ પ્રત હમણાંજ મળી. |
| ૯ વિશવિહરમાન વીશી. | .... | .... પાલીતાણા | |
| ૧૦ સિદ્ધાચળ સ્તવન. | ૧૮૦૪ મા. સુ. ૧૩ | ,, | |
| ૧૧ ગુરૂગુણષટ્ત્રિંશિનો ટબો | .... | .... | પં. ગુ.વિ. પાસેથી ભોજક. ગિ. હે. મેળવી આપી. |
| ૧૨ પાંચકર્મગ્રંથનો ટબો. | .... | .... | પં. ગુલાબવિજયજી પાસેથીભોજક ગિરધરભાઈ હેમચંદે મેળવીઆપી. |
| ૧૩ વિચારરત્નસાર | (પ્રશ્નોત્તર૨૫) | | પ્રવર્તક શ્રી કાં. વિ. ૧ અમદાવાદ શાંતિસાગરજી ભંડાર ૧ મુનિ લા.વ. |
| ૧૪ પ્રશ્નોત્તર | .... | .... | .... શ્રી કાંતીવિજય પાસેથી |
| ૧૫ કર્મ સંવેધ | .... | .... | .... અમદાવાદ ડેહેલાના ઉપાશ્રયેથી જવેરી ભો. તા. |
| ૧૬ પ્રતિમા પુષ્પપૂજાસિદ્ધિ | .... | .... | પાદરાના ભંડારમાંથી તથા સુરતના ભંડારમાંથી તથા લાભવિજયજી પાસેથીમળી. |
| ૧૭ ગુણસ્થાનક અધિકાર.... | .... | .... | |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| ૧૮ | અધ્યાત્મગીતા (પ્રાયઃ ૧૭૪૩) લીંમડી. | ૨ પ્રતો સુરત મોહન લાલજી મહારાજના ભંડારમાંથી. |
| ૧૯ | વર્તમાન ચોવીશી. .... .... | પ્રવર્તકશ્રી કાં. વિ. |
| ૨૦ | અતીત ચોવીશી પૈકી એકવીશી .... .... | .... |
| ૨૧ | સ્નાત્રપૂજા .... .... .... | પાદરા ભંડારમાંથી. |
| ૨૨ | નવપદપૂજા ઉલાળા. .... .... | |
| ૨૩ | વીરનિર્વાણનાં સ્તવન-ની ઢાળો. ભાવનગરમાં. | અમદાવાદ વિદ્યાશાળાના ભંડારમાંથી ભો ગિ. હે. |
| ૨૪ | બાહુજિન સ્તવન અને ટબો. .... | અમદાવાદ ડેલાના ઉપાશ્રયેથી. |
| ૨૫ | ભાવિ ચોવીશી પૈકી પદ્મનાભજિન સ્તવન .... | શ્રી અમરચંદ્રજી બોથરાજી તથા ભોજક ગિરધર હેમચંદ. |
| ૨૬ | શ્રી સીમંધર જિન સ્તવન. .... .... | ભોજક ગિ. હે. |
| ૨૭ | દીવાળીનું સ્તવન લઘુ .... .... | પાદરા ભંડારમાંથી. |
| ૨૮ | નવાનગર આદિજિન સ્તવન.... .... | |
| ૨૯ | ધ્રૂવ પદ સ્તવન. .... .... | |
| ૩૦ | સમવસરણ સ્તવન. .... .... | શ્રીમાન્ અમરચંદજી બોથરાજી. |
| ૩૧ | કુંભ સ્થાપના. .... .... | |
| ૩૨ | સહસ્રકૂટ સ્તવન. .... .... | ભો. ગિ. હે. |
| ૩૩ | અજિતનાથજિન હોરી. .... .... | હોરી સંગ્રહમાં છપાયેલું. |
| ૩૪ | પ્રભુ સ્તુતિ | શ્રીયુત્ અમરચંદ્રજી બોથરાજી તરફથી. |
| ૩૫ | સિદ્ધાચળ સ્તુતિ | |
| ૩૬ | ગિરનાર સ્તુતિ | |
| ૩૭ | વિંશસ્થાનક સ્તુતિ | |
| ૩૮ | જ્ઞાનબહુમાન સ્તુતિ | |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૯ }
૪૦ } સિદ્ધાચળ સ્તવન. પાદરા ભંડારમાંથી
૪૧ }

૪૨ બડી સાધુવંદના શ્રી અમરચંદજી બોથરાજી.

૪૩ અષ્ટપ્રવચનમાતાની સજ્ઝાય જામનગર }
૪૪ પ્રભંજનાની સજ્ઝાય .... લીંમડી }
૪૫ ઢંઢણ ઋષની સજ્ઝાય .... .... } છપાયલા છે.
૪૬ સમકિતની સજ્ઝાય .... .... }
૪૭ ગજસુકુમારની સજ્ઝાય .... .... }

૪૮ પંચેન્દ્રિય વિષય ત્યાગ પદ .... શ્રીયુત અ. બોથરાજી.

૪૯ }
૫૦ } શ્રીમદે લખેલા પત્રો. એ આત્માનંદ પ્ર. માં છપાયેલા એક શ્રી કાં. વિ. મહારાજ.
૫૧ }

૫૨ સાધુ સ્વાધ્યાય તેના પર જ્ઞાનસારનો ટબો

૫૩ સજ્ઝાય આચાર્યશ્રી અજીતસાગરજી તરફથી મળેલ.

૫૪ સાધુની પંચ ભાવના

૫૫ શ્રીઆનંદઘનજી ચોવીશીમાં જ્ઞાનવિમળજી અને શ્રીમદે ભેગા થઈ બનાવેલાં ૨૩–૨૪ માં પ્રભુનાં સ્તવનો. જેસલમેર

૫૬ આજકો લાહો લીજીયે ( પ્રાય શ્રીમદ્‌ની કૃતિ જણાય છે )

૫૭ રત્નાકર પચ્ચીશીના અનુવાદરૂપ સ્તવન.

૫૮ લઘુ ધ્યાનદીપિકા—૨૧ ગાથાઓ ( પરમાત્મદર્શનમાં છપાઇ ગઈ છે. )

શ્રીમદ્‌ના વિશ્વોપકારક ગ્રંથો માટે યોગનિષ્ઠ અધ્યાત્મ-જ્ઞાનદિવાકર આચાર્યશ્રી શ્રીમદ્‌ બુદ્ધિસાગરજી (વર્તમાન કાળે વિદ્વાન્) સૂરીશ્વરજીની લાંબી પ્રશસ્તિમાંથી બે શ્લોકો અત્ર ટાંકવા ઈષ્ટ છે.

**आत्मोद्धारामृतं यस्य, स्तवनेषु प्रदृश्यते;**
**त्रिविधतापतप्तानां, पूर्णशांति प्रदायकम्. ॥ ३ ॥**
**आत्मशमामृतास्वादी, शास्त्राध्यानविहारवान्;**
**यत्कृतशास्त्रपाथोधौ, स्नानं कुर्वन्ति सज्जना: ॥ ६ ॥**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**देवचन्द्रकृतग्रन्थान, स्तुवेऽहं भक्तिभावतः;**
**अमृतसागरा यत्र, विद्यन्ते सुखकारकाः ॥ २३ ॥**

**आचार्यश्री श्रीमद् बुद्धिसागरसूरि.**

શ્રીમદ્‌ની આત્મદશા

શ્રીમદ્‌ના ગ્રંથોપરથી તેમની ઉચ્ચપ્રકારની આત્મદશાની સહજ પ્રતીતિ થાય છે. તેઓ વ્યવહારમાં સ્થિર હતા, તેમજ નિશ્ચયમાં વિશેષ સ્થિર હતા. તેમણે પોતાના સ્તવનોમાં પ્રભુભક્તિ પ્રસંગે અટલ-ઉભરાતી ભક્તિ ભર્યા ઉદ્‌ગારો કાઢયા છે. કોઈ પણ ભક્ત, હૃદયના ઉદ્‌ગારો, નિરંકુશ-સ્વતંત્ર રીત્યા વિશ્વસન્મુખ રજુ કરે છે. હૃદયના ઉદ્‌ગારોમાં કૃત્રિમતા હોતી નથી, પરંતુ નૈસર્ગિક આત્મ-દશાના ઉભરાઓજ હોય છે. કવિની કવિતા એ કવિના હૃદયનો આરિસો છે. ભક્તની સ્તવના એજ ભકતનું હૃદય છે. જ્ઞાનીના ગ્રંથો એ જ્ઞાનીનું અભ્યંતર જીવન છે. ભકિત ભર્યા ઉદ્‌ગારો વહેવરાવતાં તેમાં આત્મદશાની ખરી ખુમારીની છાંટ છંટાયા શિવાય રહેતી નથી. આત્માના સુખનો અનુભવરસ પીધાથી તેમને બાહ્ય વિષયરસ તે રસતરીકે ભાસતોજ નથી. આત્માનોશુદ્ધાનુ-ભવરૂપ આનંદરસ પ્રાપ્ત થયા વિના અને બાહ્યકામનો રસ નષ્ટ થયા વિના અંતર્મુખ વૃત્તિ થતી નથી. આત્મા પોતાના સ્વભાવમાં દેહાધ્યાસના નાશપૂર્વક પ્રવૃત્તિ કરે છે ત્યારેજ આત્મસુખનો અનુભવ થાય છે. શ્રીમદ્‌ને આવી ઉત્તમદશા પ્રકટ થઈ હતી અને એવી દશામાં અવધૂત બનેલા હતા કે તે પ્રસંગે બહાર પડેલા ઉદ્‌ગારોમાં આત્મદશાની ખુમારી નીતરી રહી છે. તેઓ લીંમડીના દેરાસરના ભોંયરામાં કલાકો પર્યંત ધ્યાનમગ્ન થઇને બેસી રહેતા. શુદ્ધોપયોગમાં તલ્લીન તેમજ આત્મસમાધિમાં મગ્ન રહેતા. તેમણે સવિકલ્પ સમાધિ ઉપરાંત નિર્વિકલ્પ સમાધિનો અપૂર્વરસ પણ ઝીલ્યો હતો, છતાં પોતે દેહાતીત દશામાં વર્તતા હતા. તેથીજ તેઓશ્રીએ શુદ્ધોપયોગના તાનમાં સ્તવનોની અંદર આત્મદશાનો અમૂલો રસ રેડ્યો છે, જેટલા પ્રમાણમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મદશા પ્રકટી હોય તેટલાજ પ્રમાણમાં ઉદ્‌ગારો પ્રકટે છે અને આમ છતાં પણ તેમની રચનામાં ગુર્જર સાહિત્યનો સરસર વહેતો વહેળીઓ વહ્યોજ જાય છે. શ્રીમદ્‌નું પુસ્તકોમાં ભરેલું સાહિત્ય એજ તેમનું આંતર જીવન છે.

શ્રીમદ્‌નાં પ્રભુસ્તવનોમાં આત્મદશાના ઉદ્‌ગારોમાં થોડાક જોઈએ—

" આરોપિત સુખ ભ્રમ ટળ્યોરે, ભાશ્યો અવ્યાબાધ;
સમર્યો અભિલાષીપણોરે, કર્તા સાધન સાધ્ય. ॥ અ૦ ॥
ગ્રાહકતા સ્વામિત્વતારે, વ્યાપક ભોક્તા ભાવ;
કારણતા કારજ દશારે, સકલ ગ્રહ્યું નિજ ભાવ. ॥ અ૦ ॥

* * *

તિનભુવન નાયક શુદ્ધાતમ, તત્ત્વામૃત રસ વુઠુંરે;
સકલ ભવિક વસુધાની વાણી, મારૂં મન પણ તુઠુંરે, ॥ આ૦ ॥
મનમોહન જિનવરજી મુજને, અનુભવ પિયાલો દીધોરે;
પૂરણાનંદ અક્ષય અવિચલરસ, ભકિત પવિત્ર થઈ પીધોરે. ॥ આ૦ ॥
જ્ઞાનસુધા લાલીની લ્હેરે, અનાદિ વિચાર વિસાર્યોરે;
સમ્યગ્ જ્ઞાન સહજ અનુભવ રસ, શુચિ નિજ બોધ સમાર્યોરે.
જિનગુણ રાગ પરાગથીરે, વાસિત મુજ પારણામરે;
તજશે દુષ્ટ વિભાવતા, સરશે આતમ કામરે ॥
જિન ભાકતરત ચિત્તનેરે, વેધક રસ ગુણ પ્રેમરે;
સેવક જિનપદ પામશેરે, રસ વેધિત અય જેમરે ॥

× × ×

ભાસ્યો આત્મ સ્વભાવ, અનાદિનો વિસર્યો હો લાલ;
સકલ વિભાવ ઉપાધિ થકી, મન ઓસર્યો હો લાલ ॥

**શ્રીમદ્‌ની ભક્તદશા.**

શ્રીમદ્ પરમાત્માના જ્ઞાની ભકત હતા, તેમણે હૃદયના પૂર્ણ ભાવથી વાસ્તવિક પરમાત્માના ગુણોનું વર્ણન કર્યું છે. તેમની ભક્તિમાં લઘુતા અને પ્રભુની પ્રભુતાનું દશ્ય છે. પ્રભુને મળવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે પોતે અનેક આશામય સુરમ્ય સૂક્ષ્મ–ભાવનાઓને હૃદય આગળ ખડી કરે છે. ભકતનું હૃદય એજ પ્રભુને નિવસવાનું યોગ્ય સ્થળ છે. અચળ ભકિત ભાવવાળો ભકત–શિષ્યજ પ્રભુને ઓળખી પામી શકે છે. પૂર્વે પણ ભકતો અનેક કષ્ટો વેઠી પ્રભુને પામી ગયા છે. ભકતની વાણીમાં ઝરતો પ્રભુ ભાકતગાન રસ આપણને મીઠો લાગે છે. છતાં ભકતને તો તે ગાન પ્રભુને સંભળાવવાને પૂરાં નહી પણ અધૂરાં અધૂરાંજ લાગતાં હોય છે. પ્રભુને મળવાને આતુર ભેટવાને આતુર ભકત હૃદયની તલ્લીનતા આતુરતા વિરહતા તરફડાટ તો પ્રભુપ્રેમીજ જાણે છે. સંસારીઓ જે તરફડાટ સંસારીક મિલનમાં અનુભવે છે તેથી અનંત ઘણી ઉંચા પ્રકારની આતુરતા પ્રભુ મિલનની પ્રભુ ભકતને હોય છે. આ બાબત સ્વાનુભવથીજ સમજાય તેવી છે.

## શ્રીમદ્‌નાં ભક્તિરસનાં પદો.

હોવત જો તનુ પાંખડિ, આવત નાથ હજુર લાલરે
જો હોતી ચિત્ત આંખડી, દેખત નિત્ય પ્રભુ નૂર લાલરે ાાદેવાા

× × ×

મીઠી હો પ્રભુ મીઠી સુરત તુંજ, દીઠી હો પ્રભુ દીઠી,
રૂચિ બહુ માનથીજી
તુજ ગુણ હો પ્રભુ તુજ ગુણ ભાસન યુકત,
સેવેહો પ્રભુ સેવે–તસુ ભવ ભય નથીજી.

* * *

ભલું થયું મેં પ્રભુ ગુણ ગાયા, રસનાનો ફળ લીધોરે,
દેવચંદ્ર કહે મારા મનનો, સકલ મનોરથ સિધોરે. ાા ભ ાા

## કડખાની દેશી.

તાર હો તાર પ્રભુ મુજ સેવક ગણી,
જગતમાં એટલું સુજસ લીજે;
દાસ અવગુણ ભર્યો જાણી પોતાતણો,
દયાનિધિ દિનપર દયા કીજે. તાર૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગદ્વેષે ભર્યો મોહ વૈરી નડયો,
મોહની રીતિમાં ઘણું એ રાતો;
ક્રોધવશ ધમધમ્યો શુદ્ધ ગુણ નવી રમ્યો,
ભમ્યો ભવમાંહી હું વિષય માતો. તાર૦ ૨
આદર્યું આચરણ લોક ઉપચારથી,
શાસ્ત્ર અભ્યાસ પણ કાંઈ કીધો;
શુદ્ધ શ્રદ્ધાન વણુ આત્મ અવલંબ વિણુ,
તેહવો કાર્ય તેણે કો ન સિદ્ધચો. તાર૦ ૩
સ્વામી ગુણ ઓલખી સ્વામીને જે ભજે,
દર્શન શુદ્ધતા તેહ પામે;
જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી,
કર્મ જીતી વસે મુક્તિ ધામે. તાર૦ ૪
જગત્ વત્સલ મહાવીર જિનવર સુણી,
ચિત્ત પ્રભુ ચરણને શરણ વાસ્યો;
તારજો બાપજી બિરૂદ નિજ રાખવા,
દાસની સેવના રખે ખોશો. તાર૦ ૫

÷ ÷ ÷

વદન પર વારી હો જશોધર ! વચન પર વારી
મોહ રહિત મોહન જમાકો, ઉપશમ રસ કયારી હો
મોહ જીવન લોહકો કંચન, કરવે પારસ ભારી હો
સમકિત સુરતરૂ વન સેંચનકો, વર પુષ્કર જલધારી હો

આમ શ્રીમદ્ ભક્તિવશ પ્રભુને સ્તવે છે. શ્રીમદ્‌માં ભક્તિ દર્શનાં ભજનો, સ્તવનો અનેક છે તેમની ચોવીશીમાં ભક્તિ-દશા-ત્યાગ દશા તથા અદ્‌ભૂત આત્મજ્ઞાનના રસ ઉભરાય છે. સાચા ભકતો પ્રભુને પામી પ્રભુરૂપ બની શકે છે. એ સત્ય છે.

**શ્રીમદ્‌નો પ્રભુ પ્રેમ.**

શ્રીમદ્ પ્રભુ પ્રેમ ખુમારીમાં મસ્ત લયલીન રહી ઝીલતા હોય છે તેમનાં સ્તવનોમાં દૃષ્ટિએ આવે છે. પ્રભુ માટે તરફડતા-વિયો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગીની દશામાં પ્રભુ શોધતા–પ્રભુ પર અનન્યભાવે સર્વસ્વ સમર્પણ કરતા પ્રભુ વિહોણા અનાથ જેવા શ્રીમદ્ પોતાની કૃતિમાં જણાય છે. એમનું ભકત હૃદય પ્રભુ પ્રેમ હિંચોળે હિંચતું તેમની કૃતિઓમાં સ્પષ્ટ તરે છેઃ—

ઋષભ જીણંદશું પ્રીતડી, કીમકીજે હો કહો ચતુર વિચાર;
પ્રભુજી જઈ અળગા વસ્યા, તિહાં કિણે નવી હો કોઈ
વચન ઉચ્ચાર. ઋષભ.

કાગળ પણ પહોંચે નહિં, નવી પહોંચે હો તિહાં કો પરધાન
જે પહોંચે તે તુમ સમો, નવી ભાંખેહો કોઇનું વ્યવધાન.
ઋષભ.

÷ ÷ ÷

પ્રભુ જીવ જીવન ભવ્યના, પ્રભુ મુજ જીવન પ્રાણ;
ત્હારે દર્શન સુખ લહું, તુંહિજ ગતિ સ્થિતિ જાણ.

÷ ÷ ÷

હે ઈન્દ્ર ચંદ્ર નરેંદ્રનો, પદ ન માગું તિલ માત્ર;
માગું પ્રભુ મુજ મન થકી, ન વિસરો ક્ષણ માત્ર.
જ્યાં પૂર્ણ શુદ્ધ સ્વભાવની, નવી કરી શકુ મુજ રૂદ્ધિ;
તિહાં ચરણ શરણ તુમારડી, એહીજ મુજ નવનિદ્ધ.

÷ ÷ ÷

આ ઉદ્ગારો પરથી સહજરીત્યા શ્રીમદ્નો પ્રભુપ્રેમ જણાઇ આવે છે. પ્રભુ પ્રેમની ખુમારીમાં મસ્ત આત્મજ્ઞાન સુમંડિત અપૂર્વ ત્યાગદશાવાળા શ્રીમદ્ પોતાનાં પદ્ય લખાણોમાં પદેપદે પ્રભુ પ્રેમ રસ રેલી રહ્યા છે, અને આ રસ તરંગમાં વાંચકને ઝુલાવી રહ્યા છે.

## શ્રીમદ્ કર્મયોગી મહાત્મા.

આજકાલ જે આત્મજ્ઞાનીઓ દેખાય છે તેમાંનો મોટો ભાગ શુષ્ક જ્ઞાનીઓનો બનેલો હોય છે. આત્માનું સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કર્યા વિના શુષ્કજ્ઞાનીપણું પ્રાપ્ત થાય છે અને તેથી વાચકજ્ઞાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરીકે ઉપહાસને પાત્ર થાય છે. કોટાખુંદીના ભાવના ભાવવાળા શેઠની પેઠે બનીને જેઓ કહેવા પ્રમાણે વર્તતા નથી તેઓ પોતે તરી શકતા નથી અને અન્યોને તારી શકતા નથી. ક્રિયા વિનાનું શુષ્કજ્ઞાન કંઈ કરી શકતું નથી. લૌકિકશાસ્ત્રો પૈકી ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણે અર્જુનને કર્મયોગી થવા માટે સારી રીતે ઉપદેશ આપ્યો હતો. કંઈ કરવું નહીં અને બેસી રહેવું. લાંબી લાંબી વાતો કર્યા કરવી. સ્વપરનું શ્રેયઃ થાય એવાં કાર્યો કરવાં નહીં એથી સ્વપરનું કલ્યાણ થતું નથી. વ્યવહારમાં રહીને સ્વાધિકારે યોગ્ય ધર્મ્મપ્રવૃત્તિ કર્યા વિના આત્મજ્ઞાન, ઈંડાની પેઠે કાચું રહે છે વા કાચા પારાના જેવું રહે છે. શુભપ્રવૃત્તિ, સેવા, પરમાર્થ કાર્યો વગેરે કાર્યો કર્યા વિના કોઈને આત્મજ્ઞાનની પકવતા થઈ નથી અને થશે નહી. વાતો કર્યાથી વડાં થતાં નથી. તેમ શાસ્ત્રોમાંથી આત્મજ્ઞાનનું સ્વરૂપ વાચ્યું એટલા માત્રથી આત્મજ્ઞાની થવાતું નથી. દેવ, ગુરૂ. ધર્મની ભકિત કરવાથી અને સ્વાધિકાર પ્રવૃત્તિથી પ્રવૃત્ત થતાં આત્મજ્ઞાન પરિણામ પામ્યું કે નહીં તેનો અનુભવ આવે છે. સેવા કર્યા વિના આત્મજ્ઞાન જે છે તે આત્મામાં પરિણમતું નથી. દેશ સેવા, કુટુંબ સેવા, ગુરૂજન સેવા, પ્રભુ ગુરૂ ભકિત, સમાજ સેવા, જાહેર ઉપદેશ પ્રવૃત્તિ, અનેક ગ્રન્થોની રચના, વગેરે શુભ કર્મો કરવાથી અધ્યાત્મશાસ્ત્રોદ્વારા વાંચેલું આત્મજ્ઞાન ખરેખર આત્મજ્ઞાનરૂપે પરિણામ પામે છે. શ્રીમદ્ દેવચંદ્રજીએ દીક્ષિત થયા બાદ પોતાના ગુરૂ શ્રી દીપચંદ મહારાજની મન વાણી કાયાથી સેવા ઉઠાવી હતી. ધર્મવિદ્યા ગુરૂ શ્રી જ્ઞાનસાગરજીની પૂર્ણપ્રેમથી સેવા કરી હતી. તેઓ ગુરૂકુળમાંથી છુટા પડયા નહોતા, ગુરૂકુળ વાસમાં રહીને તેમણે પરંપરા સહિત જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. શાસ્ત્રજ્ઞાતા થતાં પોતાની માનતા પૂજા વધારવા માટે ગુરૂથી જુદા પડયા નહોતા. ધર્મવ્યવહારની શુભાચરણાઓનો તિરસ્કાર કર્યો નહોતો. નિશ્ચય જ્ઞાનમાં પરિપૂર્ણ થયા છતાં શુષ્કજ્ઞાની બન્યા નહોતા. પ્રતિમા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્તવનરૂપ ભાવપૂજા, તીર્થયાત્રા, વિહાર, પ્રતિક્રમણાદિ શુભ ધર્મ ક્રિયાઓનો ત્યાગ કર્યો નહોતો, ગામોગામ ફરીને તથા દેશોદેશ ફરીને ધર્મોપદેશ આપીને તથા ગ્રન્થો લખીને કર્મ-યોગીની પદવીને તેમણે શોભાવી છે. સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો શ્રાવિકાઓને ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરાવી ધર્મપ્રવૃત્તિમાં જીવન ગાળી આદર્શ કર્મયોગીનું જીવન, પાછળની દુનિયા માટે મૂકી ગયા છે. લગભગ ૬૦ વર્ષ સુધી જ્ઞાની કર્મયોગીનું સાધુ જીવન ગાળી તેઓએ જૈનધર્મની પૂર્ણ સેવા કરીને જૈનકોમની અપૂર્વ સેવા બજાવી છે તે તેમના ગ્રન્થો રહેશે ત્યાંસુધી જૈનોને ઉપકાર કર્યા કરશે. શ્રીમદ્ જેવા કર્મયોગીઓથી જગતમાં ધર્મની જાહોજલાલી વર્તે છે. શ્રીમદ્ યશોવિજયજી, ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ જેવા જ્ઞાની કર્મયોગીઓએ અઢારમા સૈકાની જાહોજલાલી દીપાવી છે અને હાલ પણ તેમના શાસ્ત્રરૂપ અક્ષર દેહોથી જૈનકોમમાં જાહોજલાલી વર્તી રહી છે અને ભવિષ્યમાં વર્તો. ( એ પ્રમાણે ગુરૂશ્રી જણાવે છે. )

## શ્રીમદ્ દેવચંદ્રજીનો મહાવિદેહ ક્ષેત્રમાં કેવલી તરીકે અવતાર.

( ગુરૂશ્રી નીચે પ્રમાણે જણાવે છે. )

શ્રીમદ્ અધ્યાત્મજ્ઞાની, આત્મશુદ્ધોપયોગી દેવચન્દ્રજી મહા-રાજ હાલમાં મહાવિદેહ ક્ષેત્રમાં કેવલી તરીકે વિચરે છે એમ અનેક મનુષ્યોના મુખે કિંવદન્તી તરીકે શ્રવણ કર્યું છે. સાંભ-ળવા પ્રમાણે શ્રીમદ્ના રાગી અધ્યાત્મજ્ઞાની શ્રાવકે પાટણમાં મહાન્ તપ કર્યું હતું. તે તપના પ્રભાવે ભુવનપતિ દેવે તેમને સાક્ષાત્ દર્શન આપ્યું તે વખતે તે શ્રાવકે ભુવનપતિ દેવને શ્રીમદ્ કઈ ગતિમાં ગયા એવું પ્રશ્ન કર્યું તેના ઉત્તરમાં દેવે કહ્યું કે શ્રીદેવચંદ્રજી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ્યા છે અને હાલ કેવલ-જ્ઞાની તરીકે વિચરે છે અને અનેક ભવ્યજીવોને દેશના દેઇ તારે છે. અમદાવાદમાં સારંગપુર તળીયાની પોળમાં આત્મજ્ઞાની ધ્યાની પરમ વૈરાગી શ્રી મણિચંદ્રજી નામના યતિ-સાધુ હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમણે આતમરામેરે મુનિરમે વગેરે અપૂર્વ વૈરાગ્યમય સજઝાઓ, પદ રચ્યાં છે તેઓ મહા તપસ્વી ધ્યાની હતા. તેમના તપ પ્રભાવે તેમની પાસે ધરણેન્દ્રે સાક્ષાત્ દર્શન દીધું અને મણિચંદ્રજીને શાતા પુચ્છી. મણિચંદ્રજીને કોઢ, રક્તપીતનો મહા ભયંકર રોગ હતો, તે દર્દથી પીડાતા હતા. દેવે મણિચંદ્રજીને વરદાન માગવાનું કહ્યું અને કહ્યું કે તે રોગ ભોગવ્યા વિના છુટકો નથી, કર્યા કર્મ ઉદયમાં આવે છે, તેનું લ્હેણું રોગ ભોગવીને આપવું જોઇએ. પ્રારબ્ધકર્મ તો તીર્થંકર ભગવાનને પણ ભોગવવું પડે છે તો મારે પણ ભોગવવું જોઇએ કે જેથી પરભવમાં કર્મનું લેણુંદેણું રહે નહીં. શ્રી મણિચંદ્રજીએ ધરણેન્દ્ર દેવને શ્રીમદ્ દેવચંદ્રજીની ગતિ વિષે પુછયું ત્યારે ધરણેન્દ્રે કહ્યું કે શ્રીમાન્ દેવચંદ્રજી હાલમાં મહાવિદેહ ક્ષેત્રમાં કેવલી તરીકે વિચરે છે. શ્રીમદ્ આનન્દઘનની ગતિ વિષે પુછયું ત્યારે કહ્યું કે તેઓ એકાવતારી છે. એમ શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય સંબંધી પુછયું હતું. તેનો ઉત્તર એકાવતારી તરીકે આપ્યો હતો. એક વૃદ્ધ શ્રોતા શ્રાવકે અમને એ પ્રમાણે કિંવદન્તી પરંપરાથી ચાલતી આવેલી કહી હતી. આ પ્રમાણે કિંવદન્તીઓ અત્ર જણાવી છે. કલકત્તામાં રહેનાર અધ્યાત્મજ્ઞાની સુશ્રાવક હીરજીભાઈએ પણ ઉપરના ભાવવાળી એક કિંવદન્તી કહી હતી પણ તેનો વિસ્તાર થાય તેથી અત્ર લખી નથી.

( ગુરૂશ્રી નીચે પ્રમાણે કહે છે. )

## શ્રીમદ્‌ના ચમત્કારો.

શ્રીમદ્ દેવચંદ્રજીના ચમત્કાર સંબંધી અનેક કિંવદન્તીઓ સાંભળવામાં આવે છે. કાશીવાળા મંડલાચાર્ય શ્રીબાલચન્દ્રસૂરિ મહાવિદ્વાન્ થઇ ગયા છે તેમના સમયમાં તેમની સાથે વિચરનાર એંશી વર્ષના એક વૃદ્ધયતિજી અમને સંસારીપણામાં વિજાપુર તાલુકે આજોલ ગામમાં મળ્યા હતા તેમણે અનેક વાતો કરી હતી. તે કહેતા કે મારા ગુરૂ નેવું વર્ષના હતા તે વખતે મેં બાલ્યાવસ્થામાં શ્રીમદ્ દેવચંદ્ર સંબંધી વાતો સાંભળી હતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સં. ૧૯૫૨ ની સાલમાં અમારૂં બે વર્ષ સુધી આજોલમાં ધાર્મિક અભ્યાસ કરાવવા માટે સંઘના આગ્રહથી રહેવાનું થયું હતું તે પ્રસંગે શ્રીમદ્‌ની ચોવીશી વગેરે કંઠાગ્ર કરી હતી. વૃદ્ધ યતિજી વગેરેએ આજ સુધી કહેલી કિંવદન્તીઓ નીચે પ્રમાણે લખવામાં આવે છે. શ્રીમદ્દે જ્યારે દીક્ષા લીધી હતી ત્યારે તે બાલ્યાવસ્થામાં હતા. તે એક વખતે કાઉસગ્ગમાં હતા ત્યારે એક ભયંકર સર્પ આવ્યો અને શ્રીમદ્‌ના શરીરપર ચઢવા લાગ્યો. શરીર પર ચઢીને તે શ્રીમદ્‌ના ખોળામાં બેઠો. તે વખતે આજુબાજુના સાધુઓ ગભરાવવા લાગ્યા તો પણ શ્રીમદ્ જરામાત્ર ચલાયમાન થયા નહીં, શ્રીમદ્દે કાઉસગ્ગ પાર્યો ત્યારે તે સર્પ ફુત્કાર કરતો ખોળામાંથી ઉતર્યો અને સામો બેઠો. શ્રીમદ્દે તેને સમતા ભાવનાં વચનો કહ્યાં તે તેણે મસ્તક ડોલાવીને સાંભળ્યાં. આવી સ્થિતિને દેખીને બીજા સાધુઓ ખરા હૃદયથી શ્રીમદ્‌ના ધૈર્યની પ્રશંસા કરવા લાગ્યા કે કે શ્રીમદ્‌માં આત્માની નિર્ભય દશા પ્રગટ થઈ છે. તેઓ બાલ્યાવસ્થામાં એક દિવસમાં બસે શ્લોકો મુખે કરતા હતા અને તે વિસરી જતા નહોતા.

## ધરણેન્દ્રનું વ્યાખ્યાન સાંભળવા માટે બ્રાહ્મણના રૂપે આવાગમન.

શ્રીમદ્ મારવાડમાં મોટાકોટ મરોટમાં ચોમાસું રહેલા હતા તેમની દેશના આત્મસ્વરૂપની હતી. દરરોજ વ્યાખ્યાનમાં સર્વ દર્શનના લોકો આવતા હતા અને આત્મજ્ઞાન પ્રાપ્ત કરતા હતા. તેમના વ્યાખ્યાનમાં એક વૃદ્ધ બ્રાહ્મણ જેવો મનુષ્ય આવતો હતો તેની કોઇને ખબર પડતી નહોતી. શ્રીમદ્ મહોપાધ્યાય યશોવિજયજી કૃત જ્ઞાનસારનું દરરોજ વ્યાખ્યાન કરવામાં આવતું હતું. શ્રીદેવચંદ્રજી મહારાજ તેનું અનુભવ પૂર્વક ઉંડા ઉતરીને વ્યાખ્યાન કરતા હતા. તેથી શ્રોતાઓના આત્માઓમાં જ્ઞાનરસ છલકાઈ જતો હતો. પેલો વૃદ્ધ બ્રાહ્મણ પણ આનંદથી ઉલ્લસિત થઈ જતો હતો. તે બોલતો નહોતો તેમજ વ્યાખ્યાન પૂર્ણ થયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાદ ક્યાં જતો હતો તેની કોઈને સમજણ પડતી નહોતી, એક વખતે રાત્રીએ તે બ્રાહ્મણ ઉપાશ્રયમાં આવ્યો અને શ્રીમદ્‌ને વન્દના કરી બેઠો તે વખતે અન્ય સાધુઓ પણ જાગતા હતા. વૃદ્ધ બ્રાહ્મણે જણાવ્યું કે હું ધરણેન્દ્ર છું. તમારી આત્મસ્વરૂપની દેશના મેં ચાર માસ સુધી સાંભળી. આ વખતે ભરતક્ષેત્રમાં તીર્થંકરની પેઠે આત્મસ્વરૂપ વ્યાખ્યા કરોછો તેથી હું ઘણો પ્રસન્ન થયો છું. ધરણેન્દ્રે શ્રીમદ્‌ને કંઈ માગવાનું કહ્યું ત્યારે શ્રીમદે કહ્યું કે અનંત દુઃખનો નાશ કરનાર અને અનંત સુખને પ્રગટાવનાર આત્માના શુદ્ધોપયોગ વિના મારે અન્ય કોઈ વસ્તુની ચાહના રહી નથી. ધરણેન્દ્રે આવું સાંભળીને તેમને ધન્યવાદ આપ્યો. ધરણેન્દ્રે સર્વસાધુઓને પોતાની પ્રતીત થવા માટે એકદમ ઉત્તર વૈક્રિય શરીર પ્રગટ કરી દેખાડયું તેથી સર્વેની આંખો અંજાઈ ગઈ અને ઉપાશ્રયમાં અજવાળું અજવાળું થઈ ગયું. આથી સાધુઓને શ્રીમદ્ દેવચંદ્ર મહાપુરૂષ છે અને તેમનાં વચન આરાધ્ય છે એવો નિશ્ચય થયો. મહાત્માઓ દેવતાઓને આરાધતા નથી તો પણ દેવતાઓ તેમની પાસે આવે છે. અધ્યાત્મજ્ઞાનીમહાત્માઓમાં અનેક પ્રકારની લબ્ધિયો પ્રકટેછે તેમાં કંઈ આશ્ચર્ય નથી.

## સિંહ શાંત થઇ પગે લાગ્યો.

શ્રીમદ્ એક વખત પંજાબ તરફ વિહાર કરતા હતા. પર્વતની પાસે થઇ જવાનો રસ્તો હતો, પર્વતની નીચે એક સિંહ બેઠેલો હતો. ઘણી વખત ત્યાં થઈ જનાર મનુષ્યોને તે ખાઈ જતો હતો, શ્રીમદ્ ત્યાં વિહાર કરવા લાગ્યા. તેમને કેટલાક લોકોએ વાર્યા તો પણ તેઓ પાછા વળ્યા નહીં, અને કહેવા લાગ્યા કે મારે સર્વજીવોની સાથે મૈત્રીભાવ થયો છે માટે ભય નથી, તેઓ જ્યાં સિંહ બેઠો હતો ત્યાં થઈ જવા લાગ્યા. આ વખતે સાથે આવો પ્રસંગ દેખી ગૃહસ્થો પણ આવ્યા હતા. પેલા સિંહ પાસે શ્રીમાન્ આવી પહોંચ્યા. શ્રીમદ્‌ને દેખી સિંહ બરાડા પાડી ઉઠયો અને શ્રીમદ્‌ની પાસે આવ્યો અને તેમના પગે પડી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામો ઉભો રહ્યો. શ્રીમદે તેને શાંત કર્યો, પછી તે ચાલ્યો ગયો. પાછળ આવનાર ગૃહસ્થો તો આવું દેખી આશ્ચર્ય પામ્યા. **અહિંસાયાં પ્રતિષ્ઠાયાં વૈરત્યાગઃ** આ મહાન્ સૂત્ર વચન ખરૂં પડયું.

## જામનગરમાં જૈન દેરાસરનાં તાળાં તોડયાં.

એક વખત જામનગરમાં મુસલ્માનોનું સામ્રાજ્ય વધી ગયું હતું. એક જૈન દેરાસર હતું તેની મૂર્તિયોને ભોંયરામાં સંતાડવામાં આવી હતી, મુસલ્માનોએ જબરાઈથી તેનો કબજો લેઇ મસ્જીદ તરીકે તેનો ઉપયોગ કર્યો હતો. કેટલાક વર્ષ સુધી જૈનોએ આ બાબત સહન કરી લીધી પણ પાછું તેમનું જોર ઓછું થતાં અને હિન્દુરાજ્યનું જોર વધતાં જૈનોએ રાજા આગળ ફરિયાદ કરી, પણ જૈનોનું કંઇ વળ્યું નહીં. બાહ્યથી અને અંતરૂથી તે જૈનદેરાસર હતું એમ ત્યાંની અઢારવર્ણ કબુલ કરતી હતી પણ ચમત્કાર વિના નમસ્કાર થાય નહીં એવી સ્થિતિ થઈ પડી. એવામાં શ્રીમદ્ દેવચન્દ્રજી મહારાજ વિહાર કરતા કરતા ત્યાં આવી પહોંચ્યા. તેમણે રાજાની સમક્ષ જૈનદેરાસર સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો અને મુસલ્માનોએ મસ્જીદ સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો છેવટે રાજાએ એવો ઠરાવ કર્યો કે દેરાસરને તાળાં લગાવવામાં આવે અને જે પોતાના પ્રભુના નામે પ્રાર્થના કરી ઉઘાડે અને ઉઘડે તેને તેનો કબજો સોંપવામાં આવશે, આ પ્રમાણે ઠરાવ કરીને ફકીરોને પહેલી તક આપી, ફકીરોએ ખુદાના નામે કુરાન વાંચી પ્રાર્થના કરી પણ મૂળ જૈનદેરાસર હતું તેથી તાળાં તૂટયાં નહીં. પછીથી શ્રીમદ્ દેવચંદ્રજીનો વારો આવ્યો. તેમણે જિનેન્દ્ર પરમાત્માની સ્તુતિ કરીકે તડાક દેઈને તાળાં તૂટીને હેઠાં પડ્યાં. પશ્ચાત્ વૃદ્ધ શ્રાવકોએ રાજાને ભોંયરૂં જે ગુપ્ત હતું તે દેખાડ્યું અને તેના દ્વારનાં તાળાં પણ જિનેન્દ્ર પરમાત્માની સ્તુતિથી તૂટી ગયાં અને તેમાંથી ઘણી મૂર્તિયો નીકળી તે પાછી વિધિપૂર્વક દેરાસરમાં સ્થાપન કરવામાં આવી. શ્રીમદ્ના ચમત્કારો દેખીને જામનગરનો રાજા અને પ્રજા ખુશ થઈ ગઈ અને જૈનધર્મની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશંસા સર્વત્ર પ્રસરી. શ્રી કૃપાચંદ્રસૂરિજી વગેરે સાધુઓ અને વૃદ્ધ શ્રાવકોના મુખથી આવી વાત સાંભળી હતી તે અત્ર લખી છે. જ્ઞાનીધ્યાની મહાત્માઓ સ્વયં ચમત્કારરૂપ છે. આત્માની અનંત શક્તિ છે. આત્માની જેઓ ઉપાસના કરે છે તેઓ પરમાત્માની પેઠે શક્તિઓ ફોરવી બતાવે છે ॥ **અહો અનન્તવીર્યોઽયમાત્માવિશ્વપ્રકાશકઃ ત્રૈલોક્યંચાલયત્યેવ ધ્યાનશક્તિપ્રભાવતઃ ॥** ( જ્ઞાનાર્ણવ ) અનંત વીર્યરૂપ આત્મા છે અને વિશ્વનો પ્રકાશક છે. તે ધ્યાનશક્તિ પ્રભાવે ત્રણ લોકને ચલાવવા શક્તિમાન્ છે.

## સિદ્ધાચલપર કાગડા આવતાં બંધ કર્યા.

શ્રીમદ્ દેવચન્દ્રજી ઘણી વખત સર્વતીર્થશિરોમણિ સિદ્ધાચલ તીર્થની યાત્રા કરવા જતા હતા. સિદ્ધાચલમાં તેમણે વિહરમાન વિશી રચી હતી. તેમણે સિદ્ધાચલની અનેક યાત્રાઓ કરી હતી. ઋષભજિણંદશું પ્રીતડી. એ સ્તવન તેમણે કિંવદન્તી પ્રમાણે સિદ્ધાચલ આદીશ્વર ભગવાન્ આગળ રચ્યું હતું. શ્રી દીપચંદ્રજી મહારાજની સાથે ઘણી યાત્રાઓ કરી હતી. દુઃષમકાલના યોગે સિદ્ધાચલ તીર્થપર કાગડાઓ આવવા લાગ્યા. જેઓ મહા પ્રભાવક હતા તેઓ વારંવાર શાંતિસ્નાત્ર ભણાવીને કાગડાઓનું આવાગમન બંધ કરતા હતા. સૈકે બે સૈકે કોઈ પ્રભાવક મહાત્મા જૈનકોમમાં પ્રગટી નીકળે છે અને જૈન ધર્મની પ્રભાવના કરે છે. શ્રીમદ્ દેવચન્દ્રજીના કાલમાં સિદ્ધાચલપર કાગડાઓ આવવા લાગ્યા હતા. તેથી જૈનકોમમાં અને અન્યકોમમાં અનિષ્ટનો ભય લાગ્યો. રાજ્ય બદલવાનો પ્રસંગ આવવાનો હોય છે, વા દુષ્કાળ પડવાનો હોય છે ત્યારે તથા મહારોગ ફાટી નીકળવાનો હોય છે ત્યારે તથા ધર્મરાજ્યની પડતી થવાનો પ્રસંગ આવે છે ત્યારે સિદ્ધાચલ તીર્થપર કાગડાઓ આવે છે. જેવો ભાવીભાવ બનવાનો હોય તેનાં તેવાં નિમિત્ત ચિન્હો પ્રગટયા કરે છે. જે કાલે જે બનવાનું હોય છે તે બન્યા કરે છે. અનિષ્ટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિમિત્તોથી અનિષ્ટ થાય છે. સં. ૧૯૭૫ ના માહ માસમાં વિજાપુર પાસે વરસોડા ગામમાં જૈન દેરાસર પર વિજળી પડી પડી તેથી એક માસમાં ત્યાંના ઠાકોર રાઓળશ્રી સુરજમલ્લજી મૃત્યુ પામ્યા. આવા અનિષ્ટસૂચક ચિન્હોથી લોકો ભય પામે છે. નિમિત્તશાસ્ત્ર સત્ય પડે છે. જૈનકોમમાં સિદ્ધાચલપર કાગડાઓના આવાગમનના ઉત્પાદથી સંઘમાંક્લેશ, ભેદ, જૈનોની હાનિ આગેવાનોની પડતી વગેરે શંકાઓ થવા લાગી. શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ સુરતના કચરા કીકાના સંઘમાં સં. ૧૮૦૪ માં સિદ્ધાચલ આવ્યા. પ્રસંગ પામીને જૈનસંઘની વિનંતિથી તેમણે સિદ્ધાચલ પર્વતપર આદીશ્વર ભગવાનની ટુંકમાં શાંતિસ્નાત્ર ભણાવ્યું અને પર્વતની ચારે તરફ શાંતિજલની ધારા દેવરાવી, તેથી કાગડાઓ આવતા બંધ થયા. તેથી જૈન કોમમાં આનંદ-શાંતિ પ્રસરી અને અનિષ્ટ ઉપદ્રવનો નાશ થયો. શ્રીમદ્ યશોવિજયજીએ તથા જ્ઞાનવિમળસૂરિએ પ્રસંગોપાત અનેક ચમત્કારો બતાવ્યા છે. પ્રસંગ વિના અમુક મહાત્મામાં અમુક શક્તિ છે તે માલુમ પડતી નથી. મહાત્માઓ કંઈ જાદુગરની પેઠે વા વાદીની પેઠે ખેલ કરી બતાવતા નથી. તેમના આત્મામાં જે કંઈ સિદ્ધિયો ઉત્પન્ન થાય છે તેની તેઓને પણ માલુમ પડતી નથી પરંતુ પ્રસંગ પ્રાપ્ત થાય છે ત્યારે તેઓ પણ જાણી શકે છે.

તેમણે મારવાડમાં સંઘ જમણ પ્રસંગે ગૌતમસ્વામિના ધ્યાનથી એક હજાર શ્રાવકો જમે તેટલા જમણમાં આઠ હજાર શ્રાવકોને જમાડવાની મંત્રશક્તિ વાપરી હતી. તેમને સિદ્ધાંતોનો તીક્ષ્ણ ઉપયોગ હતો. અનેક પ્રકારની અવધાન શક્તિઓ તેમનામાં ખીલી હતી પરંતુ તેઓ તે કોઈની આગળ પ્રસંગ વિના જણાવતા નહોતા. હાલની પેઠે તે પ્રસંગે મહાત્માઓ અવધાનોના ખેલો કરતા નહોતા. જૈનોમાં વા હિન્દુઓમાં જેટલી અવધાન શક્તિ ખીલે છે તેટલી પાશ્ચાત્ય લોકોમાં ખીલતી નથી. તેઓ જ્યાં ચોમાસું કરતા અગર પધારતા ત્યાં લોકોમાં શાંતિ પ્રસરતી હતી. તેમનામાં વચન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધિ પ્રગટી હતી. તેઓ વૈરી મનુષ્યોના વૈરનો સહજમાં ઉપદેશ આપી નાશ કરતા હતા. ગચ્છોના ખંડનમંડનમાં તેઓ પડતા નહોતા. તેથી સર્વગચ્છવાળાઓને તેઓ પ્રિય થઇ પડ્યા હતા. શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય અને શ્રીમદ્ આનંદઘનજી મહારાજની આધ્યાત્મિક વિચારશ્રેણિનું તેમણે અનુકરણ કરી તેઓ વસ્તુતઃ બન્નેના આત્મિક અનુયાયી બન્યા હતા તેથી જૈનકોમમાં તેઓ તત્ત્વજ્ઞાનનો પ્રચાર કરવાને શક્તિમાન્ થયા હતા. તેમના પૂર્વભવનાં ધાર્મિક સંસ્કારો ઘણા તીવ્ર હોવા જોઇએ. પૂર્વભવના સંસ્કાર વિના **શ્રુતધર્મ** અને **ચારિત્ર ધર્મપર રંગ લાગતો નથી,** તેમજ અધ્યાત્મજ્ઞાનપર રંગ લાગવો એતો અત્યંત દુર્લભ વાત છે. તેઓને સર્વની આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઇ માટે તેમના આત્માને નમસ્કાર થાઓ.

( આ પ્રમાણે ગુરૂશ્રી કહે છે. )

## શ્રીમદ્ દેવચન્દ્ર મહારાજના રચિત ગ્રન્થોનો સાર.

શ્રીમદ્ દેવચન્દ્રજી ઉપાધ્યાયે આગમોમાંથી સારમાંસાર તત્ત્વ કે જે દ્રવ્યાનુયોગ કહેવાય છે તેનો સાર ભાગ ખેંચીને ગ્રન્થોની રચના કરી છે. દ્રવ્યાનુયોગજ્ઞાન, અધ્યાત્મજ્ઞાન, શાન્ત રસ અને વૈરાગ્યરસ તો તેઓના ગ્રન્થોમાંથી જ્યાં ત્યાં નીતર્યા કરે છે. તેમના ગ્રન્થોરૂપી સરોવરો ખરેખર તત્ત્વજ્ઞાનથી છલકાઇ જાય છે. તેમના બનાવેલા ગ્રન્થો પૈકી આગમસાર, નયચક્ર અને વિચારસાર એ ત્રણ ગ્રન્થો તો ખાસ તત્ત્વજ્ઞાનથી ભરેલા છે. એ ત્રણ ગ્રન્થોનો ગુરૂગમ પૂર્વક અભ્યાસ કરવાથી સર્વ આગમોમાં પ્રવેશ થાય છે અને સર્વઆગમોનો સાર પામી શકાય છે. અનંતજ્ઞાનસાગરનો પાર નથી પરંતુ તેમાં પ્રવેશ થવા માટે એત્રણ ગ્રન્થો ઘણા ઉપયોગી છે. પ્રશ્નોત્તર નામનો તેમનો ગ્રન્થ ખરેખર અનુભવજ્ઞાનથી ભરપૂર છે તેથી માનનીયછે. અનેક જૈનશાસ્ત્રો વાંચ્યાબાદ પ્રશ્નોત્તર ગ્રન્થમાંકરેલા પ્રશ્નોના ઉત્તરાર્થનો અનુભવ થઇ શકે તેમ છે. શ્રીમદ્નો ગચ્છોની ક્રિયા બાબતની તકરારો સંબંધી પ્રશ્ન કે ઉત્તર નથી તેથી સર્વ ગચ્છનાં જૈનો માટે પ્રશ્નોત્તર ગ્રન્થની ઉપયોગિતા એક સરખી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે સિદ્ધ ઠરે છે. વાંચકો જો સ્થિરચિત્તથી પ્રશ્નોત્તર ગ્રન્થનો અભ્યાસ કરશે તો તેઓ તત્ત્વજ્ઞાનમાં ઉંડા ઉતરી શકશે. અધ્યાત્મજ્ઞાનમાં ઉંડા ઉતરવા માટે શ્રી જ્ઞાનસાર ગ્રન્થપર લખેલી જ્ઞાનમંજરી ટીકા અપૂર્વ છે. આત્મજ્ઞાન સંબંધી જૈનોમાં ભગવદ્ગીતાથી પણ કોઈ મહાન્ સત્યથી ભરેલો ગ્રન્થ હોય તો જ્ઞાનસાર ગ્રન્થ છે તેનાપર શ્રીમદે ટીકા રચીને પોતાના અધ્યાત્મજ્ઞાન સંબંધી વિચારોને જીવતા મૂકી ગયા છે. અર્વાચીન કાળમાં જ્ઞાનસારની મહત્તા, ઉપયોગિતા સર્વત્ર પ્રચાર પામી છે. જૈનોના સર્વે ફીરકાઓમાં જ્ઞાનસાર ગ્રન્થ વંચાય છે. અધ્યાત્મજ્ઞાનીઓનું જ્ઞાનસાર ગ્રન્થ ખરેખર આનન્દમય હૃદય છે તેના પર ટીકા રચીને શ્રીમદે જ્ઞાનસારની મહત્તામાં વૃદ્ધિનો પ્રકાશ પાડયો છે. શ્રીમદ્ ઉપાધ્યાય શિરોમણિ યશોવિજયજી ઉપાધ્યાયના છેલ્લામાં છેલ્લો અધ્યાત્મ જીવનરસનો ઝરો જેમાં વહ્યો છે તે ગ્રંથ ખરેખર જ્ઞાનસાર છે અને શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજની છેલ્લી જીંદગીનો અધ્યાત્મજ્ઞાનરસનો જીવતો ઝરો જેમાં વહ્યો છે તે ટીકા ખરેખર જ્ઞાનસારપરની જ્ઞાનમંજરી ટીકા છે. પછી તેમાં અધ્યાત્માનન્દરસ મીઠાશ સંબંધી શું પુછવું. સર્વે ફીરકાના જૈનો એકી અવાજે જ્ઞાનસારની સ્તુતિ કરે છે અને જ્ઞાનમંજરીની સુગંધી માટે માથુ ધુણાવી પ્રસંશા કરી નાચે કુદે છે. સંસ્કૃતભાષામાં જ્ઞાનમંજરી ટીકા છે તેમાં શબ્દ પાંડિત્ય કરતાં ભાવ ઘણો ભરેલો છે તે વાંચકોને સહેજે સમજાશે. શ્રીમદ્ની રચિત ચોવીશીમાં જ્ઞાન અને ભક્તિનો રસ છલકાઇ જાય છે. તેમનાં સ્તવનોને દરેક ગચ્છવાળા મુખે કરે છે અને પ્રભુની પ્રતિમા આગળ ગાય છે. વીશમી સદીમાં ગચ્છકદાગ્રહોનું મમત્વ ધીમે ધીમે વિલય થતું જાય છે અને જે કોઈ ગચ્છની મારામારી કરે છે તેના તરફ જૈનો, દયાની લાગણીથી દેખે છે. દેવચન્દ્ર ચોવીશીનો જૈનો અભ્યાસ કરે છે. તેમના સર્વ ગ્રન્થોનો અભ્યાસ કરનાર કોઈ પણ મનુષ્ય પક્કો જૈન બની શકે છે અને તે ગાડરીયા પ્રવાહમાંથી મુક્ત થઈ જ્ઞાનપ્રવાહ તરફ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળે છે. તેમના ગ્રન્થોમાં ષડ્દ્રવ્ય, નવતત્ત્વ, કર્મવ્યાખ્યા, સાતનય, સપ્તભંગી, અનેકપક્ષ, આગમ વ્યાખ્યાન, આત્મતત્ત્વસ્વરૂપ, વગેરે સર્વબાબતોનું વિવેચન કરવામાં આવ્યું છે. એકંદર રીતે કહીએ તો તેમના ગ્રન્થોમાં જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ, ઉપાસનાયોગ, વગેરે સર્વયોગોનું સ્વરૂપ આવ્યું છે અને તેથી તેમના ગ્રન્થો ખરેખર વાચકોપર સારી અસર કર્યા વિના રહેતા નથી. તેઓ સનાતન જૈનમાર્ગોપાસક હતા. તેમના ગ્રન્થો એકંદર રીતિએ આગમો, પ્રકરણો અને પૂર્વાચાર્યોના ગ્રન્થોને અનુસરીને રચાયલા છે તેથી તેઓ પૂર્વપરંપરાના માર્ગે ગતિ કરીને જનધર્મપ્રવર્તક હતા. તેમણે જિનેશ્વર પ્રતિમાને પુષ્પ ચઢાવવાના પાઠોને આગમના આધારે દર્શાવ્યા છે તેમાં ખૂબી એ છે કે તેમણે મગજની સમતોલતા ખોઇ નથી. તેમના શબ્દોમાં મધુરતા, સ્નેહતા અને આકર્ષતા છે તેમણે પોતાના ગ્રન્થોમાં અસભ્ય શબ્દો વગેરેથી કઠોરતા આવવા દીધી નથી. તેમના હૃદયમાં શું ચારિત્ર હતું તે તેમના ગ્રન્થો બતાવી આપે છે. તેમણે ગ્રન્થો રચવામાં પાંડિત્યનું અભિમાન દેખાય એવો એકે શબ્દ વાપર્યો નથી. લોકોને જૈનધર્મના તત્ત્વોનો કેમ સરલ રીતે બોધ થાય એજ દૃષ્ટિ, ધ્યાનમાં રાખીને ગ્રન્થો લખ્યા છે તેથી તેમાં તેમણે શબ્દલાલિત્ય પાંડિત્ય કે પ્રૌઢતા તરફ લક્ષજ દીધું નથી. જૈનધર્મનું તત્ત્વજ્ઞાન શું છે તેની દિશા દેખવી હોય વા તેની ઝાંખી કરવી હોય તો તેમના ગ્રન્થોનો ગુરૂગમપૂર્વક અભ્યાસ કરવાની જરૂર છે. તેમના બનાવેલા વિચારસાર ગ્રન્થમાં આગમોમાં આવેલી સર્વબાબતોને અનુક્રમે ગોઠવી વર્ણવી છે તેથી તે કર્મગ્રન્થ વગેરેમાં આવેલા વિષયો ઉપરાંત ઘણા વિષયોથી ભરપૂર છે. પાકેલી કેરીનો કોઈ રસ કાઢી લે તેવી રીતે તેમણે જૈનશાસ્ત્રોમાંથી રસ કાઢીને આગમસાર, નયચક્ર, વિચારસાર વગેરે ગ્રન્થો રચ્યા છે. પહેલા ભાગમાં અને દ્વિતીય ભાગમાં આવેલા ગ્રન્થોને વાચકો જો સાદ્યંત વાંચી જશે તો પછી અમારૂં લખવું વ્યાજબી છે એમ ગુણાનુરાગી સજ્જનોને બરાબર સમજાશે. જૈનધર્મ તત્ત્વ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનથી ભરેલા તેમના ગ્રન્થોની જેટલી પ્રશંસા કરીએ તેટલી ન્યૂન છે. તેમાં એકંદર રીતે જૈનશાસ્ત્રોનો પ્રાયઃ ઘણો સાર આવી ગયો છે. દ્રવ્યાનુયોગના વિષયમાં સામાન્ય સંસ્કૃત ભાષા જાણનારાઓ તેઓ તે વખતના ખરતર ગચ્છીય પટ્ટધર આચાર્ય સાથે પૂર્ણ સંબંધી હતા કે નહીં તે વિચારવા યોગ્ય છે. તેમણે આત્માનો શાંતરસ અનુભવ્યો હતો, ધર્મપ્રવૃત્તિવાળા અને સંસારપ્રવૃત્તિથી વિરૂદ્ધ હોવાથી તેઓ નિવૃત્તિમાર્ગના યોગી હતા, તેમના પણ વિરોધીઓ હતા છતાં પણ તેમના ઉત્તમવિચારો જૈનસમાજમાં જલ્દી પ્રસર્યા હતા.

## શ્રીમાન્ દેવચંદ્રજી મહારાજના ગ્રન્થોપરથી અને તેમના જીવનપરથી ગ્રહવા યોગ્ય શિક્ષણ.

શ્રીમદ્ દેવચન્દ્ર મહારાજ ગ્રન્થો અને તેમના ચરિત્રપરથી પ્રત્યેક મનુષ્યે શિક્ષણ ગ્રહણ કરવું જોઈએ. એજ આ લેખનો મૂળ ઉદ્દેશ છે, તેમના ગ્રન્થો અને ચરિત્રપરથી આધ્યાત્મિક શક્તિયો ખીલવવાની જરૂર છે. સમાનભાવ અને તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ કરવા માટે તેમનું જીવન ઘણું ઉપયોગી છે. જૈનકોમે આત્મજ્ઞાન તરફ વળવું જોઈએ, વ્યક્તિ સ્વાતંત્ર્ય તથા સંઘસ્વાતંત્ર્ય પ્રગટ કરવું જોઇએ. અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિ વિના વિશાલ વિચારો અને મતસહિષ્ણુતા પ્રગટવાની નથી. તેમની પેઠે વ્યવહારનયનું અવલંબન ગ્રહી પ્રવત્તિધર્મ યાને સેવાધર્મ યોગી બનવું જોઈએ. શ્રાવિકાઓની પ્રગતિ કરનાર ધાર્મિક કેળવણીનો પ્રચાર કરવો જોઇએ. જડક્રિયાવાદી અને શુષ્કજ્ઞાની ન બનવું જોઈએ. તેમની પેઠે પૂર્વપુરૂષોના વિચારાચારોને માન આપી વર્તવું જોઇએ અને જે અસત્ય લાગે તેનો ત્યાગ કરવો જોઇએ પણ કદાગ્રહી ન બનવું જોઇએ. કર્મયોગ અને જ્ઞાનયોગ એ બન્નેને સ્વીકારી સ્યાદ્વાદી બનવું જોઇએ. સાધુઓએ અને સાધ્વીઓએ વીશમી સદીમાં તેમની પેઠે પ્રગતિ કરવી જોઇએ. ગચ્છના નામે નકામી ક્લેશની ઉદીરણા કરનારા વિવાદો અને ઝઘડાઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરીને જૈનકોમની શક્તિયોનો નાશ ન કરવો જોઇએ. તેમની પેઠે ઉગ્રવિહારી બનવું જોઈએ. અન્ય ગચ્છીયોની સાથે મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ વગેરે ભાવનાઓને આચારમાંમૂકી વર્તવું જોઈએ. જ્ઞાન રૂચિ ધારણ કરીને ગાડરિયા પ્રવાહમાં તણાતા બંધ થવું જોઇએ, ભિન્નભિન્ન ગચ્છીય સાધુઓમાં પરસ્પર ગચ્છક્રિયાદિ મતભેદ છતાં જૈનકોમનાં સાર્વજનિક પ્રગતિકર કાર્યોમાં ઐક્ય ધારણ કરવું જોઇએ. સમદષ્ટિની સાથે પરસ્પર સમવર્તી બનવું જોઇએ. ગમે તે ગચ્છના સાધુપાસેથી જ્ઞાન ગ્રહણ કરવું અને સત્ય તે મારૂં એવો નિશ્ચય કરી પ્રવર્તવું જોઇએ. સર્વગચ્છના સાધુઓનો સંઘ એક સ્થાને ભેગો કરીને જૈનકોમની અસ્તિતા રહે એવા ઉપાયો હસ્તમાં ધરવા જોઈએ. આંતરજીવન વિકસાવવામાં આત્મભોગ આપવાનું શિક્ષણ ગ્રહવું જોઈએ. તેમની પેઠે વક્તા, લેખક અને જ્ઞાની બનવું જોઈએ. જનકોમના કોઈ પણ ફિરકાની નિન્દા ન કરવી જોઇએ, અને સર્વફિરકાઓની સાથે મૈત્રીભાવ ધારણ કરી મળતી બાબતોમાં એકમેળ ધારી કર્તવ્ય કાર્યો કરવાં જોઇએ. હવે તો ગૃહસ્થ જૈનોએ દષ્ટિરાગનો ત્યાગ કરીને જનોની સંખ્યા વધે અને જૈનધર્મનો ફેલાવો થાય તેવા ઉપાયોમાં ભોગ આપવો જોઈએ. જૈન તત્ત્વજ્ઞાનનો ફેલાવો થાય એવા ઉપાયો લેવાનો સમય જો ચૂકવામાં આવશે તો જૈન કોમની આસ્તતામાં હરકત આવવાનો સંભવ છે. માટે સકલ સંઘે સમયની કિંમત આંકી સંયોગોને અનુકૂલ કરી લેવા જોઈએ.

## ઉપસંહાર.

ઉપર પ્રમાણે શ્રીમદ્ દેવચન્દ્રજી ઉપાધ્યાયના ગ્રન્થો અને તેમના ચરિત સંબંધી યત્કિંચિત્ પ્રસ્તાવના યથાશક્તિ જૈન સમાજ આગળ રજુ કરીને જૈનસંઘની સેવા કરતાં છદ્મસ્થ દષ્ટિથી જે કંઇ દોષ વગેરે થયા હોય તેની જૈનસંઘ આગળ ક્ષમા યાચું છું. મિથ્યા દુષ્કૃત દઉં છું. જૈનસંઘની સેવા કરતાં જે કંઈ સ્ખલના થાય તે જૈનસંઘે ક્ષમવું જોઇએ. લેખક તપા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગચ્છીય હોવા છતાં આત્મભાવે-જૈનધર્મ સમાન ભાવે શ્રીમદ્ દેવચન્દ્રજીનું જીવન ચરિત્ર લખ્યું છે. ગમે તે ગચ્છનો મનુષ્ય પોતે જૈન હોવાથી જૈનધર્મની સમાન ભાવે આરાધના કરીને મુક્તિપદ પામે છે. ડાળાં, પાંખડાં, પાતરાંને વળગવાના જુદા જુદા મતભેદોમાં મધ્યસ્થ બની વૃક્ષમાં વહેતા સજીવનરસ ભણી લક્ષ્ય આપવાની જરૂર છે. સર્વ જૈનોના હૃદયમાં જૈનદેવ એક છે તો પછી ભેદભાવથી કલેશ કરવાની કંઈ જરૂર નથી. લેખકને વ્યવહારથી તપાગચ્છીયમાન્યતાની શ્રદ્ધા છે પરંતુ તેથી અન્ય ગચ્છો પર દ્વેષ નથી. જૈનાગમો, પ્રકરણો, પૂર્વાચાર્યોના ગ્રન્થો, પરંપરા વગેરેમાં સાપેક્ષપણે મ્હને પૂર્ણશ્રદ્ધા છે. અસંખ્યયોગો ખરેખર મુક્તિ પામવાનેમાટે હેતુઓ છે. સાપેક્ષપણે ગમે તે યોગની આરાધના કરતાં મુક્તિ છે એવી મારી શ્રદ્ધા છે. લેખકને સમ્યગ્દૃષ્ટિથી જૈનાગમો અને મિથ્યાશાસ્ત્રો, સમ્યક્ત્વરૂપે પરિણમે છે એવી નન્દિસૂત્રની માન્યતા પ્રમાણે વિચારપ્રવૃત્તિ છે. જૈનાગમોનું જ્ઞાન પ્રાપ્ત કરીને વ્યવહારનયથી વર્તવામાં આવે અને નિશ્ચયને હૃદયમાં ધારવામાં આવે તોજ મુક્તિની પ્રાપ્તિ થાય છે એવો ઉપદેશ સત્ય છે. વ્યવહારનયનો ઉચ્છેદ કરતાં જૈનસંઘ અને ધર્મનો ઉચ્છેદ થશે માટે કોઈએ ધર્મવ્યવહારની ઉત્થાપના ન કરવી જોઈએ. સાધ્યબિંદુ લક્ષ્યમાં રાખીને સાપેક્ષપણે સાધનોવડે ધર્મની આરાધના કરવી જોઇએ, અને એજ કલ્પતરૂ સમાન શ્રી વીરપ્રભુ કથિત જૈનધર્મ, આત્માના ઉદ્ધારાર્થે થશે. એવી પૂર્ણ શ્રદ્ધાપૂર્વક આ સંક્ષિપ્ત જીવનચરિત્ર સમાપ્ત કરતાં પહેલાં ઈચ્છુ છું કે શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ જેવા પ્રખર વિદ્વાન્ ઉત્કૃષ્ટ કવિરાજ, અનન્ય આત્મજ્ઞાન, દ્રવ્યાનુયોગના મહાન્ ઉપદેષ્ટા જ્ઞાતા જિનશાસનના પૂર્ણપ્રેમી, પ્રભુપ્રતિમાના રસીલા અનેક સાધુ મુનિરાજો અમારા ભારતવર્ષની જૈનકોમમાં પ્રકટો અને જૈન ધર્મની જ્યોત ઝળહળતી રહી સમસ્ત વિશ્વમાં પ્રસરો. ૐ સદ્ગુરૂ દેવ શ્રીમદ્ બુદ્ધિસાગરજી ચરણ કમલેષુ નમન—

ૐ શાંતિ શાંતિ શાંતિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# देव विलास.

## (देवचंद्रजी महाराजनो रास)

सुकृतप्रेमराजीवने,–प्रोल्लासनचिद्हंस;
ते तेम रिद्ये अक्षता, आदिनाथ अवतंस. १
कुरुदेशें करुणानिधि, उत्पन्न श्रीजिनशान्ति;
शांन्ति थइ सविजनपदे, कार्त्तस्वर जस कान्ति. २
ब्रह्मचारीचूडामणि, योगीश्वरमें चंद;
तारक राजुलनारिनो, प्रणमुं नेमजिणंद. ३
यशनामिक कृत्य ताहरुं, पुरीसादाणी बिरुद;
वामाकुलवडभागीयो, पारसनाथ मरद्द. ४
जिनशासनो भूपति, वर्द्धमान जिनभाण;
दूषम पंचम आरके, सकल प्रवर्त्ते आण. ५
पंच परमेष्ठिजिनवरा, प्रणमु हुं त्रिणकाळ;
अन्य एकोनविंशतिजिना, तस प्रणमुं सुविशाल. ६
सरसती वरसती मुखकजे, माघकविने साध्य;
कालिदास मूरख प्रतें, कीयो कवि कीध पद्य. ७
मल्लवादी तुज सांनिधे, जीत्या बौद्ध अनेक;
तुज दरिसणे पद लब्धिनी, उत्पन्न थइ विवेक. ८

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तिम माताना साहाय्यथी, गाजी मर्द देवचंद्र;
देवविलास रचुं भलुं, खरतरगच्छे दिणंद. ९
कोइ देवाणुप्रिय कहे, ए स्तवना करे किम;
स्या ? गुण जोइ वरणवे, श्युं ? बोले जिम तिम. १०
पंचमकाळे देवचंदना, गुण दाखिवनें यत्र;
यथार्थपणे मुज प्रतें, तो सत्य मानु अत्र. ११
सांभलि !! मूढशिरोमणि, अछता गुण कहे जेह;
प्रसंस किम कोविद करे, गुण कहुं सांभलि !! तेह. १२
पंचमकाले देवचंद्रजी, गंधहस्ति जे तुल्य;
प्रभावक श्रीवीरनो, थयो अधुना बहुमूल्य. १३
रत्नाकरसिंधु सदृश, चतुर्विध संघजिनभूप;
कही गया ते सत्य छे, सांभल ! तास सरूप. १४

ढाळ. कपुर होये अति उजळुंरे ए देशी.

श्री देवचंद्रजीना गुण कहुंरे,
सांभल ! चतुर सुजाण;
घटता गुणनी प्ररूपणारे,
कहेवाने सावधानरे.
भविका !!! सांभळो मूकी प्रमाद. टेक. ....१
प्रथम गुणे सत्य जल्पनारे[1],
बीजे गुण बुद्धिमान[2];

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



त्रीजे गुणे ज्ञानवंततारे[३],
चोथे शास्त्रमें ध्यानरे[४]. भविका० सां० २
पंचम गुणे निःकपटतारे[५],
गुण छट्ठे नही क्रोध[६];
संजलनो ते जांणीयेरे,
नही अनंतानी (नो?) योधरे. भवि० सां० ३
अहंकार नही गुण सातमेरे,[७]
आठमे सूत्रनी व्यर्क्ति;
जीवद्रव्यनी प्ररूपणारे,
जाणे तेहनी युक्तिरे. भ० सां० ४
सकल आगम रिद्ये रम्यारे,
तेहना भांगा जेह;
कर्मग्रंथ कम्मपयडीनारे,
स्वप्नमां अर्थना नेहरे. भ० सां० ५
नवमें सकल ते शास्त्रनारे,[८]
पारंगामी पूज्य;
अलंकार कौमुदी भाष्यजेरे,
अष्टादशकोशना गुह्यरे. भ० सां० ६
सकळ भाषामें प्रवीणतारे,
पिंगल कृतशेष नाग;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



काव्यादिक नैषध भलारे,
स्वरोदय शास्त्रे अथागरे. भ० सां० ७

जोतिष सिद्धान्त शिरोमणिरे,
न्यायशास्त्रे प्रवीण;
साहित्य शास्त्रे सुरतरुरे,
स्वपरशास्त्रे लीणरे. भ० सां० ८

दशमे गुणे दानेश्वरीरे,[१०]
दीनने करे उपगार;
एकादशे विद्यातणीरे,[११]
दानशाळानो प्यारेरे. भ० सां० ९

गछ चोरासी मुनिवरुरे,
लेवा आवे विद्यादान;
नाकारो नही मुखथकीरे,
नय उपनां विधानरे. भ० सां० १०

अपर मिथ्यात्व जीवडारे,
तेहनी विद्यानो पोस;
अपूर्व शास्त्रनी वाचनारे,
देतां न करे सोसरे. भ० सां० ११

विद्यादानथी अधिकतारे,
नही कोइ अवर ते दान:

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



न करे प्रमाद भणावतांरे,
व्यसन ना नही तोफानरे. भ० सां० १२
पुस्तक संचय द्वादश गुणेरे,[१२]
जीर्णने करे नूतन;
स्वगणमे अपर गणेरे,
प्रतिष्ठाधारक जनरे. भ० सां० १३
वाचक पदवी त्रयोदश गुणेरे,[१३]
चौदमे वादीजीत[१४]
पनरमे जेहना उपदेशथीरे,[१५]
चैत्यनूतनी प्रीति; भ० सां० १४
सोलमे वचनातिशयथीरे,[१६]
द्रव्य रचाव्यो धर्मथान;
सप्तदशे राजेन्द्र पाय नम्योरे,
आज्ञा माने प्रधानरे, भ० सां० १५
मारि उपद्रव टाळीओरे,
अष्टादशे गुणे जेह[१८]
देश देशे गुण कीर्त्तिनीरे,
प्रवर्त्ते विख्यातनुं गेहरे. भ० सां० १६
एकोनविंशतिगुणगणेरे,
आजानबाहु देवचंद्र;[१९]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



क्रिया उद्धार वीसमे गुणेरे,
अवधि जाणे सुरेन्द्ररे. भ० सां० १७

जिम शेषनागने शिरमणिरे,
तेह्ना गुण छे अनन्त;
तिम देवचंद्र मणि मंजुरे, (मस्तकेरे)
एकवीस गुण महंतरे. भ० सां० १८

प्रभाविक पुरुष आगे थयारे,
अधुना तेह्ने तुल्य;
ए गुण बावीस स्थूलतारे,
सूक्ष्म गुण बहुमूल्यरे. भ० सां० १९

पढम ढाळ ए गुणतणीरे,
कवियणे भाखी जेह;
अल्पभवी हस्ये ते सद्दहेरे,
एह्वा पुरिस थोडा जगरेहरे. भ० सां० २०

दुहा.

प्रथम ढाळ ए गुणतणी, कवियण भाषी जेह;
विपक्षीने जाणवा, मनमें जाणे तेह. १

गुणतो सर्वत्र प्रगट छे, देश विदेश विख्यात;
कवियणनी अधिकाइता, स्युं ? एहमे छे वात. २

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कवियण कहे एक जीभथें. किम गुणवर्णन जाय;
सागरमें पाणी घणो, गागरमें (न?) समाय. ३
वळी कोइ भवि पुछस्ये, कवण ज्ञाति कुण जाति;
मातपिता किहां एहनां, ते संभळावो भाति. ४
देश किहां किहा जन्मभू, कुंण गुरुना ए शिष्य;
कुण श्री पूज्यवारे हुवा, भलीउलटे लीधि दीक्ष. ५
विद्याविशारद किहां थया, किम सरस्वती प्रसन्न;
किहां साधना कीधी भली, सुणतां चित्त प्रसन्न. ६
देवचंद्रना वचनथी, किम खरचाणो द्रव्य;
किम भूपति पाये नम्या, ते विरतंत कहु भव्य. ७
सर्वगुण गणनी वारता, भाषे कवियण जेह;
सांभळजो भविजन तुमे, पावन थाये देह. ८

देशी हमीरानी.

थाली आकारे थिर भलो,
जंबुद्वीप विदीत विवेकी;
तेहमें भरतक्षेत्र रम्यता,
आरज देश सुप्रतीत. वि० १
भवियण भाव धरी सुणो. वि०
मरुस्थल देश तिहां सुंदरु,
तेहमें विकानेर द्रंग. वि०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तेहने निकट एक रम्यता,
ग्राम अछे सुभ चंग. वि० २ सा०
रिद्धिवंत महाजन घणा,
रिद्धेकरी समृद्ध; वि०
अमारीशब्दनी घोषणा,
सुषीआ जन सुबुद्धि. वि० ३ सा०
ओशवंशे ज्ञाति जाणीये,
लुंणीयो गोत्र सुजात. वि०
साहाश्री तुलसीदासनी,
धर्मबुद्धि विख्यात. वि० ४ सा०
तुलसीदासनी भारया,
धनबाइ पुन्यवंत, विवेकी;
शील आचारे सोभती,
सत्यवक्ता क्षमावंत. वि० ५ सा०
यथाशक्ति क्रय विक्रयता,
व्यवहारनुं जे धाम. वि०
दंपती प्रीतिपरंपरा,
धर्मे खरचे दाम. वि० ६ सा०
सुविहितगच्छमें जामली,
वाचकमें शिरदार. वि०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वाचक राजसागर सुधी,
जैनकाजी मनोहार. वि० ७ सां०
अनुक्रमे गुरु तिहां आवीया,
वांदवा दंपती ताम. वि०
धनबाइ श्री गुरुने कहे,
सुणो गुरु सुगुणनुं धाम. वि० ८ सां०
पुत्र हस्ये जेह माहरे,
वोहरावीस धरी भाव. वि०
यथार्थवयणनी जल्पना,
सुगुरुये जाण्यो प्रस्ताव. वि० ९ सां०
विहार करे गुरु तिहांथकी,
गर्भ वधे दिन दिन. वि०
शुभयोगे सुभमुहूरते,
सुपन लह्युं एक दिन. वि० १० सां०
शय्यामें सुतांथकां,
किंचित् जाग्रत निंद. वि०
मेरुपर्वत उपरे,
मिली चौसठ इन्द्र. वि०
जिन पडिमानो ओछव करे,
मिलीया देवना वृंद. वि० ११ सां०



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अर्चा करता प्रभुतणी,
एहवुं सुपनें दीठ. वि०
ऐरावणपर बेसीने,
देता सहूने दान. वि० १२ सां०
एहवुं सुपन ते देखीने,
थया जाग्रत तत्काल. वि०
अरुणोदय थयो ततक्षिणे,
मनमें थयो उजमाळ. वि० १३ सां०
उत्तम सुपन जे देखीउ,
पण प्राकृतने पास. वि०
कहेवुं मुजने नवि घटे,
जेह बोले तेह फले आस. वि० १४ सां०
दृष्टांत इहां मूलदेवनो,
सुपन लह्युं हतुं चंद्र. वि०
मुखकजमें प्रवेशतां,
ते थयो नरनो इन्द्र. वि० १५ सां०
जटिल एके ते चंद्रमा,
मुखमें करतो प्रवेश. वि०
मूरखने फल पुछतां,
भोजन लह्युं सुविवेक. वि० १६ सां०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



याद्दश ताद्दश आगले,
सुपनतणो अवदात. वि०
कही ( ते ? ) ने पश्चात्ताप उपजे,
ए शास्त्रे विख्यात. वि० १७ सां०
अनुक्रमे विहार करताथका,
श्री जिनचंद सूरीश. वि०
तेह गामे पधारीया,
जेहनी प्रबल जगीस. वि० १८ सां०
विधिस्युं वांदे दंपती,
धनबाइ कहे तास; वि०
हस्त जूओ स्वामी मुजतणो,
आगळ सुखनुं धाम. वि० १९ सां०
एक पुत्र विद्यमान छे,
अन्य सगर्भा दीठ; वि०
श्रुतज्ञाने जाणीओ,
पुत्र दुजो हशे इष्ट. वि० २० सां०
ए बीजा पुत्रने अम देज्यो,
पण वाचकने दीधु वचन; वि०
बीजी ढाळमें कवि कहे,
मनमां ( न्या ) नानुं मन्न, वि० २१ सां०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



दूहा सोरठा.

दंपती श्री गुरुपास, करजोडी करे विनती,
तुम उपर विश्वास, यथार्थ कहो श्रीस्वामिजी. १
सुपनाध्यायना ग्रंथ, काढ्या गुरुए ततखिणे;
सत्य बोले निर्ग्रंथ, लाभानुलाभ ते जोइने. २
श्री गुरु शिर धुणावीयु, चमत्कृति थइ चित्त;
सामान्य घर ए सुपन स्युं? पण इहां एहवि थीति. ३
हे देवाणुप्रिय! सांभलो, सुपनतणो जे अर्थ;
शास्त्र अनुसारे हुं कहुं, नवि बोलुं अमे व्यर्थ. ४

देशी—मनमोहनां जिनराया.

तुम धरणीमे गजपतिदीठो,
तेतो शास्त्रे कह्यो गरीठोरे;
कुंवर थास्ये लाडकडो,
हांरे सुपनप्रभावे थास्येरे;
कुंवर थास्ये लाडकडो,
गजपर बेसीने दान;
वलि अनमिष सेवे विधानरे. १ कुं०
दोय कारण छे ए सुपने,
देवे जो प्रभावे ए तपनेरे. कुं०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



छत्रपति थाये ए पुत्र के,
पत्रपति धर्मनुं सूत्ररे. २ कुं०
जो राज राजेसरी थास्ये,
सर्वदेशनो इश इलास; कुं०
जो पत्रपतिनुं पद पामे,
तो देश विहार सुठामेरे. ३ कुं०
कुंवर थास्ये लाडकडो,
गुरु तब ते जाणो गजराज;
तेपरि बेससें शिरताजरे. कुं०
देवतारूप जन च्याकरीये,
सिंह बालकने वळी पाखरीयेरे. ४ कुं०
दान देस्ये ते विद्यादान,
बुद्धि अभयदान नीदानरे. कुं०
जिन ओछव करता इंन्द्र,
दीठुं वृंदारक वृंदरे. ५ कुं०
जिनशासननो होस्ये थंभ,
विद्यानो होस्ये सर कुंभ. कुं०
चैत्य न्युतन पडिमा थापन,
तेजस्वीमें तपननो तापनरे. ६ कुं०
दंपति कहे मुनिराज,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सांभलता न धरस्यो लाजरे. कुं०
क्रोधभाव न आणस्यो चित्त,
पुत्र तेजस्विमें आदित्यरे. ७ कुं०
तुम रांकतणे घेर रत्न,
रहेस्ये नही करस्ये यत्नरे. कुं०
दंपति मनमांहि चिंते,
धार्युं छे वोहरावानुं निमित्तरे. ८ कुं०
संवत सत्तर (४६) छेताला वरखे,
जन्म्यो ते पुत्र छ ( छे? ) हरषेरे. कुं०
गुण निष्पन्न ते नाम निधान,
देवचंद्र अभिधानरे. ९ कुं०
वरस थया ते पुत्रने आठ,
धारे ते विज्ञानना पाठरे. कुं०
कवियण भाखी त्रीजी ढाळ,
आगळ वात रसालरे. १० कुं०

दुहा.

अनुक्रमे विहार करता थका, आव्या पाठक तत्र,
राजसागर शिरोमणि, अर्भक प्रसव्यो यत्र. १
गुरु देखी हर्षित थया, वहुराव्यो पुत्र रतन;
धर्मलाभ गुरु तव दीये, करजो पुत्र जतन. २

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वाचक श्री राजसागरु, कोविद्में शिरताज;
दिन केतलाएक गया पछी, मन चिंत्यु शुभकाज. ३

दीक्षा देवी शिष्यने, सुभ महुरत जोइ जोस;
सुभ चोघडीए देखीने, तो थाये संतोस. ४

संघ सकलने तेडीने, दीक्षानी कही वात;
वचन प्रमाण करे तिहां, उलस्यां सहूनां गात्र. ५

शुभ ओछव महोछवे, दीक्षा दीये गुरुराय;
संवत छपने जाणीये, लघु दीक्षा दीये गुरुराय. ६

श्री जिनचंद्सूरीश्वरे, वडी दीक्षा दीये सार;
राजविमल अभिधा दीउ, श्रीजीनो घणो प्यार. ७

राजसागरजीये हितधरी, सरस्वतीकेरो मंत्र;
आपुं शिष्य देवचंद्ने, मनमें कीधो तंत्र. ८

गाम बेलाडु जाणीये, वेणातट सुभरम्य;
भूमिगृहमें राखीने, साधन करे तारतम्य. ९

थइ प्रसन्न सरस्वती, रसनाग्रे कीयो वास;
भणवानो उद्यम करे, श्री गुरुसाहाज्य उलास. १०

देशी–वारी म्हारा साहिबा.

देवचंद्र अणगारने हो लाल,
सुभ शास्त्रतणा अभ्यासरे, देखीने ठरे लोयणा. १

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रथम षडावश्यक भणे हो लोल,
के पछी जैनशैलीनो वासरे. दे० १
सूत्र सिद्धान्त भणावीया हो०
वीरजिनजीए भाख्या जेहरे. दे०
स्वमार्गमें पोषक थया हो०
टाले मिथ्यामतनुं गेहरे. २ दे०
अन्यदर्शनना शास्त्रनो हो०
भणवाने करता उद्यमरे. दे०
वैयाकरण पंचकाव्यना हो०
अर्थ करे करावे सुगम्यरे. ३ दे०
नैषध नाटक ज्योतिष शिखे हो०
अष्टादश जोया कोषरे. दे०
कौमुदी महाभाष्य मनोरमा हो०
पिंगळ स्वरोदय तोषरे. ४ दे०
भाखा (भाष्य?) ग्रंथजे कठिणता हो०
तत्वारथ आवश्यकबृहद्वृत्ति हो. दे०
हेमाचार्यकृतशास्त्रनारे, हो०
हरिभद्र जस कृत ग्रंथचित्तरे. ५ दे०
षट्कर्मग्रंथ अवगाहता हो०
कम्मपयडीये प्रकृति संबंधरे. दे०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



इत्यादिक शास्त्रे भला हो०
जैन आम्नाये कीध सुगंधरे. ६ दे०
सकलशास्त्रे लायक थया हो०
जेहने थयुं मइ सुइ ज्ञानरे. दे०
संवत् (१७७४) सतर चुमोतरे हो०
वाच्चक राजसागर देवलोकरे. ७ दे०
संवत् (१७७५) सतर पंचोतरे हो०
पाठक ज्ञानधर देवलोकरे. दे०
मरट ग्रामे गुरुये भलो हो ला०
आगमसार कीधो ग्रंथरे.
विमलादास पुत्री दोयभली हो०
माइजी अमाइजी शुभ पुष्परे. ८ दे०
दोय पुत्रीने कारणे हो०
कीधो ग्रंथ ते आगमसाररे. दे०
संवत (१७७७) सतर सीतोतरे हो०
गुजरात आव्या देवचंदरे. ९ दे०
पाटणमांहि पधारीया हो०
व्याख्याने मिले जनवृंदरे. १० दे०
कवियण कहे चोथी ढाळमें हो०
कह्यो एह वरतंत प्रसिद्धरे. दे०



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आगळ हवे भवि सांभलोरे हो०
धर्मकरणीनी वृद्धिरे. ११ दे०

दूहा.

पाटणमें देवचंदजी, जैनागमनी वाणि;
वांची भवीजन आगले, स्याद्वादयुक्तवखाण. १
श्रीमाली कुलसेहरो, नगरशेठ विख्यात;
राय राणा जस आज्ञा करे, प्रमाण सर्वे वात. २
नामे तेजसी दोसीजी, धन समृद्धे पूर;
श्रावक पूर्णिमगच्छनो,–जैनधरमनुं नूर. ३
कोविदमें अग्रेसरी, श्री भावप्रभसूरि;
पुस्तकनो संप्रदाय बहुल,–छात्र भण्या जिहां भूरि. ४
ते गुरुना उपदेशथी, भराव्यो सहस कूट;
तेजसी दोसीने घरे, रुद्धि समृद्ध अखूट. ५
ते सेठ तेजसी घरे, देवचंद्र मुनिराज;
तव तिहां शेठ प्रत्ये कहे, हे देवाणुप्रियताज. ६
सहसकूटना सहस जिन, तेहना जे अभिधान;
गुरुमुखे तमे धार्या हस्ये के, हवे धारस्यो कान. ७
मीठे वयणे गुरु कहे, सांभळीयुं तव सेठ;
स्वामी हुं जाणुं नहीं, चमत्कृति थइ द्रढ. ८
ए हवे अवसरे तिहां हता, संवेगी शिरदार;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ज्ञानविमल सूरिजी, तिहां गया शेठ उदार. ९
विधिस्युं वांदी पुछीयुं, सहकूट सहस्त्रनाम;
आगमेंथी पृथकता, निकासो सुभधाम. १०
ज्ञानविमलसूरि कहे, सहसकूटनां नाम;
अवसरे प्राये जणावस्युं, कहेस्युं नाम ने ठाम. ११
सकलशास्त्रे उपयोगता, तिहां उपयोग न कोइ;
आगम कुंची जाणवी, ते तो विरला कोइ. १२

ए देशीः-माहरी सहीरे समाणी.

एक दिन श्री पाटण मझार,
स्याहानी पोलिं उदाररे.
सहसजिननो रसीयो देवचंद्र,
वयणे उलसीयो. १ स० टेक.
ते पोलिं चोमुखवाडी पास,
सहुनी पूरे आसरे. स० १
सतरभेदी पूजा रचाणी,
प्रभु गुणनी स्तवना मचाणीरे. स०
ज्ञानविमळ सूरि पूजामें आव्या,
श्रावकने मन भाव्यारे. स० २
तिहां वली यात्राये देवचंद्र,
आव्या बहुजनने वृन्दरे. स०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रभुने प्रणाम करीने बेठा,
प्रभुध्यान धरे ते गरीठारे. स० ३
एहवे तिहां शेठ दर्शन करवा,
संसार समुद्रने तरवारे. स०
प्रश्न करे शैठ, ज्ञानविमलने,
सहस्रकूट नाम अमलनेरे. स० ४
बहु दिन थया तुम अवलोकन करतां,
इम धर्मनां कार्य किम सरतांरे. स०
प्राये सहसकूटना नामनी नास्ति,
कदाचि कोइ शास्त्रे अस्तिरे. स० ५
ज्ञानसमसेरतणा झलकारा,
देवचंद्र बोल्या तेणिवाररे. स०
श्रीजी तुमे मृषा किम बोलो,
चित्तथी वात ते बोलोरे (खोलोरे) ६ स०
प्रभु मंदिरमे यथार्थनी व्यक्ति,
किम उपजे श्रावक भक्तिरे. स०
तुमे कोविद्में कहेवायो श्रेष्ठ,
अयथार्थ कहो ते नेष्टरे. ७ स०
तव ज्ञानविमलजी त्रटकी बोल्या,
तुमे शास्त्र आगम नवी खोल्यारे. स०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तमे तो मरुस्थलीयाना वासी,
तुमे वाक्य बोलोने विमासीरे. स० ८
शास्त्र अभ्यास कर्यो होय जेहने,
पूछीये वाक्य ते तेहनेरे. स०
तुमे एह वार्त्तामां नही गम्य,
अमे कहीये ते तुम निसम्यरे. स० ९
इम परस्पर वाद करतां,
तब शेठ बोला हर्ख भरमारे. स०
श्रीजी तमे अयथार्थ न बोलो,
एह वातनो करवो निघोलोरे. स० १०
ज्ञानविमल कहे सुणो देवचंद,
तुमने चर्चानो उपछंदरे. स०
जो तुमे बोलो छो तो तुमे लावो,
सहस कूटजिन नाम संभळावोरे. स० ११
तव देवचंद कहे सुगुरुपसाये,
सत्य युक्ति हवे न खसायरे. स०
तव देवचंदजी शिष्यने साहमुं,
जोइ लावो सहस जिननुं नामुरे. स० १२
सुविनीत सूलक्षने विद्वान,
गुरुभक्तिमांही निधानरे. स०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मनरुपजी रजोहरणथी,
पत्र आपे गुरुजीने तत्ररे. स० १३
ज्ञानविमळसूरि तव वांची,
एह खडतरे मारी फांचीरे. स०
सत्कुलगुरुनो एह छे शिष्य,
जेहनी जगमांहि छे अभिख्यरे. स० १४
शास्त्रमयार्दाये सहसनाम,
साखयुक्त ते नाम सुठामरे. स०
मौन रहीने पुछे ज्ञान,
तुमे केहना शिष्य निधानरे. स० १५
उपाध्याय राजसागरजीना शिष्य,
मिंठी वाणी जेहवी इक्षुरे. स०
नम्रता गुण करी बोले ज्ञान,
देवचंद्रने आप्या मानरे. स० १६
तुम वाचकतो जैनना काजी,
तुमे जैनना थंभ छो गाजीरे. स०
आदि घर छे ते (त?) मारुं भव्य,
तुमे पण किम न होये कव्यरे. स० १७
इणिपरे परस्परे युक्तिं मिलीया,
शेठ तेजसीना कारज फलीयारे. स०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सहसकूटनां नाम अप्रसस्ति,
देवचंद्रे कीधा प्रसस्तिरे. स० १८
प्रतिष्टा तिहां कीधी भव्य,
ओच्छव कीधा नवनव्यरे. स०
क्रिया उधार कीधो देवचंद्र,
काढ्या पाप परिग्रहफंदरे. स० १९
ढाळ कही ए पांचमी रुडी,
ए वात न जाणस्यो कूडीरे. स०
कवियण कहे आगळ संबंध,
वळी सोनुंने सुगंधरे. स० २०

दुहा.

क्रिया उद्धार देवचंदजी, कीधो मनथी जेह;
ए परिग्रह सवि कारिमो, अंते दुःखनुं गेह. १
नवनंदनीं नव डुंगरी, कीधी सोवनराशि;
साथे कोइ आवी नहीं, जूठी धरवी आसि. २
धन धन श्री शालिभद्रजी, धन धन धन्नो सुजात,
अगणित ऋधिने परिहरी, ए कांइ थोडी वात. ३
बत्री कोटिसोवनतणी, धन्नो काकंदी जेह,
मूकी श्री जिनवीरनी, दीक्षा लीधी नेह. ४

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



देवचंद मनमे चिंतवे, हुं पामर मनमांहि,
मूर्छा धरुं ते फोक सवि, सत्यप्रभुमारगबांहिं (मांहि ?) ५
संवतसतरसत्यासीये, आव्या अमदावाद;
लोक सहु तिहावांदवा, आव्या मन आल्हाद. ६
नागोरीसरा जिहां अछे, तिहां ठवीया मुनिराज;
निर्लोभी निकपटता, सकल साधुशिरताज. ७
साधुश्री देवचंदजी, स्यादवादनी युक्ति;
जीवद्रव्यना भावने, देखाडे ते व्यक्ति. ८
ते हवे देशना सांभळो, श्रावक श्राविका जेह,
वाणी जळ आषाढसम, वरसे ध्वनि घनगेह. ९
पाप स्थान अढार छे, ते मूको भविजन्न,
जिनवरे भाष्यां जे अछे, ते सुणीये एक मन्न. १०

ढाळ. अळगी रहेनी. ए देशी.

वीर जिणेसर मुखथी प्रकासे,
पाप स्थान अढार;
तेहथी दूर रहो भवि प्राणी;
सुणीये आगार अणगार. १
जिनवर कहेजी, कहेजी.
२ जिनवर कहेजी. टेक.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पाप थानिक पहिलु तुमे जाणो,
जीवहिंसा नवि करीये;
बेंद्री तेंन्द्री चोरिंद्री पंचेंद्री,
वधमां मन नवी धरीये. २ जि०

एकेंद्रियादिक अनंतकायादिक,
तेहना करो पचखाण;
एकेंद्रीय तो संसारिनी करणी,
अनुमोदना नवि आण. ३ जि०

अणगारीने सर्वनी जयणा,
षटकायाना त्राता;
कोइ जीवने दुःख नवि देवे,
उपजावे बहु साता. ४ जि०

मरि कहेता दुख उपजे सहुने,
मारे किम नवि होय;
रुद्रध्याने नरकगति पाम्यो,
ब्रह्मदत्त चक्रवर्त्ति जोय. ५ जि०

मृषावाद पाप थानिक बीजुं,
जुठुं नवी बोलीजे;
वेर विखादें (विषवादे) मृखा वचन बोले,
पतीयारो किम कीजे. ६ जि०



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



झुठ बोल्याथी वसुभूपतिनुं,
सिंहासन भुइं पडीयुं;
काल करीने दुरगति पोहतो,
झुठ वयण ते जडीयुं. ७ जि०

झुठु मिंठु लागे जनने,
कडुयां फळ छे तेह;
आगारी अणगारि मुखथी,
झुठ न बोलस्यो रेह. ८ जि०

त्रीजु थानिक कहे जिनवरजी,
नाम अदत्तादान;
अणदीधी वस्तुनी जयणा,
धरवानो करो स्यान. ९ जि०

चोरी व्यसने दुरगति पामे,
तेहनो कोइ न साखी;
चोरद्रव्य खातां नृप जो जाणे,
जिम भोजनमां माखी. १० जि०

तृण जाच्युं कल्पे साधुने,
नवि ले अदत्तादान;
चोरतणो वली संग न कीजे,
इम कहे जिन वर्धमान. ११ जि०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पापस्थानक चोथुं भवि जाणो,
ब्रह्मचर्य मनमां धारो;
रूपवंत रामा देखीने,
मन नवि कीजे विकारो. १२ जि०

विषयी नर रामाए राचे,
ते दुःख पामे नरके;
लोह पुतली धखावे अंगने,
आलिंगावे धरके. १३ जि०

विषवल्ली सदृश छे ललना,
तेहनो संग न कीजे;
मनमां कपट चपट करे जनने,
शुभ प्राणी किम रीझे. १४ जि०

रावण मुज आदे देइ भूपा,
नारीथी विगुआणा;
सीता सुदर्शन सोळ सतीना,
जगमे जस गवाणा. १५ जि०

स्त्रीसंगे नव लाख हणाइ,
जीवतणी बहुराशि;
ब्रह्मचर्य चोखुं चित्त न धरे तो,
पामे नरकनो वास. १६ जि०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पांचमुं थानिक परिग्रहनुं,
करीये तेहनो प्रमाण;
ग्रंथी नही ते निग्रंथ कहीये,
निःद्रव्ये मुनि सुजाण. १७ जि०

क्रोध मान माया लोभ जाणो,
रागद्वेष कलह न कीजे;
अभ्याख्यान पैशुन रति वर्जो,
अरति परपरिवाद् न लीजे. १८ जि०

पापथानक अढारमुं भाखुं,
मिथ्यात्वशल्य नवि धरीये;
सत्तरथी ए भारे कहीये,
मिथ्यात्वे केम तरीये. १९ जि०

मिथ्यात्वसल्य काढीने प्राणी,
समकितमांहि भलीये;
जिनवरभाषितवचन सद्हीये,
भवभवफेरा टलीए. २० जि०

नैगम संग्रह आदे देइ–
सप्तनयनी भंगी;
तेहनी रचना करता गुरुजी,
अपवाद्ने उत्संगी. २१ जि०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



च्यार निखेपे सूत्र वांचना,
नाम द्रव्य ठवणाभाव;
कुमति, ठवणादिकने उवेखे,
किम निक्षेप जमाव. २२ जि०

जीव अजीव पुण्य पाप,
आदे देइ "श्री नवतत्त्वनी" वाचा;
भेद भेद करीने भविने,
समजावे अर्थ ते साचा. २३ जि०

गुण ठाणां चतुर्दश कहीये,
मिथ्या सासन मीस्से;
ए आदि प्रकृतियो बाधी,
कर्म ग्रंथथी लहीस्ये. २४ जि०

देशना वाणी देवचंद्र भाखे,
भवियणने हितकारी;
छठी ढाळ ए कवियणे भाखी,
सुगुरु मल्या उपगारी. २५ जि०

दुहा.

भगवइ सूत्रनी वाचना, साभले जनना वृंद,
वाणी मिंठी पियुषसम, भाखे श्री देवचंद. १

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



माणिकलालजी जालिमी, ढुंढकनो मम पास,
तेहने गुरुए बुझव्यो, टाली मिथ्यात्वनीका(वा?)स. २
नौतन चैत्य करावीने, पडीमा थापी ता सिस,
देवचंद उपदेशथी, ओछव हुया उलास. ३
श्री शांतिनाथनी पोलमें, भूमिगृहमें बिंब,
सहसफणा आदे देइ, सहसकोड जिनबिंब. ४
तेहनी प्रतिष्टा तिहां करी, धन खरचाणां पूर,
जैनधरम प्रकासीयो, दिन दिन चढते नूर. ५
संवत १७७९ सतर ओगणीस (एग्न्याऐंशी?) मे
चातुर्मास खंभात,
तिहांना भविने बुझवा, जेहना अवदात. ६

रसीयानी देशी.

श्री देवचंद्र मुनींद्र ते जैमनो,
स्तंभ सदृश थयो सत्य सुज्ञानी;
देशनामें श्री शत्रुंजयतीर्थनो,
महिमा प्रकाशे नित्य. सु०
तीर्थ महिमा शत्रुंजयनो सुणो. १
श्री सिद्धाचळ महिमा मोटको,
श्री रुषभ जिणंदनी वाणी. सु०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मुक्ति गमननुं तीरथ एअ छे,
सास्वत तीर्थ प्रमाण. सु० २ तीरथ०
दुःखम आरो पंचमो जिन कह्यो,
एकविंसति सहस वर्ष. सु०
बारयोजन श्री शत्रुंजयगिरि,
एहनुं कुंण कहे रहस्य. ३ ती०
कांकरे कांकरे साधु सिद्ध थया,
भरते कीयोरे उद्धार. सु०
कर्माशा आदे देइ जाणीए,
सोल उद्धार उदार. ४ ती०
तीर्थ माहात्म्यनी प्ररूपणा,
गुरुतणी सांभळे श्रावकजन्न. सु०
सिद्धाचल उपर नवनवा चैत्यनी,
जीर्णोद्धार करे सुदिन्न. सु० ५ ती०
कारखानो तिहां सिद्धाचळ उपरे,
मंडाव्यो महाजन्न; सु०
द्रव्य खरचाये अगणित गिरि उपरे,
उलसीत थायेरे तन्न. सु० ६ ती०
संवत (१७८१) सत्तर एकासीये,
ब्यासीये त्र्यासीये कारीगरे काम. सु०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



चित्रकारसुधानां काम ते,
दृषद् उज्वलतारे नाम. सु० ७ ती०
तीरथ महिमा शत्रुंजय सुंणो,
फिरीने श्री गुरु राजनगरे भलां
तीहां भविने उपदेश. सु०
विनती सुरति बंदिरनी भली,
चोमासानीरे विशेष. सु० ८ ती०
श्री देवचंदजी सुरति बंदिरे,
कीधा भविने उपगार. सु०
पंचासये छयासीये सत्यासीये,
जाणीये बुद्धितणा जे भंडार. सु० ९ ती०
पालीताणे प्रतिष्टा करी भली,
खरच्यो द्रव्य भरपूर. सु०
वधुसाये चैत्य शत्रुंजय उपरे,
प्रतिष्टा देवचंदनी भूरि. सु० १० ती०
पुनरपि श्री गुरु राजनगर प्रत्ये,
आव्या चोमासुंरे सार. सु०
संवत सत्तर (८८) अठ्यासीयमांहि,
पंडितमांहि शिरदार. सु० ११ ती०
वाचक श्री दीपचंदजी प्रत्ये,
उपर (र?) नी व्याधिनी व्याधी. सु०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आसाढ सुदि बीज दीने ते जाणीये,
पुहता स्वर्ग प्रधान. सु० १२ ती०
तपगच्छमांहे विनीत विचक्षण,
श्री विवेकविजय मुनींद्र. सु०
भणवा उद्यम करतां विनयी घणुं,
उद्यमे भणावे देवचंद्र. सु० १३ ती०
गुरुसदृश मन जांणे विवेकजी,
खिजमतिमें निसदिन्न. सु०
विनयादिक गुण श्री गुरु देखीने,
विवेकजी उपर मन्न. सु० १४ ती०
अमदावादमे एकसमे भलो,
आणंदराम साह श्रेष्ट. सु०
रतनभंडारीना अग्रेस्वरी,
जेहना मनसेंरे इष्ट. सु० १५ ती०
श्रीगुरुने वली आणंदरामने,
चर्चा थायरे नित्य. सु०
चर्चाए ते जीत्यो गुरुजीए,
आणंदनी गुरुपरि प्रीति. सु० १६ ती०
कवियण भाखी सातमी ढाळ ए,
पंचम आरारेमांहि. सु०



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



एहवा पुरुष थोडा प्रभुमार्गना,
प्रकाश करवाने उछांहिं. सु० १७ ती०

दुहा.

शाहा श्री आणंदरामजी, गुरुनी गुरुता देखि,
भंडारी रत्नसिंघ आगले, प्रसंश करी सुविशेष. १
गुरु ज्ञानी शिरोमणि, जिनधर्मे वृषभ समान;
मरु स्थळथी इहां आवीआ, सकलविद्यानुं निधान. २
रतनसिंह गुरु वांदवा, आव्यो आलय तास;
नय उपनय संभलावीने, मन प्रसन्न कर्युं तास. ३

देशीः—धन धन श्री रीषिराय अनाथी.

पूजा अरचा रतन भंडारी,
करता श्री जिनवरनीरे;
श्री देवचंद्रजीना उपदेशथी,
शिवमंदिरनी निसरणीरे. १
धन धन ए गुरुरायने वयणे,
जिनशासन दीपाव्योरे;
पंचम आरे उत्तमकरणी,
गुजरातिनो सो ( सु ? ) बो नमाव्योरे. टेक. २
बिंब प्रतिष्ठा बहुली थाये,
सत्तर भेदी पूजारे;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



भंडारीजी लाहो लेता,
ए गुरु सम नही दुजारे. धन० ३
विधियोगे ते राजनगरमें,
मृगी उपद्रव व्याप्योरे;
गुरुने भंडारी सर्व व्यवहारी,
अरज करी सीस नमाव्योरे. धन० ४
स्वामी उपद्रव राजनगरमें,
थयो छे सर्व दुःख कर्त्तारे;
तुम बेठा अमे केहने कहीये,
तुमे छो दुःखना हर्त्तारे. धन० ५
जैनमार्गना मंत्र यंत्रादिक,
करीने खीला गाडयारे;
मृगी उपद्रव नाठो दुरिं,
लोकना दुःख नसाड्यारे. धन० ६
जिनशासननो उदय ते करता,
दुःखम आरे देवचंदरे;
प्रसंसा सघले शाशनकेरी,
टाल्यो दुःखनो दंदरे. धन० ७
एहवे समे रणकुंजी आव्या,
बहुलुं सैन्य लेइलेरे;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



युद्ध करवा भंडारी साथे,
आव्यो नगारुं देइनेरे. धन० ८

रतनसिंघ भंडारी ततृषिण,
आव्यो श्री गुरुपासेरे;
कांइ करणो दल बहोतज आयो,
में छां थांके विस्वासेरे. धन० ९

फिकर मत करो भंडारीजी,
प्रभुजी आछो करस्येरे;
जीत वाद थाहरो अब होस्ये,
करणी पार उतरस्येरे. धन० १०

चमत्कार श्री जिन आम्नायोनी,
गुरुजीये ते दीधोरे;
फतेह करीने आज्यो वहिला,
थांको कारज सीधोरे. धन० ११

रतनसंघजी सैन्य लेइने,
युद्ध करवाने साहमोरे;
रणकुजी साथे तोपखाने,
चाल्यो न करे खामोरे. धन० १२

परस्परे युद्धे रणकुंजी हार्यो,
थइ भंडारीनी जीतरे;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ए सर्व देवचंद्र गुरुपसाये,
हेमाचार्य कुमारपाल प्रीतरे. धन० १३

धोलकावासी सेठ जयचंदे,
पुरिसोतम योगीरे;
गुरुने लावी पायो लगाड्यो,
जैनधर्मनो भोगीरे. धन० १४

योगिंद्र एक गिर पुरुसोत्तमने, (ना?)
मिथ्यात्व शल्यने काढ्योरे;
बुझविने जिनधर्म्म मार्गमां,
श्रुतिये मन तस वाल्योरे. धन० १५

पंचाणुंइ पालीताणे आव्या,
छनुंये सत्ताणुंये नवानगरेरे;
ढुंढक टोलां देवचंद्रे जीत्यां,
चैत्य चाल्यां सर्व झगरेरे. धन० १६

नवानगरे चैत्य जे मोटां,
ढुंढके जे हतां लोप्यांरे;
अर्चा पूजा निवारण कीधी,
ते सघलां फिरी थाप्यांरे. धन० १७

परधरी गाममे ठाकुर बुझव्यो,
गुरुनी आज्ञा मानेरे;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कवियणे आठमी ढाळ ते रुडी,
ए वात न जाणो कुडिरे. धन० १८

दुहा.

पुनरपि पालीताणे गुरु, पुनरपि नुतन नम्र;
संवत (१८) अढार दोय त्रिणमां राणावाव उछांहिं. १
तत्रना अधीसने, रोग भगंदर जेह;
टाल्यो ततृषिण गुरुजिइं, गुरु उपर बहु नेह. २
संवत अष्टादश च्यारमें, भावनगर मझार;
मेता ठाकुरसी भलो, ढुंढकनो बहु पास. (प्यार?) ३
श्री देवचंद्रे बुझवी, शुभमार्गिनो वास;
तत्रना ठाकुरतणी, मत कीधी जैनपास. ४
संवत अष्टादश च्यारमे, पालीताणो गाम,
मृगीटाली गुरुजीये, श्री गुरुजीने नाम. ५
संवत अष्टादश पंचषष्ठमें, लींबडी गाम उदार,
डोसो वोहोरो साहा धारसी, अन्य श्रावक मनोहार. ६
साहा श्री जयचंद जाणीये, साहा जेठा बुद्धिवंत,
रही कपासी आदि देइ, भणाव्या गुरुइं तंत. ७
गुरुइं सहु प्रतिबोधीया, जैनधर्ममें सत्य,
गुरु उपगार न वीसारता, धर्मे खर्चे वित्त. ८

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



लिंबडी ध्रागंद्रा गाम ए, अन्य चुडा वली गाम;
प्रतिष्ठा त्रिण थइ बिंबनी, द्रव्य खरच्या अभिराम. ९
धांगद्रे जिनबिंबनी, थइ प्रतिष्ठा सार,
सुखानंदजी तिहांमल्या, देवचंद्रनो प्यार. १०

देशीः—ललनानी छे.

संवत अढारने आठमें,
गुजरातिथी काढ्यो संघ. ललना.
श्रीगुरुना गुरु उपदेशथी,
शत्रुंजयनो अभंग. ल० १
गुरुवयणां ते सद्दहो. टेक.
गिरि उपर उछव थया,
खरच्यां बहुलां द्रव्य. ल०
पूजा अरचा बहुविधिं,
अनुमोदे ते भव्य. ल० २ गुरु०
उभी सोरठ जातरा,
करता ते भविजन्न. ल०
अष्टादश नव दशमें,
श्री गुजराति चोमास. ल० ३ गुरु०
संवत दश अष्टादशें,
कचरासाहाजीइं संघ. ल०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्री शत्रुंजय तीर्थनो,
साथे पधार्या देवचंद्र. ल० ४ गुरु०

साह मोतीया लालचंद,
जाणीइं जैनमारगमें प्रवीण. ल०
श्राविका अवल ते भक्तिमां,
दानेश्वरीमां नहीं खीण. ल० ५ गुरु०

संघमें श्री देवचंदजी,
अन्य व्यवहारीया साथ. ल०
श्री शत्रुंजय गिरि आवीया,
लेवा धर्मनुं पाथ. ल० ७ गुरु०

प्रतिष्ठा जिनबिंबनी,
गुरुजिइं किधी तत्र. ल०
साठी सहस्र द्रव्य खरचीयो,
गुरु वचनें ते यत्र. ल० ८ गुरु०

संवत अढार इग्यारमें,
प्रतिष्ठा लींबडी मध्य. ल०
वढवाणे श्रावक ढुंकी,
बुझव्या खरची रुद्धि. ल० ९ गुरु०

चैत्य करव्यां सुंदर,
जिन अर्चाना ठाठ. ल०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रभाविक पुरुष देवचंद्रजी,
धन्य एहनी मात. ल० १० गुरु०
शिष्य सुविनीत पासे भला,
श्री मनरुपजी दक्ष. ल०
विजयचंद बुद्धिये प्रबळता,
न्याय शास्त्रना पक्ष. ल० ११ गुरु०
वादी अनेक ते जीतीया,
गच्छ चोरासीना साध; ल०
भणे तर्कवादी भलो,
श्री देवचंद्रनो हाथ. ल० १२ गुरु०
मनरुपजीना शिष्य दोउं,
वक्तुजी रायचंद; ल०
गुरु भक्ति आज्ञा धरे,
सेवामें सुखकंद. ल० १३ गुरु०
संवत अढारना बारमें,
गुरु आव्या राजद्रंग. ल०
गछनायकने तेडावीआ.
महोछव कीधा अभंग. ल० १४ गुरु०
वाचकपद देवचंदने,
गछपतिदेवे सार. ल०



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



महाजने द्रव्य खरच्यो बहु,
एह संबंध उदार. ल० १५ गुरु०
नवमी ढाळ सोहामणी,
कवियण भाखी एह ल०
एक जीभे गुण वर्णतां,
कहितां नावे छेह. ल० १६ गुरु०

दुहा.

वाचक श्री देवचंद्रजी, देशना पीयूष समान;
जीवद्रव्यना भेदस्युं, नय उपनय प्रधान. १
ग्रंथ भला हरिभद्रना, वाचक जसकृत जेह;
गोमट सार दिगंबरी, वाचना करे हित नेह. २
मुलताने देवचंद्रजी, वली अन्य वीकानेर;
चोमासां गुरु तिहां करी, ज्ञानतणी समसेर. ३
नवाग्रंथ ज्हेने कर्या, टीका सहित तेह युक्त;
देसनासार नयचक्र, शुभ ज्ञानसारनी भक्ति. ४
अष्टकटीका युक्तिथी, कर्मग्रंथ वली जेह;
तेहनी टीका आदि देइ, ग्रंथ कर्या बहुनेह. ५
राजनगरे देवचंदजी, दोसीवाडामांहि;
थोका थोक व्याख्यानमें, सांभळता उछाहिं. ६

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



एकदिन वायुप्रकोपथी, वमनादिकनी व्याधि;
अकस्मात उत्पन्न थइ, शरीरे थइ असमाधि. ७
शास्त्र मरण दोउ कह्यां, पंडित मरण छे जेह;
बाल मरण तो दुसरो, उत्तम पंडित मृत्यु नेह. ८
तव शरीरनि क्षीक्षणा, (क्षीणता?) शिथिल थयां अंगोपांग;
बुद्धि करीने जांणीइं, अनित्य पदारथरंग. ९
पुद्गळ तो अनित्यता, अनादिनो स्वभाव;
मूरख तेपरिं रंग धरे, पंडित धरे विभाव. १०
निज शिष्योने तेडीने, दे शिक्षा हितकार;
मुज अवस्था क्षीण छे, ए पुद्गल व्यवहार. ११

निंदडली वेरण हूइ रही ए देसी.

शिष्य शिरोमणी जाणीइं,
मनरूपजी हो वाचक गुणवंत;
चतुर चाणाक्य शिरोमणि,
गुरु उपर बहु भक्तिवंत, धन धन ए गुरु वंदीए. १
धन्य एहनी चतुराइने,
गुरु बेठां हो श्रावक करे सेव;
पदकज सेवे जेहना,
आज्ञा माने हो नित नित मेव. २ ध०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विनयी विचक्षणे पंडिते,
गुणालंकृत हो जेहनुं भर्युं गात्र;
श्रीगुरु मनमे चिंतवे,
मुझ मनरूप हो शिष्य घणु सुपात्र. ३ ध०

मनरूप शिष्य विद्यमानता,
रायचंदजी हो दुजला पूज्य;
गुरुसेवामें विनयी घणुं,
विद्याना हो जेह जाणे गुह्य. ४ ध०

श्री रूपचंद शिष्य सुशीलता,
विजयचंदजी हो पाठक गुणयुक्त;
द्वितीय शिष्य विजयचंदजी,
तर्कवादे हो जीत्या वादीवृंद. ५ ध०

विद्याभरे हस्ति मलपतो,
मेघध्वनि सम हो उद्घोषणा छंद;
तस सीस दोय सुसीलता,
पूज्य पूजा हो सभाचंद विवेक;
गुरुनो प्रेम शिष्य उपरे,
गुरु विद्यमाने हो वादी कीया भेक. ६ ध०

शिक्षादेवे उपाध्यायजी,
सर्वशिष्यने हो कहे धारी प्रेम;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



समयानुसारे विचरज्यो,
पापबुद्धि हो नवि धरस्यो वेम. ७ ध०

पग प्रमाणे सोडि ताणज्यो,
श्री संघनी हो धारज्यो तमे आण;
वहिज्यो सूरिनी आज्ञा,
सूत्र शास्त्रे हो तुमे धरज्यो ज्ञान. ८ ध०

तूज समरथ छो मुज पुठे,
मुझ चिंता हो नास्ति लवलेस;
सपरिवार ए ताहरे खोले छे,
हो मुक्या सुविशेष. ९ ध०

तव मनरूपजी गुरु प्रत्ये,
कहे वाणी हो जोडी हाथ;
गुरुजी तूमे वडभागीया,
पामर अमे हो पण शिर तूम हाथ. १० ध०

सकल शिष्य भेला करी,
गुरुजीये हो सहुने थाप्यो हाथ;
प्रयाण अवस्था अमतणी,
वाणी केहवी हो जेहवो गंगापाथ. ११ ध०

दशवैकालिक उत्तराध्ययननां,
अध्ययनने सांभळे गुरुराय;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यथार्थ सर्व मन जांणता,
अरिहंतनो हो ध्यान धरे चित्तलाय. १२ ध०
संवत अढार बारमे,
भाद्रपद मासे हो अमावास्या दिन;
प्रहर एकरजनी जातां,
देवगति लहे देवचंद्र धन धन्य. १३ ध०
मोटे आडंबरे मांडवी,
चोरासी गच्छना हो श्रावक मल्या वृंद;
अगरचंदने काष्टे भली,
चिता रचिता हो महाजन सुखकंद. १४ ध०
प्रतिपदाए दहन दीयुं,
गुरुपुंठी द्रव्य घणो खरचंत;
तिथियो जमाडि बहोलता,
जाणे अषाढो हो घनेकरी वरसंत. १५ ध०
ए देवचंद्रना वयणथी,
द्रव्य खरच्या हो अगणीत सुभठाम;
धर्मे धन खरचाइयुं,
एहवा गुरुना हो कीधा गुणग्राम. १६ ध०
दशमी ढाळ सोहामणी,
नाम धरीयुं हो गायो देवविलास;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आसन्न सिद्धि जे थया,
कोइक भवे होस्ये मुक्तिनो वास. १७ ध०

दुहा.

सात आठ भव एहवा, जो धरसें एह जीव;
भाव बाल्यकाल विध्वंसना, धर्म योवनमें सदीव. १
अनुमाने करी जाणीयें, द्रव्यथकी विशेष;
सात आठ भव उलंघीने, शिव कमलाने पेख. २
प्रभु मारग विस्तारवा, द्रव्य भावथी शुद्ध;
विश्व आल्हादकारी थयो, जिनवाणीनी बुद्ध. ३
श्री जिनबिंबनी थापना, करवा निज सुबुद्धि;
च्यार निक्षेपा युक्तस्युं, स्याद्वाद भाखे शुद्ध. ४
एक पाइए साचे सकल, तस चाले करामात;
गाजी मर्द ए जैननो, मिथ्यात्वी कीया महात. ५

राग धनाश्री पांपी ते प्रतिबोधः ए देशी.

श्री देवचंद्र ऋषिराय स्वर्गेरे (२)
पहोता ते सुभ ध्यानथीरे. १
सूरय (सूर्य) चंद्र नै इंद्र अवधिरे (२)
देखी मन चिंते एहवुंरे. २
जिनशासननो थंभ देवचंद्रे (२)
अमरपुरीमें अवतर्यारे, ३

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



देश देशमां वात पोहोतीरे (२)
सांभली भवि विलखा थयारे. ४
कल्पतरुसम एह देवचंद्रे (२)
सरिखा पुरुष थोडा हस्येरे. ५
मस्तकें मणि हती जेह गुरुनेरे (२)
दहन समय उछली पर्डीरे. ६
ते गइ पृथ्वी मध्य कोइनेरे (२)
हाथे ते आवी नहीरे. ७
महाजन शिष्य समुदाय भेला थइरे (२)
स्तुप करावी गुरुतणीरे. ८
प्रतिष्टा करी तत्र पादुकारे (२)
पूजा प्रभावना बहुविधिरे. ९
केतले दिन वाचक मनरूपरे (२)
स्वर्ग गति गुरुने मिल्यारे. १०
रायचंद शिष्य निधान गुरुनारे (२)
विरह खम्यो जाये नहीरे. ११
मन चिंते रायचंद ए सविरे (२)
अनित्यता श्री गुरुये कह्योंरे. १२
पल्योपम पुरव आयु तेपणरे (२)
पूरां थयां शास्त्रे कह्यांरे. १३

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आ पण प्राकृत जीव जुठोरे (२)
स्नेह धरवो ते मूढतारे. १४
तित्थयर गणधर जेह सुरपतिरे (२)
चक्री केसवराम एहनेरे. १५
कृतांते संहार्या सर्व का गणनारे (२)
इयर जननी जाणवीरे. १६
इम मन चिंती रायचंद गुरुनीरे (२)
स्तवना नामनी मन धरेरे. १७
गुरु सरखो नहीं इष्ट दीवोरे (२)
गुरुइ ज्ञान देखाडीयुंरे. १८
गुरु पुंठे रायचंद पद्धतिरे (२)
चलवे व्याख्याननी संपदारे. १९
गुरु जेह्वी किहांथी बुद्धि गुरुनारे (२)
ज्ञान बिंदु किंचित स्पर्शतारे. २०
जैनशैलीमां प्रवीण रायचंद्ररे (२)
गुरु पसाये तादृश थयारे. २१
मनमां नहीं शंक्लेश कोइथीरे (२)
वाग्वाद कोइथी नवि करेरे. २२
सुविहितमार्गनो जाण रायचंद्ररे (२)
शीलादिक गुण संग्रह्योरे. २३

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आठमां मोहनीकर्म व्रतमेरे (२)
चोथु व्रत जीतवुं दोहिलुंरे. २४
शील तणेरे प्रभाव संकट टळे (२)
नासे ततक्षिण ए थकीरे. २५
जनमां जेहनो सोभाग्य अक्षयरे (२)
रिद्धि वृद्धि अणगणिततारे. २६
एक दिन श्री रायचंद कविनेरे (२)
कहे अम गुरु स्तवना करोरे. २७
अमे जो करीयें स्तव एह अणघटेरे (२)
स्वकीर्त्ति करवी अयोग्यतारे. २८
ते माटे कह्युं तूम्ह स्तवनारे (२)
तूम बुद्धि प्रमाणे योजनारे. २९
कवियणे देव विलास कीधो (२)
मन हर्षित उल्लस्योरे. ३०
कीधो देव विलास शुभदिनेरे (२)
जयपताका विस्तरी ते. ३१
संवत १८२५ अढार पचीस आसोसुदिरे (२)
अष्टमी रविवार रच्योरे. ३२
स्तोकमें देवविलास कीधोरे (२)
किंचित् गुण ग्रहीने स्तव्योरे. ३३

For Private And Personal Use Only

बोहोलो छे अधिकार जोतांरे (२)
ग्रंथ थाये मोटो घणोरे. ३४
भणस्ये देव विलास सांभलेरे (२)
तसघरे कमला विस्तरेरे. ३५

कलस.

श्री वीर जिनवर सोहम गणधर जंबु मुनिवर अनुक्रमे,
खरतर गच्छ उद्योतकारक, श्री जिनदत्त सूरयोपमे;
तास पाट जिन कुशल[२] सूरि, जिनचंद्र[३] सूरि तसपटे;
युग प्रधाननो बिरुद जेहनो, नामथी दुःक्रुत कटे. १
गच्छ स्तंभक उपाध्यायजी, पुण्यप्रधाने प्रधानता;
सुमति धारी सुमति पाठक, साधुरंग वाचक भृंता;
श्री राजसागर[४] उपाध्यायजी, ज्ञान धर्म पाठक थया;
सुक्रुती दीपचंद पाठक[५], देवचंद्र पाठक[६] जय जया. २
मनरूप वाचक[७] विजयचंदजी[८], पाठकनो पद भाग्यता;
मनरूप पदकज मेरुगिरिवर, रायचंद रवि उद्गता;
सुज्ञानतायें विनयवंते, बुद्धि युक्ति सुरगुरु;
चं'द्र' सूर 'ध्रु' तार तारक, रहो अविचल जयकरु. ३

इति श्री देवचंद्रजीनो निर्वाण रास संपूर्ण.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only